શ્રીમદ્ રાજચંદ્ર

# અધ્યાત્મ જીવનગાથા

સંગ્રાહક-વિવેચક

ભોગીલાલ ગિ. શેઠ

શ્રીમદ્ રાજચંદ્ર

# અધ્યાત્મ જીવનગાથા

આ ગ્રંથમાં શ્રીમદ્જીએ પોતાના સંબંધમાં આત્મદશાના વિકાસસૂચક જે અપૂર્વ વચનો પ્રકાશ્યાં છે તથા જે જે અનુભવો જણાવ્યા છે એ વગેરે અમૃતમય વચનોનો તિથિ, માસ અને સાલવાર સંગ્રહ આપવામાં આવ્યો છે. તે ઉપરાંત તેમનાં અગત્યનાં ને ઉપકારી વચનો ઉપર વિવેચન સહિત સમજૂતી "ટીપ્પણ"ના શીર્ષક હેઠળ આપવામાં આવેલ છે.

સંગ્રાહક–વિવેચક

**ભોગીલાલ ગિ. શેઠ**

પ્રકાશક :
એશિયાટીક ચેરીટેબલ ટ્રસ્ટ વતી
**શ્રી પ્રવીણચંદ્ર એ. મહેતા**
૪૯, માઉન્ટ યુનિક, ૬૨ પેડર રોડ,
**મુંબઈ ૪૦૦ ૦૨૬.**

પ્રાપ્તિ સ્થાન :

**એ. એમ. મહેતા એન્ડ કાં.**
સરફ મેન્શન, બીજે માળે
૩૨, શામળદાસ ગાંધી માર્ગ, **મુંબઈ ૪૦૦ ૦૦૨**

*

**હિંમતલાલ લલ્લુભાઇ શાહ**
ફેન્સી ફેબ્રીકસ, ત્રિકોણ બાગ
રાજકોટ ( ગુજરાત )

*

**પ્રકાશ જ્વેલર્સ**
શરાફ બજાર, નવા નાકા રોડ
રાજકોટ ( ગુજરાત )

મુદ્રણ સ્થળ :
સાધના મુદ્રણાલય
દાણાપીઠ, ભાવનગર.

સં. ૨૦૩૪
ઈ. સ. ૧૯૭૮

# વીતરાગ ભગવંતોને નમસ્કાર

ૐ

વીતરાગ ભગવંતોએ નિશ્ચિતાર્થ કરેલો
એવો અચિંત્ય ચિંતામણિસ્વરૂપ પરમ
હિતકારી, પરમ અદ્ભુત, સર્વ દુઃખોનો
નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર
પરમ અમૃતસ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ
શાશ્વત ધર્મ જયવંત વર્તો, ત્રિકાળ
જયવંત વર્તો. તે શ્રીમદ્ અનંત
ચતુષ્ટયસ્થિત ભગવંતનો
અને તે જયવંત ધર્મનો
આશ્રય સદૈવ કર્તવ્ય
છે.

શ્રીમદ્ રાજચંદ્ર,
વચનામૃત ૮૪૭

પરમ શાંતમૂર્તિ અધ્યાત્મયોગી
શ્રીમદ્ રાજચંદ્રજીના પવિત્ર ચરણકમળમાં



# સમર્પણ

બાલ્યવયથી જ જેમની અસાધારણ સ્મરણશક્તિ, કાવ્યશક્તિ, લેખનશક્તિ, અવધાનશક્તિ અને અધ્યાત્મશક્તિઓ પૂર્વના બળવાન સંસ્કારયોગે વિકાસ પામી, પ્રતિદિન આત્મવિશુદ્ધિની વર્ધમાનતાના યોગે કેટલીક લબ્ધિ–સિદ્ધિઓ વીતરાગભાવે સહજ રૂપે ઉદય પામી, વીતરાગમાર્ગને યથાર્થરૂપે પ્રકાશવાને માટે તે વસ્તુ અંતર્મુખ કાર્ય ભણી પરિણમી પ્રભુતારૂપ થઇ હતી અને વળી જેનામાં દ્રવ્યશ્રુત ને ભાવશ્રુતજ્ઞાનનો સુંદર સંયોગ હતો.

એવા

આ કાળ અને આ ક્ષેત્રના બળવાન ક્ષયોપશમી, પરમ શાંત, પરમ સમાધિમય ચૈતન્યમૂર્તિ પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીનાં પવિત્ર ચરણકમળમાં અત્યંત વિનયભક્તિસહ અર્પણ.

ચરણરજ
**ભોગીલાલ**



શ્રીમદ્ રાજચંદ્ર

જન્મ: કાર્તિક સુદ પૂર્ણિમા, સં. ૧૯૨૪ દેહવિલય: ચૈત્ર વદ ૫, સં. ૧૯૫૭

# વિષયાનુક્રમ


| | |
|---|---|
| પ્રસ્તાવના .... .... .... | ૬ |
| શ્રીમદ્‌જીનાં પત્રો .... .... .... | ૧ |
| શ્રીમદ્‌જીની હાથનોંધ .... .... | ૧૪૨ |
| શ્રીમદ્‌જીએ કરેલી સહીઓ .... .... | ૧૬૮ |
| ટીપ્પણ .... .... .... .... | ૧૮૧ |
| નમસ્કારાદિ વચનો .... .... .... | ૩૨૩ |
| શ્રીમદ્‌ના જીવનપ્રસંગોની સંક્ષિપ્ત નોંધ .... | ૩૩૪ |
| દેહત્યાગની નોંધ .... .... .... | ૩૪૧ |
| મહાત્મા ગાંધીજીની પ્રશસ્તિ .... .... | ૩૪૨ |
| અન્ય પ્રશંસકોનાં પ્રશસ્તિ વચનો .... | ૩૫૦ |




# પ્રસ્તાવના

ઈ. સ ૧૯૭૪માં "શ્રીમદ્ રાજચંદ્ર, અધ્યાત્મ જ્ઞાનકોષ" ગ્રંથ પ્રકાશિત કર્યો હતો. તેમાં પરમ આત્મજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીનાં અમૂલ્ય આધ્યાત્મિક વચનામૃતમાંથી દરેક વિષય ઉપર જુદા જુદા સમયે લખાયેલ, વ્યાખ્યા કરેલ કે સમજાવેલ વચનોનો એક સાથે એક જ સ્થળે સંગ્રહ કરી, તે બધાં વચનોને વ્યવસ્થિત રીતે, સમજવામાં અનુકૂળતાયુક્ત અનુસંધાન રહે તેવા ક્રમમાં મૂકીને અને પછી બધા વિષયોને કક્કાવારી પ્રમાણે ગોઠવીને પુસ્તકરૂપે પ્રકાશિત કર્યા હતા, જેથી તે એક આદર્શ Referenct Book બની રહે, તે પુસ્તકને Encyclopedia of Spiritual Science પણ કહી શકાય.

આ કાર્ય અત્યંત કઠણ, પરિશ્રમને દેનાર અને ઠીક સમયની આહૂતિ માગનાર હોવા છતાં જ્યારે પરમ કૃપાળુ પ્રભુની કૃપાવૃષ્ટિ થાય છે ત્યારે કાર્ય સુલભતાએ પાર ઉતરે છે એવો ઘણાના અનુભવ સાથે મળતો અમારો અનુભવ છે. તે પ્રભુની અસીમ કૃપાના બળથી દિવસના આઠથી દશ કલાક કામમાં રત રહીને પુસ્તકની હસ્તલિખિત પ્રત માત્ર એક માસમાં તૈયાર થઇ હતી. આ સંબંધે અમને ઘણું આશ્ચર્ય થયું હતું. તે કાર્ય પૂર્ણ થયા પછી અને પ્રતને પ્રેસમાં છાપવા માટે આપ્યા

બાદ એક બીજા વિચારે ચિત્તમાં સ્થાન લીધું, કે જો "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાંથી તેઓશ્રીએ પોતાના સંબંધમાં જે જે વચનો લખ્યાં છે, આત્મદશાના વિકાસસૂચક જે અપૂર્વ વચનો પ્રકાશ્યાં છે, જે જે અનુભવો ઉચિત શબ્દોમાં ઉતારી યથાર્થતાએ જણાવ્યા છે, શુકલ વિચારોની શ્રેણિ દર્શિત કરી છે, વ્યવહારોપાધિ વેળાએ ઉપાધિની તીવ્રતા બતાવવા ઉપરાંત તેની સંભવિત અસર અને સર્વ વાંચકોને પણ માર્ગદર્શકરૂપ થાય એવા જે જે ઉદ્દગારો કાઢ્યા છે, એ વગેરે અમૃતમય વચનોનો તિથિ, માસ અને સાલવાર જુદો સંગ્રહ કરી પ્રકાશિત કરવામાં આવે તો જિજ્ઞાસુઓને તથા વાંચકોને તેના ભાવપૂર્વકના અભ્યાસથી આંતરિક પ્રેરણાબળનો લાભ મળે. તે ઉપરાંત શ્રીમદ્-જીના આધ્યાત્મિક ક્રમિક વિકાસની જાણકારી થતાં જ્ઞાનાવરણીય કર્મનો વિશેષ ક્ષયોપશમ થઇ જ્ઞાનનો ઉઘાડ થાય અને તેથી તે સ્વહિત સાધવા માટેનું ઇષ્ટ કારણ થાય.

એવી અમારા અંતરમાં દૃઢ પ્રતીતિ આવવાથી તે કાર્યનો અમે ઈ. સ. ૧૯૭૪માં આરંભ કર્યો અને થોડા દિવસમાં જ કાર્ય પૂર્ણ પણ થયું. ત્યાર બાદ વારંવાર વિચાર આવ્યા કરતો કે તેની સાથે જો શ્રીમદ્જીના અગત્યનાં અને ઉપકારી વચનો ઉપર કંઈક વિવેચન સહિત સમજૂતી કરવામાં આવે તો તે લાભનું વિશેષ બળવાન કારણ થાય, પરંતુ આ કાર્ય જવાબદારીભર્યું લાગતાં, કરવું કે ન કરવું એવી વિમાસણવાળી દ્વિધાયુક્ત સ્થિતિ ઉત્પન્ન થઇ. આ પ્રશ્ન સંબંધે શ્રીમદ્ રાજચંદ્રજીના કેટલાક પરમ

ભક્તો અને સ્વાધ્યાય કરાવનારા સાથે ચર્ચા વિચારણા થતી અને સહુનો અભિપ્રાય એક જ દિશાના વહેણ તરફ હતો કે સમજૂતી આપવાથી જ ખાસ લાભનું કારણ ઉદ્ભવ થવું સંભવે છે. તે છતાં અમારી અંતર્‌સ્થિતિ તો દ્વિધાવાળી જ રહી હતી.

સમય પસાર થતો જતો હતો. તેવામાં આ વર્ષે એટલે ઇ. સ. ૧૯૭૭ના જૂન માસના અંતમાં આ દેહની સ્થિતિ એકાએક બગડી; દર્દ ગંભીરતા તરફ વળાંક લેવાની તૈયારીમાં હતું; તેવાં ચિન્હો પ્રગટ થતાં જતાં હતાં. ત્યાં જ અશાતા વેદનીયકર્મની ઉપશાંત સ્થિતિ થવાની હશે તેથી પ્રભુકૃપાએ સાચા અર્થમાં સત્સંગી અને સેવાભાવી દાક્તરોની અહોરાત્ર સંભાળપૂર્વકની સારવાર સફળ થતાં સુધારો શરૂ થયો અને દર્દની ગંભીરતાનાં ચિન્હો પણ એકાએક અદૃશ્ય થયાં. તે દાક્તરોની ઉત્તમ લાગણી પૂર્વકની સેવા બદલ અમે તેમનો આભાર માનવાની તક લઇએ છીએ.

આ માંદગીના કાળે અમારા હૃદયમાં કોઈ અગમ્યપણે એવી પ્રેરણાનો અદ્ભુત સંચાર થયો કે ભગવાનનાં અગત્યનાં અને પ્રેરક વચનો ઉપર વિવેચન લખવું. તે પ્રેરણાને આત્માએ આનંદસહિત ઝીલી લીધી, દેહસ્થિતિ હજુ પણ નબળી હોવા છતાં આત્મબળે કાર્ય કરવાનું ઉપાડ્યું. કાર્યની કઠિનતા અને જવાબદારીના બોજાનું ભાન પૂર્ણપણે હતું જ, પરંતુ પ્રભુભક્તિ,

પ્રભુશ્રદ્ધા અને તેમના પ્રત્યેના અહોભાવથી પ્રેરાઇ, તેમનું જ કાર્ય છે તે તેઓ યોગ્ય રીતે કરાવશે એમ માનીને બોજો હળવો કર્યો, કહો કે દૂર કર્યો. પ્રભુકૃપાથી કાર્ય પૂર્ણતાને પામ્યું. ટીપ્પણુના શીર્ષક હેઠળ તે વિવેચન સહિતની સમજૂતી આપવામાં આવેલ છે, જિજ્ઞાસુ વાંચકોને તે ઉપયોગી થશે તેવી આશા છે.

આ ગ્રંથમાં શરૂમાં શ્રીમદ્જીનાં વર્ષવાર પોતાના સંબંધના ઉચ્ચારેલાં વચનો આપ્યાં છે, ત્યાં અનુભવદર્શક, આત્મદશા-સૂચક, ગૂઢ રહસ્ય અને ભેદયુક્ત વચનો કાળા અક્ષરમાં છાપ્યાં છે. ત્યાર પછી પત્રોના અંતે સહીઓ કરી છે, તેનો સંગ્રહ કરી સવિગત જણાવી છે અને તે પછી ટીપ્પણ આપવામાં આવેલ છે. તે ઉપરાંત તેમના વિષે મહાનુભાવોએ કહેલાં પ્રશસ્તિ વચનો વગેરે આપેલ છે.

આ ગ્રંથનું પ્રૂફ રીડીંગ સાધના પ્રેસ, ભાવનગરવાળા શ્રીયુત્ ગિરધરભાઈ કુલચંદ શાહે સ્વેચ્છાએ કર્યું છે તે માટે તથા પુસ્તકનું છાપકામ વગેરે કાળજીપૂર્વક કરીને પુસ્તકો સમયસર તૈયાર કરીને આપવા માટે અમે તેમનો હૃદયથી આભાર માનીએ છીએ. મુદ્રણ દોષથી ભૂલો રહી જવા પામી હોય તે સુધારી લેવા વિનંતિ છે.

ચીમનલાલ પેપર કંપનીવાળા શ્રી અરવિંદભાઈએ કાગળ સસ્તા ભાવે આપવા માટે તેમનો પણ અંતરથી ખૂબ આભાર માનીએ છીએ.

૩૪, મોરબી હાઉસ
ગોવા સ્ટ્રીટ, મુંબઈ
૪૦૦.૦૦૧
તા. ૨૪-૮-૧૯૭૭

લિ.
ભોગીલાલ ગિ. શેઠના
જય જિનેન્દ્ર.

# પ્રકાશિત અન્ય પુસ્તકો

**(૧) શ્રીમદ્ રાજચંદ્ર, અધ્યાત્મ જ્ઞાનકોષ**

આધ્યાત્મિક વિવિધ વિષયો ઉપર લખાયેલાં શ્રીમદ્જીનાં કક્કાવારી પ્રમાણે ગોઠવેલ વચનોનો સંગ્રહ.

સંગ્રાહક–ભોગીલાલ ગિ. શેઠ. પૃષ્ટ ૩૫૮

કિંમત ૩–૦૦ : ડીલક્ષ બાઈન્ડીંગ રૂા. ૪–૦૦

**(૨) ભક્તિમાર્ગનું રહસ્ય**

પ્રકરણો : મારા ભગવાન કેવા રૂડા છે!, ભગ શબ્દના અર્થ, ભગવાનના પ્રેમીની વિચારધારા, ભગવાનની ભક્તિનું સ્વરૂપ, ભક્તિનાં સાધનો અને પ્રાર્થનાક્રમ, ભગવાનને ભક્તની વિનંતિ, ભગવાનરૂપ સત્પુરૂષનું માહાત્મ્ય, ભગવાનના ભક્તનું આત્મસંબોધન, ભક્તનાં વિચારપુષ્પો, ભગવાનના ભક્તની સાધના, સ્મરણમંત્રો, શ્રીમદ્ રાજચંદ્ર કૃત પદો.

લેખક : ભોગીલાલ ગિ. શેઠ. પૃષ્ટ સંખ્યા ૨૭૬

પાકું બાઈન્ડીંગ, સ્ક્રીન પ્રીન્ટીંગ, કિંમત રૂા. ૪–૦૦

**(3) સમાધિમરણ**

સંક્ષિપ્ત વિષય સૂચિ : મૃત્યુનું આવવું અવશ્ય છે, મરણના પ્રકારો, સમાધિ–અસમાધિ મરણના નિયમો, મૃત્યુ

થવાનાં નિમિત્તો, મરણ વખતે દુઃખ કેટલું, મૃત્યુ વખતે હાજરી, મૃત્યુ. પ્રસંગો (બનેલા), તેથી મળતો બોધ, મરણાંતિક સમુદ્ઘાત, મૃતદેહ સંબંધની ચમત્કૃતિઓ, મૃત્યુ વખતે થતી પ્રક્રિયા, મૃત્યુ પહેલાં અને પછીના બોધપત્રો, સમાધિમરણ માટેની પૂર્વ તૈયારી, અંતિમ આલોચના, પદો, છેલ્લી ઘડીના અવસરે.

લેખક–સંપાદક : ભોગીલાલ ગિ. શેઠ, પૃષ્ટ ૨૨૬

સ્ક્રીન પ્રિન્ટીંગ, પાકું બાઇન્ડીંગ, કિંમત રૂા. ૩–૫૦

(૪) **શ્રી ભક્તામરસ્તોત્ર** (વિવેચન સહિત)

વિવેચન લખનાર : ડૉ. સરયુ આર. મહેતા

પાકું બાઈન્ડીંગ, પૃષ્ટ ૧૩૮, કિંમત રૂા. ૧–૦૦

(૫) **શ્રીમદ્ રાજચંદ્ર,**
**નિર્વાણમાર્ગનું રહસ્ય**

(વચનામૃત ૧૭૨ તથા ૮૭૫ ઉપરનું વિવેચન)

વિવેચક : ભોગીલાલ ગિ. શેઠ

પૃષ્ઠ ૧૬૮, સ્ક્રીન પ્રીન્ટીંગ, પાકું બાઈન્ડીંગ

કિંમત રૂા. ૩–૦૦

# શ્રીમદ્ રાજચંદ્ર
# અધ્યાત્મ જીવનગાથા

## વર્ષ ૧૭મા પહેલાં

(૧) શાર્દૂલવિક્રીડિત વૃત્ત

ગ્રંથારંભ પ્રસંગ રંગ ભરવા, કોડે કરું કામના,
બોધું ધર્મદ મર્મ ભર્મ હરવા, છે અન્યથા કામ ના;
ભાખું મોક્ષ સુબોધ ધર્મ ધનના, જોડે કથું કામના,
એમાં તત્ત્વ વિચાર સત્ત્વ સુખદા, પ્રેરો પ્રભુ કામના.

૭૫૫૫

નાભિનંદન નાથ, વિશ્વવંદન વિજ્ઞાની,
ભવબંધનના ફંદ, કરણ ખંડન સુખદાની;
ગ્રંથ પંથ આદ્યંત, ખંત પ્રેરક ભગવંતા,
અખંડિત અરિહંત, તંતહારક જયવંતા;
શ્રી મરણહરણ તારણતરણ, વિશ્વોદ્ધારણ અઘ હરે,
તે ઋષભદેવ પરમેશપદ, રાયચંદ વંદન કરે.

## પ્રભુ પ્રાર્થના

જળહળ જ્યોતિ સ્વરૂપ તું, કેવળ કૃપાનિધાન;
પ્રેમ પુનિત તુજ પ્રેરજે, ભયભંજન ભગવાન.
નિત્ય નિરંજન નિત્ય છો, ગંજન ગંજ ગુમાન;
અભિવંદન અભિવંદના, ભયભંજન ભગવાન.
ધર્મધરણ, તારણતરણ, શરણ ચરણ સન્માન;
વિઘ્નહરણ, પાવનકરણ, ભયભંજન ભગવાન.

*

આધિ વ્યાધિ ઉપાધિને, હરો તંત તોફાન;
કરુણાગુ કરુણા કરો, ભયભંજન ભગવાન.
કિંકરની કંકર મતિ, ભૂલ ભયંકર ભાન;
શંકર તે સ્નેહે હરો, ભયભંજન ભગવાન.
શક્તિ શિશુને આપશો, ભક્તિ મુક્તિનું દાન;
તુજ જુક્તિ જાહેર છે, ભયભંજન ભગવાન.
નીતિ પ્રીતિ નમ્રતા, ભલી ભક્તિનું ભાન;
આર્ય પ્રજાને આપશો, ભયભંજન ભગવાન.
દયા શાંતિ ઔદાર્યતા, ધર્મ મર્મ મનધ્યાન;
સંપ જંપ વણ કંપ દે, ભયભંજન ભગવાન.
હર આળસ એદીપણું, હર અઘ ને અજ્ઞાન;
હર ભ્રમણા ભારત તણી, ભયભંજન ભગવાન.

તન મન ધન ને અન્નનું, દે સુખ સુધા સમાન;
આ અવનીનું કર ભલું, ભયભંજન ભગવાન.

વિનય વિનંતી રાયની, ધરો કૃપાથી ધ્યાન;
માન્ય કરો મહારાજ તે, ભયભંજન ભગવાન.

(૨) ## પુષ્પમાળા

(૧) રાત્રિ વ્યતિક્રમી ગઇ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત થયા, ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરજો.

(૭) જો તું સ્વતંત્ર હોય તો સંસાર સમાગમે તારા આજના દિવસના નીચે પ્રમાણે ભાગ પાડ :—

૧ પ્રહર — ભક્તિ કર્ત્તવ્ય
૧ પ્રહર — ધર્મ કર્ત્તવ્ય
૧ પ્રહર — આહાર પ્રયોજન
૧ પ્રહર — વિદ્યા પ્રયોજન
૨ પ્રહર — નિદ્રા
૨ પ્રહર — સંસાર પ્રયોજન
———
૮ પ્રહર
———

(૧૫) તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે.

(૩૫) પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.

(૪૮) સંસાર પ્રયોજનમાં જો તું તારા હિતને અર્થે અમુક સમુદાયનું અહિત કરી નાખતો હો તો અટકજે.

(૫૧) જિંદગી ટુંકી છે અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટુંકી કર તો સુખરૂપે જિંદગી લાંબી લાગશે.

(૫૩) પવિત્રતાનું મૂળ સદાચાર છે.

(૫૫) વચન શાંત, મધુર, કોમળ, સત્ય અને શૌચ બોલવાની સામાન્ય પ્રતિજ્ઞા લઈ આજના દિવસમાં પ્રવેશ કરજે.

(૬૧) ચાલ્યું આવતું વૈર આજે નિર્મૂળ કરાય તો ઉત્તમ, નહીં તો તેની સાવચેતી રાખજે.

(૬૨) તેમ નવું વૈર વધારીશ નહીં, કારણ વૈર કરી કેટલા કાળનું સુખ ભોગવવું છે, એ વિચાર તત્ત્વજ્ઞાનીઓ કરે છે.

(૬૬) વાસ્તવિક સુખ માત્ર વિરાગમાં છે; માટે જંજાળ મોહિનીથી આજે અભ્યંતર મોહિની વધારીશ નહીં.

(૮૯) આજે કેટલા સત્પુરૂષોનો સમાગમ થયો, આજે વાસ્તવિક આનંદસ્વરૂપ શું થયું? એ ચિંતવન વિરલા પુરૂષો કરે છે.

(૯૩) જેને ઘેર આ દિવસ કલેશ વગરનો, સ્વચ્છતાથી, શૌચતાથી, સંપથી, સંતોષથી, સૌમ્યતાથી, સ્નેહથી, સભ્યતાથી, સુખથી જશે તેને ઘેર પવિત્રતાનો વાસ છે.

(૧૦૨) સરળતા એ ધર્મનું બીજસ્વરૂપ છે. પ્રજ્ઞાએ કરી સરળતા સેવાઇ હોય તો આજનો દિવસ સર્વોત્તમ છે.

(૧૦૬) સત્‌શીલવાન સુખી છે, દુરાચારી દુઃખી છે. એ વાત જો માન્ય ન હોય તો અત્યારથી તમે લક્ષ રાખી તે વાત વિચારી જુઓ.

(૧૦૭) આ સઘળાનો સહેલો ઉપાય આજે કહી દઉં છું કે દોષને ઓળખી દોષને ટાળવા.

(૧૦૮) લાંબી ટુંકી કે ક્રમાનુક્રમ ગમે તે સ્વરૂપે આ મારી કહેલી, પવિત્રતાનાં પુષ્પોથી છવાયેલી માળા પ્રભાતના વખતમાં, સાયંકાળે અને અન્ય અનુકૂળ નિવૃત્તિએ વિચારવાથી મંગળદાયક થશે.

(૫) **બોધવચન**

(૩) આત્મશ્લાઘા ચિંતવવી નહીં.

(૪) ત્વરાથી નિરાભિમાની થવું.

(૮) મતમતાંતરમાં પડવું નહીં.

(૧૧) અનાદિનું જે સ્મૃતિમાં છે તેને વિસરી જવું.

(૧૨) સ્મૃતિમાં નથી તે સંભારો.

(૧૮–૧૯) મમત્વ એ જ બંધ. બંધ એ જ દુઃખ.

(૨૨) આત્મ ઉપયોગ એ કર્મ મૂકવાનો ઉપાય.

(૨૮) સમદૃષ્ટિમાં ગજસુકુમારનું ચરિત્ર વિચારવું.

(૩૫) ધ્યાન એક ચિત્તથી રાગદ્વેષ મૂકીને કરવું.

(૩૬) ધ્યાન કર્યા પછી ગમે તે પ્રકારનો ભય ઉત્પન્ન થાય તો પણ બીવું નહીં. અભય આત્મસ્વરૂપ વિચારવું. "અમરદશા જાણી ચળવિચળ ન થવું."

(૪૭) કોઇ દ્વેષ કરે પણ તમે તેમ કરશો નહીં.

(૫૧) એક ચિત્તે આત્મા ધ્યાવો, પ્રત્યક્ષ અનુભવ થશે.

(૬૦–૬૧) પ્રમાદ એ જ ભય. અપ્રમાદભાવ એ જ અભયપદ છે.

(૭૨) સત્પુરૂષનો સમાગમ ચિંતવજો. મળેથી દર્શનલાભ ચૂકશો નહીં.

(૯૦) કથન કરતાં મથન ઉપર વધારે લક્ષ આપવું.

(૯૫) ધ્યાનદશા ઉપર લક્ષ રાખો છો તે કરતાં આત્મસ્વરૂપ ઉપર લક્ષ આપશો તો ઉપશમભાવ સહજથી થશે અને સમસ્ત આત્માઓને એક દૃષ્ટિએ જોશો. એક ચિત્તથી અનુભવ થશે તો તમને એ ઇચ્છા અંદરથી અમર થશે. એ અનુભવસિદ્ધ વચન છે.

(૧૦૮) સ્વદ્રવ્ય અન્યદ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ.

(૧૦૯) સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.

(૧૧૦) સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.

(૧૧૧) સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.

(૧૧૨) સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.

(૧૧૩) સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.

(૧૧૪) સ્વદ્રવ્યના રક્ષકતા ઉપર લક્ષ રાખો (દો).

(૧૧૫) પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.

(૧૧૬) પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.

(૧૧૭) પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.

(૧૧૮) ધ્યાનની સ્મૃતિ થાય ત્યારે સ્થિરતા કરી તે પછી ટાઢ, તાપ, છેદન, ભેદન ઈત્યાદિક ઈ. દેહના મમત્વના વિચાર લાવશો નહીં.

(૧૧૯) ધ્યાનની સ્મૃતિ થાય ત્યારે સ્થિરતા કરી તે, પછી દેવ, મનુષ્ય, તિર્યંચના પરિસહ પડે તો આત્મા અવિનાશી છે એવો એક ઉપયોગથી વિચાર લાવશો તો તમોને ભય થશે નહીં અને ત્વરાથી કર્મબંધથી છૂટશો, આત્મદશા અવશ્ય નિહાળશો. અનંતજ્ઞાન, અનંતદર્શન ઈત્યાદિક ઈ. ઋદ્ધિ પામશો.

(૧૨૦) નવરાશના વખતમાં નકામી કૂટ અને નિંદા કરો છો તે કરતાં તે વખત જ્ઞાનધ્યાનમાં લો તો કેવું યોગ્ય ગણાય?

## (૧૭) મોક્ષમાળા : પાઠ ૧

વાંચનાર! હું આજે તમારા હસ્તકમળમાં આવું છું. મને યત્નાપૂર્વક વાંચજો. મારા કહેલાં તત્ત્વને હૃદયમાં ધારણ

કરજો. હું જે જે વાત કહું તે તે વિવેકથી વિચારજો. એમ કરશો તો તમે જ્ઞાન, ધ્યાન, નીતિ, વિવેક, સદ્‌ગુણ અને આત્મશાંતિ પામી શકશો....

તમે જે પુસ્તકો ભણ્યા છો અને હજુ ભણો છો, તે પુસ્તકો માત્ર સંસારનાં છે; પરંતુ આ પુસ્તક તો ભવ પરભવ બંનેમાં તમારૂં હિત કરશે. ભગવાનનાં કહેલાં વચનોનો એમાં થોડો ઉપદેશ કર્યો છે....

તમે જે વાતની ગમ પામો નહીં તે ડાહ્યા પુરૂષ પાસેથી સમજી લેજો. સમજવામાં આળસ કે મનમાં શંકા કરશો નહીં.

તમારા આત્માનું આથી હિત થાય, તમને જ્ઞાન, શાંતિ અને આનંદ મળે, તમે પરોપકારી, દયાળુ, ક્ષમાવાન, વિવેકી અને બુદ્ધિશાળી થાઓ એવી શુભ યાચના અર્હત્ ભગવાન કને કરી આ પાઠ પૂર્ણ કરૂં છું.

(૮૯) મુંબઈ, કારતક શુદ ૧૫, ૧૯૪૬

## સમુચ્ચયવયચર્યા

સંવત ૧૯૨૪ના કાર્તિક સુદિ ૧૫, રવિએ મારો જન્મ હોવાથી આજે મને સામાન્ય ગણતરીથી બાવીસ વર્ષ પૂરાં થયાં. બાવીસ વર્ષની અલ્પ વયમાં મેં અનેક રંગ આત્મા સંબંધમાં, મન સંબંધમાં, તન સંબંધમાં અને ધન સંબંધમાં દીઠા છે. નાના પ્રકારની સૃષ્ટિ રચના, નાના પ્રકારનાં સંસારી

મોજાં, અનંત દુ:ખનું મૂળ, એ બધાંનો અનેક પ્રકારે મને અનુભવ થયો છે. સમર્થ તત્ત્વજ્ઞાનીઓએ અને સમર્થ નાસ્તિકોએ જે જે વિચારો કર્યા છે તે જાતિના અનેક વિચારો તે અલ્પ વયમાં મેં કરેલા છે. મહાન ચક્રવર્તીએ કરેલા તૃષ્ણાના વિચાર અને એક નિઃસ્પૃહી મહાત્માએ કરેલા નિસ્પૃહાના વિચાર મેં કર્યા છે. અમરત્વની સિદ્ધિ અને ક્ષણિકત્વની સિદ્ધિ ખૂબ વિચારી છે, અલ્પ વયમાં મહત્ વિચારો કરી નાખ્યા છે, મહત્ વિચિત્રતાની પ્રાપ્તિ થઈ છે. એ સઘળું બહુ ગંભીર ભાવથી આજે હું દૃષ્ટિ દઇ જોઉં છું તો પ્રથમની મારી ઊગતી વિચારશ્રેણિ, આત્મદશા અને આજને આકાશ પાતાળનું અંતર છે. તેનો છેડો અને આનો છેડો કોઇ કાળે જાણે મળ્યો મળે તેમ નથી. પણ શોચ કરશો કે એટલી બધી વિચિત્રતાનું કોઈ સ્થળે લેખન-ચિત્રન કર્યું છે કે કંઇ નહીં? તો ત્યાં એટલું જ કહી શકીશ કે લેખન-ચિત્રન સઘળું સ્મૃતિના ચિત્રપટમાં છે, બાકી પત્ર-લેખિનીનો સમાગમ કરી જગતમાં દર્શાવવાનો પ્રયત્ન કર્યો નથી. યદિ હું એમ સમજી શકું છું કે તે વયચર્યા જનસમૂહને બહુ ઉપયોગી, પુનઃ પુનઃ મનન કરવા યોગ્ય અને પરિણામે તેઓ ભાણીથી મને શ્રેયની પ્રાપ્તિ થાય તેવી છે; પણ મારી સ્મૃતિએ તે પરિશ્રમ લેવાની મને ચોકખી ના કહી હતી, એટલે નિરુપાયતાથી ક્ષમા ઇચ્છી લઉં છું. પારિણામિક વિચારથી તે સ્મૃતિની ઇચ્છાને દબાવી તે જ સ્મૃતિને સમજાવી, તે વયચર્યા ધીરે ધીરે બનશે તો અવશ્ય ધવળ-પત્ર પર મૂકીશ; તો પણ સમુચ્ચય વયચર્યા સંભારી જઉં છું:—

સાત વર્ષ સુધી એકાંત બાળવયની રમતગમત સેવી હતી, એટલું મને તે વેળા માટે સ્મૃતિમાં છે કે વિચિત્ર કલ્પના–કલ્પનાનું સ્વરૂપ કે હેતુ સમજ્યા વગર–મારા આત્મામાં થયા કરતી હતી. રમતગમતમાં પણ વિજય મેળવવાની અને રાજેશ્વર જેવી ઊંચી પદવી મેળવવાની પરમ જિજ્ઞાસા હતી. વસ્ત્ર પહેરવાની, સ્વચ્છ રાખવાની, ખાવા પીવાની, સૂવા બેસવાની, બધી વિદેહી દશા હતી; છતાં હાડ ગરીબ હતું, એ દશા હજુ બહુ સાંભરે છે. અત્યારનું વિવેકી જ્ઞાન તે વયમાં હોત તો મને મોક્ષ માટે ઝાઝી જિજ્ઞાસા રહેત નહીં. એવી નિરપરાધી દશા હોવાથી પુનઃ પુનઃ તે સાંભરે છે.

સાત વર્ષથી અગિયાર વર્ષ સુધીનો કાળ કેળવણી લેવામાં હતો. આજે મારી સ્મૃતિ જેટલી ખ્યાતિ ભોગવે છે, તેટલી ખ્યાતિ ભોગવવાથી તે કંઈક અપરાધી થઈ છે; પણ તે કાળે નિરપરાધી સ્મૃતિ હોવાથી એક જ વાર પાઠનું અવલોકન કરવું પડતું હતું; છતાં ખ્યાતિનો હેતુ નહોતો, એટલે ઉપાધિ બહુ ઓછી હતી. સ્મૃતિ એવી બળવત્તર હતી કે જેવી સ્મૃતિ બહુ જ થોડા મનુષ્યોમાં આ કાળે, આ ક્ષેત્રે હશે. અભ્યાસમાં પ્રમાદી બહુ હતો. વાતડાહ્યો, રમતિયાળ અને આનંદી હતો. પાઠ માત્ર શિક્ષક વંચાવે તે જ વેળા વાંચી તેનો ભાવાર્થ કહી જતો. એ ભણીની નિશ્ચિંતતા હતી, તે વેળા પ્રીતિ–સરળ વાત્સલ્યતા મારામાં બહુ હતી; સર્વથી એકત્વ ઇચ્છતો; સર્વમાં ભ્રાતૃભાવ હોય તો જ સુખ, એ મને સ્વાભાવિક આવડ્યું હતું.

લોકોમાં કોઈ પણ પ્રકારની જુદાઈના અંકુરો જોતો કે મારૂં અંતઃકરણ રડી પડતું. તે વેળા કલ્પિત વાતો કરવાની મને બહુ ટેવ હતી. આઠમા વર્ષમાં મેં કવિતા કરી હતી; જે પાછળથી તપાસતાં સમાપ હતી.

અભ્યાસ એટલી ત્વરાથી કરી શકયો હતો કે જે માણસે મને પ્રથમ પુસ્તકનો બોધ દેવો શરૂ કર્યો હતો, તેને જ ગુજરાતી કેળવણી ઠીક પામીને તે જ ચોપડીનો પાછો મેં બોધ કર્યો હતો. ત્યારે કેટલાક કાવ્યગ્રંથો મેં વાંચ્યા હતા. તેમ જ અનેક પ્રકારના બોધગ્રંથો—નાના—આડા અવળા મેં જોયા હતા; જે પ્રાયે હજુ સ્મૃતિમાં રહ્યા છે. ત્યાં સુધી મારામાં સ્વાભાવિક રીતે ભદ્રિકપણું જ સેવાયું હતું; હું માણસ જાતનો બહુ વિશ્વાસુ હતો; સ્વાભાવિક સૃષ્ટિરચના પર મને બહુ પ્રીતિ હતી.

મારા પિતામહ કૃષ્ણની ભક્તિ કરતા હતા. તેમની પાસે તે વયમાં કૃષ્ણકીર્તનનાં પદો મેં સાંભળ્યાં હતાં; તેમ જ જુદા જુદા અવતારો સંબંધી ચમત્કારો સાંભળ્યા હતા, જેથી મને ભક્તિની સાથે તે અવતારોમાં પ્રીતિ થઈ હતી અને રામદાસજી નામના સાધુની સમીપે મેં બાળલીલામાં કંઠી બંધાવી હતી; નિત્ય કૃષ્ણનાં દર્શન કરવા જતો; વખતો વખત કથાઓ સાંભળતો; વારંવાર અવતારો સંબંધી ચમત્કારમાં હું મોહ પામતો અને તેને પરમાત્મા માનતો, જેથી તેનું રહેવાનું સ્થળ જોવાની પરમ જિજ્ઞાસા હતી. તેના સંપ્રદાયના મહંત હોઇએ, સ્થળે સ્થળે ચમત્કારથી હરિકથા કરતા હોઇએ અને ત્યાગી હોઇએ

તો કેટલી મજા પડે? એ જ વિકલ્પના થયા કરતી; તેમજ કોઈ વૈભવી ભૂમિકા જોતો કે સમર્થ વૈભવી થવાની ઈચ્છા થતી; 'પ્રવીણસાગર' નામનો ગ્રંથ તેવામાં મેં વાંચ્યો હતો; તે વધારે સમજ્યો નહોતો; છતાં સ્ત્રી સંબંધી નાના પ્રકારનાં સુખમાં લીન હોઈએ અને નિરુપાધિપણે કથાકથન શ્રવણ કરતાં હોઈએ તો કેવી આનંદદાયક દશા, એ મારી તૃષ્ણા હતી. ગુજરાતી ભાષાની વાંચનમાળામાં જગતકર્ત્તા સંબંધી કેટલેક સ્થળે બોધ કર્યો છે તે મને દૃઢ થઈ ગયો હતો, જેથી જૈન લોકો ભણી મારી બહુ જુગુપ્સા હતી; બનાવ્યા વગર કોઈ પદાર્થ બને નહીં માટે જૈન લોકો મૂર્ખ છે, તેને ખબર નથી. તેમ જ તે વેળા પ્રતિમાના અશ્રદ્ધાળુ લોકોની ક્રિયા મારા જોવામાં આવતી હતી, જેથી તે ક્રિયાઓ મલિન લાગવાથી હું તેથી બીતો હતો, એટલે કે તે મને પ્રિય નહોતી.

જન્મભૂમિકામાં જેટલા વાણિયાઓ રહે છે, તે બધાની કુળશ્રદ્ધા ભિન્નભિન્ન છતાં કંઈક પ્રતિમાના અશ્રદ્ધાળુને જ લગતી હતી, એથી મને તે લોકોનો જ પનારો હતો. પહેલેથી સમર્થ શક્તિવાળો અને ગામનો નામાંકિત વિદ્યાર્થી લોકો મને ગણતા, તેથી મારી પ્રશંસાને લીધે ચાહીને તેવા મંડળમાં બેસી મારી ચપળશક્તિ દર્શાવવા હું પ્રયત્ન કરતો. કંઠીને માટે વારંવાર તેઓ મારી હાસ્યપૂર્વક ટીકા કરતા, છતાં હું તેઓથી વાદ કરતો અને સમજણ પાડવા પ્રયત્ન કરતો. પણ હળવે હળવે મને તેમનાં પ્રતિક્રમણસૂત્ર ઇત્યાદિક પુસ્તકો વાંચવા મળ્યાં : તેમાં બહુ વિનયપૂર્વક સર્વ જગતજીવથી મિત્રતા ઈચ્છી છે

તેથી મારી પ્રીતિ તેમાં પણ થઈ અને પેલામાં પણ રહી. હળવે હળવે આ પ્રસંગ વધ્યો, છતાં સ્વચ્છ રહેવાના તેમજ બીજા આચારવિચાર મને વૈષ્ણવના પ્રિય હતા, અને જગતકર્ત્તાની શ્રદ્ધા હતી, તેવામાં કંઠી તૂટી ગઇ, એટલે ફરીથી મેં બાંધી નહીં. તે વેળા બાંધવા ન બાંધવાનું કંઈ કારણ મેં શોધ્યું નહોતું. આ મારી તેર વર્ષની વયની ચર્યા છે.

પછી હું મારા પિતાની દુકાને બેસતો અને મારા અક્ષરની છટાથી કચ્છ દરબારને ઉતારે મને લખવા માટે બોલાવતા ત્યારે હું ત્યાં જતો. દુકાને મેં નાના પ્રકારની લીલાલહેર કરી છે. અનેક પુસ્તકો વાંચ્યાં છે: રામ ઈત્યાદિકનાં ચરિત્રો પર કવિતાઓ રચી છે; સંસારી તૃષ્ણાઓ કરી છે; છતાં કોઇને મેં ઓછોઅધિકો ભાવ કહ્યો નથી, કે કોઇને મેં ઓછુંઅધિકું તોળી દીધું નથી, એ મને ચોક્કસ સાંભરે છે.

## વર્ષ ૨૦ મું

(૨૧)

### વચનામૃત

(૪૦-૪૧) આટલું હોય તો હું મોક્ષની ઇચ્છા કરતો નથી: આખી સૃષ્ટિ સત્શીલને સેવે, નિયમિત આયુષ્ય, નીરોગી શરીર, અચળ પ્રેમી પ્રેમદા, આજ્ઞાંકિત અનુચર, કુળદીપક પુત્ર, જીવનપર્યંત બાલ્યાવસ્થા, આત્મતત્ત્વનું ચિંતવન, એમ કોઈ કાળે થવાનું નથી, માટે હું તો મોક્ષને જ ઇચ્છું છું.

(૪૩) કોઈ અપેક્ષાએ હું એમ કહું છું કે સૃષ્ટિ મારા હાથથી ચાલતી હોત તો બહુ વિવેકી ધોરણથી પરમાનંદમાં વિરાજમાન હોત.

(૪૪) શુકલ નિર્જનાવસ્થાને હું બહુ માન્ય કરૂં છું.

(૪૭) શુકલ અંતઃકરણ વિના મારાં કથનને કોણ દાદ આપશે ?

(૪૯) હું તમારી મૂર્ખતા પર હસું છું કે—નથી જાણતા ગુપ્ત ચમત્કારને છતાં ગુરુપદ પ્રાપ્ત કરવા મારી પાસે કાં પધારો ?

(૫૦) અહો ! મને તો કૃતઘ્ની જ મળતા જણાય છે, આ કેવી વિચિત્રતા છે ?

(૫૧) મારા પર કોઇ રાગ કરો તેથી હું રાજી નથી, પરંતુ કંટાળો આપશો તો હું સ્તબ્ધ થઈ જઈશ અને એ મને પોસાશે પણ નહીં.

(૫૨) હું કહું છું એમ કોઈ કરશો ? મારૂં કહેલું સઘળું માન્ય રાખશો ? મારાં કહેલાં ધાકડે ધાકડ પણ અંગીકૃત કરશો ? હા હોય તો જ હે સત્પુરુષ ! તું મારી ઇચ્છા કરજે.

(૫૩) સંસારી જીવોએ પોતાના લાભને માટે દ્રવ્યરૂપે મને હસતો રમતો મનુષ્ય લીલામય કર્યો !

(૬૭) જડભરત અને જનક વિદેહીની દશા મને પ્રાપ્ત થાઓ.

(૭૨) ક્રિયા એ કર્મ, ઉપયોગ એ ધર્મ, પરિણામ એ બંધ, ભ્રમ એ મિથ્યાત્વ, બ્રહ્મ તે આત્મા અને શંકા એજ શલ્ય છે. શોકને સંભારવો નહીં; આ ઉત્તમ વસ્તુ જ્ઞાનીઓએ મને આપી.

(૭૮) કુદરત, આ તારો પ્રબળ અન્યાય છે કે મારી ધારેલી નીતિએ મારો કાળ વ્યતીત કરાવતી નથી! (કુદરત તે પૂર્વિતકર્મ).

(૮૨) કૃતઘ્નતા જેવો એક્કે મહાદોષ મને લાગતો નથી.

(૯૧) અભિનિવેશના ઉદયમાં ઉત્સૂત્ર પ્રરૂપણા ન થાય તેને હું મહાભાગ્ય જ્ઞાનીઓના કહેવાથી કહું છું.

(૯૬) તત્ત્વાભિલાષાથી મને પૂછો તો હું તમને નિરાગી ધર્મ બોધી શકું ખરો.

(૧૦૦) મારા પર સઘળા સરળ ભાવથી હુકમ ચલાવો તો હું રાજી છું.

(૧૦૧) હું સંસારથી લેશ પણ રાગસંયુક્ત નથી છતાં તેને જ ભોગવું છું; કાંઇ મેં ત્યાગ્યું નથી.

(૧૦૨) નિર્વિકારી દશાથી મને એકલો રહેવા દો.

(૧૦૬) ગજસુકુમારની ક્ષમા અને રાજેમતી રહનેમીને બોધે છે તે બોધ મને પ્રાપ્ત થાઓ.

(૧૦૭) ભોગ ભોગવતાં સુધી (જ્યાં સુધી તે કર્મ છે ત્યાં સુધી) મને યોગ જ પ્રાપ્ત રહો!

(૧૦૮) સર્વ શાસ્ત્રનું એક તત્ત્વ મને મળ્યું છે એમ કહું તો મારૂં અહંપદ નથી.

(૧૧૨) કોઈ ધર્મથી હું વિરૂદ્ધ નથી. સર્વ ધર્મ હું પાળું છું, તમે સઘળા ધર્મથી વિરૂદ્ધ છો એમ કહેવાનો મારો ઉત્તમ હેતુ છે.

(૧૧૩) તમારો માનેલો ધર્મ મને કયા પ્રમાણથી બોધો છો તે મારે જાણવું જરૂરનું છે.

(૧૧૫) કોઈપણ શાસ્ત્રમાં મને શંકા ન હો.

(૧૧૭) અત્યારે હું કોણ છું એનું મને પૂર્ણ ભાન નથી.

(૧૧૮) તું સત્પુરૂષનો શિષ્ય છે.

(૧૧૯) એ જ મારી આકાંક્ષા છે.

(૧૨૦) મને કોઈ ગજસુકુમાર જેવો વખત આવો.

(૧૨૧) કોઈ રાજેમતી જેવો વખત આવો.

(૨૭) મુંબઈ. સં. ૧૯૪૩

વૈરાગ્યને લીધે જોઈતા ખુલાસા લખી શકતો નથી....હું કેવળ હૃદયત્યાગી છું. થોડી મુદતમાં કંઈક અદ્‌ભુત કરવાને તત્પર છું. સંસારથી કંટાળ્યો છું.

હું બીજો મહાવીર છું, એમ મને આત્મિક શક્તિ વડે જણાયું છે. મારા ગ્રહ દશ વિદ્વાનોએ મળી પરમેશ્વરગ્રહ ઠરાવ્યા છે. સત્ય કહું છું કે હું સર્વજ્ઞ સમાન સ્થિતિમાં છું. વૈરાગ્યમાં ઝીલું છું.

દુનિયા મતભેદના બંધનથી તત્ત્વ પામી શકી નથી. સત્ય સુખ અને સત્ય આનંદ તે આમાં નથી, તે સ્થાપન થવા એક ખરો ધર્મ ચલાવવા માટે આત્માએ ઝંપલાવ્યું છે. જે ધર્મ પ્રવર્તાવીશ જ.

મહાવીરે તેના સમયમાં મારો ધર્મ કેટલાક અંશે ચાલતો કર્યો હતો. હવે તેવા પુરૂષોના માર્ગને ગ્રહણ કરી શ્રેષ્ઠ ધર્મ સ્થાપન કરીશ .... આખી સૃષ્ટિમાં પર્યટન કરીને પણ એ ધર્મ પ્રવર્તાવીશું....

સર્વ પ્રકારથી હું સર્વજ્ઞ સમાન અત્યારે થઈ ચૂકયો છું એમ કહું તો ચાલે. જુઓ તો ખરા! સૃષ્ટિને કેવા રૂપમાં મૂકીએ છીએ!

—ત્યાગીના ય૦

(૨૮) મુંબઈ બંદર, ૧૯૪૩

હજી મારા દર્શનને જગતમાં પ્રવર્તન કરવાને કેટલોક વખત છે. હજી હું સંસારમાં તમારી ધારેલી કરતાં વધારે મુદત રહેવાનો છું. જિંદગી સંસારમાં કાઢવી અવશ્ય પડશે તો તેમ કરીશું. હાલ તો એથી વિશેષ મુદત રહેવાનું બની શકશે.

પંચમકાળમાં પ્રવર્તન કરવામાં જે જે ચમત્કારો જોઇએ તે એકત્ર છે અને થતા જાય છે. હમણાં એ સઘળા વિચારો કેવળ પવનથી પણ ગુપ્ત રાખજો, એ કૃત્ય સૃષ્ટિ પર વિજય પામવાનું જ છે.

હું થોડા વખતમાં સંસારી થવા ત્યાં આવવાનો છું.

## વર્ષ ૨૧ મું

(૩૦) મુંબઇ, પોષ વદ ૧૦, ૧૯૪૪

લગ્ન* સંબંધી તેઓએ જે મિતિ નિશ્ચિત રાખી છે, તે વિષે તેઓનો આગ્રહ છે તો ભલે તે મિતિ નિશ્ચયરૂપ રહી.

લક્ષ્મી પર પ્રીતિ નહીં છતાં કોઈ પણ પરાર્થિક કામમાં તે બહુ ઉપયોગી થઈ પડત એમ લાગવાથી મૌન ગ્રહી અહીં તે સંબંધી સત્સગવડમાં હતો. જે સગવડનું ધારેલું પરિણામ આવવાનો બહુ વખત નહોતો. પણ એઓ ભાણીનું એક મમત્વપણું ત્વરા કરાવે છે, જેથી તે સઘળું પડતું મૂકી વદ ૧૩ કે ૧૪ (પોષની)ને રોજ અહીંથી રવાના થઉં છું. પરાર્થ કરતાં વખતે લક્ષ્મી અંધાપો, બહેરાપણું અને મૂંગાપણું આપી દે છે; જેથી તેની દરકાર નથી.

આપણો અન્યોન્ય સંબંધ છે તે કંઈ સગપણનો નથી; પરંતુ હૃદયસગપણનો છે. પરસ્પર લોહચુંબકનો ગુણ પ્રાપ્ત થયો છે એમ દર્શિત છે છતાં હું વળી એથી પણ ભિન્નરૂપે આપને હૃદયરૂપ કરવા માગું છું. જે વિચારો સઘળી સગપણતા દૂર કરી, સંસારયોજના દૂર કરી તત્ત્વવિજ્ઞાનરૂપે મારે દર્શાવવાના છે; અને આપે જાતે અનુકરણ કરવાના છે. આટલી પલ્લવી બહુ સુખપ્રદ છતાં માર્મિકરૂપે આત્મસ્વરૂપ વિચારથી અહીં આગળ લખી જઉં છું.

---

* ૧૯૪૪ મહા સુદ ૧૨, ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ.

નિદાન, સાધારણ વિવેકીઓ જે વિચારને આકાશી ગણે તેવા વિચારો, જે વસ્તુ અને જે પદ આજ રાજ્યશ્રી ચક્રવર્તિની વિક્ટોરિયાને દુર્લભ, કેવળ અસંભવિત છે, તે વિચારો, તે વસ્તુ અને તે પદ ભણી કેવળ ઇચ્છા હોવાથી ઉપર જણાવ્યું તેથી કંઇપણ લેશ પ્રતિકૂળ બને તો તે પદાભિલાષી પુરૂષના ચરિત્રને પરમ ઝાંખપ લાગે એમ છે. આ સઘળા હવાઈ (અત્યારે લાગતા) વિચારો માત્ર આપને જ દર્શાવું છું. અંતઃકરણ શુકલ–અદ્દ્ભુત–વિચારોથી ભરપૂર છે. પરંતુ આપ ત્યાં રહ્યા ને હું અહીં રહ્યો!

(૩૨) વવાણિયા, અષાડ વદ ૩, ૧૯૪૪

આ એક અદ્દ્ભુત વાત છે કે ડાબી આંખમાંથી ચાર પાંચ દિવસ થયાં એક નાના ચક્ર જેવો વીજળી સમાન ઝબકારો થયા કરે છે, જે આંખથી જરા દૂર જઈ ઓલવાય છે. લગભગ પાંચ મિનિટ થાય છે કે દેખાવ દે છે. મારી દૃષ્ટિમાં વારંવાર તે જોવામાં આવે છે. એ ખાતે કોઈ પ્રકારની ભ્રમણા નથી. નિમિત્ત કારણ કંઈ જણાતું નથી. બહુ આશ્ચર્ય ઉપજાવે છે. આંખે બીજી કોઈ પણ પ્રકારની અસર નથી, પ્રકાશ અને દિવ્યતા વિશેષ રહે છે.

ચારેક દિવસ પહેલા બપોરના ૨–૨૦ મિનિટે એક આશ્ચર્યભૂત સ્વપ્ન પ્રાપ્ત થઈ ગયા પછી આ થયું હોય એમ જણાય છે. અંતઃકરણમાં બહુ પ્રકાશ રહે છે, શક્તિ બહુ તેજ મારે છે, ધ્યાન સમાધિસ્થ રહે છે, કારણ કંઈ સમજાતું નથી, આ વાત ગુપ્ત રાખવા જ દર્શાવી જઉં છું, વિશેષ એ સંબંધી હવે પછી લખીશ.

(૩૪) વવાણિયા, શ્રાવણ વદ ૧૩, ૧૯૪૪

વામનેત્ર સંબંધી ચમત્કારથી આત્મશક્તિમાં અલ્પ ફેરફાર થયો છે.

(૩૫) વવાણિયા, શ્રાવણ વદ ૦)), ૧૯૪૪

ધર્મકરણીનો થોડો વખત મળે છે, આત્મસિદ્ધિનો પણ થોડો વખત મળે છે, શાસ્ત્રપઠન અને અન્ય વાંચનનો પણ થોડો વખત મળે છે, થોડો વખત લેખનક્રિયા રોકે છે, થોડો વખત આહાર–વિહાર ક્રિયા રોકે છે, થોડો વખત શૌચ ક્રિયા રોકે છે, છ કલાક નિદ્રા રોકે છે, થોડો વખત મનોરાજ રોકે છે; છતાં છ કલાક વધી પડે છે. સત્સંગનો લેશ અંશ પણ નહીં મળવાથી બિચારો આ આત્મા વિવેક ઘેલછા ભોગવે છે.

(૩૬) મુંબઇ, ભાદ્રપદ વદ ૧, ૧૯૪૪

પ્રતિમાના કારણથી અહીં આગળનો સમાગમી ભાગ ઠીક પ્રતિકૂળ વર્તે છે. એમ જ મતભેદથી અનંત કાળે, અનંત જન્મે પણ આત્મા ધર્મ ન પામ્યો, માટે સત્પુરૂષો તેને ઇચ્છતા નથી; પણ સ્વરૂપ શ્રેણિને ઇચ્છે છે.

(૩૭) મુંબઈ, આસો વદ ૨ ૧૯૪૪

જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું; તેથી રૂડું થયું નથી. કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ

વ્યતીત કરવામાં જશે, તો અનંતભવનું સાટું વળી રહેશે, એમ હું લઘુત્વભાવે સમજ્યો છું; અને તેમ કરવામાં જ મારી પ્રવૃત્તિ છે.

અત્યારે એ વગેરે એમના પક્ષના લોકોના જે વિચારો મારે માટે પ્રવર્તે છે, તે મને ધ્યાનમાં સ્મૃત છે; પણ વિસ્મૃત કરવા એ જ શ્રેયસ્કર છે. તમે નિર્ભય રહેજો. મારે માટે કોઈ કંઈ કહે તે સાંભળી મૌન રહેજો; તેઓને માટે કંઈ શોક-હર્ષ કરશો નહીં, જે પુરૂષ પર તમારો પ્રશસ્ત રાગ છે, તેના ઇષ્ટદેવ પરમાત્મા જિન, મહાયોગીંદ્ર પાર્શ્વનાથાદિકનું સ્મરણ રાખજો અને જેમ બને તેમ નિર્મોહી થઈ મુક્તદશાને ઇચ્છજો. આ અલ્પજ્ઞ આત્મા પણ તે પદનો અભિલાષી અને તે પુરૂષનાં ચરણકમળમાં તલ્લીન થયેલો દીન શિષ્ય છે.

આ તમારા માનેલા 'મુરબ્બી' માટે કોઈપણ પ્રકારે હર્ષ શોક કરશો નહીં, તેની ઇચ્છા માત્ર સંકલ્પ વિકલ્પથી રહિત થવાની જ છે; તેને અને આ વિચિત્ર જગતને કાંઈ લાગતું વળગતું કે લેવાદેવા નથી, એટલે તેમાંથી તેને માટે ગમે તે વિચારો બંધાય કે બોલાય, તે ભણી હવે જવા ઇચ્છા નથી, જગતમાંથી જે પરમાણુ પૂર્વકાળે ભેળાં કર્યાં છે તે હળવે હળવે તેને આપી દઈ ઋણમુક્ત થવું, એ જ તેની સદા સઉપયોગી, વહાલી, શ્રેષ્ઠ અને પરમ જિજ્ઞાસા છે; બાકી તેને કંઈ આવડતું નથી; તે બીજું કાંઈ ઇચ્છતો નથી; પૂર્વકર્મના આધારે તેનું સઘળું વિચરવું છે; એમ સમજી પરમ સંતોષ

રાખજો; આ વાત ગુપ્ત રાખજો, કેમ આપણે માનીએ છીએ અથવા કેમ વર્તીએ છીએ તે જગતને દેખાડવાની જરૂર નથી; પણ આત્માને આટલું જ પૂછવાની જરૂર છે, કે જો મુક્તિને ઇચ્છે છે તો સંકલ્પ વિકલ્પ, રાગદ્વેષને મૂક અને તે મૂકવામાં તને કંઈ બાધા હોય તો તે કહે. તે તેની મેળે માની જશે અને તે તેની મેળે મૂકી દેશે.

જ્યાં ત્યાંથી રાગદ્વેષ રહિત થવું એ જ મારો ધર્મ છે.... પરમ શાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વસંમત ધર્મ છે અને એ જ ઇચ્છામાં ને ઇચ્છામાં તે મળી જશે. હું કોઈ ગચ્છમાં નથી, પણ આત્મામાં છું : એ ભૂલશો નહીં.

દેહ જેનો ધર્મોપયોગ માટે છે, તે દેહ રાખવા જે પ્રયત્ન કરે છે, તે પણ ધર્મને માટે જ છે.

## વર્ષ ૨૨ મું

(૪૩) મુંબઈ, માર્ગશીર્ષ વદી ૭, ૧૯૪૫

**મારા ભણી મોહદશા નહીં રાખો. હું તો એક અલ્પ શક્તિવાળું પામર મનુષ્ય છું.**

(૪૪) મુંબઈ, માગશર વદ ૦)), ૧૯૪૫

જૂઠાભાઈની સ્થિતિ વિદિત થઈ, હું નિરુપાય છું, જો ન ચાલે તો પ્રશસ્ત રાગ રાખો, પણ મને પોતાને, તમ સઘળાને એ રસ્તે આધીન ન કરો.

**પ્રણામ લખું તેની પણ ચિંતા ન કરો. હજુ પ્રણામ કરવાને લાયક જ છું, કરાવવાને નથી.**

(૪૬) માગશર ૧૯૪૫

તમારો પ્રશસ્ત ભાવભૂષિત પત્ર મળ્યો. ઉત્તરમાં આ સંક્ષેપ છે કે જે વાટેથી આત્મત્વ પ્રાપ્ત થાય તે વાટ શોધો, મારા પર પ્રશસ્ત ભાવ આણો એવું હું પાત્ર નથી, છતાં જો તમને એમ આત્મશાંતિ થતી હોય તો કરો.

બીજું ચિત્રપટ તૈયાર નહીં હોવાથી જે છે તે મોકલું છું. મારાથી દૂર રહેવામાં તમારી આરોગ્યતા હાનિ પામે તેમ ન થવું જોઇએ. સર્વ આનંદમય જ થશે.

(૫૦) વવાણિયા, મહા વદ ૭, ૧૯૪૫

વૈરાગ્ય ભણીના મારા આત્મવર્તન વિષે પૂછો છો તે પ્રશ્નનો ઉત્તર કયા શબ્દોમાં લખું? અને તેને માટે તમને પ્રમાણ શું આપી શકીશ? તો પણ ટૂંકામાં એમ જ્ઞાનીનું જે માન્ય કરેલું (તત્ત્વ?) સમ્મત કરીએ, કે ઉદય આવેલાં પ્રાચીન કર્મો ભોગવવાં; નૂતન ન બંધાય એમાં જ આપણું આત્મહિત છે. એ શ્રેણીમાં વર્તન કરવા મારી પ્રપૂર્ણ આકાંક્ષા છે; પણ તે જ્ઞાનીગમ્ય હોવાથી બાહ્ય પ્રવૃત્તિ હજુ તેનો એક અંશ પણ થઇ શકતી નથી.

આંતર્ પ્રવૃત્તિ ગમે તેટલી નિરાગશ્રેણિ ભણી વળતી

હોય પણ બાહ્યને આધીન હજુ બહુ વર્તવું પડે એ દેખીતું છે. બોલતાં, ચાલતાં, બેસતાં, ઊઠતાં અને કાંઈ પણ કામ કરતાં લૌકિક શ્રેણિને અનુસરીને ચાલવું પડે; જો એમ ન થઇ શકે તો લોક કુતર્કમાં જ જાય, એમ મને સંભવે છે. તો પણ કંઈક પ્રવૃત્તિ ફરતી રાખી છે.

તમારા સઘળાઓનું માનવું મારી (વૈરાગ્યમયી) વર્તનાને માટે કાંઇ વાંધાભરેલું છે, તેમજ કોઈનું માનવું મારી તે શ્રેણિ માટે શંકાભરેલું પણ હોય, એટલે તમે ઈત્યાદિ વૈરાગ્યમાં જતો અટકાવવામાં પ્રયત્ન કરો અને શંકાવાળા તે વૈરાગ્યના ઉપેક્ષિત થઈ ગણકારે નહીં, એથી ખેદ પામી સંસારની વૃદ્ધિ કરવી પડે, એથી મારૂં માન્ય એમ જ છે કે સત્ય અંતઃકરણ દર્શાવવાની પ્રાયે ભૂમિ તળે બહુ જ થોડી જગ્યાઓ સંભવે છે. જેમ છે તેમ આત્માનું આત્મામાં સમાવી જીવન પર્યંત સમાધિભાવ સંયુક્ત રહે, તો પછી સંસાર ભણીના તે ખેદમાં પડવું જ નહીં. હમણાં તો તમે જુઓ છો તેમ છું. સંસારી પ્રવર્તન થાય છે તે કરૂં છું. **ધર્મ સંબંધી મારી વર્તના તે સર્વજ્ઞ પરમાત્માના જ્ઞાનમાં દશ્ય થતી હોય તે ખરી** પૂછવી જોઇતી નહોતી. પૂછતાં કહી શકાય તેવી પણ નથી, સહજ ઉત્તર આપવો ઘટે તે આપ્યો છે. શું થાય છે અને પાત્રતા ક્યાં છે એ જોઉં છું. ઉદય આવેલાં કર્મો ભોગવું છું, **ખરી સ્થિતિમાં હજુ એકાદ અંશ પણ આવ્યો હોઉં એમ કહેવું તે આત્મપ્રશંસારૂપ જ સંભવે છે.**

સમય સમય જીવનની ક્ષણિક વ્યતીતતા છે, ત્યાં પ્રમાદ કરીએ છીએ એ જ મહામોહનીયનું બળ છે.

(૫૮) મોરબી, ચૈત્ર વદ ૧૦, ૧૯૪૫

આ એક વચન અવશ્ય સ્મરણમાં રાખશો, કે શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે; મર્મ કહ્યો નથી. મર્મ તો સત્પુરૂષના અંતરાત્મામાં રહ્યો છે. એ માટે મેળાપે વિશેષ ચર્ચી શકાય.

(૫૯) વવાણીયા, વૈશાખ સુદ ૧, ૧૯૪૫

તમારી દેહ સંબંધી સ્થિતિ શોચનીય જાણી વ્યવહારની અપેક્ષાએ ખેદ થાય છે. મારા પર અતિશય ભાવના રાખી વર્તવાની તમારી ઇચ્છાને હું રોકી શકતો નથી; પણ તેવી ભાવના ભાવતાં તમારા દેહને યત્કિંચિત્ હાનિ થાય તેમ ન કરો. મારા પર તમારો રાગ રહે છે, તેને લીધે તમારા પર રાગ રાખવા મારી ઇચ્છા નથી; પરંતુ તમે એક ધર્મપાત્ર જીવ છો અને મને ધર્મપાત્ર પર કંઈ વિશેષ અનુરાગ ઉપજાવવાની પરમ ઇચ્છના છે; તેને લીધે કોઈ પણ રીતે તમારા પર ઇચ્છના કંઈ અંશે પણ વર્તે છે.

નિરંતર સમાધિભાવમાં રહો. હું તમારી સમીપ જ બેઠો છું એમ સમજો. દેહદર્શનનું અત્યારે જાણે ધ્યાન ખસેડી આત્મદર્શનમાં સ્થિર રહો. સમીપ જ છું, એમ ગણી શોક ઘટાડો, જરૂર ઘટાડો. આરોગ્યતા વધશે; જિંદગીની સંભાળ રાખો; હમણાં દેહત્યાગનો ભય ન સમજો; એવો વખત હશે

તો અને જ્ઞાનીદૃશ્ય હશે તો જરૂર આગળથી કોઈ જણાવશે કે પહોંચી વળશે. હમણાં તો તેમ નથી.

તે પુરૂષને પ્રત્યેક લઘુ કામના આરંભમાં પણ સંભારો, સમીપ જ છે. જ્ઞાની દૃશ્ય તો થોડો વખત વિયોગ રહી સંયોગ થશે અને સર્વ સારૂં જ થઈ રહેશે.

દશવૈકાલિક સિદ્ધાંત હમણાં પુનઃ મનન કરૂં છું. અપૂર્વ વાત છે.

(૬૧) વવાણિયા, વૈશાખ શુદ ૬, ૧૯૪૫

હું અર્થ કે વય સંબંધમાં વૃદ્ધ સ્થિતિવાળો નથી; તો પણ કંઈ જ્ઞાનવૃદ્ધતા આણવા માટે આપના જેવા સત્સંગને, તેમના વિચારોને અને સત્પુરૂષની ચરણરજને સેવવાનો અભિલાષી છું. આ બાલવય એ અભિલાષામાં વિશેષ ભાગે ગયું છે; તેથી કંઈ પણ સમજાયું હોય, તો (તે) બે શબ્દો સમયાનુસાર આપ જેવાની સમીપ મૂકી આત્મહિત વિશેષ કરી શકું, એ પ્રયાચના આ પત્રથી છે.

આ કાળમાં પુનર્જન્મનો નિશ્ચય આત્મા શા વડે, કેવા પ્રકારે અને કઈ શ્રેણિમાં કરી શકે, એ સંબંધી કંઈ મારાથી સમજાયું છે તે જો આપની આજ્ઞા હોય તો આપની સમીપ મૂકીશ.

(૬૪) વવાણિયા, જેઠ સુદ ૪, ૧૯૪૫

પુનર્જન્મ સંબંધી મારા વિચાર દર્શાવવા આપે સૂચવ્યું તે માટે અહીં પ્રસંગ પૂરતું સંક્ષેપ-માત્ર દર્શાવું છું :—

(અ) મારૂં કેટલાક નિર્ણય પરથી આમ માનવું થયું છે કે, આ કાળમાં પણ કોઈ કોઈ મહાત્માઓ ગતભવને જાતિસ્મરણજ્ઞાન વડે જાણી શકે છે; જે જાણવું કલ્પિત નહીં પણ સમ્યક્ હોય છે. ઉત્કૃષ્ટ સંવેગ, જ્ઞાનયોગ, અને સત્સંગથી પણ એ જ્ઞાન પ્રાપ્ત થાય છે. એટલે શું કે ભૂતભવ પ્રત્યક્ષ અનુભવરૂપ થાય છે.

જ્યાં સુધી ભૂતભવ અનુભવગમ્ય ન થાય ત્યાં સુધી ભવિષ્યકાળનું ધર્મપ્રયત્ન શંકાસહ આત્મા કર્યા કરે છે; અને શંકાસહ પ્રયત્ન તે યોગ્ય સિદ્ધિ આપતું નથી.

(આ) 'પુનર્જન્મ છે', આટલું પરોક્ષે–પ્રત્યક્ષે નિઃશંકત્વ જે પુરૂષને પ્રાપ્ત થયું નથી, તે પુરૂષને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું હોય એમ શાસ્ત્રશૈલી કહેતી નથી. પુનર્જન્મને માટે શ્રુતજ્ઞાનથી મેળવેલો આશય મને જે અનુભવગમ્ય થયો છે તે કંઇક અહીં દર્શાવી જઉં છું.

(૭૧) ભરૂચ, શ્રાવણ સુદ ૩, ૧૯૪૫

હું મારી નિવાસ ભૂમિકાથી આશરે બે માસ થયાં સત્યોગ, સત્સંગની પ્રવર્ધનાર્થે પ્રવાસરૂપે કેટલાંક સ્થળોમાં વિહાર કરૂં છું. પ્રાયે કરીને એક સપ્તાહમાં મારૂં ત્યાં આપના દર્શન અને સમાગમની પ્રાપ્તિ કરી શકે એમ આગમન થવા સંભવ છે.

જ્યાંસુધી ગૃહવાસ પૂર્વકર્મના બળથી ભોગવવો રહ્યો છે, ત્યાં સુધી ધર્મ, અર્થ, અને કામ ઉલ્લાસિત–ઉદાસીનભાવે

સેવવાં યોગ્ય છે. બાહ્યભાવે ગૃહસ્થશ્રેણિ છતાં અંતરંગ નિર્ગ્રંથ-શ્રેણિ જોઈએ, અને જ્યાં તેમ થયું છે, ત્યાં સર્વ સિદ્ધિ છે.

મારી આત્માભિલાષા તે શ્રેણિમાં ઘણા માસ થયાં વર્તે છે. ધર્મોપજીવનની પૂર્ણ અભિલાષા કેટલીક વ્યવહારોપાધિને લીધે પાર પડી શકતી નથી, પણ **પ્રત્યક્ષે સત્પદની સિદ્ધિ આત્માને થાય છે**; આ વાર્તા તો સમ્મત જ છે અને ત્યાં કંઈ વય–વેષની વિશેષ અપેક્ષા નથી. નિર્ગ્રંથના ઉપદેશને અચલભાવે અને વિશેષે સમ્મત કરતાં અન્ય દર્શનના ઉપ-દેશમાં મધ્યસ્થતા પ્રિય છે.

આ ભૂમિકા તે શ્રેષ્ઠ યોગ ભૂમિકા છે. અહીં એક સત્મુનિ ઈ૦ નો મને પ્રસંગ રહે છે.

(૭૫) મુંબઈ, ભાદરવા વદ ૪, ૧૯૪૫

મારા પર શુદ્ધ રાગ સમભાવથી રાખો. વિશેષતા ન કરો. ધર્મધ્યાન અને વ્યવહાર બંને સાચવો. લોભી ગુરુ, એ ગુરુ–શિષ્ય બંનેને અધોગતિનું કારણ છે. હું એક સંસારી છું. મને અલ્પજ્ઞાન છે. શુદ્ધ ગુરુની તમને જરૂર છે.

(૭૬) મોહમયી, આસો વદી ૧૦, ૧૯૪૫

બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરૂષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.

સત્પુરૂષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે; શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે; અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી તો કંઈ કહ્યું જાય તેમ નથી અને આમ કર્યા વિના તારો કોઈ કાળે છૂટકો થનાર નથી; આ અનુભવ–પ્રવચન પ્રમાણિક ગણ.

એક સત્પુરૂષને રાજી કરવામાં તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઇશ.

(૭૭) વિ. સં. ૧૯૪૫

**"સુખકી સહેલી હે, અકેલી ઉદાસીનતા"**
**અધ્યાત્મની જનની, તે ઉદાસીનતા.**

લઘુ વયથી અદ્‌ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ;
એ જ સૂચવે એમ કે, ગતિઆગતિ કાં શોધ?

જે સંસ્કાર થવો ઘટે, અતિ અભ્યાસે કાંય;
વિના પરિશ્રમ તે થયો, ભવશંકા શી ત્યાંય?

જેમ જેમ મતિ અલ્પતા, અને મોહ ઉદ્યોત;
તેમ તેમ ભવશંકના, અપાત્ર અંતર જ્યોત.

કરી કલ્પના દૃઢ કરે, નાના નાસ્તિ વિચાર;
પણ અસ્તિ તે સૂચવે, એ જ ખરો નિર્ધાર.

આ ભવ વણ ભવ છે નહીં, એ જ તર્ક અનુકૂળ;
વિચારતાં પામી ગયા, આત્મધર્મનું મૂળ.

(૭૮) વિ. સં. ૧૯૪૫

## સ્ત્રીના સંબંધમાં મારા વિચાર

અતિ અતિ સ્વસ્થ વિચારણાથી એમ સિદ્ધ થયું કે શુદ્ધ જ્ઞાનને આશ્રયે નિરાબાધ સુખ રહ્યું છે; તથા ત્યાં જ પરમ સમાધિ રહી છે.

સ્ત્રી એ સંસારનું સર્વોત્તમ સુખ માત્ર આવરણદૃષ્ટિથી કલ્પાયું છે, પણ તે તેમ નથી જ.... માત્ર મોહદશાને લીધે તેમ માન્યતા થઈ છે એમ જ જણાશે. અહીં હું સ્ત્રીના અવયવાદિ ભાગનો વિવેક કરવા બેઠો નથી; પણ ત્યાં ફરી આત્મા ન જ ખેંચાય એ વિવેક થયો છે, તેનું સહજ સૂચવન કર્યું. સ્ત્રીમાં દોષ નથી; પણ આત્મામાં દોષ છે; અને એ દોષ જવાથી આત્મા જે જુએ છે તે અદ્‌ભુત આનંદમય જ છે; માટે એ દોષથી રહિત થવું, એ જ પરમ જિજ્ઞાસા છે.

શુદ્ધ ઉપયોગની જો પ્રાપ્તિ થઈ તો પછી તે સમયે સમયે પૂર્વોપાર્જિત મોહનીયને ભસ્મીભૂત કરી શકશે. આ અનુભવ-ગમ્ય પ્રવચન છે. પણ પૂર્વોપાર્જિત હજુ સુધી મને પ્રવર્તે છે, ત્યાં સુધી મારી શી દશાથી શાંતિ થાય? એ વિચારતાં મને નીચે પ્રમાણે સમાધાન થયું :—

સ્ત્રીને સદાચારી જ્ઞાન આપવું, એક સત્સંગી તેને ગણવી, તેનાથી ધર્મબહેનનો સંબંધ રાખવો, અંતઃકરણથી કોઈ પણ પ્રકારે મા બહેન અને તેમાં અંતર ન રાખવો, તેના શારીરિક ભાગનો કોઈ પણ રીતે મોહકર્મને વશે ઉપભોગ લેવાય છે,

ત્યાં યોગની જ સ્મૃતિ રાખી, 'આ છે તો હું કેવું સુખ અનુભવું છું?' એ ભૂલી જવું. (તાત્પર્ય તે માનવું અસત્ છે). મિત્રે મિત્રની જેમ સાધારણ ચીજનો પરસ્પર ઉપભોગ લઈએ છીએ તેમ તે વસ્તુ લેવા (વિ.)નો સખેદ ઉપભોગ લઈ પૂર્વ બંધનથી છૂટી જવું. તેનાથી જેમ બને તેમ નિર્વિકારી વાત કરવી.

સ્ત્રીના સંબંધમાં કોઈ પણ પ્રકારે રાગદ્વેષ રાખવા મારી અંશ માત્ર ઇચ્છા નથી. પણ પૂર્વોપાર્જનથી ઇચ્છાના પ્રવર્તનમાં અટક્યો છું.

(૮૧) વિ. સં. ૧૯૪૫

અહોહો! કર્મની કેવી વિચિત્ર બંધસ્થિતિ છે? જેને સ્વપ્ને પણ ઇચ્છતો નથી, જે માટે પરમ શોક થાય છે; એ જ અગાંભીર્ય દશાથી પ્રવર્તવું પડે છે.

તે જિન વર્ધમાનાદિ સત્પુરૂષો કેવા મહાન મનોજયી હતા! તેને મૌન-રહેવું-અમૌન રહેવું બંને સુલભ હતું; તેને સર્વ અનુકૂળ પ્રતિકૂળ દિવસો સરખા હતા.... કેવું આશ્ચર્યકારક કે, એક કલ્પનાનો જય એક કલ્પે થવો દુર્લભ, તેવી તેમણે અનંત કલ્પનાઓ કલ્પના અનંતમા ભાગે શમાવી દીધી!

(૮૨) વિ. સ. ૧૯૪૫

દુ:ખિયાં મનુષ્યોનું પ્રદર્શન કરવામાં આવ્યું હોય તો ખચીત તેના શિરોભાગમાં હું આવી શકું. આ મારાં વચનો

વાંચીને કોઈ વિચારમાં પડી જઈ, ભિન્ન ભિન્ન કલ્પનાઓ કરશે અને કાં તો ભ્રમ ગણી વાળશે; પણ તેનું સમાધાન અહીં જ ટપકાવી દઉં છું.

તમે મને સ્ત્રી સંબંધી કંઈ દુઃખ લેખશો નહીં, લક્ષ્મી સંબંધી દુઃખ લેખશો નહીં, પુત્ર સંબંધી લેખશો નહીં, કીર્તિ સંબંધી લેખશો નહીં....અથવા સર્વથી લેખશો નહીં. મને દુઃખ બીજી રીતનું છે. તે દરદ વાતનું નથી, કફનું નથી કે પિત્તનું નથી. તે શરીરનું નથી, વચનનું નથી કે મનનું નથી. ગણો તો બધાયનું છે અને ન ગણો તો એક્કેનું નથી, પણ મારી વિજ્ઞાપના ન ગણવા માટે છે, કારણ એમાં કોઈ મર્મ રહ્યો છે. તમે જરૂર માનજો કે હું વિના–દિવાનાપણે આ કલમ ચલાવું છું.

રાજચંદ્ર નામથી ઓળખાતો વવાણિયા નામના નાના ગામનો લક્ષ્મીમાં સાધારણ એવો, પણ આર્ય તરીકે ઓળખાતા દશાશ્રીમાળી વૈશ્યનો પુત્ર ગણાઉં છું. આ દેહમાં મુખ્યે બે ભવ કર્યા છે, અમુખ્યનો હિસાબ નથી. નાનપણની નાની સમજણમાં કોણ જાણે કયાંથીયે મોટી કલ્પનાઓ આવતી. સુખની જિજ્ઞાસા પણ ઓછી નહોતી અને સુખમાં પણ મહાલય, બાગબગીચા, લાડીવાડીનાં કંઈક માન્યાં હતાં. મોટી કલ્પના તે આ બધું શું છે તેની હતી. તે કલ્પનાનું એક વાર એવું રૂપ દીઠું કે, પુનર્જન્મે નથી, પાપે નથી, પુણ્યે નથી, સુખે રહેવું અને સંસાર ભોગવવો એ જ કૃતકૃત્યતા છે. એમાંથી બીજી પંચાતમાં નહીં પડતાં, ધર્મની વાસનાઓ કાઢી નાખી. કોઈ ધર્મ માટે ન્યૂનાધિક કે શ્રદ્ધાભાવપણું રહ્યું નહીં.

થોડો વખત ગયા પછી એમાંથી ઓર જ થયું. જે થવાનું મેં કલ્પ્યું નહોતું, તેમ તે માટે મારા ખ્યાલમાં હોય એવું કંઈ મારું પ્રયત્ન પણ નહોતું, છતાં અચાનક ફેરફાર થયો; કોઈ ઓર અનુભવ થયો, અને જે અનુભવ પ્રાયે શાસ્ત્રમાં લેખિત ન હોય, જડવાદીઓની કલ્પનામાં પણ નથી, તેવો હતો. તે ક્રમે કરીને વધ્યો; વધીને અત્યારે એક 'તુંહિ તુંહિ'નો જાપ કરે છે. હવે અહીં સમાધાન થઇ જશે. આગળ જે મળ્યાં નહીં હોય અથવા ભયાદિક હશે, તેથી દુ:ખ હશે તેવું કંઈ નથી, એમ ખચીત સમજાશે. સ્ત્રી સિવાય બીજો કોઇ પદાર્થ ખાસ કરીને મને રોકી શકતો નથી. બીજાં કોઇપણ સંસારી સાધને મારી પ્રીતિ મેળવી નથી, તેમ કોઈ ભયે મને બહુલતાએ ઘેર્યો નથી. સ્ત્રીના સંબંધમાં જિજ્ઞાસા ઓર છે અને વર્તના ઓર છે. એક પક્ષે તેનું કેટલાક કાળ સુધી સેવન કરવું સમ્મત કર્યું છે. તથાપિ ત્યાં સામાન્ય પ્રીતિ–અપ્રીતિ છે. પણ દુ:ખ એ છે કે જિજ્ઞાસા નથી, છતાં પૂર્વકર્મ કાં ઘેરે છે? એટલેથી પતતું નથી, પણ તેને લીધે નહીં ગમતા પદાર્થોને જોવા, સૂંઘવા, સ્પર્શવા પડે છે અને એ જ કારણથી પ્રાયે ઉપાધિમાં બેસવું પડે છે.

મહારંભ, મહાપરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ કે એવું તેવું જગતમાં કંઈ જ નથી, એમ વિસ્મરણધ્યાન કરવાથી પરમાનંદ રહે છે. તેને ઉપરનાં કારણોથી જોવાં પડે છે. એ મહા ખેદ છે. અંતરંગચર્યા પણ કોઈ સ્થળે ખોલી શકાતી

નથી. એવાં પાત્રોની દુર્લભતા મને થઈ પડી એ જ મહા દુઃખમતા કહો.

(૮૩) વિ. સં. ૧૯૪૫

પૂર્ણ આલ્હાદકર જેને માન્યું છે, પરમ સુખકર, હિતકર અને હૃદયમય જેને માનેલ છે, તેમ છે, અનુભવગમ્ય છે, તે તો તે જ (તત્ત્વજ્ઞાનની ઊંડી) ગુફાનો નિવાસ છે અને નિરંતર તેની જ જિજ્ઞાસા છે. અત્યારે કંઈ તે જિજ્ઞાસા પૂર્ણ થવાનાં ચિન્હ નથી, તો પણ ક્રમે, એમાં આ લેખકનો પણ જય થશે એવી તેની ખચીત શુભાકાંક્ષા છે, અને તેમ અનુભવગમ્ય પણ છે. અત્યારથી જ જો યોગ્ય રીતે તે ક્રમની પ્રાપ્તિ હોય તો, આ પત્ર લખવા જેટલી ખોટી કરવા ઈચ્છા નથી; પરંતુ કાળની કઠિનતા છે; ભાગ્યની મંદતા છે; સંતોની કૃપાદૃષ્ટિ દૃષ્ટિગોચર નથી; સત્સંગની ખામી છે.

તો પણ તે ક્રમનું બીજ હૃદયમાં અવશ્ય રોપાયું છે, અને એ જ સુખકર થયું છે. સૃષ્ટિના રાજથી જે સુખ મળવા આશા નહોતી, તેમ જ કોઈપણ રીતે ગમે તેવા ઔષધથી, સાધનથી, સ્ત્રીથી, પુત્રથી, મિત્રથી કે બીજા અનેક ઉપચારથી જે અંતશાંતિ થવાની નહોતી તે થઈ છે. નિરંતરની–ભવિષ્યકાળની ભીતિ ગઈ છે અને એક સાધારણ ઉપજીવનમાં પ્રવર્તતો એવો આ તમારો મિત્ર એને જ લઈને જીવે છે, નહીં તો જીવવાની ખચીત શંકા જ હતી. વિશેષ શું કહેવું ? આ

ભ્રમણા નથી, વહેમ નથી, ખચીત સત્ય જ છે. એ ત્રિકાળમાં એક જ પરમપ્રિય અને જીવન વસ્તુની પ્રાપ્તિ, તેનું બીજારોપણ કેમ વા કેવા પ્રકારથી થયું એ વ્યાખ્યાનનો પ્રસંગ અહીં નથી, પરંતુ ખચીત એ જ મને ત્રિકાળ સમ્મત હો! એટલું જ કહેવાનો પ્રસંગ છે.

## વર્ષ ૨૩ મું

(૮૫) મુંબઇ, વિ. સં ૧૯૪૬

હે નાથ! સાતમી તમતમપ્રભા નરકની વેદના મળી હોત તો વખતે સમ્મત કરત, પણ જગતની મોહિની સમ્મત થતી નથી.

(૮૭) મુંબઈ, કાર્તિક સુદ ૭, ૧૯૪૬

જૈન સંબંધી આપને કંઈપણ મારો આગ્રહ દર્શાવતો નથી. તેમ આત્મા જે રૂપે હો તે રૂપે ગમે તેથી થાઓ એ સિવાય બીજી મારી અંતરંગ જિજ્ઞાસા નથી; એ કંઇ કારણથી કહી જઈ જૈન પણ એક પવિત્ર દર્શન છે એમ કહેવાની આજ્ઞા લઉં છું. તે માત્ર જે વસ્તુ જે રૂપે સ્વાનુભવમાં આવી હોય તે રૂપે કહેવી એમ સમજીને.

સર્વ સત્પુરૂષો માત્ર એક જ વાટેથી તર્યા છે અને તે વાટ વાસ્તવિક આત્મજ્ઞાન અને તેની અનુચારિણી દેહસ્થિતિ પર્યંત સત્ક્રિયા કે રાગદ્વેષ અને મોહ વગરની દશા થવાથી તે તત્ત્વ તેમને પ્રાપ્ત થયું હોય એમ મારૂં આધીન મત છે.

આત્મા આમ લખવા જિજ્ઞાસુ થવાથી લખ્યું છે. તેમાંની ન્યૂનાધિકતા ક્ષમાપાત્ર છે.

(૯૧) મુંબઈ, કારતક, ૧૯૪૬

તે પવિત્ર દર્શન થયા પછી ગમે તે વર્તન હો, પરંતુ તેને તીવ્ર બંધન નથી, અનંત સંસાર નથી, સોળ ભવ નથી, અભ્યંતર દુઃખ નથી, શંકાનું નિમિત્ત નથી, અંતરંગ મોહિની નથી, સત્ સત્ નિરુપમ, સર્વોત્તમ, શુકલ, શીતળ, અમૃતમય દર્શનજ્ઞાન; સમ્યક્ જ્યોતિર્મય, ચિરકાળ આનંદની પ્રાપ્તિ, અદ્‌ભુત સતસ્વરૂપદર્શિતાની બલિહારી છે!

જ્યાં મતભેદ નથી; જ્યાં શંકા, કંખા, વિતિગિચ્છા, મૂઢ-દૃષ્ટિ એમાંનું કાંઈ નથી. છે તે કલમ લખી શકતી નથી, કથન કહી શકતું નથી, મન જેને મનન કરી શકતું નથી.

છે તે.

(૯૩) મુંબઈ, કારતક, ૧૯૪૬

નવપદ ધ્યાનની વૃદ્ધિ કરવા મારી જિજ્ઞાસા છે.

(૯૪) મુંબઈ, માગસર સુદ ૯, ૧૯૪૬

તમે મારા સંબંધમાં જે જે પ્રસ્તુતિ દર્શાવી તે તે મેં બહુ મનન કરી છે. તેવા ગુણો પ્રકાશિત થાય, એમ પ્રવર્તવા અભિલાષા છે. પરંતુ તેવા ગુણો કંઈ મારામાં પ્રકાશિત થયા હોય એમ મને લાગતું નથી, માત્ર રૂચિ ઉત્પન્ન થઇ, એમ ગણીએ તો ગણી શકાય. આપણે જેમ

બને તેમ એક જ પદના ઇચ્છક થઈ પ્રયત્ની થઇએ છીએ, તે આ કે "બંધાયલાને છોડવો", એ બંધન જેથી છૂટે તેથી છોડી લેવું, એ સર્વમાન્ય છે.

(૯૫) મુંબઈ, પોષ, ૧૯૪૬

**આવા પ્રકારે તારો સમાગમ મને શા માટે થયો? કયાં તારૂં ગુપ્ત રહેવું થયું હતું?**

**સર્વગુણાંશ તે સમ્યક્ત્વ.**

(૧૧૧) મુંબઈ, ફાગણ, ૧૯૪૬

પરમ સત્ય છે. પરમ સત્ય છે. પરમ સત્ય છે. ત્રિકાળ એમ જ છે.

વ્યવહારના પ્રસંગને સાવધાનપણે, મંદ ઉપયોગે સમતા-ભાવે નિભાવ્યો આવજે.

બીજા તારૂં કેમ માનતા નથી એવો પ્રશ્ન તારા અંતરમાં ન ઉગો.

બીજા તારૂં માને છે એ ઘણું યોગ્ય છે, એવું સ્મરણ તને ન થાઓ.

તું સર્વ પ્રકારે તારાથી પ્રવર્તો.

જીવન–અજીવન પર સમવૃત્તિ હો.

જીવન હો તો એ જ વૃત્તિએ પૂર્ણ હો.

ગૃહવાસ જ્યાં સુધી સૃજિત હો ત્યાં સુધી વ્યવહાર પ્રસંગમાં પણ સત્ય તે સત્ય હો, ગૃહવાસમાં તેમાં જ લક્ષ હો, ગૃહવાસમાં પ્રસંગીઓને ઉચિત વૃત્તિ રાખતાં શીખવ, સઘળાં સમાન જ માન. ત્યાં સુધીનો તારો કાળ ઘણો જ ઉચિત જાઓ.

જો તારી સ્વતંત્રતા અને તારા ક્રમથી તારા ઉપજીવન–વ્યવહાર સંબંધી સંતોષિત હોય તો ઉચિત પ્રકારે તારે વ્યવહાર પ્રવર્તાવવો.

તેની એથી બીજા ગમે તે કારણથી સંતોષિત વૃત્તિ ન રહેતી હોય તો તારે તેના કહ્યા પ્રમાણે પ્રવૃત્તિ કરી તે પ્રસંગ પૂરો કરવો, અર્થાત્ પ્રસંગની પૂર્ણાહુતિ સુધી એમ કરવામાં તારે વિષમ થવું નહીં. તારા ક્રમથી તેઓ સંતોષિત રહે તો ઔદાસીન્યવૃત્તિ વડે નિરાગ્રહભાવે તેઓનું સારૂં થાય તેમ કરવાનું સાવધાનપણું તારે રાખવું.

(૧૧૬) મુંબઇ, વૈશાખ સુદ ૩, ૧૯૪૬

આ ઉપાધિમાં પડ્યા પછી જો મારૂં લિંગદેહજન્યજ્ઞાન–દર્શન તેવું જ રહ્યું હોય, યથાર્થ જ રહ્યું હોય તો જૂઠાભાઇ અષાડ સુદ ૯ ગુરૂની રાત્રે સમાધિશીત થઇ આ ક્ષણિક જીવનનો ત્યાગ કરી જશે, એમ તે જ્ઞાન સૂચવે છે.

(૧૫૭–૫) મુંબઇ, વૈશાખ વદ ૪, ૧૯૪૬

આજ મને ઉછરંગ અનુપમ, જન્મ કૃતાર્થ જોગ જણાયો;
વાસ્તવ્ય વસ્તુ, વિવેક વિવેચક તે ક્રમ સ્પષ્ટ સુમાર્ગ ગણાયો.

(૧૧૩) મુંબઈ, વૈશાખ વદ ૧૨, ૧૯૪૬

આપના પહેલાં આ જન્મમાં હું લગભગ બે વર્ષથી કંઈક વધારે કાળથી ગૃહાશ્રમી થયો છું એ આપના જાણવામાં છે. ગૃહાશ્રમી જેને લઈને કહી શકાય છે, તે વસ્તુ અને મને તે વખતમાં કંઈ ઘણો પરિચય પડ્યો નથી; તો પણ તેનું બનતું કાયિક, વાચિક અને માનસિક વલણ મને તેથી ઘણુંખરૂં સમજાયું છે; અને તે પરથી તેનો અને મારો સંબંધ અસંતોષપાત્ર થયો નથી; એમ જણાવવાનો હેતુ એવો છે કે ગૃહાશ્રમનું વ્યાખ્યાન સહજમાત્ર પણ આપતાં તે સંબંધી વધારે અનુભવ ઉપયોગી થાય છે. મને કંઈક સાંસ્કારિક અનુભવ ઊગી નીકળવાથી એમ કહી શકું છું કે મારો ગૃહાશ્રમ અત્યારસુધી જેમ અસંતોષપાત્ર નથી તેમ ઉચિત સંતોષપાત્ર પણ નથી. તે માત્ર મધ્યમ છે; અને તે મધ્યમ હોવામાં પણ મારી કેટલીક ઉદાસીનવૃત્તિની સહાયતા છે.

તત્ત્વજ્ઞાનની ગુપ્ત ગુફાનાં દર્શન લેતાં ગૃહાશ્રમથી વિરક્ત થવાનું અધિકતર સૂઝે છે, અને ખચીત તે તત્ત્વજ્ઞાનનો વિવેક પણ આને ઊગ્યો હતો. કાળના બળવત્તર અનિષ્ટપણાને લીધે તેને યથાયોગ્ય સમાધિસંગની અપ્રાપ્તિને લીધે તે વિવેકને મહાખેદની સાથે ગૌણ કરવો પડ્યો; અને ખરે! જો તેમ ન થઈ શક્યું હોત તો તેના (આ પત્રલેખકના) જીવનનો અંત આવત.

જે વિવેકને મહાખેદની સાથે ગૌણ કરવો પડ્યો છે, તે વિવેકમાં જ ચિત્તવૃત્તિ પ્રસન્ન રહી જાય છે, બાહ્ય તેની પ્રધાનતા

નથી રાખી શકાતી એ માટે અકથ્ય ખેદ થાય છે; તથાપિ જ્યાં નિરુપાયતા છે, ત્યાં સહનતા સુખદાયક છે, એમ માન્યતા હોવાથી મૌનતા છે.

કોઈ કોઈ વાર સંગીઓ અને પ્રસંગીઓ તુચ્છ નિમિત્ત થઈ પડે છે; તે વેળા તે વિવેક પર કોઈ જાતિનું આવરણ આવે છે, ત્યારે આત્મા બહુ જ મુંઝાય છે, જીવનરહિત થવાની, દેહત્યાગ કરવાની દુઃખસ્થિતિ કરતાં તે વેળા ભયંકર સ્થિતિ થઈ પડે છે; પણ એવું ઝાઝો વખત રહેતું નથી; અને એમ જ્યારે રહેશે ત્યારે ખચીત દેહત્યાગ કરીશ, પણ અસમાધિથી નહીં પ્રવર્તું એવી અત્યારસુધીની પ્રતિજ્ઞા કાયમ ચાલી આવી છે.

(૧૫૭–૭) મુંબઈ, જેઠ સુદ ૪, ૧૯૪૬

પરિચયી! તમને હું ભલામણ કરૂં છું કે, તમે યોગ્ય થવાની તમારામાં ઈચ્છા ઉત્પન્ન કરો. હું તે ઇચ્છા પૂર્ણ કરવામાં સહાયક થઈશ.

તમે મારાં અનુયાયી થયાં અને તેમાં મને પ્રધાનપદ જન્માંતરના યોગથી હોવાથી તમારે મારી આજ્ઞાનું અવલંબન કરી પ્રવર્તવું એ ઉચિત ગણ્યું છે. અને હું પણ તમારી સાથે ઉચિતપણે પ્રવર્તવા ઇચ્છું છું, બીજી રીતે નહીં.

જો તમે પ્રથમ જીવનસ્થિતિ પૂર્ણ કરો, તો ધર્માર્થે મને ઇચ્છો, એવું કરવું ઉચિત ગણું છું; અને જો હું કરૂં તો

ધર્મપાત્ર તરીકે મારૂં સ્મરણ થાય એમ થવું જોઇએ. બંને ધર્મમૂર્તિ થવા પ્રયત્ન કરીએ, મોટા હર્ષથી પ્રયત્ન કરીએ.

તમારી ગતિ કરતાં મારી ગતિ શ્રેષ્ઠ થશે એમ અનુમાન્યું છે–મતિમાં. તેનો લાભ તમને આપવા ઈચ્છું છું; કારણ ઘણા નિકટના તમે સંબંધી છો. તે લાભ તમે લેવા ઈચ્છતાં હો, તો બીજી કલમમાં કહ્યા પ્રમાણે જરૂર કરશો એવી આશા રાખું છું.

તમે સ્વચ્છતાને બહુ જ ઈચ્છજો. વીતરાગભક્તિને બહુ જ ઈચ્છજો. તમે જે વેળા મારી સંગતિમાં હો તે વેળા સર્વ પ્રકારે મને આનંદ થાય તેમ રહેજો.

વિદ્યાભ્યાસી થાઓ. વિદ્યાયુક્ત વિનોદી સંભાષણ મારાથી કરજો, હું તમને યુક્ત બોધ આપીશ. તમે રૂપસંપન્ન, ગુણસંપન્ન અને રિદ્ધિ તેમ જ બુદ્ધિસંપન્ન તેથી થશો.

પાછી એ દશા જોઈ હું પરમ પ્રસન્ન થઈશ.

મુંબઈ, જેઠ સુદ ૧૧, ૧૯૪૬

સવારના છથી આઠ સુધીનો વખત સમાધિયુક્ત ગયો હતો. અખાજીના વિચારો ઘણા સ્વસ્થ ચિત્તથી વાંચ્યા હતા, મનન કર્યા હતા.

મુંબઈ, જેઠ વદ ૧૧, ૧૯૪૬

તને તારૂં હોવાપણું માનવામાં ક્યાં શંકા છે? શંકા હોય તો તે ખરી પણ નથી.

મુંબઈ, જેઠ વદ ૧૨, ૧૯૪૬

ગઈ કાલ રાત્રે એક અદ્‌ભુત સ્વપ્ન આવ્યું હતું. જેમાં બેએક પુરૂષોની સમીપે આ જગતની રચનાનું સ્વરૂપ વર્ણવ્યું હતું; પ્રથમ સર્વ ભૂલાવી પછી જગતનું દર્શન કરાવ્યું હતું. સ્વપ્નમાં મહાવીરદેવની શિક્ષા સપ્રમાણ થઈ હતી, એ સ્વપ્નનું વર્ણન ઘણું સુંદર અને ચમત્કારિક હોવાથી પરમાનંદ થયો હતો. હવે પછી તે સંબંધી અધિક.

મુંબઇ, અષાડ શુદ ૫, ૧૯૪૬

જ્યારે આ વ્યવહારોપાધિ ગ્રહણ કરી, ત્યારે તે ગ્રહણ કરવાનો હેતુ આ હતો :—

ભવિષ્યકાળે જે ઉપાધિ ઘણો વખત રોકશે, તે ઉપાધિ વધારે દુઃખદાયક થાય તો પણ થોડા વખતમાં ભોગવી લેવી એ વધારે શ્રેયસ્કર છે.

એ ઉપાધિ નીચેના હેતુથી સમાધિરૂપ થશે એમ માન્યું હતું :—

ધર્મ સંબંધી વધારે વાતચીત આ કાળમાં ગૃહવાસ પરત્વે ન આવે તો સારૂં. ભલે તને વસમું લાગે પણ એ જ ક્રમમાં પ્રવર્ત. ખચીત કરીને એ જ ક્રમમાં પ્રવર્ત, દુઃખને સહન કરી, ક્રમની સાચવણીના પરિસહને સહન કરી, અનુકૂળ–પ્રતિકૂળ ઉપસર્ગને સહન કરી તું અચળ રહે. અત્યારે કદાપિ વસમું, અધિકતર લાગશે, પણ પરિણામે તે વસમું સમું થશે.

ઘેરામાં ઘેરાઈશ નહીં. ફરી ફરી કહું છું, ઘેરાઈશ નહીં. દુ:ખી થઈશ; પશ્ચાતાપ કરીશ; એ કરતાં અત્યારથી આ વચનો ઘટમાં ઉતાર, પ્રીતિપૂર્વક ઉતાર.

૧. કોઈના પણ દોષ જો નહીં. તારા પોતાના દોષથી જે કંઈ થાય છે તે થાય છે, એમ માન.

૨. તારી (આત્મ) પ્રશંસા કરીશ નહીં, અને કરીશ તો તું જ હલકો છે, એમ હું માનું છું.

૩. જેમ બીજાને પ્રિય લાગે તેવી તારી વર્તણુક કરવાનું પ્રયત્ન કરજે. એકદમ તેમાં તને સિદ્ધિ નહીં મળે, વા વિઘ્ન નડશે, તથાપિ દૃઢ આગ્રહથી હળવે હળવે તે ક્રમ પર તારી નિષ્ઠા લાવી મૂકજે.

૪. તું વ્યવહારમાં જેનાથી જોડાયો હો તેનાથી અમુક પ્રકારે વર્તવાનો નિર્ણય કરી તેને જણાવ. તેને અનુકૂળ આવે તો તેમ; નહીં તો તે જણાવે તેમ પ્રવર્તજે. સાથે જણાવજે કે તમારા કાર્યમાં ( જે મને સોંપો તેમાં ) કોઈ રીતે મારી નિષ્ઠાથી કરીને હાનિ નહીં પહોંચાડું. તમે મારા સંબંધમાં બીજી કંઈ કલ્પના કરશો નહીં; મને વ્યવહાર સંબંધી અન્યથા લાગણી નથી, તેમ હું તમારાથી વર્તવા ઇચ્છતો નથી, એટલું જ નહીં પણ કંઇ મારૂં વિપરીતાચરણ મન–વચન–કાયાએ થયું, તો તે માટે પશ્ચાતાપી થઇશ. એમ નહીં કરવા આગળથી બહુ સાવચેતી રાખીશ. તમે સોંપેલું કામ કરતાં હું નિરભિમાની રહીશ. મારી ભૂલને માટે મને ઠપકો આપશો તે સહન

કરીશ. મારૂં ચાલશે ત્યાં સુધી સ્વપ્ને પણ તમારો દ્વેષ વા તમારા સંબંધી કોઈ પણ જાતની અન્યથા કલ્પના કરીશ નહીં, તમને કોઇ પણ જાતની શંકા થાય તો મને જણાવશો, તો તમારો ઉપકાર માનીશ અને તેનો ખરો ખુલાસો કરીશ. ખુલાસો નહીં થાય તો મૌન રહીશ, પરંતુ અસત્ય બોલીશ નહીં. માત્ર તમારી પાસેથી એટલું જ ઇચ્છું છું કે, કોઈપણ પ્રકારે તમે મને નિમિત્ત રાખી અશુભ યોગમાં પ્રવૃત્તિ કરશો નહીં; તમારી ઇચ્છાનુસાર તમે વર્તજો તેમાં મારે કંઈપણ અધિક કહેવાની જરૂર નથી. માત્ર મને મારી નિવૃત્તિશ્રેણીમાં વર્તવા દેતાં કોઈ રીતે તમારૂં અંતઃકરણ ટૂંકું કરશો નહીં; અને ટૂંકું કરવા જો તમારી ઇચ્છા હોય તો ખચીત કરીને મને આગળથી જણાવી દેજો. તે શ્રેણિને સાચવવા મારી ઇચ્છા છે અને તે માટે એથી હું યોગ્ય કરી લઈશ. મારૂં ચાલતાં સુધી હું તમને દુભાવીશ નહીં અને છેવટે એ જ નિવૃત્તિશ્રેણી તમને અપ્રિય હશે તો પણ હું જેમ બનશે તેમ જાળવણીથી, તમારી સમીપથી, તમને કોઇ જાતની હાનિ કર્યા વગર બનતો લાભ કરીને, હવે પછીના ગમે તે કાળ માટે પણ તેવી ઇચ્છા રાખીને ખસી જઈશ.

(૧૧૫) મુંબઈ, અષાડ સુદ ૫, ૧૯૪૬

મોહાધીન એવો મારો આત્મા બાહ્યોપાધિથી કેટલે પ્રકારે ઘેરાયો છે તે તમે જાણો છો, એટલે અધિક શું લખું ?.... યોગ્ય પાત્ર થાઓ, હું પણ યોગ્ય પાત્ર થાઉં. આગળ વધારે જોઇશું.

(૧૧૭) મુંબઈ, અષાડ સુદ ૧૦, ૧૯૪૬

લિંગદેહજન્યજ્ઞાનમાં ઉપાધિને લીધે યત્કિંચિત્ ફેર થયો જણાયો. પવિત્રાત્મા જૂઠાભાઈ ઉપરની તિથિએ પણ દિવસે સ્વર્ગવાસી થયાના આજે ખબર મળ્યા.

એ પાવન આત્માના ગુણોનું શું સ્મરણ કરવું? જ્યાં વિસ્મૃતિને અવકાશ નથી, ત્યાં સ્મૃતિ થઈ ગણાય જ કેમ?

એનું લૌકિક નામ જ દેહધારી દાખલ સત્ય હતું,—એ આત્મદશારૂપે ખરો વૈરાગ્ય હતો.

મિથ્યાવાસના જેની બહુ ક્ષીણ થઈ હતી, વીતરાગનો પરમ રાગી હતો, સંસારનો પરમ જુગુપ્સિત હતો, ભક્તિનું પ્રાધાન્ય જેના અંતરમાં સદાય પ્રકાશિત હતું, સમ્યક્ભાવથી વેદનીય કર્મ વેદવાની જેની અદ્ભુત સમતા હતી, મોહનીય કર્મનું પ્રબળ જેના અંતરમાં બહુ શૂન્ય થયું હતું, મુમુક્ષુતા જેનામાં ઉત્તમ પ્રકારે દીપી નીકળી હતી, એવો એ જૂઠાભાઈનો પવિત્રાત્મા આજે જગતનો, આ ભાગનો ત્યાગ કરીને ચાલ્યો ગયો. આ સહચારીઓથી મુક્ત થયો. ધર્મના પૂર્ણાહ્લાદમાં આયુષ્ય અચિંતું પૂર્ણ કર્યું.

અરેરે! એવા ધર્માત્માનું ટૂંકું જીવન આ કાળમાં હોય એ કંઈ વધારે આશ્ચર્યકારક નથી. એવા પવિત્રાત્માની આ કાળમાં ક્યાંથી સ્થિતિ હોય? બીજા સંગીઓનાં એવાં ભાગ્ય ક્યાંથી હોય કે આવા પવિત્ર આત્માનાં દર્શનનો લાભ

અધિકકાળ તેમને થાય? મોક્ષમાર્ગને દે એવું જે સમ્યક્ત્વ જેના અંતરમાં પ્રકાશ્યું હતું, એવા પવિત્રાત્મા જૂઠાભાઈને નમસ્કાર હો! નમસ્કાર હો!

(૧૧૮) મુંબઈ, અષાડ સુદ ૧૫, ૧૯૪૬

ચિ. સત્યપરાયણના સ્વર્ગવાસ સૂચક શબ્દો ભયંકર છે....

આ આત્માનો આ જીવનનો રાહસ્યિક વિશ્રામ કાળની પ્રબળ દૃષ્ટિએ ખેંચી લીધો. જ્ઞાનદૃષ્ટિથી શોકનો અવકાશ નથી મનાતો; તથાપિ તેના ઉત્તમોત્તમ ગુણો તેમ કરવાની આજ્ઞા કરે છે; બહુ સ્મરણ થાય છે; વધારે નથી લખી શકતો. સત્ય-પરાયણના સ્મરણાર્થે બને તો એક શિક્ષાગ્રંથ લખવા વિચારૂં છું.

(૧૨૫) વવાણિયા, શ્રાવણ વદિ ૧૩, ૧૯૪૬

**ચિત્ત ગુફાને યોગ્ય થઇ ગયું છે, કર્મરચના વિચિત્ર છે.**

(૧૨૬) વવાણિયા, પ્ર. ભાદ્ર. સુદ ૩, ૧૯૪૬

જ્ઞાનીઓએ કલ્પેલો ખરેખરો આ કળિકાળ જ છે.... વિવેકીઓની અને યથાયોગ્ય ઉપશમપાત્રની છાયા પણ મળતી નથી. એવા વિષમ કાળમાં જન્મેલો આ દેહધારી આત્મા અનાદિકાળના પરિભ્રમણના થાકથી વિશ્રાંતિ લેવા આવતાં અવિશ્રાંતિ પામી સપડાયો છે. માનસિક ચિંતા ક્યાંય કહી શકાતી નથી. કહેવાનાં પાત્રોની પણ ખામી છે; ત્યાં હવે શું કરવું? જો કે યથાયોગ્ય ઉપશમભાવને પામેલો આત્મા સંસાર

અને મોક્ષ પર સમવૃત્તિવાળો હોય છે, એટલે અપ્રતિબદ્ધપણે વિચરી શકે છે. પણ આ આત્માને તો હજુ તે દશા પ્રાપ્ત થઈ નથી. તેનો અભ્યાસ છે. ત્યાં તેને પડખે આ પ્રવૃતિ શા માટે ઉભી હશે ?

અનેક પ્રકારે સંતોએ શાસ્ત્ર વાટે તેનો માર્ગ કહ્યો છે, સાધનો બતાવ્યા છે, યોગાદિકથી થયેલો પોતાનો અનુભવ કહ્યો છે; તથાપિ તેથી યથાયોગ્ય ઉપશમભાવ આવવો દુર્લભ છે. તે માર્ગ છે; પરંતુ ઉપાદાનની બળવાન સ્થિતિ જોઇએ. ઉપાદાનની બળવાન સ્થિતિ થવા નિરંતર સત્સંગ જોઇએ, તે નથી.

શિશુવયમાંથી જ એ વૃત્તિ ઊગવાથી કોઈ પ્રકારનો પરભાષાભ્યાસ ન થઈ શકયો. અમુક સંપ્રદાયથી શાસ્ત્રાભ્યાસ ન થઈ શકયો. સંસારના બંધનથી ઈહાપોહાભ્યાસ પણ ન થઈ શકયો; અને તે ન થઈ શકયો તેને માટે કંઇ બીજી વિચારણા નથી. એથી આત્મા અધિક વિકલ્પી થાત (સર્વને માટે વિકલ્પીપણું નહીં, પણ એક હું પોતાની અપેક્ષાએ કહું છું.) અને વિકલ્પાદિક કલેશનો તો નાશ જ કરવો ઈચ્છયો હતો, એટલે જે થયું તે કલ્યાણકારક જ છે; પણ હવે શ્રી રામને જેમ મહાનુભાવ વસિષ્ઠ ભગવાને આ જ દોષનું વિસ્મરણ કરાવ્યું હતું તેમ કોણ કરાવે ? અર્થાત્ શાસ્ત્રનો ભાષાભ્યાસ વિના પણ ઘણો પરિચય છે, ધર્મના વ્યાવહારિક જ્ઞાતાઓનો પણ પરિચય થયો છે, તથાપિ આ આત્માનું આનંદાવરણ એથી ટળે એમ નથી, માત્ર સત્સંગ સિવાય, યોગસમાધિ સિવાય, ત્યાં કેમ કરવું ?

(૧૨૮) વવાણિયા, પ્ર.ભાદ્ર સુદ ૬, ૧૯૪૬

અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઇ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ વિકલ્પનું રટણ ન કર્યું હોય અને એ વડે સમાધિ ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે.

વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કેમ ન જાણ્યું? અર્થાત્ એમ જાણવું જોઇતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.

વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રી આદિક) તે અનંતવાર છોડતાં તેનો વિયોગ થયાં અનંત કાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જીવાયું તે કંઈ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો, તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.

વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં; જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરૂં, તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે,

દાસપણે, દાસીપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો ? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું ! અને તેમ કરવાની તો ઇચ્છા નહોતી ! કહો એ સ્મરણ થતાં આ કલેશિત આત્મા પરત્વે જુગુપ્સા નહીં આવતી હોય ? અર્થાત્ આવે છે.

વધારે શું કહેવું ? જે જે પૂર્વના ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું; તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે, ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દઢત્વ આત્મામાં પ્રકાશે છે. પણ કેટલીક નિરૂપાયતા છે ત્યાં કેમ કરવું ? જે દઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે. પણ જે કંઈ આડું આવે છે તે કોરે કરવું પડે છે અને તેમાં કાળ જાય છે. જીવન ચાલ્યું જાય છે, એને ન જવા દેવું, જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી, એમ દઢતા છે તેનું કેમ કરવું ? કદાપિ કોઈ રીતે તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ ? ત્યારે હવે કેમ કરવું ?

“ ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ. ત્યાં સુધી હે જીવ ! છૂટકો નથી. ”

આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે અને તે યથાયોગ્ય લાગે છે.

ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી. અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ (આર્ય પુરૂષોએ કરેલા આચરણ) સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઈચ્છા પણ નથી.

ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે, સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે.

"એ કંઈ ખોટું છે?" શું ? પરિભ્રમણ કરાયું તે કરાયું. હવે તેના પ્રત્યાખ્યાન લઈએ તો ? લઈ શકાય.

(૧૩૦) વવાણિયા, પ્ર.ભાદ્ર સુદ ૧૧, ૧૯૪૬

કેટલાંક વર્ષ થયાં એક મહાન ઇચ્છા અંતઃકરણમાં પ્રવર્તી રહી છે, જે કોઈ સ્થળે કહી નથી, કહી શકાઈ નથી, કહી શકાતી નથી; નહીં કહેવાનું અવશ્ય છે. મહાન પરિશ્રમથી ઘણું કરીને તે પાર પાડી શકાય એવી છે; તથાપિ તે માટે

જેવો જોઇએ તેવો પરિશ્રમ થતો નથી, એ એક આશ્ચર્ય અને પ્રમત્તતા છે. એ ઇચ્છા સ્વાભાવિક ઉત્પન્ન થઈ હતી. જ્યાંસુધી તે યથાયોગ્ય રીતે પાર નહીં કરાય ત્યાંસુધી આત્મા સમાધિસ્થ થવા ઈચ્છતો નથી, અથવા થશે નહીં. કોઈ વેળા અવસર હશે તો તે ઇચ્છાની છાયા જણાવી દેવાનું પ્રયત્ન કરીશ. એ ઈચ્છાનાં કારણને લીધે જીવ ઘણું કરીને વિટંબનદશામાં જ જીવન વ્યતીત કર્યે જાય છે. જો કે તે વિટંબનદશા પણ કલ્યાણકારક જ છે; તથાપિ બીજા પ્રત્યે તેવી કલ્યાણકારક થવામાં કંઈક ખામીવાળી છે.

(૧૩૨) વવાણિયા, પ્ર.ભાદ્ર વદિ ૧૩, ૧૯૪૬

અંતઃકરણમાં નિરંતર એમ જ આવ્યા કરે છે કે પરમાર્થ-રૂપ થવું; અને અનેકને પરમાર્થ સાધ્ય કરવામાં સહાયક થવું એ જ કર્ત્તવ્ય છે, તથાપિ કંઈ તેવો યોગ હજુ વિયોગમાં છે.

(૧૩૩) વવાણિયા, બીજા ભાદરવા સુદ ૨, ૧૯૪૬

**રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે. આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે,** ....અધિક શું કહેવું? હાડ, માંસ અને તેની મજ્જાને એક જ એ જ રંગનું રંગન છે. એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે અને તેને લીધે નથી કંઈ જોવું ગમતું, નથી

કંઈ સુંઘવું ગમતું, નથી કંઈ સાંભળવું ગમતું, નથી કંઈ ચાખવું ગમતું કે નથી કંઈ સ્પર્શવું ગમતું, નથી બોલવું ગમતું કે નથી મૌન રહેવું ગમતું, નથી બેસવું ગમતું કે નથી ઊઠવું ગમતું, નથી સૂવું ગમતું કે નથી જાગવું ગમતું, નથી ખાવું ગમતું કે ભૂખ્યું રહેવું ગમતું, નથી અસંગ ગમતો કે નથી સંગ ગમતો, નથી લક્ષ્મી ગમતી કે નથી અલક્ષ્મી ગમતી એમ છે; તથાપિ તે પ્રત્યે આશા નિરાશા કંઇ જ ઊગતું જણાતું નથી. તે હો તો પણ ભલે અને ન હો તો પણ ભલે, એ કંઈ દુઃખનાં કારણ નથી. દુઃખનું કારણ માત્ર વિષમ આત્મા છે અને તે જો સમ છે તો સર્વ સુખ જ છે. એ વૃત્તિને લીધે સમાધિ રહે છે. તથાપિ બહારથી ગૃહસ્થ-પણાની પ્રવૃત્તિ નથી થઈ શકતી, દેહભાવ દેખાડવો પાલવતો નથી, આત્મભાવથી પ્રવૃત્તિ બાહ્યથી કરવાને કેટલોક અંતરાય છે. ત્યારે હવે કેમ કરવું? કયા પર્વતની ગુફામાં જવું અને અલોપ થઈ જવું, એ જ રટાય છે. તથાપિ બહારથી અમુક સંસારી પ્રવૃત્તિ કરવી પડે છે. તે માટે શોક તો નથી, તથાપિ સહન કરવા જીવ ઇચ્છતો નથી! પરમાનંદ ત્યાગી એને ઇચ્છે પણ કેમ? અને એ જ કારણથી જ્યોતિષાદિક તરફ હાલ ચિત્ત નથી. ગમે તેવાં ભવિષ્યજ્ઞાન અથવા સિદ્ધિઓની ઇચ્છા નથી. તેમ તેઓનો ઉપયોગ કરવામાં ઉદાસીનતા રહે છે. તેમાં પણ હાલ તો અધિક જ રહે છે.

(૧૩૪) વવાણિયા દ્વિ. ભાદ્ર. સુદ ૮, ૧૯૪૬

દેહધારીને વિટંબના તો એક ધર્મ છે. ત્યાં ખેદ કરીને આત્મવિસ્મરણ શું કરવું ?

આ ક્ષેત્રમાં આ કાળે આ દેહધારીનો જન્મ થવો યોગ્ય નહોતો. જો કે સર્વ ક્ષેત્રે જન્મવાની તેણે ઈચ્છા રૂંધી જ છે. તથાપી થયેલા જન્મ માટે શોક દર્શાવવા આમ રૂદનવાક્ય લખ્યું છે, કોઇ પણ પ્રકારે વિદેહી દશા વગરનું, યથાયોગ્ય જીવનમુક્ત દશા વગરનું, યથાયોગ્ય નિર્ગ્રંથ દશા વગરનું ક્ષણ એકનું જીવન પણ ભાળવું જીવને સુલભ લાગતું નથી, તો પછી બાકી રહેલું અધિક આયુષ્ય કેમ જશે, એ વિટંબના આત્મેચ્છાની છે.

યથાયોગ્ય દશાનો હજુ મુમુક્ષુ છું, કેટલીક પ્રાપ્તિ છે. તથાપિ સર્વ પૂર્ણતા પ્રાપ્ત થયા વિના આ જીવ શાંતિને પામે એવી દશા જણાતી નથી. એક પર રાગ અને એક પર દ્વેષ એવી સ્થિતિ એક રોમમાં પણ તેને પ્રિય નથી. અધિક શું કહેવું ? પરના પરમાર્થ સિવાયનો દેહ જ ગમતો નથી તો ?

(૧૩૯) મોરબી, દ્વિ. ભાદ્ર વદ ૭, ૧૯૪૬

અહો ! અનંત ભવના પર્યટનમાં કોઈ સત્પુરૂષના પ્રતાપે આ દશા પામેલા એવા આ દેહધારીને તમે ઇચ્છો છો, તેની પાસેથી ધર્મ ઇચ્છો છો, અને તે તો હજુ કોઈ આશ્ચર્યકારક

ઉપાધિમાં પડ્યો છે! નિવૃત્ત હોત તો બહુ ઉપયોગી થઈ પડત. વારુ! તમને તેને માટે આટલી બધી શ્રદ્ધા રહે છે તેનું કંઈ મૂળ કારણ હસ્તગત થયું છે? એના પર રાખેલ શ્રદ્ધા, એનો કહેલો ધર્મ અનુભવ્યે અનર્થકારક તો નહીં લાગે? અર્થાત્ હજુ તેની પૂર્ણ કસોટી કરજો; અને એમ કરવામાં તે રાજી છે; તેની સાથે તમને યોગ્યતાનું કારણ છે અને કદાપિ પૂર્વાપર પણ નિઃશંક શ્રદ્ધા જ રહેશે એમ હોય તો તેમ જ કરવામાં કલ્યાણ છે એમ સ્પષ્ટ કહી દેવું આજે વાજબી લાગતાં કહી દીધું છે.

(૧૪૪) વવાણિયા, દ્વિ. ભાદ્ર. વદ ૦)), ૧૯૪૬

ચૈતન્યનો નિરંતર અવિચ્છિન્ન અનુભવ પ્રિય છે, એ જ જોઇએ છે, બીજી કંઈ સ્પૃહા રહેતી નથી, રહેતી હોય તો પણ રાખવા ઇચ્છા નથી. એક 'તુંહિ તુંહિ' એ જ યથાર્થ વહેતી પ્રવહના જોઇએ છે. અધિક શું કહેવું? લખ્યું લખાય તેમ નથી; કથ્યું કથાય તેમ નથી; જ્ઞાને માત્ર ગમ્ય છે. કાં તો શ્રેણિએ શ્રેણિએ સમજાય તેવું છે, બાકી તો અવ્યક્તતા જ છે, માટે જે નિસ્પૃહદશાનું રટણ છે, તે મળ્યે, આ કલ્પિત ભૂલી ગયે છૂટકો છે.

( ૫૨) વવાણિયા, આસો સુદ ૧૧, ૧૯૪૬

સર્વાર્થસિદ્ધની જ વાત છે. જૈનમાં એમ કહે છે કે સર્વાર્થ-સિદ્ધ મહા વિમાનની ધ્વજાથી બાર જોજન દૂર મુક્તિશિલા

છે. કબીર પણ ધ્વજાથી આનંદ આનંદ પામી ગયા છે, તે પદ વાંચી પરમાનંદ થયો. પ્રભાતમાં વહેલો ઊઠ્યો ત્યારથી કોઈ અપૂર્વ આનંદ વર્ત્યા જ કરતો હતો, તેવામાં પદ મળ્યું; અને મૂળ પદનું અતિશય સ્મરણ થયું; એકતાન થઈ ગયું. એકાકારવૃત્તિનું વર્ણન શબ્દે કેમ કરી શકાય? દિવસના બાર બજ્યા સુધી રહ્યું. અપૂર્વ આનંદ તો તેવો ને તેવો જ છે, પરંતુ બીજી વાર્તા (જ્ઞાનની) કરવામાં ત્યાર પછીનો કાળક્ષેપ કર્યો.

"કેવળજ્ઞાન હવે પામશું, પામશું, પામશું, પામશું રે કે." એવું એક પદ કર્યું, હૃદય બહુ આનંદમાં છે.

(૬૧)*

હે સહજાત્મસ્વરૂપી, તમે ક્યાં ક્યાં અને કેવી કેવી રીતે મૂંઝાયા છો? તે કહો. આવી વિભ્રમ અને દિગ્મૂઢ દશા શી?

હું શું કહું? તમને શું ઉત્તર આપું? મતિ મૂંઝાઈ ગઈ છે, ગતિ ચાલતી નથી. ખેદ ખેદ અને કષ્ટ કષ્ટ આત્મામાં થઈ રહેલ છે. ક્યાંય દૃષ્ટિ ઠરતી નથી, અને નિરાધાર નિરાશ્રય થઈ ગયા છીએ. ઊંચા નીચા પરિણામ પ્રવહ્યા કરે છે.

---

*આ ૧૬૧ તથા ૧૬૩ના આંકવાળું લખાણ "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં કોઈ સાલ નહીં આપેલ હોવાથી, અનુમાન કરી સં. ૧૯૪૬ના અંતમાં આપેલ છે; તેથી અહીં પણ તે ક્રમ જાળવેલ છે, છતાં તે લખાણ એકેક વર્ષ પહેલાંનું હોવાનું સંભવિત માનીએ છીએ તથા આંક ૧૫૭અ થી ૧૬૦ સુધીનું લખાણ તો સં. ૧૯૪૦ પહેલાંનું હોવું ઘટે છે. —સંગ્રાહક

અથવા અવળા વિચાર લોકાદિ સ્વરૂપમાં આવ્યા કરે છે, કિંવા ભ્રાંતિ અને મૂઢતા રહ્યા કરે છે. કંઈ દૃષ્ટિ પહોંચતી નથી. ભ્રાંતિ પડી ગઈ છે કે હવે મારામાં કંઈ વિશેષ ગુણ દેખાતા નથી. હું હવે બીજા મુમુક્ષુઓને પણ સાચા સ્નેહે પ્રિય નથી. ખરા ભાવથી મને ઇચ્છતા નથી અથવા કંઈક ખેંચાતા ભાવથી અને મધ્યમ સ્નેહે પ્રિય ગણે છે. વધારે પરિચય ન કરવો જોઈએ તે મેં કર્યો, તેનો પણ ખેદ થાય છે.

બધાં દર્શનમાં શંકા થાય છે. આસ્થા આવતી નથી.

જો એમ છે તો પણ ચિંતા નથી. આત્માની આસ્થા છે કે તે પણ નથી?

તે આસ્થા છે. તેનું અસ્તિત્વ છે, નિત્યત્વ છે અને ચૈતન્યવંત છે. અજ્ઞાને કર્ત્તાભોક્તાપણું છે. જ્ઞાને કર્ત્તાભોક્તાપણું પરયોગનું નથી. જ્ઞાનાદિ તેનો ઉપાય છે. એટલી આસ્થા છે. પણ તે આસ્થા પર હાલ વિચાર શૂન્યતાવત્ વર્તે છે. તેનો મોટો ખેદ છે.

આ જે તમને આસ્થા છે તે જ સમ્યક્દર્શન છે. શા માટે મૂંઝાઓ છો? વિકલ્પમાં પડો છો?

તે આત્માના વ્યાપકપણા માટે, મુક્તિસ્થાન માટે, જિનકથિત કેવળજ્ઞાન તથા વેદાંતકથિત કેવળજ્ઞાન માટે, તથા શુભાશુભ ગતિ ભોગવવાનાં લોકનાં સ્થાન તથા તેવાં સ્થાનના સ્વભાવે શાશ્વત હોવાપણા માટે તથા તેના માપને માટે વારંવાર શંકા ને શંકા જ થયા કરે છે. અને તેથી આત્મા ઠરતો નથી.

જિનોક્ત તે માનો ને!

ઠામ ઠામ શંકા પડે છે. ત્રણ ગાઉના માણસ–ચક્રવર્તી આદિનાં સ્વરૂપ વગેરે ખોટાં લાગે છે. પૃથ્વી આદિનાં સ્વરૂપ અસંભવિત લાગે છે.

તેનો વિચાર છોડી દેવો.

છોડ્યો છૂટતો નથી.

શા માટે?

જો તેનું સ્વરૂપ તેના કહ્યા પ્રમાણે ન હોય તો તેમને કેવળજ્ઞાન જેવું કહ્યું છે તેવું ન હતું, એમ સિદ્ધ થાય છે. તો તેમ માનવું? તો પછી લોકનું સ્વરૂપ કોણ યથાર્થ જાણે છે એમ માનવું? કોઈ જાણતાં નથી એમ માનવું? અને એમ જાણતાં તો બધાએ અનુમાન કરીને જ કહ્યું છે એમ માનવું પડે. તો પછી બંધમોક્ષાદિ ભાવની પ્રતીતિ શી?

યોગે કરી તેવું દર્શન થતું હોય, ત્યારે શા માટે ફેર પડે?

સમાધિમાં નાની વસ્તુ મોટી દેખાય અને તેથી માપમાં વિરોધ આવે. સમાધિમાં ગમે તેમ દેખાતું હોય પણ મૂળ સ્વરૂપ આવડું છે અને સમાધિમાં આ પ્રમાણે દેખાય છે, એમ કહેવામાં હાનિ શી હતી?

તે કહેવામાં આવ્યું હોય પણ વર્તમાનશાસ્ત્રમાં તે નથી રહ્યું એમ ગણતાં હાનિ શી?

હાનિ કાંઈ નહીં. પણ એમ સ્થિરતા યથાર્થ આવતી નથી. બીજા પણ ઘણા ભાવોમાં ઠામ ઠામ વિરોધ દેખાય છે.

તમે પોતે ભૂલતા હો તો ?

તે પણ ખરૂં, પણ અમે સાચું સમજવાના કામી છીએ. કંઈ લાજશરમ, માન, પૂજાદિના કામી નથી; છતાં સાચું કેમ ન સમજાય ?

સદ્ગુરુની દૃષ્ટિએ સમજાય. પોતાથી યથાર્થ ન સમજાય.

સદ્ગુરુનો યોગ તો બાઝતો નથી અને અમને સદ્ગુરુ તરીકે ગણવાનું થાય છે, તે કેમ કરવું ? અમે જે વિષયમાં શંકામાં છીએ તે વિષયમાં બીજાને શું સમજાવવું ? કંઈ સમજાવ્યું જતું નથી અને વખત વીત્યો જાય છે. એ કારણથી તથા કંઈક વિશેષ ઉદયથી ત્યાગ પણ થતો નથી. જેથી બધી સ્થિતિ શંકારૂપ થઈ પડી છે. આ કરતાં તો અમારે ઝેર પીને મરવું તે ઉત્તમ છે, સર્વોત્તમ છે. દર્શનપરિષહ એમ જ વેદાય ?

તે યોગ્ય છે.

પણ અમને લોકોનો પરિચય "જ્ઞાની છીએ" એવી તેમની માન્યતા સાથે ન પડ્યો હોત તો ખોટું શું હતું ?

તે બનનાર.

અરે ! હે દુષ્ટાત્મા ! પૂર્વે ત્યાં બરાબર સન્મતિ ન રાખી અને કર્મબંધ કર્યાં તો હવે તું જ તેનાં ફળ ભોગવે છે. તું કાં તો ઝેર પી અને કાં તો ઉપાય તત્કાળ કર.

યોગસાધન કરૂં ? તેમાં બહુ અંતરાય જોવામાં આવે છે. વર્તમાનમાં પરિશ્રમ કરતાં પણ તે ઉદયમાં આવતું નથી.*

(૧૬૩)

હે હરિ, આ કળિકાળમાં તારે વિષે અખંડ પ્રેમની ક્ષણ પણ જવી દુર્લભ છે, એવી નિવૃત્તિ ભૂલી ગયા છે, પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થઈ નિવૃત્તિનું ભાન પણ રહ્યું નથી. નાના પ્રકારના સુખાભાસને વિષે પ્રયત્ન થઇ રહ્યો છે.... સત્સંગની પ્રાપ્તિમાં પણ જીવને તેનું ઓળખાણ થવું મહાવિકટ થઇ પડ્યું છે.... એક વખતે જે વચનોની પ્રાપ્તિ થતાં જીવ બંધનમુક્ત હોય અને તારા સ્વરૂપને પામે, તેવાં વચનો ઘણા વખત કહેવાયાનું પણ કાંઈ જ ફળ થતું નથી, એવી જીવોમાં અજોગ્યતા આવી ગઈ છે. નિષ્કપટપણું હાનિને પામ્યું છે, શાસ્ત્રને વિષે સંદેહ ઉત્પન્ન કરવો એ એક જ્ઞાન જીવે માન્યું છે. પરિગ્રહની પ્રાપ્તિ અર્થે તારા ભક્તને પણ છેતરવાનું કર્ત્તવ્ય પાપરૂપ તેને લાગતું નથી. ભેદભાવનો ત્યાગ કરવો એ મોટા પુરૂષોનું અંતરંગ જ્ઞાન આજે ક્યાંય જોવામાં આવતું નથી. અમે જે માત્ર તારૂં નિરંતર દાસત્વ જ અનન્ય પ્રેમે ઇચ્છીએ છીએ, તેને પણ તું કળિયુગનો પ્રસંગી સંગ આપ્યા કરે છે.

હવે હે હરિ, આ જોયું જતું નથી, સાંભળ્યું જતું નથી, તે ન કરાવવું યોગ્ય છે, તેમ છતાં અમારા પ્રત્યે તારી તેવી જ ઈચ્છા હોય તો પ્રેરણા કર એટલે અમે તે કેવળ સુખરૂપ જ

* સમાધાન માટે જુઓ આંક ૭૧૪

માની લઈશું. અમારા પ્રસંગમાં આવેલા જીવો કોઈ પ્રકારે દુભાય નહીં અને અમારા દ્વેષી ન હોય (અમારા કારણથી) એવો હું શરણાગત ઉપર અનુગ્રહ થવો યોગ્ય હોય તો કર. મને મોટામાં મોટું દુઃખ માત્ર એટલું જ છે કે તારાથી વિમુખ થવાય એવી વૃત્તિઓએ જીવો પ્રવર્તે છે, તેનો પ્રસંગ થવો અને વળી કોઈ કારણોને લીધે તેને તારા સન્મુખ થવાનું જણાવતાં છતાં તેનું અનંગીકારપણું થવું એ અમોને પરમ દુઃખ છે. અને જો તે યોગ્ય હશે તો તે ટાળવાને હે નાથ! તું સમર્થ છો, સમર્થ છો. મારૂં સમાધાન ફરી ફરી હે હરિ! સમાધાન કર.

## વર્ષ ૨૪ મું

(૧૬૫) મુંબઈ, કાર્તિક સુદ ૫, ૧૯૪૭

આપના પ્રતાપે અત્ર આનંદવૃત્તિ છે.

પ્રભુ પ્રતાપે ઉપાધિજન્ય વૃત્તિ છે.

ભગવાન પરિપૂર્ણ સર્વગુણસંપન્ન કહેવાય છે. તથાપિ એમાં ય અપલક્ષણ કંઇ ઓછાં નથી! વિચિત્ર કરવું એ જ એની લીલા!

સર્વ સમર્થ પુરૂષો આપને પ્રાપ્ત થયેલાં જ્ઞાનને જ ગાઈ ગયા છે. એ જ્ઞાનની દિનપ્રતિદિન આ આત્માને પણ વિશેષતા થતી જાય છે. હું ધારૂં છું કે કેવળજ્ઞાન સુધીની

મહેનત કરી અલેખે તો નહીં જાય. મોક્ષની આપણુને કંઈ જરૂર નથી. **નિ:શંકપણાની, નિર્ભયપણાની, નિર્મુઅન-પણાની અને નિ:સ્પૃહપણાની જરૂર હતી, તે ઘણે અંશે પ્રાપ્ત થઇ જણાય છે;** અને પૂર્ણ અંશે પ્રાપ્ત કરાવવાની કરુણાસાગર ગુપ્ત રહેલાની કૃપા થશે એમ આશા રહે છે. છતાં વળી એથીયે અલૌકિક દશાની ઇચ્છા રહે છે, ત્યાં વિશેષ શું કહેવું ?

અનહદ ધ્વનિમાં મણા નથી. પણ ગાડીઘોડાની ઉપાધિ શ્રવણનું સુખ થોડું આપે છે. નિવૃત્તિ વિના અહીં બીજું બધુંય લાગે છે. જગતને, જગતની લીલાને બેઠા બેઠા મફતમાં જોઇએ છીએ.

(૧૬૭) મુંબઈ, કારતક સુદ ૧૨, ૧૯૪૭

ૐ સત્ હરિઇચ્છા સુખદાયક જ છે.

નિર્વિકલ્પ જ્ઞાન થયા પછી જે પરમતત્ત્વનું દર્શન થાય છે, તે પરમતત્ત્વરૂપ સત્યનું ધ્યાન કરૂં છું.

(૧૬૮) મુંબઇ, કારતક સુદ ૧૩, ૧૯૪૭

અગિયારમેથી લથડેલો ઓછામાં ઓછા ત્રણ અને ઘણામાં ઘણા પંદર ભવ કરે, એમ અનુભવ થાય છે. અગિયારમું એવું છે કે ત્યાં પ્રકૃતિઓ ઉપશમ ભાવમાં હોવાથી મન, વચન, કાયાના યોગ પ્રબળ શુભ ભાવમાં વર્તે છે, એથી શાતાનો બંધ થાય છે, અને એ શાતા ઘણું કરીને પાંચ અનુત્તર વિમાનની જ હોય છે.

(૧૭૦) મુંબઈ, કારતક સુદ ૧૪, ૧૯૪૭

**આત્મા જ્ઞાન પામ્યો એ તો નિ:સંશય છે; ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે. સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે. હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ આપણને પામવી બાકી છે, જે સુલભ છે.** અને તે પામવાનો હેતુ પણ એ જ છે કે કોઈપણ પ્રકારે અમૃતસાગરનું અવલોકન કરતાં અલ્પ પણ માયાનું આવરણ બાધ કરે નહીં; અવલોકન સુખનું અલ્પ પણ વિસ્મરણ થાય નહીં; 'તુંહિ તુંહિ' વિના બીજી રટના રહે નહીં; માયિક એક પણ ભયનો, મોહનો, સંકલ્પનો કે વિકલ્પનો અંશ રહે નહીં. એ એક વાર જો યથાયોગ્ય આવી જાય તો પછી ગમે તેમ પ્રવર્તાય, ગમે તેમ બોલાય, ગમે તેમ આહાર વિહાર કરાય, તથાપિ તેને કોઈ પણ જાતની બાધા નથી. પરમાત્મા પણ તેને પૂછી શકનાર નથી. તેનું કરેલું સર્વ સવળું છે. આવી દશા પામવાથી પરમાર્થ માટે કરેલો પ્રયત્ન સફળ થાય છે. અને એવી દશા થયા વિના પ્રગટમાર્ગ પ્રકાશવાની પરમાત્માની આજ્ઞા નથી એમ મને લાગે છે. માટે દૃઢ નિશ્ચય કર્યો છે કે એ દશાને પામી પછી પ્રગટમાર્ગ કહેવો–પરમાર્થ પ્રકાશવો–ત્યાં સુધી નહીં. અને **એ દશાને હવે કંઇ ઝાઝો વખત પણ નથી. પંદર અંશે તો પહોંચી જવાયું છે.** નિર્વિકલ્પતા તો છે જ; પરંતુ નિવૃત્તિ નથી. નિવૃત્તિ હોય તો બીજાના પરમાર્થ માટે શું કરવું તે વિચારી શકાય. ત્યાર પછી ત્યાગ જોઇએ અને ત્યાર પછી ત્યાગ કરાવવો જોઇએ.

મહાન પુરૂષોએ કેવી દશા પામી માર્ગ પ્રકાશ્યો છે, શું શું કરીને માર્ગ પ્રકાશ્યો છે, એ વાતનું આત્માને સારી રીતે સ્મરણ રહે છે; અને એ જ પ્રગટ માર્ગ કહેવા દેવાની ઇશ્વરી ઇચ્છાનું લક્ષણ જણાય છે.

આટલા માટે હમણાં તો કેવળ ગુપ્ત થઈ જવું જ યોગ્ય છે, એક અક્ષરે એ વિષયે વાત કરવા ઇચ્છા થતી નથી. આપની ઇચ્છા જાળવવા ક્યારેક ક્યારેક પ્રવર્તન છે; અથવા ઘણા પરિચયમાં આવેલા યોગપુરૂષની ઇચ્છા માટે કંઇક અક્ષર ઉચ્ચાર અથવા લેખ કરાય છે, બાકી સર્વ પ્રકારે ગુપ્તતા કરી છે. અજ્ઞાની થઇને વાસ કરવાની ઇચ્છા બાંધી રાખી છે, તે એવી કે અપૂર્વકાળે જ્ઞાન પ્રકાશતાં બાધ ન આવે.

....સૂત્રને અડતો ય નથી, વ્યવહાર સાચવવા થોડાં એક પુસ્તકોનાં પાનાં ફેરવું છું. બાકી બધુંય પથ્થર પર પાણીના ચિત્ર જેવું કરી મૂક્યું છે, **તન્મય આત્મયોગમાં પ્રવેશ છે, ત્યાં જ ઉલ્લાસ છે, ત્યાં જ યાચના છે અને યોગ ( મન, વચન અને કાયા ) બહાર પૂર્વકર્મ ભોગવે છે.** વેદોદયનો નાશ થતાં સુધી ગૃહવાસમાં રહેવું યોગ્ય લાગે છે. પરમેશ્વર ચાહીને વેદોદય રાખે છે. કારણ પંચમકાળમાં પરમાર્થની વર્ષાઋતુ થવા દેવાની તેની થોડી જ ઇચ્છા લાગે છે.

તીર્થંકર જે સમજ્યા અને પામ્યા તે.... આ કાળમાં ન સમજી શકે અથવા ન પામી શકે તેવું કંઈ જ નથી. આ નિર્ણય ઘણા ય વખત થયાં કરી રાખ્યો છે. જો કે તીર્થંકર

**થવા ઇચ્છા નથી; પરંતુ તીર્થંકરે કર્યા પ્રમાણે કરવા ઇચ્છા છે, એટલી બધી ઉન્મત્તતા આવી ગઇ છે. તેને શમાવવાની શક્તિ પણ આવી ગઇ છે, પણ ચાહીને શમાવવાની ઇચ્છા રાખી નથી.**

ગુણઠાણાં એ સમજવા માટે કહેલાં છે. ઉપશમ અને ક્ષપક એ બે જાતની શ્રેણિ છે. ઉપશમમાં પ્રત્યક્ષ દર્શનનો સંભવ નથી; ક્ષપકમાં છે. પ્રત્યક્ષ દર્શનના સંભવને અભાવે અગિયારમેથી જીવ પાછો વળે છે. ઉપશમશ્રેણિ બે પ્રકારે છે. એક આજ્ઞારૂપઃ એક માર્ગ જાણ્યા વિના સ્વાભાવિક ઉપશમ થવારૂપ. આજ્ઞારૂપ પણ આજ્ઞા આરાધન સુધી પતિત થતો નથી. પાછળનો ઠેઠ ગયા પછી માર્ગના અજાણપણાને લીધે પડે છે. આ નજરે જોયેલી, આત્માએ અનુભવેલી વાત છે. કોઈ શાસ્ત્રમાંથી નીકળી આવશે, ન નીકળે તો કંઈ બાધ નથી. તિર્થંકરના હૃદયમાં આ વાત હતી, એમ અમે જાણ્યું છે.

દશપૂર્વધારી ઈત્યાદિકની આજ્ઞાનું આરાધન કરવાની મહાવીરદેવની શિક્ષા વિષે આપે જણાવ્યું તે ખરૂં છે. એણે તો ઘણુંય કહ્યું હતું; પણ રહ્યું છે થોડું અને પ્રકાશક પુરૂષ ગૃહસ્થાવાસમાં છે. બાકીના ગુફામાં છે. કોઈ કોઈ જાણે છે પણ તેટલું યોગબળ નથી.

કહેવાતા આધુનિક મુનિઓનો સૂત્રાર્થ શ્રવણને પણ અનુકૂળ નથી. સૂત્ર લઇ ઉપદેશ કરવાની આગળ જરૂર પડશે નહીં, સૂત્ર અને તેનાં પડખાં બધાંય જણાયાં છે.

(૧૭૩) મુંબઈ, કારતક વદ ૩, ૧૯૪૭

દૃઢ વિશ્વાસથી માનજો કે આ-ને વ્યવહારનું બંધન ઉદયકાળમાં ન હોત તો તમને અને બીજા કેટલાક મનુષ્યોને અપૂર્વ હિતનો આપનાર થાત. પ્રવૃત્તિ છે તો તેને માટે કંઈ અસમતા નથી; પરંતુ નિવૃત્તિ હોત તો બીજા આત્માઓને માર્ગ મળવાનું કારણ થાત. હજુ તેને વિલંબ હશે....

તમને બધાને ખુલ્લી કલમથી જણાવી દેવાની ઇચ્છા થતાં જણાવું છું કે હજુ સુધી મેં તમને માર્ગના મર્મનો (એક અંબાલાલ સિવાય) કોઈ અંશ જણાવ્યો નથી; અને જે માર્ગ પામ્યા વિના કોઈ રીતે જીવનો છૂટકો થવો કોઈ કાળે સંભવિત નથી, તે માર્ગ જો તમારી યોગ્યતા હશે તો આપવાની સમર્થતાવાળો પુરુષ બીજો તમારે શોધવો નહીં પડે. એમાં કોઈ રીતની પોતાની સ્તુતિ કરી નથી. આ આત્માને આવું લખવાનું યોગ્ય લાગતું નથી, છતાં લખ્યું છે.

(૧૭૬) મુંબઈ, કાર્તિક વદ ૯, ૧૯૪૭

એક બાજુથી પરમાર્થ માર્ગ ત્વરાથી પ્રકાશવા ઇચ્છા છે, અને એક બાજુથી અલખ 'લે'માં સમાઈ જવું એમ રહે છે. **અલખ 'લે'માં આત્માએ કરી સમાવેશ થયો છે, યોગે કરીને કરવો એ એક રટણ છે.**

અદ્ભુત દશા નિરંતર રહ્યા કરે છે. અબધુ થયા છીએ. અબધુ કરવા માટે ઘણા જીવો પ્રત્યે દૃષ્ટિ છે....

ઘણુંય જણાવવાની ઇચ્છા થાય છે, પણ લખવાની કે બોલવાની ઝાઝી ઇચ્છા રહી નથી, ચેષ્ટા ઉપરથી સમજાય તેવું થયા જ કરો, એ ઇચ્છના નિશ્ચળ છે.

(૧૮૦) મુંબઈ, માગસર સુદ ૪, ૧૯૪૭

રોમ રોમ ખુમારી ચઢશે, અમરવરમય જ આત્મદૃષ્ટિ થઈ જશે, એક 'તુંહિ તુંહિ' મનન કરવાનો પણ અવકાશ નહીં રહે, ત્યારે આપને અમરવરના આનંદનો અનુભવ થશે.

અત્ર એ જ દશા છે. **રામ હૃદે વસ્યા છે, અનાદિનાં ખસ્યાં છે, સુરતિ ઈત્યાદિક હસ્યાં છે.** આ પણ એક વાકયની વેઠ કરી છે. હમણાં તો ભાગી જવાની વૃત્તિ છે, આ શબ્દનો અર્થ જુદો થાય છે.

નીચે એક વાકયને સહજ સ્યાદ્વાદ કર્યું છે.... આમાં પણ ઘણા ભેદ છે.... અત્યારે એ જ....

ઉપર લખી માથાકૂટે લખવી પસંદ નથી. સાકરનું શ્રીફળ બધાએ વખાણી માગ્યું છે. પરંતુ અહીં તો અમૃતની સચોડી નાળિયેરી છે; ત્યાં આ કયાંથી પસંદ આવે? નાપસંદ પણ કરાય નહીં.

(૧૮૨) મુંબઈ, માગસર સુદ ૧૩, ૧૯૪૭

મહા અંધકારવાળા આ કાળમાં આપણો જન્મ એ કંઈક કારણયુક્ત હશે જ, એ નિઃશંક છે, પણ શું કરવું તે સંપૂર્ણ તો તે સૂઝાડે ત્યારે બને તેવું છે.

(૧૮૫) મુંબઈ, માગસર વદ ૭, ૧૯૪૭

આજે હૃદય ભરાઈ આવ્યું છે, જેથી વિશેષ ઘણું કરી આવતી કાલે લખીશ. હૃદય ભરાવાનું કારણ પણ વ્યવહારિક નથી.

(૧૮૭) મુંબઈ, માગસર વદ ૦)), ૧૯૪૭

**પ્રાપ્ત થયેલા સત્સ્વરૂપને અભેદભાવે અપૂર્વ સમાધિમાં સ્મરું છું.**

**છેવટનું સ્વરૂપ સમજાયામાં, અનુભવાયામાં અલ્પ પણ ન્યૂનતા રહી નથી. જેમ છે તેમ સર્વ પ્રકારે સમજાયું છે. સર્વ પ્રકારનો એક દેશ બાદ કરતાં બાકી સર્વ અનુભવાયું છે. એક દેશ સમજાયા વિના રહ્યો નથી; પરંતુ યોગ(મન, વચન, કાયા)થી અસંગ થવા વનવાસની આવશ્યકતા છે; અને એમ થયે એ દેશ અનુભવાશે, અર્થાત્ તેમાં જ રહેવાશે;** પરિપૂર્ણ લોકાલોકજ્ઞાન ઉત્પન્ન થશે; અને એ ઉત્પન્ન કરવાની (તેમ) આકાંક્ષા રહી નથી, છતાં કેમ ઉત્પન્ન થશે? એ વળી આશ્ચર્યકારક છે! પરિપૂર્ણ સ્વરૂપજ્ઞાન તો થયું જ છે; અને એ સમાધિમાંથી નીકળી લોકાલોકદર્શન પ્રત્યે જવું કેમ બનશે? એ પણ એક મને નહીં પણ પત્ર લખનારને વિકલ્પ થાય છે!....

ભોજો ભગત, નિરાંત કોળી ઈત્યાદિક પુરૂષો યોગી (પરમ યોગ્યતાવાળા) હતા. નિરંજનપદને બૂઝનારા નિરંજન કેવી સ્થિતિમાં રાખે છે, એ વિચારતાં અકળ ગતિ પર ગંભીર, સમાધિયુક્ત હાસ્ય આવે છે!

હવે અમે અમારી દશા કોઈપણ પ્રકારે કહી શકવાના નથી; તો લખી ક્યાંથી શકીશું ? આપનાં દર્શન થયે જે કંઈ વાણી કહી શકશે તે કહેશે, બાકી નિરુપાયતા છે. (કંઇ) **મુક્તિયે નથી જોઇતી, અને જૈનનું કેવળજ્ઞાને ય જે પુરૂષને નથી જોઈતું, તે પુરૂષને પરમેશ્વર હવે કયું પદ આપશે?** એ કંઈ આપના વિચારમાં આવે છે? આવે તો આશ્ચર્ય પામજો : નહીં તો અહીંથી તો કોઇરીતે કંઇયે બહાર કાઢી શકાય તેમ બને તેવું લાગતું નથી.

(૧૮૮) મુંબઈ, પોષ સુદ ૨, ૧૯૪૭

**કહેવારૂપ હું તેને નમસ્કાર હો.**

સર્વ પ્રકારે સમાધિ છે.

(૧૮૯) મુંબઈ, પોષ સુદ ૫, ૧૯૪૭

અલખનામ ધુનિ લગી ગગનમેં, મગન ભયા મન મેરા જી;
આસન મારી સુરત દૃઢ ધારી, દિયા અગમ ઘર ડેરા જી.
દરશ્યા અલખ દેદારા જી.

(૧૯૭) મુંબઇ, મહા સુદ ૯, ૧૯૪૭

જ્ઞાનના 'પરોક્ષ–અપરોક્ષ' વિષે પત્રથી લખી શકાય તેમ નથી; પણ **સુધાની ધારા પછીનાં કેટલાંક દર્શન થયાં છે, અને જો અસંગતાની સાથે આપનો સત્સંગ હોય તો છેવટનું પરિપૂર્ણ પ્રકાશે તેમ છે;** કારણ કે તે ઘણું કરીને સર્વ પ્રકારે જાણ્યું છે, અને તે જ વાટ તેનાં દર્શનની છે; આ

ઉપાધિયોગમાં એ દર્શન ભગવત થવા દેશે નહીં, એમ તે મને પ્રેરે છે; માટે એકાંતવાસીપણે જ્યારે થવાશે ત્યારે ચાહીને ભગવતે રાખેલો પડદો એક થોડા પ્રયત્નમાં ટળી જશે. આટલા ખુલાસા સિવાય બીજો પત્ર વાટે ન કરી શકાય.

(૨૦૧) મુંબઇ, મહા વદ ૩, ૧૯૪૭

કેવળ નિર્વિકાર છતાં પરબ્રહ્મ પ્રેમમય પરાભક્તિને વશ છે, એ હૃદયમાં જેણે અનુભવ કર્યો છે, એવા જ્ઞાનીઓની ગુપ્ત શિક્ષા છે.

અત્ર પરમાનંદ છે, અસંગવૃત્તિ હોવાથી સમુદાયમાં રહેવું બહુ વિકટ છે....

**આજના પ્રભાતથી નિરંજનદેવની કોઈ અદ્ભુત અનુગ્રહતા પ્રકાશી છે; આજે ઘણા દિવસ થયાં ઇચ્છેલી પરાભક્તિ કોઈ અનુપમરૂપમાં ઉદય પામી છે.** ગોપીઓ ભગવાન વાસુદેવ (કૃષ્ણચંદ્ર)ને મહીની મટુકીમાં નાંખી વેચવા નીકળી હતી, એવી એક શ્રીમદ્ ભાગવતમાં કથા છે; તે પ્રસંગ આજે બહુ સ્મરણમાં રહ્યો છે. **અમૃત પ્રવહે છે ત્યાં સહસ્રદળ કમળ છે, એ મહીની મટુકી છે;** અને આદિપુરૂષ તેમાં બિરાજમાન છે, તે ભગવંત વાસુદેવ છે; તેની પ્રાપ્તિ સત્પુરૂષની ચિત્તવૃત્તિરૂપ ગોપીને થતાં તે ઉલ્લાસમાં આવી જઇ બીજા મુમુક્ષુ આત્મા પ્રત્યે " કોઈ માધવ લ્યો, હાંરે કોઇ માધવ લ્યો " એમ કહે છે, અર્થાત્ તે વૃત્તિ કહે છે કે આદિ પુરૂષની અમને પ્રાપ્તિ થઈ,.... માટે તમે પ્રાપ્ત કરો....

આખી સૃષ્ટિને મથીને જો મહી કાઢીએ તો માત્ર એક અમૃતરૂપ વાસુદેવ ભગવાન જ મહી નીકળે છે....આ વાત અને આખું ભાગવત એ એકજને પ્રાપ્ત કરાવવા માટે અક્ષરે અક્ષરે ભરપૂર છે; અને તે (અ)મને ઘણા કાળ થયા પહેલાં સમજાયું છે; **આજે અતિ અતિ સ્મરણમાં છે; કારણ કે સાક્ષાત્ અનુભવપ્રાપ્તિ છે; અને એને લીધે આજની પરમ અદ્ભુત દશા છે. એવી દશાથી જીવ ઉન્મત્ત પણ થઇ ગયા વિના રહેશે નહીં અને વાસુદેવ હરિ ચાહીને કેટલોક વખત વળી અંતર્ધાન પણ થઇ જાય એવા લક્ષણના ધારક છે;** માટે અમે અસંગતાને ઇચ્છીએ છીએ; અને તમારો સહ-વાસ તે પણ અસંગતા જ છે, એથી પણ વિશેષ અમને પ્રિય છે.

સત્સંગની અત્ર ખામી છે: અને વિકટ વાસમાં નિવાસ છે. હરિઇચ્છાએ હર્યાફર્યાની વૃત્તિ છે એટલે કંઈ ખેદ તો નથી; પણ ભેદનો પ્રકાશ કરી શકાતો નથી, એ ચિંતન નિરંતર રહ્યા કરે છે.

(૨૦૪) મુંબઈ, મહા વદ ૭, ૧૯૪૭

આપને મારા પ્રત્યે પરમોલ્લાસ આવે છે અને વારંવાર તે વિષે આપ પ્રસન્નતા પ્રગટ કરો છો; પણ **હજી અમારી પ્રસન્નતા મારા ઉપર થતી નથી;** કારણ કે **જેવી જોઇએ તેવી અસંગદશાથી વર્તાતું નથી** અને મિથ્યા પ્રતિબંધમાં વાસ છે. પરમાર્થ માટે પરિપૂર્ણ ઇચ્છા છે; પણ ઈશ્વરેચ્છાની હજુ તેમાં સંમતિ થઈ નથી, ત્યાં સુધી મારા વિષે અંતરમાં

સમજી રાખજો અને ગમે તેવા મુમુક્ષુઓને પણ કંઈ નામપૂર્વક જણાવશો નહીં. હાલ એવી દશાએ રહેવું અમને વહાલું છે.

(૨૦૬) મુંબઈ, મહા વદ ૧૩, ૧૯૪૭

ભાગવતવાળી વાત આત્મજ્ઞાનથી જાણેલી છે.

(૨૧૨) મુંબઈ, મહા વદ, ૧૯૪૭

તમે બધાએ હાલ તો એક પ્રકારનું અમને બંધન કરવા માંડ્યું છે, તે માટે અમારે શું કરવું તે કાંઇ સૂઝતું નથી. 'સજીવન મૂર્તિ'થી માર્ગ મળે એવો ઉપદેશ કરતાં પોતે પોતાને બંધન કર્યું છે; કે જે ઉપદેશનો લક્ષ તમે અમારા ઉપર જ માંડ્યો. અમે તો સજીવન મૂર્તિના દાસ છીએ, ચરણ-રજ છીએ. અમારી એવી અલૌકિક દશા પણ ક્યાં છે? કે જે દશામાં કેવળ અસંગતા જ વર્તે છે. અમારો ઉપાધિયોગ તો તમે પ્રત્યક્ષ દેખો તેવો છે.

(૨૧૪) મુંબઈ, ફાગણ સુદ ૪, ૧૯૪૭

અમે એમ જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણ કામતા સુધીની સર્વ સમાધિ તેનું સત્પુરૂષ જ કારણ છે; આટલી બધી સમર્થતા છતાં જેને કંઈપણ સ્પૃહા નથી, ઉન્મત્તતા નથી, પોતાપણું નથી, ગર્વ નથી, ગારવ નથી, એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરૂષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ.

ત્રિલોકના નાથ વશ થયા છે જેને એવા છતાં પણ એવી કોઇ અટપટી દશાથી વર્તે છે કે જેનું સામાન્ય મનુષ્યને ઓળખાણ થવું દુર્લભ છે; એવા સત્પુરૂષને અમે ફરી ફરી સ્તવીએ છીએ...

હે પરમાત્મા! અમે તો એમ જ માનીએ છીએ કે આ કાળમાં પણ જીવનો મોક્ષ હોય. તેમ છતાં જૈન ગ્રંથોમાં ક્વચિત્ પ્રતિપાદન થયું છે તે પ્રમાણે આ કાળે મોક્ષ ન હોય, તો આ ક્ષેત્રે એ પ્રતિપાદન તું રાખ, અને અમને મોક્ષ આપવા કરતાં સત્પુરૂષના જ ચરણનું ધ્યાન કરીએ અને તેની સમીપ જ રહીએ એવો યોગ આપ....

જ્ઞાની પુરૂષો ત્રિકાળની વાત જાણતાં છતાં પ્રગટ કરતા નથી, એમ આપે પૂછ્યું, તે સંબંધમાં એમ જણાય છે કે ઇશ્વરી ઇચ્છા જ એવી છે. અમુક પારમાર્થિક વાત સિવાય જ્ઞાની બીજી ત્રિકાળિક વાત પ્રસિદ્ધ ન કરે; અને જ્ઞાનીની પણ અંતર-ઇચ્છા તેવી જ જણાય છે. જેની કોઈપણ પ્રકારની આકાંક્ષા નથી, એવા જ્ઞાની પુરૂષને કંઈ કર્ત્તવ્યરૂપ નહીં હોવાથી જે કંઈ ઉદયમાં આવે તેટલું જ કરે છે.

અમે તો કંઈ તેવું જ્ઞાન ધરાવતા નથી કે જેથી ત્રણે કાળ સર્વ પ્રકારે જણાય અને અમને તેવા જ્ઞાનનો કંઈ વિશેષ લક્ષ નથી, અમને તો વાસ્તવિક એવું જે સ્વરૂપ તેની ભક્તિ અસંગતા, એ પ્રિય છે.

(૨૧૪) મુંબઈ, ફાગણ સુદ ૫, ૧૯૪૭

**ઉદયકાળ પ્રમાણે વર્તીએ છીએ. કવચિત્ મનોયોગને લીધે ઇચ્છા ઉત્પન્ન હો તો ભિન્ન વાત. પણ અમને તો એમ લાગે છે કે આ જગત પ્રત્યે અમારો પરમ ઉદાસીન ભાવ વર્તે છે; તે સાવ સોનાનું થાય તો પણ અમને તૃણવત્ છે; અને પરમાત્માની વિભૂતિરૂપે અમારું ભક્તિ-ધામ છે.**

(૨૧૭) મુંબઈ, મહા સુદ, ૧૯૪૭*

પરમાત્મામાં પરમ સ્નેહ ગમે તેવી વિકટ વાટેથી થતો હોય તો પણ કરવો યોગ્ય જ છે. **સરળ વાટ મળ્યા છતાં ઉપાધિના કારણથી તન્મય ભક્તિ રહેતી નથી અને એકતાર સ્નેહ ઉભરાતો નથી, આથી ખેદ રહ્યા કરે છે. જો કે વૈરાગ્ય તો એવો રહે છે કે ઘર અને વનમાં ઘણું કરીને આત્માને ભેદ રહ્યો નથી,** પરંતુ ઉપાધિના પ્રસંગને લીધે તેમાં ઉપયોગ રાખવાની વારંવાર જરૂર રહ્યા કરે છે, કે જેથી પરમ સ્નેહ પર તે વેળા આવરણ આણવું પડે; અને એવી પરમ સ્નેહતા અને અનન્ય પ્રેમભક્તિ આવ્યા વિના દેહત્યાગ કરવાની ઇચ્છા થતી નથી. કદાપિ પરમાત્માની એવી જ ઇચ્છા હશે તો ગમે તેવી દીનતાથી પણ તે ઇચ્છા ફેરવશું, પણ **પ્રેમભક્તિની પૂર્ણ લય આવ્યા વિના દેહત્યાગ નહીં કરી શકાય એમ રહે છે; અને વારંવાર એ જ રટના રહેવાથી 'વનમાં જઇએ'**

---

*આ પત્ર મહા માસનો હોઈ આંક ૨૦૧ પહેલા મૂકવો જોઈએ.

**'વનમાં જઇએ' એમ થઈ આવે છે. આપનો નિરંતર સત્સંગ હોય તો અમને ઘર પણ વનવાસ જ છે.**

જડભરતજીની શ્રીમદ્ ભાગવતમાં સુંદર આખ્યાયિકા આપી છે; એ દશા વારંવાર સાંભરી આવે છે અને એવું ઉન્મત્તપણું પરમાત્માને પામવાનું પરમ દ્વાર છે. એ દશા વિદેહી હતી. ભરતજીને હરણના સંગથી જન્મની વૃદ્ધિ થઈ હતી અને તેથી જડભરતના ભવમાં અસંગ રહ્યા હતા. એવાં કારણથી મને પણ અસંગતા બહુ જ સાંભરી આવે છે અને કેટલીક વખત તો એવું થઈ જાય છે કે તે અસંગતા વિના પરમ દુઃખ થાય છે. યમ અંતકાળે પ્રાણીને દુઃખદાયક નહીં લાગતો હોય, પણ અમને સંગ દુઃખદાયક લાગે છે.

(૨૨૨) મુંબઈ, ફાગણ વદ ૧૧, ૧૯૪૭

અમારૂં ચિત્ત નિઃસ્પૃહ અતિશય છે; અને જગતમાં સસ્પૃહ તરીકે વર્તીએ છીએ, એ કળિયુગની કૃપા છે.

(૨૨૩) મુંબઈ, ફાગણ વદ ૧૪, ૧૯૪૭

આપના પત્ર ઘણીવાર વિગતથી મળે છે, અને તે પત્રો વાંચીને પ્રથમ તો સમાગમમાં જ રહેવાની ઇચ્છા થાય છે, તથાપિ.... કારણથી તે ઇચ્છાનું ગમે તે પ્રકારે વિસ્મરણ કરવું પડે છે; અને પત્રનો સવિગત ઉત્તર લખવા ઇચ્છા થાય છે, તો તે ઇચ્છા પણ ઘણું કરીને કવચિત જ પાર પડે છે. એનાં બે કારણ છેઃ એક તો એ વિષયમાં અધિક લખવા જેવી દશા

રહી નથી અને બીજું કારણ ઉપાધિયોગ. ઉપાધિયોગ કરતાં વર્તતી દશાવાળું કારણ અધિક બળવાન છે; જે દશા બહુ નિઃસ્પૃહ છે; અને તેને લીધે મન અન્ય વિષયમાં પ્રવેશ કરતું નથી; અને તેમાં પણ પરમાર્થ વિષે લખતાં કેવળ શૂન્યતા જેવું થયા કરે છે; એ વિષયમાં લેખનશક્તિ તો એટલી બધી શૂન્યતા પામી છે; વાણી પ્રસંગોપાત હજુ એ વિષયમાં કેટલુંક કાર્ય કરી શકે છે. ....વાણી પણ જેવી આગળ ક્રમપૂર્વક વાત કરી શકતી, તેવી હવે લાગતી નથી. **લેખનશકિત શૂન્યતા પામ્યા જેવી થવાનું કારણ એક એવું પણ છે કે ચિત્તમાં ઊગેલી વાત ઘણા નયયુક્ત હોય છે અને તે લેખમાં આવી શકતી નથી; જેથી ચિત્ત વૈરાગ્ય પામી જાય છે.**

(૨૩૪) મુંબઇ, ચૈત્ર સુદ ૧૦, ૧૯૪૭

**પોતાનું અથવા પારકું જેને કંઈ રહ્યું નથી એવી કોઇ દશા તેની પ્રાપ્તિ હવે સમીપ જ છે, (આ દેહે છે); અને તેને લીધે પરેચ્છાથી વર્તીએ છીએ.** પૂર્વે જે જે વિદ્યા, બોધ, જ્ઞાન, ક્રિયાની પ્રાપ્તિ થઈ ગઈ છે, તે તે સઘળાં આ દેહે જ વિસ્મરણ કરી નિર્વિકલ્પ થયા વિના છૂટકો નથી; અને તેને લીધે જ આમ વર્તીએ છીએ. તથાપિ આપની અધિક આકુળતા જોઈ કંઈ કંઈ આપને ઉત્તર આપવો પડ્યો છે તે પણ સ્વેચ્છાથી નથી.

(૨૪૪) મુંબઈ, વૈશાખ સુદ ૭, ૧૯૪૭

પરબ્રહ્મ આનંદમૂર્તિ છે; તેનો ત્રણે કાળને વિષે અનુગ્રહ ઇચ્છીએ છીએ.

કેટલોક નિવૃત્તિનો વખત મળ્યા કરે છે. **પરબ્રહ્મવિચાર તો એમ ને એમ જ રહ્યા કરે છે; કયારેક તો તે માટે આનંદ કિરણ બહુ સ્ફુરી નીકળે છે અને કંઇની કંઇ (અભેદ) વાત સમજાય છે, પણ કોઇને કહી શકાતી નથી; અમારી એ વેદના અથાગ છે.** વેદનાને વખતે શાતા પૂછનાર જોઇએ એવો વ્યવહારમાર્ગ છે; પણ અમને આ પરમાર્થ-માર્ગમાં શાતા પૂછનાર મળતો નથી; અને જે છે તેનાથી વિયોગ રહે છે. ત્યારે હવે જેનો વિયોગ છે એવા જે તમે તે અમને કોઈપણ પ્રકારે શાતા પૂછો એમ માગીએ છીએ.

(૨૪૭) મુંબઇ, વૈશાખ વદિ ૮, ૧૯૪૭

**ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે; જેથી વ્યવહારનાં બધાં કાર્ય ઘણું કરીને અવ્યવસ્થાથી કરીએ છીએ.** હરિઈચ્છા સુખદાયક માનીએ છીએ, એટલે જે ઉપાધિ-જોગ વર્તે છે, તેને પણ સમાધિજોગ માનીએ છીએ. ચિત્તની અવ્યવસ્થાને લીધે મુહૂર્તમાત્રમાં કરી શકાય એવું કાર્ય વિચારતાં પણ પખવાડિયું વ્યતીત કરી નખાય છે અને વખતે તે કર્યા વિના જ જવા દેવાનું થાય છે. બધા પ્રસંગોમાં તેમ થાય તો પણ હાનિ માની નથી, તથાપિ આપને કંઈ કંઈ જ્ઞાનવાર્તા દર્શાવાય તો વિશેષ આનંદ રહે છે; અને તે પ્રસંગમાં ચિત્તને કંઈક વ્યવસ્થિત કરવાની ઈચ્છા રાખ્યા કરાય છે, છતાં તે સ્થિતિમાં પણ હમણાં પ્રવેશ નથી કરી શકાતો. **એવી ચિત્તની દશા નિરંકુશ થઇ રહી છે; અને તે નિરંકુશતા**

પ્રાપ્ત થવામાં હરિનો પરમ અનુગ્રહ કારણ છે એમ માનીએ છીએ. એ જ નિરંકુશતાને પૂર્ણતા આપ્યા સિવાય ચિત્ત યથોચિત સમાધિયુક્ત નહીં થાય એમ લાગે છે, અત્યારે તો બધુંય ગમે છે અને બધુંય ગમતું નથી, એવી સ્થિતિ છે. જ્યારે બધુંય ગમશે ત્યારે નિરંકુશતાની પૂર્ણતા થશે. એ પૂર્ણકામતા પણ કહેવાય છે, જ્યાં હરિ જ સર્વત્ર સ્પષ્ટ ભાસે છે, અત્યારે કંઈક અસ્પષ્ટ ભાસે છે પણ સ્પષ્ટ છે એવો અનુભવ છે.

જે રસ જગતનું જીવન છે, તે રસનો અનુભવ થયા પછી હરિ પ્રત્યે અતિશય લય થઈ છે, અને તેનું પરિણામ એમ આવશે કે જ્યાં જેવે રૂપે ઇચ્છીએ તેવે રૂપે હરિ... આવશે, એવો ભવિષ્યકાળ ઇશ્વરેચ્છાને લીધે લખ્યો છે.

અમારી ચિત્તની અવ્યવસ્થા એવી થઈ જવાને લીધે કોઈ કામમાં જેવો જોઇએ તેવો ઉપયોગ રહેતો નથી, સ્મૃતિ રહેતી નથી, અથવા ખબર પણ રહેતી નથી, તે માટે શું કરવું ? શું કરવું એટલે કે વ્યવહારમાં બેઠાં છતાં એવી સર્વોત્તમ દશા બીજા કોઇને દુઃખરૂપ ન થવી જોઇએ, અને અમારા આચાર એવા છે કે વખતે તેમ થઈ જાય. બીજા કોઇને પણ આનંદ-રૂપ લાગવા વિષે હરિને ચિંતા રહે છે, માટે તે રાખશે. અમારૂં કામ તો દશાની પૂર્ણતા કરવાનું છે, એમ માનીએ છીએ. તેમ બીજા કોઇને સંતાપરૂપ થવાનો તો સ્વપ્ને પણ વિચાર નથી. બધાના દાસ છીએ, ત્યાં પછી દુઃખરૂપ કોણ

માનશે ? તથાપિ વ્યવહાર-પ્રસંગમાં હરિની માયા અમને નહીં તો સામાને પણ એકને બદલે બીજું આરોપાવી દે તો નિરુપાયતા છે અને એટલો પણ શોક રહેશે.

**અમે સર્વ સત્તા હરિને અર્પણ કરીએ છીએ, કરી છે.** વધારે શું લખવું ? પરમાનંદરૂપ હરિને ક્ષણ પણ ન વીસરવા એ અમારી સર્વ કૃતિ, વૃત્તિ અને લેખનો હેતુ છે.

(૨૫૫) મુંબઈ, અશાડ સુદ ૧૩, ૧૯૪૭

**એક પુરાણપુરૂષ અને પુરાણપુરૂષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતુ નથી; અમને કોઈ પદાર્થમાં રૂચિ માત્ર રહી નથી. કંઈ પ્રાપ્ત કરવાની ઈચ્છા થતી નથી.** વ્યવહાર **કેમ ચાલે છે એનુ ભાન નથી.** જગત શું સ્થિતિમાં છે **તેની સ્મૃતિ રહેતી નથી;** કોઈ શત્રુ-મિત્રમાં ભેદભાવ **રહ્યો નથી.** કોણ શત્રુ છે ને કોણ મિત્ર છે, **એની ખબર રખાતી નથી; અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ** ત્યારે માંડ **જાણીએ છીએ.** અમારે શું કરવાનું છે તે કોઇથી કળાય તેવું નથી; અમે બધાય પદાર્થથી ઉદાસ થઈ જવાથી ગમે તેમ વર્તીએ છીએ; વ્રત નિયમનો કંઈ નિયમ રાખ્યો નથી; જાતભાતનો કંઇ પ્રસંગ નથી; અમારાથી વિમુખ જગતમાં કોઈ માન્યું નથી; અમારાથી સન્મુખ એવા સત્સંગી નહીં મળતાં ખેદ રહે છે; સંપત્તિ પૂર્ણ છે એટલે સંપત્તિની ઇચ્છા નથી; શબ્દાદિક વિષયો અનુભવ્યા સ્મૃતિમાં આવવાથી-અથવા ઇશ્વરેચ્છાથી તેની ઇચ્છા રહી નથી; પોતાની ઇચ્છાએ થોડી જ

પ્રવૃત્તિ કરવામાં આવે છે; જેમ હરિએ ઇચ્છેલો ક્રમ દોરે તેમ દોરાઇએ છીએ; **હૃદય પ્રાયે શૂન્ય જેવું થઈ ગયું છે; પાંચે ઇન્દ્રિયો શૂન્યપણે પ્રવર્તવારૂપ રહે છે;** નય, પ્રમાણ વગેરે શાસ્ત્રભેદ સાંભરતાં નથી; કંઈ વાંચતાં ચિત્ત સ્થિર રહેતું નથી; ખાવાની, પીવાની, બેસવાની, સૂવાની, ચાલવાની અને બોલવાની વૃત્તિઓ પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે છે; મન પોતાને સ્વાધીન છે કે કેમ એનું યથાયોગ્ય ભાન રહ્યું નથી. **આમ સર્વ પ્રકારે વિચિત્ર એવી ઉદાસીનતા આવવાથી ગમે તેમ વર્તાય છે.** એક પ્રકારે પૂર્ણ ઘેલછા છે; એક પ્રકારે તે ઘેલછા કંઈક છૂપી રાખીએ છીએ અને જેટલી છૂપી રખાય છે તેટલી હાનિ છે. યોગ્ય વર્તીએ છીએ કે અયોગ્ય એનો કંઈ હિસાબ રાખ્યો નથી. આદિપુરૂષને વિષે અખંડ પ્રેમ સિવાય બીજા મોક્ષાદિક પદાર્થોમાંની આકાંક્ષાનો ભંગ થઈ ગયો છે.

**આટલું બધું છતાં મનમાનતી ઉદાસીનતા નથી, એમ માનીએ છીએ. અખંડ પ્રેમખુમારી જેવી પ્રવહવી જોઇએ તેવી પ્રવહતી નથી,** એમ જાણીએ છીએ; આમ કરવાથી તે અખંડ ખુમારી પ્રવહે એમ નિશ્ચળપણે જાણીએ છીએ; પણ તે કરવામાં કાળ કારણભૂત થઇ પડ્યો છે; અને એ સર્વનો દોષ અમને છે કે હરિને છે, એવો ચોક્કસ નિશ્ચય કરી શકાતો નથી. **એટલી બધી ઉદાસીનતા છતાં વેપાર કરીએ છીએ, લઇએ છીએ, દઇએ છીએ, લખીએ છીએ, વાંચીએ છીએ, જાળવીએ છીએ અને ખેદ પામીએ છીએ. વળી હસીએ છીએ. જેનું ઠેકાણું નથી એવી અમારી**

**દશા છે અને તેનું કારણ માત્ર હરિએ સુખદ ઇચ્છા જ્યાં સુધી માની નથી ત્યાં સુધી ખેદ મટવો નથી.**

(अ) સમજાય છે, સમજીએ છીએ, સમજશું; પણ હરિ જ સર્વત્ર કારણરૂપ છે.

**પ્રભુની પરમ કૃપા છે અમને કોઇથી ભિન્નભાવ રહ્યો નથી; કોઇ વિષે દોષબુદ્ધિ આવતી નથી...અમારો દેશ હરિ છે, જાત હરિ છે, કાળ હરિ છે, દેહ હરિ છે, રૂપ હરિ છે, નામ હરિ છે, દિશા હરિ છે, સર્વ હરિ છે, અને તેમ છતાં આમ વહીવટમાં છીએ એ એની ઇચ્છાનું કારણ છે.**

(૨૫૯) મુંબઈ, શ્રાવણ સુદ ૧, ૧૯૪૭

"જ્ઞાનધારા" સંબંધી મૂળમાર્ગ અમે તમને આ વખતના સમાગમમાં થોડો પણ કહીશું; અને તે માર્ગ પૂરી રીતે આ જ જન્મમાં તમને કહીશું એમ અમને હરિની પ્રેરણા હોય તેવું લાગે છે.

તમે અમારે માટે જન્મ ધર્યો હશે એમ લાગે છે. તમે અમારા અથાગ ઉપકારી છો. તમે અમને અમારી ઇચ્છાનું સુખ આપ્યું છે, તે માટે નમસ્કાર સિવાય શું બદલો વાળીએ? પણ અમને લાગે છે કે અમારે હાથે હરિ તમને પરાભક્તિ અપાવશે, હરિના સ્વરૂપનું જ્ઞાન કરાવશે અને એ જ અમે મોટો ભાગ્યોદય માનીશું.

અમારૂં ચિત્ત તો બહુ હરિમય રહે છે, પણ સંગ બધા કળિયુગના રહ્યા છે. માયાના પ્રસંગમાં રાતદિવસ રહેવું રહે છે, એટલે પૂર્ણ હરિમય ચિત્ત રહી શકવું દુર્લભ હોય છે; અને ત્યાં સુધી અમારા ચિત્તને ઉદ્વેગ મટશે નહીં.

(૨૮૦) વવાણિયા, ભાદ્રપદ વદ ૧૨, ૧૯૪૭

**જણાવ્યા જેવું તો મન છે, કે જે સત્સ્વરૂપ ભણી અખંડ સ્થિર થયું છે** (નાગ જેમ મોરલી ઉપર); તથાપિ તે દશા વર્ણવવાની સત્તા સર્વાધાર હરિએ વાણીમાં પૂર્ણ મૂકી નથી; અને લેખમાં તો તે વાણીનો અનંતમો ભાગ માંડ આવી શકે.

(૨૮૨) વવાણિયા, ભાદ્રપદ વદ ૧૪, ૧૯૪૭

મહાત્મા વ્યાસજીને જેમ થયું હતું, તેમ અમને હમણાં વર્તે છે. આત્મદર્શન પામ્યા છતાં વ્યાસજી આનંદસંપન્ન થયા નહોતા; કારણ કે હરિરસ અખંડપણે ગાયો નહોતો. અમને પણ એમ જ છે. અખંડ એવો હરિરસ પરમ પ્રેમે અખંડપણે અનુભવતાં હજુ ક્યાંથી આવડે? અને જ્યાં સુધી તેમ નહીં થાય ત્યાં સુધી અમને જગતમાંની વસ્તુનું એક અણુ પણ ગમવું નથી. ....

ઘણીવાર થોડે થોડે કહેવાઈ ગયું છે તથાપિ ચોકૂખા શબ્દોમાં કહેવાયાથી સ્મૃતિમાં વધારે રહે એટલા માટે કહીએ છીએ કે કોઇથી અર્થસંબંધ અને કામસંબંધ તો ઘણા કાળ થયા ગમતાં જ નથી. હમણાં ધર્મસંબંધ અને મોક્ષસંબંધ

પણ ગમતો નથી. ધર્મસંબંધ અને મોક્ષસંબંધ તો ઘણું કરીને યોગીઓને પણ ગમે છે; અને અમે તો તેથી પણ વિરક્ત રહેવા માગીએ છીએ. હાલ તો અમને કંઈ ગમતું નથી અને જે કંઈ ગમે છે, તેનો અતિશય વિયોગ છે. વધારે શું લખવું? સહન જ કરવું એ સુગમ છે.

(૨૮૮) વવાણિયા, આસો વદ ૫, ૧૯૪૭

**આદિપુરૂષ રમત માંડીને બેઠો છે.**

નવા જૂનું તો એક આત્મવૃત્તિ સિવાય અમારે ક્યાં છે? અને તે લખવા જેટલો અવકાશ પણ ક્યાં છે? નહીં તો બધુંય નવું છે અને બધુંય જીર્ણ છે.

(૨૯૧) વવાણિયા, આસો વદ ૧૨, ૧૯૪૭

**આત્મા બ્રહ્મ સમાધિમાં છે, મન વનમાં છે. એક બીજાના આભાસે અનુક્રમે દેહ કંઇ ક્રિયા કરે છે.**

(૨૯૩) વવાણિયા, આસો વદ ૧૩, ૧૯૪૭

વિરહની વેદના અમને વધારે રહે છે, કારણકે વીતરાગતા વિશેષ છે; અન્ય સંગમાં બહુ ઉદાસીનતા છે. પણ હરિઇચ્છાને અનુસરી પ્રસંગોપાત્ત વિરહમાં રહેવું પડે છે; જે ઇચ્છા સુખદાયક માનીએ છીએ, એમ નથી. ભક્તિ અને સત્સંગમાં વિરહ રાખવાની ઇચ્છા સુખદાયક માનવામાં અમારો વિચાર નથી રહેતો. શ્રી હરિ કરતાં એ બાબતમાં અમે વધારે સ્વતંત્ર છીએ.

## વર્ષ ૨૫ મું

(૩૦૪) વવાણિયા, કારતક સુદ, ૧૯૪૮

હાલ મારી દશા કંઈપણ લોકોત્તર વાત કરતાં અટકે છે, અર્થાત્ મન મળતું નથી.

'પરમાર્થ મૌન' એ નામનું એક કર્મ હાલમાં ઉદયમાં પણ વર્તે છે, તેથી ઘણા પ્રકારની મૌનતા પણ અંગીકૃત કરી છે; અર્થાત્ પરમાર્થ સંબંધી વાતચીત કરવાનું ઘણું કરીને રાખવામાં આવતું નથી. તેવો ઉદયકાળ છે. કવચિત્ સાધારણ માર્ગ સંબંધી વાતચીત કરવામાં આવે છે; નહીં તો એ વિષયમાં વાણી વડે, તેમ જ પરિચય વડે મૌન્યતા અને શૂન્યતા ગ્રહણ કરવામાં આવી છે.

(૩૦૭) આણંદ, માગશર સુદ ૨, ૧૯૪૮

ભગવતને સર્વ સમર્પણ કર્યા સિવાય જીવનું દેહાભિમાન મટવું સંભવતું નથી. માટે અમે સનાતન ધર્મરૂપ પરમ સત્ય તેનું નિરંતર ધ્યાન કરીએ છીએ. જે સત્યનું ધ્યાન કરે છે, તે સત્ય હોય છે.

(૩૦૮) મુંબઈ, માગસર સુદ ૧૪, ૧૯૪૮

ૐ સત્ શ્રી સહજસમાધિ.

અત્ર સમાધિ છે. સ્મૃતિ રહે છે, તથાપિ નિરુપાયતા વર્તે છે. અસંગવૃત્તિ હોવાથી અણુમાત્ર ઉપાધિ સહન થઈ શકે તેવી દશા નથી, તોય સહન કરીએ છીએ.

સુધાને વિષે અમને સંદેહ નથી, તમે તેનું સ્વરૂપ સમજો, અને ત્યારે જ ફળ છે.

(૩૧૨) મુંબઈ, પોષ સુદ ૫, ૧૯૪૮

**ક્ષાયિક ચારિત્રને સંભારીએ છીએ.**

(૩૧૩) મુંબઈ, પોષ સુદ ૭, ૧૯૪૮

**જ્ઞાનીના આત્માને અવલોકીએ છીએ અને તેમ થઇએ છીએ.**

કોઈ એવા પ્રકારનો ઉદય છે કે, અપૂર્વ વીતરાગતા છતાં વેપાર સંબંધી કંઈક પ્રવર્તન કરી શકીએ છીએ, તેમ જ બીજાં પણ ખાવાપીવા વગેરેનાં પ્રવર્તન માંડ માંડ કરી શકીએ છીએ. મન ક્યાંય વિરામ પામતું નથી, ઘણું કરી અત્ર કોઇનો સમાગમ ઇચ્છતું નથી, કંઇ લખી શકાતું નથી. વધારે પરમાર્થવાક્ય વદવા ઇચ્છા થતી નથી, કોઇએ પૂછેલાં પ્રશ્નોનો ઉત્તર જાણતાં છતાં લખી શકતા નથી, ચિત્તનો પણ ઝાઝો સંગ નથી, **આત્મા આત્મભાવે વર્તે છે.**

**સમયે સમયે અનંતગુણવિશિષ્ટ આત્મભાવ વધતો હોય એવી દશા રહે છે,** જે ઘણું કરીને કળવા દેવામાં આવતી નથી, અથવા કળી શકે તેવાનો પ્રસંગ નથી.

આત્માને વિષે સહજ સ્મરણે પ્રાપ્ત થયેલું જ્ઞાન શ્રી વર્ધમાનને વિષે હતું એમ જણાય છે. પૂર્ણ વીતરાગ જેવો બોધ તે અમને સહેજે સાંભરી આવે છે.

(૩ ૫) મુંબઈ, પોષ સુદ ૧૧, ૧૯૪૮

આત્મસંયમને સંભારીએ છીએ.

યથારૂપ વીતરાગતાની પૂર્ણતા ઇચ્છીએ છીએ.

(૩૨૨) રવિવાર, ૧૯૪૮

અમને જે નિર્વિકલ્પ નામની સમાધિ છે, તે તો આત્માની સ્વરુપપરિણતિ વર્તતી હોવાને લીધે છે. આત્માના સ્વરુપ સંબંધી તો પ્રાયે નિર્વિકલ્પપણું જ રહેવાનું અમને સંભવિત છે, કારણકે અન્ય ભાવને વિષે મુખ્યપણે અમારી પ્રવૃત્તિ જ નથી....

**શ્રી તીર્થંકરદેવનો અંતર આશય તે પ્રાયે મુખ્યપણે અત્યારે કોઇને વિષે આ ક્ષેત્રે હોય તો તે અમે હોઇશું એમ અમને દૃઢ કરીને ભાસે છે. કારણકે જે અમારૂં અનુભવજ્ઞાન તેનું ફળ વીતરાગપણું છે; અને વીતરાગનું કહેલું જે શ્રુતજ્ઞાન તે પણ તે જ પરિણામનું કારણ લાગે છે; માટે અમે તેના અનુયાયી ખરેખરા છીએ, સાચા છીએ.**

વન અને ઘર એ બન્ને કોઈ પ્રકારે અમને સમાન છે. તથાપિ વનમાં પૂર્ણ વીતરાગભાવને અર્થે રહેવું વધારે રુચિકર લાગે છે; સુખની ઇચ્છા નથી પણ વીતરાગપણાની ઇચ્છા છે.

જગતના કલ્યાણના અર્થે પુરુષાર્થ કરવા વિષે લખ્યું તો તે પુરુષાર્થ કરવાની ઇચ્છા કોઈ પ્રકારે રહે પણ છે, તથાપિ ઉદયને અનુસરીને ચાલવું એ આત્માની સહજ દશા થઈ છે;

અને તેવો ઉદયકાળ હાલ સમીપમાં જણાતો નથી; તો તે ઉદેરી આણવાનું બને એવી દશા અમારી નથી.

(૩૨૩) મુંબઈ, મહા વદ ૨, ૧૯૪૮

અત્ર સમાધિ છે. પૂર્ણ જ્ઞાને કરીને યુક્ત એવી જે સમાધિ તે વારંવાર સાંભરે છે. પરમ સત્‌નું ધ્યાન કરીએ છીએ. ઉદાસપણું વર્તે છે.

(૩૨૪) મુંબઈ, મહા વદ ૪, ૧૯૪૮

**ચો તરફ ઉપાધિની જ્વાલા પ્રજ્વલતી હોય તે પ્રસંગમાં સમાધિ રહેવી એ પરમ દુષ્કર છે, અને એ વાત તો પરમ જ્ઞાની વિના થવી વિકટ છે. અમને પણ આશ્ચર્ય થઈ આવે છે, તથાપિ એમ પ્રાયે વર્ત્યા જ કરે છે, એવો અનુભવ છે. આત્મભાવ યથાર્થ જેને સમજાય છે, તેને એ સમાધિ પ્રાપ્ત હોય છે.**

સમ્યક્‌દર્શનનું મુખ્ય લક્ષણ વીતરાગતા જાણીએ છીએ; અને તેવો અનુભવ છે.

(૩૨૯) મુંબઈ, મહા વદ, ૧૯૪૮

અવિકલ્પ સમાધિનું ધ્યાન ક્ષણવાર પણ મટતું નથી. તથાપિ અનેક વર્ષો થયાં વિકલ્પરૂપ ઉપાધિને આરાધ્યા જઈએ છીએ.

જ્યાંસુધી સંસાર છે ત્યાંસુધી કોઈ જાતની ઉપાધિ હોવી

તો સંભવે છે; તથાપિ અવિકલ્પ સમાધિમાં સ્થિત એવા જ્ઞાનીને તો તે ઉપાધિ પણ અબાધ છે, અર્થાત્ સમાધિ જ છે.

આ દેહ ધારણ કરીને જો કે કોઈ મહાન શ્રીમંતપણું ભોગવ્યું નથી, શબ્દાદિ વિષયોનો વૈભવ પ્રાપ્ત થયો નથી, કોઈ વિશેષ એવા રાજ્યાધિકારે સહિત દિવસ ગાળ્યા નથી, પોતાનાં ગણાય છે એવાં કોઈ ધામ, આરામ સેવ્યા નથી અને હજુ યુવાવસ્થાનો પહેલો ભાગ વર્તે છે, તથાપિ એ કોઈની આત્મભાવે અમને કંઈ ઇચ્છા ઉત્પન્ન થતી નથી, એ એક મોહું આશ્ચર્ય જાણી વર્તીએ છીએ; અને એ પદાર્થોની પ્રાપ્તિ-અપ્રાપ્તિ બંને સમાન થયાં જાણી ઘણા પ્રકારે અવિકલ્પ સમાધિને જ અનુભવીએ છીએ. એમ છતાં વારંવાર વનવાસ સાંભરે છે, કોઈ પ્રકારનો લોકપરિચય રુચિકર થતો નથી, સત્સંગમાં સુરતી પ્રવહ્યા કરે છે અને અવ્યવસ્થિત દશાએ ઉપાધિયોગમાં રહીએ છીએ. એક અવિકલ્પ સમાધિ સિવાય બીજું ખરી રીતે સ્મરણ રહેતું નથી, ચિંતન રહેતું નથી, રુચિ રહેતી નથી અથવા કંઈ કામ કરાતું નથી.

જ્યોતિષાદિ વિદ્યા કે અણિમાદિ સિદ્ધિ એ માયિક પદાર્થો જાણી આત્માને તેનું સ્મરણ પણ ક્વચિત્ જ થાય છે. તે વાટે કોઈ પણ જાણવાનું અથવા સિદ્ધ કરવાનું ક્યારેય યોગ્ય લાગતું નથી અને એ વાતમાં કોઈ પ્રકારે હાલ તો ચિત્ત-પ્રવેશ પણ રહ્યો નથી....

સાંસારિક ઉપાધિ અમને પણ ઓછી નથી. તથાપિ તેમાં

સ્વપણું રહ્યું નહીં હોવાથી તેથી ગભરાટ ઉત્પન્ન થતો નથી. તે ઉપાધિના ઉદયકાળને લીધે હાલ તો સમાધિ ગૌણભાવે વર્તે છે અને તે માટેનો શોચ રહ્યા કરે છે.

(૩૩૪) મુંબઇ, ફાગણ સુદ ૧૦, ૧૯૪૮

ઘણા ઘણા જ્ઞાની પુરૂષો થઈ ગયા છે, તેમાં અમારી જેવો ઉપાધિ પ્રસંગ અને ચિત્તસ્થિતિ ઉદાસીન, અતિ ઉદાસીન, તેવા ઘણું કરીને પ્રમાણમાં થોડા થયા છે. ઉપાધિ પ્રસંગને લીધે આત્મા સંબંધી જે વિચાર તે અખંડપણે થઈ શકતો નથી અથવા ગૌણપણે થયા કરે છે....

દેહ છતાં મનુષ્ય પૂર્ણ વીતરાગ થઈ શકે એવો અમારો નિશ્ચલ અનુભવ છે, કારણ અમે પણ નિશ્ચય તેજ સ્થિતિ પામવાના છીએ, એમ અમારો આત્મા અખંડપણે કહે છે; અને એમ જ છે, જરૂર એમ જ છે. પૂર્ણ વીતરાગની ચરણરજ નિરંતર મસ્તકે હો, એમ રહ્યા કરે છે. અત્યંગ વિકટ એવું વીતરાગત્વ અત્યંત આશ્ચર્યકારક છે; તથાપિ તે સ્થિતિ પ્રાપ્ત થાય છે, સદેહે પ્રાપ્ત થાય છે એ નિશ્ચય છે, પ્રાપ્ત કરવાને પૂર્ણ યોગ્ય છે, એમ નિશ્ચય છે. સદેહે તેમ થયા વિના અમને ઉદાસીનતા મટે એમ જણાતું નથી અને તેમ થવું સંભવિત છે, જરૂર એમ જ છે.

ત્યાગને ઇચ્છીએ છીએ પણ થતો નથી. તે ત્યાગ કદાપિ તમારી ઈચ્છાને અનુસરતો કરીએ, તથાપિ તેટલું પણ હાલ તો બનવું સંભવિત નથી.

(૩૩૯) મુંબઈ, ફાગણ સુદ ૧૪, ૧૯૪૮

હાલ જે કંઇ વ્યવહાર કરીએ છીએ તેમાં દેહ અને મનને બાહ્ય ઉપયોગ વર્તાવવો પડે છે. આત્મા તેમાં વર્તતો નથી. ક્વચિત્ પૂર્વકર્માનુસાર વર્તાવું પડે છે તેથી અત્યંત આકુળતા આવી જાય છે. જે કંઇ પૂર્વે નિબંધન કરવામાં આવ્યા છે, તે કર્મો નિવૃત્ત થવા અર્થે, ભોગવી લેવા અર્થે, થોડા કાળમાં ભોગવી લેવાને અર્થે, આ વેપાર નામનું વ્યાવહારિક કામ બીજાને અર્થે સેવીએ છીએ.

હાલ જે કરીએ છીએ તે વેપાર વિષે મને વિચાર આવ્યા કરેલ અને તે પછી અનુક્રમે તે કામની શરૂઆત થઇ ત્યારથી તે અત્યાર સુધીમાં કામની દિનપ્રતિદિન વૃદ્ધિ થયા કરી છે.

અમે આ કામ પ્રેરેલું માટે તે સંબંધી....બને તેટલું મજૂરી જેવું કામ કર્યાનું પણ રાખ્યું છે. કામની હવે ઘણી હદ વધી ગયેલી હોવાથી નિવૃત્ત થવાની અત્યંત બુદ્ધિ થઇ જાય છે. પણ....ને દોષબુદ્ધિ આવી જવાનો સંભવ; તે અનંત સંસારનું કારણ....ને થાય એમ જાણી જેમ બને તેમ ચિત્તનું સમાધાન કરી રાખ્યા કર્યું છે.

**આ કામ પછી 'ત્યાગ' એવું અમે તો જ્ઞાનમાં જોયું હતું અને હાલ આવું સ્વરૂપ દેખાય છે; એટલી આશ્ચર્ય-વાર્તા છે.**

(૩૪૩) મુંબઈ, ફાગણ વદ ૭, ૧૯૪૮

અત્ર સમાધિ છે. જે સમાધિ છે તે કેટલેક અંશે છે અને જે છે તે ભાવસમાધિ છે.

(૩૪૭) મુંબઈ, ફાગણ વદ ૦)), ૧૯૪૮

**અમે કે જેનું મન પ્રાયે ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, હાસ્યથી, રતિથી, અરતિથી, ભયથી, શોકથી, જુગુપ્સાથી કે શબ્દાદિક વિષયોથી અપ્રતિબંધ જેવું છે; કુટુંબથી, ધનથી, પુત્રથી, 'વૈભવ'થી, સ્ત્રીથી કે દેહથી મુક્ત જેવું છે; તે મનને પણ સત્સંગને વિષે બંધન રાખવું બહુ બહુ રહ્યા કરે છે.**

(૩૫૩) મુંબઈ, ચૈત્ર સુદ ૧૨, ૧૯૪૮

સમય માત્ર પણ અપ્રમત્તધારાને નહીં વિસ્મરણ કરતું એવું જે આત્માકાર મન તે વર્તમાન સમયે ઉદય પ્રમાણે પ્રવૃત્તિ કરે છે; અને જે કોઈ પણ પ્રકારે વર્તાય છે, તેનું કારણ પૂર્વે નિબંધન કરવામાં આવેલો એ ઉદય છે. તે ઉદયને વિષે પ્રીતિ પણ નથી અને અપ્રીતિ પણ નથી. સમતા છે. કરવા યોગ્ય પણ એમ જ છે.

(૩૫૭) મુંબઈ, ચૈત્ર વદ ૫, ૧૯૪૮

જગતમાં બીજા પદાર્થો તો અમને કંઈ રુચિનાં કારણ રહ્યા નથી. જે કંઇ રુચિ રહી છે તે માત્ર એક સત્યનું ધ્યાન કરનારા એવા સંત પ્રત્યે, જેમાં આત્માને વર્ણવ્યો છે એવાં સત્શાસ્ત્ર પ્રત્યે અને પરેચ્છાએ પરમાર્થનાં નિમિત્ત કારણ એવાં દાનાદિ પ્રત્યે રહી છે. આત્મા તો કૃતાર્થ સમજાય છે.

(૩૬૨) મુંબઈ, વૈશાખ સુદ ૪, ૧૯૪૮

ખરૂં આત્મભાન થાય છે તેને, હું અન્યભાવનો અકર્ત્તા છું એવો બોધ ઉત્પન્ન થઈ, અહંપ્રત્યયિ બુદ્ધિ, તે વિલય પામે છે. એવું જે આત્મભાન તે વારંવાર ઉજ્વળપણે વર્ત્યા કરે છે, તથાપિ જેમ ઇચ્છીએ તેમ તો નહીં.

(૩૬૬) મુંબઈ, વૈશાખ સુદ ૧૨, ૧૯૪૮

મનમાં વારંવાર વિચારથી નિશ્ચય થઈ રહ્યો છે કે કોઈ પણ પ્રકારે ઉપયોગ ફરી અન્યભાવમાં પોતાપણું થતું નથી અને અખંડ આત્મધ્યાન રહ્યા કરે છે, એવી જે દશા તેને વિષે વિકટ ઉપાધિજોગનો ઉદય એ આશ્ચર્યકારક છે. હાલમાં તો થોડી ક્ષણની નિવૃત્તિ માંડ રહે છે અને પ્રવૃત્તિ કરી શકે એવી યોગ્યતાવાળું તો ચિત્ત નથી, અને હાલ તેવી પ્રવૃત્તિ કરવી એ કર્ત્તવ્ય છે, તો ઉદાસપણે તેમ કરીએ છીએ; મન ક્યાંય બાઝતું નથી અને કંઈ ગમતું નથી, તથાપિ હાલ હરિઇચ્છા આધીન છે.

નિરુપમ એવું જે આત્મધ્યાન, તીર્થંકરાદિકે કર્યું છે, તે પરમ આશ્ચર્યકારક છે. તે કાળ પણ આશ્ચર્યકારક હતો, વધારે શું કહેવું ? 'વનની મારી કોયલ'ની કહેવત પ્રમાણે આ કાળમાં, અને આ પ્રવૃત્તિમાં અમે છીએ.

(૩૬૮) મુંબઈ, વૈશાખ વદ ૬, ૧૯૪૮

**અમે તો પાંચ* માસ થયાં જગત, ઇશ્વર અને અન્ય-**

* જુઓ પત્રાંક નં. ૩૧૩.

**ભાવ એ સર્વને વિષે ઉદાસીનપણે વર્તીએ છીએ, તથાપિ તે વાર્તા તમને ગાંભીર્યપણે રહી જણાવી નથી.** તમે જે પ્રકારે ઇશ્વરાદિ વિષે શ્રદ્ધાશીલ છો તેમ વર્તવું તમને કલ્યાણરૂપ છે, અમને તો કોઈ જાતનો ભેદભાવ નહીં ઉત્પન્ન થતો હોવાથી સર્વ જંજાળરૂપ વર્તે છે, એટલે ઇશ્વરાદિ સમેતમાં ઉદાસપણું વર્તે છે. આવું જે અમારૂં લખવું તે વાંચી કોઇ પ્રકારે સંદેહને વિષે પડવાને યોગ્ય તમે નથી.

હાલ તો અમે અત્રપણે વર્તીએ છીએ, એટલે કોઈ પ્રકારની જ્ઞાનવાર્તા પણ જણાવી શકાતી નથી. પણ **મોક્ષ તો કેવળ અમને નિકટપણે વર્તે છે એ તો નિઃશંક વાર્તા છે. અમારૂં જે ચિત્ત આત્મા સિવાય અન્ય સ્થળે પ્રતિબદ્ધતા પામતું નથી, ક્ષણ પણ અન્યભાવને વિષે સ્થિર થતું નથી; સ્વરુપને વિષે સ્થિર રહે છે, એવું જે અમારું આશ્ચર્યકારક સ્વરૂપ તે હાલ તો કયાંય કહ્યું જતું નથી. ઘણા માસ વીત્યાથી તમને લખી સંતોષ માનીએ છીએ.**

(૩૭૦) મુંબઈ, વૈશાખ વદ ૧૧, ૧૯૪૮

**અવિચ્છિન્નપણે જેને વિષે આત્મધ્યાન વર્તે છે એવા જે શ્રી...ના પ્રણામ પહોંચે.**

**જેને વિષે ઘણા પ્રકારની પ્રવૃત્તિ વર્તે છે, એવા જોગને વિષે હાલ તો રહીએ છીએ. આત્મસ્થિતિ તેને વિષે ઉત્કૃષ્ટપણે વર્તતી જોઇ શ્રી...ના ચિત્તને પોતે પોતાથી નમસ્કાર કરીએ છીએ.**

ઘણા પ્રકારે સમાગમની અને બાહ્ય પ્રવૃત્તિના જોગત્યાગની જેની ચિત્તવૃત્તિ કોઈ પ્રકારે પણ વર્તે છે એવા જે અમે તે અત્યારે તો આટલું લખી અટકીએ છીએ.

(૩૭૩) મુંબઇ, વૈશાખ વદ ૧૪, ૧૯૪૮

મોહમયીથી જેની અમોહપણે સ્થિતિ છે, એવા શ્રી....ના યથા.

અપ્રતિબદ્ધ પ્રણામ.

(૩૭૬) મુંબઈ, વૈશાખ વદ, ૧૯૪૮

શ્રી મોહમયીથી અમોહસ્વરૂપ એવા શ્રી રાયચંદ્રના આત્મસમાનભાવની સ્મૃતિએ યથાયોગ્ય વાંચશો.

હાલ જે પ્રવૃત્તિજોગમાં રહીએ છીએ તે તો ઘણા પ્રકારના પરેચ્છાના કારણથી રહીએ છીએ. આત્મદૃષ્ટિનું અખંડપણું એ પ્રવૃત્તિજોગથી બાધ નથી પામતું. માટે ઉદય આવેલો એવો તે જોગ આરાધીએ છીએ.

**અવિષમપણે જ્યાં આત્મધ્યાન વર્તે છે, એવા જે 'શ્રી રાયચંદ્ર' તે પ્રત્યે ફરી ફરી નમસ્કાર કરી આ પત્ર અત્યારે પૂરું કરીએ છીએ.**

(૩૭૮) મુંબઇ, જેઠ સુદ ૧૦, ૧૯૪૮

સમજવા યોગ્ય તો જે છે તે....સ્વરૂપ, પ્રાપ્ત થયું છે જેને નિર્વિકલ્પપણું એવા જ્ઞાનીથી–તેના આશ્રયે જીવના દોષ ગળિત થઈ પ્રાપ્ત હોય છે, સમજાય છે.

છ* માસ સંપૂર્ણ થયાં જેને પરમાર્થ પ્રત્યે એક પણ વિકલ્પ ઉત્પન્ન થયો નથી એવા શ્રી....ને નમસ્કાર છે.

(૩૭૯) મુંબઈ, જેઠ વદ ૦)), ૧૯૪૮

ઉપાધિજોગનું અધિકપણું વર્તે છે. બળવાન ક્લેશ જેવો ઉપાધિયોગ આપવાની હરિઇચ્છા હશે, ત્યાં હવે તે જેમ ઉદય આવે તેમ વેદન કરવા યોગ્ય જાણીએ છીએ. સંસારથી કંટાળ્યા તો ઘણો કાળ થઈ ગયો છે. તથાપિ સંસારનો પ્રસંગ હજી વિરામ પામતો નથી; એ એક પ્રકારનો મોટો 'ક્લેશ' વર્તે છે.

અમને તો કંઈ કરવા વિષે બુદ્ધિ થતી નથી અને લખવા વિષે બુદ્ધિ થતી નથી, કંઈક વાણીએ વર્તીએ છીએ, તેમાં પણ બુદ્ધિ થતી નથી, માત્ર આત્મરૂપ મૌનપણું અને તે સંબંધી પ્રસંગ, એને વિષે બુદ્ધિ રહે છે, અને પ્રસંગ તો તેથી અન્ય પ્રકારના વર્તે છે. એવી જ 'ઇશ્વરેચ્છા' હશે! એમ જાણી જેમ સ્થિતિ પ્રાપ્ત થાય છે, તેમ જ યોગ્ય જાણી રહીએ છીએ.

'બુદ્ધિ તો મોક્ષને વિષે પણ સ્પૃહાવાળી નથી.' પણ પ્રસંગ આ વર્તે છે.... 'વનની મારી કોયલ' એવી એક ગુર્જરાદિ દેશની કહેવત આ પ્રસંગને વિષે યોગ્ય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

* જુઓ પત્રાંક ૩૧૩.

(૩૮૩) મુંબઈ, જેઠ, ૧૯૪૮

વિચારવાન પુરૂષને કેવળ ક્લેશરૂપ ભાસે છે, એવો આ સંસાર તેને વિષે હવે ફરી આત્મભાવે કરી જન્મવાની નિશ્ચળ પ્રતિજ્ઞા છે. ત્રણે કાળને વિષે હવે પછી આ સંસારનું સ્વરૂપ અન્યપણે ભાસ્યમાન થવા યોગ્ય નથી અને ભાસે એવું ત્રણે કાળને વિષે સંભવતું નથી.

અત્રે આત્મભાવે સમાધિ છે; ઉદયભાવ પ્રત્યે ઉપાધિ વર્તે છે.

(૩૮૫) મુંબઈ, અષાડ, ૧૯૪૮

જો કે અમારૂં ચિત્ત નેત્ર જેવું છે; નેત્રને વિષે બીજા અવયવની પેઠે એક રજકણ પણ સહન થઈ શકે નહીં. બીજા અવયવોરૂપ અન્ય ચિત્ત છે. અમને વર્તે છે એવું જે ચિત્ત તે નેત્રરૂપ છે; તેને વિષે વાણીનું ઊઠવું, સમજાવવું, આ કરવું અથવા આ ન કરવું, એવી વિચારણા કરવી તે માંડ માંડ બને છે. ઘણી ક્રિયા તો શૂન્યપણાની પેઠે વર્તે છે; **આવી સ્થિતિ છતાં ઉપાધિજોગ તો બળવાનપણે આરાધીએ છીએ. એ વેદવું વિકટ ઓછું લાગતું નથી, કારણ કે આંખની પાસે જમીનની રેતી ઉપડાવવાનું કાર્ય થવારૂપ થાય છે તે જેમ દુઃખે, અત્યંત દુઃખે થવું વિકટ છે, તેમ ચિત્તને ઉપાધિ તે પરિણામરૂપ થવા બરાબર છે.** સુગમપણાએ સ્થિર ચિત્ત હોવાથી વેદનાને સમ્યક્‌પ્રકારે વેદે છે, અખંડ સમાધિપણે વેદે છે. આ વાત લખવાનો આશય તો એમ

છે જે આવા ઉત્કૃષ્ટ વૈરાગ્યને વિષે આવો ઉપાધિજોગ વેદવાનો જે પ્રસંગ છે, તેને કેવો ગણવો ? અને આ બધું શા અર્થે કરવામાં આવે છે? જાણતાં છતાં તે મૂકી કેમ દેવામાં આવતો નથી ? એ બધું વિચારવા યોગ્ય છે.

રુચિ માત્ર સમાધાન પામી છે, એ આશ્ચર્યરૂપ વાત ક્યાં કહેવી ? આશ્ચર્ય થાય છે. આ જે દેહ મળ્યો તે પૂર્વે કોઈવાર મળ્યો નહોતો, ભવિષ્યકાળે પ્રાપ્ત થવો નથી. ધન્યરૂપ–કૃતાર્થરૂપ એવા જે અમે તેને વિષે આ ઉપાધિજોગ જોઈ લોકમાત્ર ભૂલે એમાં આશ્ચર્ય નથી.

(૩૮૭) મુંબઈ, શ્રાવણ સુદ, ૧૯૪૮

અમને પણ અત્રે ઉપાધિજોગ વર્તે છે; અન્યભાવને વિષે જો કે આત્મભાવ ઉત્પન્ન થતો નથી, અને એ જ મુખ્ય સમાધિ છે.

(૩૯૬) મુંબઈ, શ્રાવણ વદ, ૧૯૪૮

અન–અવકાશ એવું આત્મસ્વરૂપ વર્તે છે; જેમાં પ્રારબ્ધોદય સિવાય બીજો કોઇ અવકાશ જોગ નથી.

તે ઉદયમાં ક્વચિત્ પરમાર્થભાષા કહેવારૂપ જોગ ઉદય આવે છે. ક્વચિત્ પરમાર્થભાષા લખવારૂપ જોગ ઉદય આવે છે, ક્વચિત્ પરમાર્થભાષા સમજાવવા રૂપ જોગ આવે છે. વિશેષપણે વૈશ્યદશારૂપ જોગ હાલ તો ઉદયમાં વર્તે છે; અને જે કંઈ ઉદયમાં નથી આવતું તે કરી શકવાનું હાલ તો અસમર્થપણું છે.

ઉદયાધીન માત્ર જીવિતવ્ય કરવાથી, થવાથી, વિષમપણું મટ્યું છે. તમ પ્રત્યે, પોતા પ્રત્યે, અન્ય પ્રત્યે કોઈ જાતનો વિભાવિક ભાવ પ્રાયે ઉદયપ્રાપ્ત થતો નથી; અને એ જ કારણથી પત્રાદિ કાર્ય કરવારૂપ પરમાર્થભાષા જોગે અવકાશ પ્રાપ્ત નથી એમ લખ્યું છે, તે તેમ જ છે.

પૂર્વોપાર્જિત એવો જે સ્વાભાવિક ઉદય તે પ્રમાણે દેહ-સ્થિતિ છે; આત્માપણે તેનો અવકાશ અત્યંત અભાવરૂપ છે.

(૩૯૭) મુંબઈ, શ્રાવણ વદ ૧૧, ૧૯૪૮

**આત્મસ્વરૂપને વિષે સ્થિતિ છે એવા જે......તેના નિષ્કામ સ્મરણે યથાયોગ્ય વાંચશો.**

**અત્ર ઉદય-ગર્ભમાં સ્થિત એવી સમાધિ છે.**

"પ્રારબ્ધ દેહી"

(૩૯૮) મુંબઈ, શ્રાવણ વદ ૧૪, ૧૯૪૮

જે પુરૂષનું દુર્લભપણું ચોથા કાળને વિષે હતું તેવા પુરૂષનો જોગ આ કાળમાં થાય એમ થયું છે, તથાપિ પરમાર્થ સંબંધી ચિંતા જીવોને અત્યંત ક્ષીણ થઈ ગઇ છે એટલે તે પુરૂષનું ઓળખાણ થવું અત્યંત વિકટ છે, તેમાં પણ જે ગૃહવાસાદિ પ્રસંગમાં તે પુરૂષની સ્થિતિ છે, તે જોઈ જીવને પ્રતીતિ આવવી દુર્લભ છે, અત્યંત દુર્લભ છે અને કદાચ પ્રતીતિ આવી તો તેમનો જે પ્રારબ્ધપ્રકાર હાલ વર્તે છે, તે

જોઈ નિશ્ચય રહેવો દુર્લભ છે, અને કદાપિ નિશ્ચય થાય તો પણ તેનો સત્સંગ રહેવો દુર્લભ છે, અને જે પરમાર્થનું મુખ્ય કારણ તે તો તે છે.

'ઇશ્વરેચ્છાથી' જે કોઈપણ જીવોનું કલ્યાણ વર્તમાનમાં પણ સર્જિત હશે તે તો તેમ થશે, અને તે બીજેથી નહીં પણ **અમ થકી** એમ પણ અત્ર માનીએ છીએ, તથાપિ જેવી અમારી અનુકંપાસંયુક્ત ઇચ્છા છે, તેવી પરમાર્થવિચારણા અને પરમાર્થપ્રાપ્તિ જીવોને થાય તેવો કોઈ પ્રકારે ઓછો જોગ થયો છે, એમ અત્રે માનીએ છીએ. ગંગાયમુનાદિના પ્રદેશને વિષે અથવા ગુજરાત દેશને વિષે જો આ દેહ ઉત્પન્ન થયો હોત; ત્યાં વર્ધમાનપણું પામ્યો હોત તો તે એક બળવાન કારણ હતું એમ જાણીએ છીએ; બીજું પ્રારબ્ધમાં ગૃહવાસ બાકી ન હોત અને બ્રહ્મચર્ય, વનવાસ હોત તો તે બળવાન કારણ હતું, એમ જાણીએ છીએ. કદાપિ ગૃહવાસ બાકી છે તેમ હોત અને ઉપાધિજોગરૂપ પ્રારબ્ધ ન હોત તો તે ત્રીજું પરમાર્થને બળવાન કારણ હતું એમ જાણીએ છીએ. પ્રથમ કહ્યાં તેવાં બે કારણો તો થઈ ચૂક્યાં છે, એટલે હવે તેનું નિવારણ નથી. ત્રીજું ઉપાધિજોગરૂપ જે પ્રારબ્ધ તે શીઘ્રપણે નિવૃત્ત થાય, વેદન થાય, અને તે નિષ્કામ કરુણાના હેતુથી, તો તેમ થવું હજુ બાકી છે, તથાપિ તે પણ હજુ વિચારયોગ્ય સ્થિતિમાં છે. એટલે કે તે પ્રારબ્ધનો સહેજે પ્રતિકાર થઈ જાય એમ જ ઇચ્છાની સ્થિતિ છે, અથવા તો વિશેષ ઉદયમાં

આવી જઈ થોડા કાળમાં તે પ્રકારનો ઉદય પરિસમાપ્ત થાય તો તેમ નિષ્કામ કરુણાની સ્થિતિ છે; અને તે બે પ્રકારમાં તો હાલ ઉદાસીનપણે એટલે સામાન્યપણે રહેવું છે; એમ આત્મ-સંભાવના છે; અને એ સંબંધીનો મોટો વિચાર વારંવાર રહ્યા કરે છે.

આત્માકાર સ્થિતિ થઈ જવાથી ચિત્ત ઘણું કરીને એક અંશ પણ ઉપાધિજોગ વેદવાને યોગ્ય નથી, તથાપિ તે તો જે પ્રકારે વેદવું પ્રાપ્ત થાય તેજ પ્રકારે વેદવું છે એટલે તેમાં સમાધિ છે, પરંતુ પરમાર્થ સંબંધી કોઈ કોઈ જીવોને પ્રસંગ પડે છે, તેને તે ઉપાધિજોગના કારણથી અમારી અનુકંપા પ્રમાણે લાભ મળતો નથી....એ પણ ચિત્તને ઘણીવાર લાગી જાય છે.

**ચિત્ત બંધનવાળું થઈ શકતું નહીં હોવાથી જે જીવો સંસાર સંબંધે સ્ત્રીઆદિરૂપે પ્રાપ્ત થયા છે, તે જીવોની ઇચ્છા પણ દૂભવવાની ઇચ્છા થતી નથી, અર્થાત્ તે પણ અનુકંપાથી અને મા-બાપાદિના ઉપકારાદિ કારણોથી ઉપાધિજોગને બળવાન રીતે વેદીએ છીએ; અને જેની જેની જે કામના છે તે તે પ્રારબ્ધના ઉદયમાં જે પ્રકારે પ્રાપ્ત થવી સર્જિત છે, તે પ્રકાર થાય ત્યાં સુધી નિવૃત્તિ ગ્રહણ કરતાં પણ જીવ 'ઉદાસીન' રહે છે; એમાં કોઈ પ્રકારનુ અમારૂં સકામપણું નથી, અમે એ સર્વમાં નિષ્કામ જ છીએ એમ છે.** તથાપિ પ્રારબ્ધ તેવા પ્રકારનું

બંધન રાખવારૂપ ઉદયે વર્તે છે; એ પણ બીજા મુમુક્ષુની પરમાર્થવૃત્તિ ઉત્પન્ન કરવાને વિષે રોધરૂપ જાણીએ છીએ.

જ્યારથી તમે અમને મળ્યા છો, ત્યારથી આ વાર્તા કે જે ઉપર અનુક્રમે લખી છે, તે જણાવવાની ઇચ્છા હતી, પણ તેનો ઉદય તે તે પ્રકારમાં હતો નહીં, એટલે તેમ બન્યું નહીં; હમણાં તે ઉદય જણાવવા યોગ્ય થવાથી સંક્ષેપે જણાવ્યો છે, જે વારંવાર વિચારવાને અર્થે તમને લખ્યો છે, ....કોઈ વાતમાં શબ્દોના સંક્ષેપપણાથી એમ ભાસી શકે એવું હોય કે અમને કોઈ પ્રકારની કંઈ હજુ સંસારસુખવૃત્તિ છે, તો તે અર્થ ફરી વિચારવા યોગ્ય છે. નિશ્ચય છે કે ત્રણે કાળને વિષે અમારા સંબંધમાં તે ભાસવું આરોપિત જાણવા યોગ્ય છે, અર્થાત્ સંસારસુખવૃત્તિથી નિરંતર ઉદાસપણું જ છે. **આ વાક્યો કંઇ તમ સંબંધીનો ઓછો નિશ્ચય અમ પ્રત્યે છે અથવા હશે તો નિવૃત્ત થશે એમ જાણી લખ્યાં નથી, અન્ય હેતુએ લખ્યાં છે.**

જગતમાં કોઈ પણ પ્રકારથી જેની કોઈ પણ જીવ પ્રત્યે ભેદદૃષ્ટિ નથી એવા શ્રી.... નિષ્કામ આત્મસ્વરૂપના નમસ્કાર પ્રાપ્ત થાય.

(૪૦૦) મુંબઇ, શ્રાવણ વદ, ૧૯૪૮

**ચિત્તને વિષે જેવું આ ઉપાધિયોગ આરાધીએ છીએ ત્યારથી મુક્તપણું વર્તે છે, તેવું મુક્તપણું અનુપાધિ-**

**પ્રસંગમાં વર્તતું નહોતું; એવી નિશ્ચળ દશા માગસર સુદ ૬થી એકધારાએ વર્તી આવી છે.**

(૪૦૮) મુંબઇ, ભાદરવા વદ ૮, ૧૯૪૮

જે જે કાળે જે જે પ્રારબ્ધ ઉદય આવે તે તે વેદન કરવું એ જ્ઞાનીપુરૂષોનું સનાતન આચરણ છે અને તે જ આચરણ અમને ઉદયપણે વર્તે છે; અર્થાત્ જે સંસારમાં સ્નેહ રહ્યો નથી, તે સંસારના કાર્યની પ્રવૃત્તિનો ઉદય છે અને ઉદય અનુક્રમે વેદન થયા કરે છે.... હજુ પણ તે કેટલાક વખત સુધી ઉદયજોગ છે, એમ જાણી કવચિત્ ખેદ પામીએ છીએ, કવચિત્ વિશેષ ખેદ પામીએ છીએ; અને તે ખેદનું કારણ વિચારી જોતાં તો પરાનુકંપારૂપ જણાય છે.

હાલ તો તે પ્રારબ્ધ સ્વાભાવિક ઉદય પ્રમાણે વેદન કર્યા સિવાય અન્ય ઇચ્છા ઉત્પન્ન થતી નથી. તથાપિ તે ઉદયમાં બીજા કોઇને સુખ, દુઃખ, રાગ, દ્વેષ, લાભ, અલાભના કારણ-રૂપે બીજાને ભાસીએ છીએ. તે ભાસવાને વિષે લોકપ્રસંગની વિચિત્ર ભ્રાંતિ જોઇ ખેદ થાય છે. જે સંસારને વિષે સાક્ષીકર્ત્તા તરીકે મનાય છે, તે સંસારમાં તે સાક્ષીએ સાક્ષીરૂપે રહેવું અને કર્ત્તા તરીકે ભાસ્યમાન થવું તે બે ધારી તરવાર ઉપર ચાલવા બરાબર છે.

એક વાર એક તણખલાના બે ભાગ કરવાની ક્રિયા કરી શકવાની શક્તિ પણ ઉપશમ થાય ત્યારે જે ઇશ્વરેચ્છા હશે તે થશે.

(૪૧૨) મુંબઈ, આસો વદ ૬, ૧૯૪૮

**અત્રે આત્માકારતા વર્તે છે, આત્માનું આત્મસ્વરૂપ રૂપે પરિણામનું હોવાપણું તે આત્માકારતા કહીએ છીએ.**

(૪૧૪) મુંબઈ, આસો, ૧૯૪૮

જે કંઇ ઉપાધિ કરાય છે, તે કંઇ 'સ્વપણાને' કારણે કરવામાં આવતી નથી; તેમ કરાતી નથી. જે કારણે કરાય છે, તે કારણ અનુક્રમે વેદવા યોગ્ય એવું પ્રારબ્ધકર્મ છે. જે કંઈ ઉદય આવે તે અવિસંવાદ પરિણામે વેદવું એવું જે જ્ઞાનીનું બોધન છે તે અમારે વિષે નિશ્ચળ છે, એટલે તે પ્રકારે વેદીએ છીએ; તથાપિ ઇચ્છા તો એમ રહે છે કે અલ્પ કાળને વિષે એક સમયને વિષે જો તે ઉદય અસત્તાને પામતો હોય તો અમે આ બધામાંથી ઊઠી ચાલ્યા જઇએ; એટલી આત્માને મોકળાશ વર્તે છે. તથાપિ 'નિદ્રાકાળ', ભોજનકાળ તથા અમુક છૂટકકાળ સિવાય ઉપાધિનો પ્રસંગ રહ્યા કરે છે અને કંઈ ભિન્નાંતર થતું નથી, **તો પણ આત્મોપયોગ કોઇ પ્રસંગે પણ અપ્રધાનપણું ભજતો જોવામાં આવે છે અને તે પ્રસંગે મૃત્યુના શોકથી અત્યંત અધિક શોક થાય છે, એમ નિઃસંદેહ છે.**

એમ હોવાથી અને ગૃહસ્થ પ્રત્યયી પ્રારબ્ધ જ્યાં સુધી ઉદયમાં વર્તે ત્યાં સુધીમાં 'સર્વથા' અયાચકપણાને ભજતું ચિત્ત રહેવામાં જ્ઞાની પુરૂષોનો માર્ગ રહેતો હોવાથી આ ઉપાધિ ભજીએ છીએ. જો તે માર્ગની ઉપેક્ષા કરીએ તો પણ

જ્ઞાનીને વિરાધીએ નહીં એમ છે, છતાં ઉપેક્ષા થઇ શકતી નથી. જો ઉપેક્ષા કરીએ તો ગૃહસ્થપણું પણ વનવાસીપણે ભજાય એવો આકરો વૈરાગ્ય વર્તે છે.

(૪૧૫) મુંબઈ, આસો, ૧૯૪૮

કોઇ પણ જાતના અમારા આત્મિક બંધનને લઇને અમે સંસારમાં રહ્યા નથી, સ્ત્રી જે છે તેનાથી બંધાયેલું ભોગકર્મ નિવૃત્ત કરવું છે. કુટુંબ છે તેનું પૂર્વેનું કરેલું કરજ આપી નિવૃત્ત થવા અર્થે રહ્યા છીએ. રેવાશંકર છે તેનું અમારા પ્રત્યે જે કંઈ માગણું છે તે આપવાને રહ્યા છીએ. તે સિવાયના જે જે કંઈ પ્રસંગ છે તે તેની અંદર સમાઈ જાય છે. તનને અર્થે, ધનને અર્થે, ભોગને અર્થે, સુખને અર્થે. સ્વાર્થને અર્થે કે કોઇ જાતના આત્મિક બંધનથી અમે સંસારમાં રહ્યા નથી. આવો જે અંતરંગનો ભેદ તે જે જીવને નિકટપણે મોક્ષ વર્તતો ન હોય તે જીવ કેમ સમજી શકે?

દુઃખના ભયથી પણ સંસારમાં રહેવું રાખ્યું છે એમ નથી. માન-અપમાનનો તો કંઈ ભેદ છે, તે નિવૃત્ત થઈ ગયો છે.

## વર્ષ ૨૬ મું

(૪૨૪) મુંબઈ, કારતક વદ ૧૨, ૧૯૪૯

"પુનર્જન્મ છે-જરૂર છે, એ માટે 'હું' અનુભવથી હા કહેવામાં અચળ છું" એ વાક્ય પૂર્વભવના કોઈ જોગનું

સ્મરણ થતી વખતે સિદ્ધ થયેલું લખ્યું છે. જેને, પુનર્જન્માદિ ભાવ કર્યા છે, તે પદાર્થને, કોઈ પ્રકારે જાણીને તે વાક્ય લખાયું છે.

(૪૨૫) મુંબઈ, માગશર વદ ૯, ૧૯૪૯

ઉપાધિ વેદવા માટે જોઈતું કઠિનપણું મારામાં નથી, એટલે ઉપાધિથી અત્યંત નિવૃત્તિની ઇચ્છા રહ્યા કરે, તથાપિ ઉદયરૂપ જાણી તે યથાશક્તિ સહન થાય છે. પરમાર્થનું દુઃખ મટ્યા છતાં સંસારનું પ્રાસંગિક દુઃખ રહ્યા કરે છે અને તે દુઃખ પોતાની ઇચ્છાદિના કારણનું નથી પણ બીજાની અનુકંપા તથા ઉપકારાદિનાં કારણનું રહે છે; અને તે વિટંબના વિષે ચિત્ત ક્યારેક ક્યારેક વિશેષ ઉદ્વેગ પામી જાય છે.... જેટલા પ્રકારના સંસારના પદાર્થો છે, તે સર્વમાં જો અસ્પૃહાપણું હોય અને ઉદ્વેગ રહેતો હોય તો તે અન્યની અનુકંપા કે ઉપકાર કે તેવાં કારણનો હોય એમ મને નિશ્ચયપણે લાગે છે. એ ઉદ્વેગને લીધે ક્યારેક ચક્ષુમાં આંસુ આવી જાય છે, અને તે બધાં કારણને પ્રત્યે વર્તવાનો માર્ગ તે અમુક અંશે પરતંત્ર દેખાય છે, એટલે સમાન ઉદાસીનતા આવી જાય છે.

(૪૩૧) મુંબઈ, ફાગણ સુદ ૭, ૧૯૪૯

અમારો અભિપ્રાય કંઈ પણ દેહ પ્રત્યે હોય તો તે માત્ર એક આત્માર્થે જ છે, અન્ય અર્થે નહીં. બીજા કોઈ પણ પદાર્થ પ્રત્યે અભિપ્રાય હોય તો તે પદાર્થ અર્થે નહીં, પણ આત્માર્થે છે. તે આત્માર્થ તે પદાર્થની પ્રાપ્તિ અપ્રાપ્તિને વિષે હોય

એમ મને લાગતું નથી. 'આત્માપણું' એ ધ્વનિ સિવાય બીજો કોઇ ધ્વનિ કોઈપણ પદાર્થના ગ્રહણત્યાગમાં સ્મરણજોગ નથી. અનવકાશ આત્માપણું જાણ્યા વિના, તે સ્થિતિ વિના અન્ય સર્વ ક્લેશરૂપ છે.

(૪૩૯) મુંબઈ, ચૈત્ર સુદ, ૬, ૧૯૪૯

ઉપાધિનો જોગ વિશેષ રહે છે. જેમ જેમ નિવૃત્તિના જોગની વિશેષ ઇચ્છા થઈ આવે છે, તેમ તેમ ઉપાધિની પ્રાપ્તિનો જોગ વિશેષ દેખાય છે. ચારે બાજુથી ઉપાધિનો ભીડો છે, કોઈ એવી બાજુ અત્યારે જણાતી નથી કે અત્યારે જ એમાંથી છૂટી ચાલ્યા જવું હોય તો કોઇનો અપરાધ કર્યો ન ગણાય. છૂટવા જતાં કોઈના મુખ્ય અપરાધમાં આવી જવાનો સ્પષ્ટ સંભવ દેખાય છે અને આ વર્તમાન અવસ્થા ઉપાધિરહિતપણાને અત્યંત યોગ્ય છે, પ્રારબ્ધની વ્યવસ્થા એવી પ્રબંધ કરી હશે.

(૪૪૪) મુંબઇ, ચૈત્ર વદ ०)), ૧૯૪૯

જળમાં સ્વાભાવિક શીતળપણું છે, પણ સૂર્યાદિના તાપના યોગે ઉષ્ણપણાને તે ભજતું દેખાય છે; તે તાપનો યોગ મટયેથી તે જ જળ શીતળ જણાય છે; વચ્ચે શીતળપણાથી રહિત તે જળ જણાય છે, તે તાપના યોગથી છે. એમ આ પ્રવૃત્તિજોગ અમને છે.

(૪૪૯) મુંબઈ, જેઠ સુદ ૧૧, ૧૯૪૯

જ્ઞાનીપુરૂષોની પ્રવૃત્તિ, પ્રવૃત્તિ જેવી હોતી નથી. ઊના

પાણીને વિષે જેમ અગ્નિપણાનો મુખ્ય ગુણ કહી શકાતો નથી, તેમ જ્ઞાનીની પ્રવૃત્તિ છે; તથાપિ જ્ઞાનીપુરૂષ પણ નિવૃત્તિને કોઈ પ્રકારે પણ ઇચ્છે છે. પૂર્વે આરાધન કરેલાં એવાં નિવૃત્તિનાં ક્ષેત્રો, વન, ઉપવન, જોગ, સમાધિ અને સત્સંગ આદિ જ્ઞાની-પુરૂષને પ્રવૃત્તિમાં બેઠાં વારંવાર સાંભરી આવે છે. તથાપિ ઉદયપ્રાપ્ત પ્રારબ્ધને જ્ઞાની અનુસરે છે, સત્સંગની રુચિ રહે છે, તેનો લક્ષ રહે છે. પણ તે વખત અત્ર વખત નિયમિત નથી.

જે પ્રવૃત્તિ અત્ર ઉદયમાં છે તે બીજે દ્વારેથી ચાલ્યા જતાં પણ ન છોડી શકાય તેવી છે. વેદવા યોગ્ય છે, માટે તેને અનુસરીએ છીએ; તથાપિ અવ્યાબાધ સ્થિતિને વિષે જેવું ને તેવું સ્વાસ્થ્ય છે.

(૪૫૦) મુંબઈ, જેઠ સુદ ૧૫, ૧૯૪૯

અમારા વિષે માર્ગાનુસારીપણું કહેવું ઘટતું નથી. અજ્ઞાન-યોગીપણું તો આ દેહ ધર્યો ત્યારથી જ નહીં હોય એમ જણાય છે. સમ્યક્દૃષ્ટિપણું તો જરૂર સંભવે છે. કોઇ પ્રકારનો સિદ્ધિજોગ અમે કયારે પણ સાધવાનો આખી જિંદગીમાં અલ્પ પણ વિચાર કર્યો સાંભરતો નથી, એટલે સાધને કરી તેવો જોગ પ્રગટ્યો હોય એવું જણાતું નથી, આત્માના વિશુદ્ધ-પણાને કારણે જો કંઈ તેવું ઐશ્વર્ય હોય તો તેનું નહીં હોવા-પણું કહી શકાતું નથી. તે ઐશ્વર્ય કેટલેક અંશે સંભવે છે; તથાપિ આ પત્ર લખતી વખતે એ ઐશ્વર્યની સ્મૃતિ થઇ છે. નહીં તો ઘણા કાળ થયાં તેમ થવું સ્મરણમાં નથી, તો પછી

તે સ્ફુરિત કરવા વિષેની ઇચ્છા ક્યારેય થઈ હોય એમ કહી શકાય નહીં, એ સ્પષ્ટ વાર્તા છે.

(૪૫૩) મુંબઈ, પ્ર. અષાડ વદ ૩, ૧૯૪૯

અત્રે સમાધિનો યથાયોગ્ય અવકાશ નથી, હાલ તો કોઈ પૂર્વોપાર્જિત પ્રારબ્ધ એવા ઉદયમાં વર્તે છે. ગઈ સાલના માર્ગશીર્ષ માસમાં અત્રે આવવું થયું, ત્યારથી ઉત્તરોત્તર ઉપાધિયોગ વિશેષાકાર થતો આવ્યો છે અને ઘણું કરી તે ઉપાધિયોગ વિશેષ પ્રકારે કરી ઉપયોગથી વેદવો પડ્યો છે.

પ્રાયે સર્વ કામના પ્રત્યે ઉદાસીનપણું છે, એવા અમને પણ આ સર્વ વ્યવહાર અને કાળાદિ ગળકાં ખાતાં ખાતાં સંસારસમુદ્ર માંડ તરવા દે છે, તથાપિ સમયે સમયે તે પરિશ્રમનો અત્યંત પ્રસ્વેદ ઉત્પન્ન થયા કરે છે; અને ઉતાપ ઉત્પન્ન થઈ સત્સંગરૂપ જળની તૃષા અત્યંતપણે રહ્યા કરે છે; અને એ જ દુઃખ લાગ્યા કરે છે.

એમ છતાં પણ આવો વ્યવહાર ભજતાં દ્વેષપરિણામ તે પ્રત્યે કરવા યોગ્ય નથી, એવો જે સર્વ જ્ઞાનીપુરૂષોનો અભિપ્રાય તે, તે વ્યવહાર પ્રાયે સમતાપણે કરાવે છે. આત્મા તેને વિષે જાણે કંઇ કરતો નથી, એમ લાગ્યા કરે છે.

આ જે ઉપાધિ ઉદયવર્તી છે તે સર્વ પ્રકારે કષ્ટરૂપ છે, એમ પણ વિચારતાં લાગતું નથી. પૂર્વોપાર્જિત પ્રારબ્ધ જે વડે શાંત થાય છે, તે ઉપાધિ પરિણામે આત્મપ્રત્યયી કહેવા યોગ્ય છે.

મનમાં એમ ને એમ રહ્યા કરે છે કે અલ્પકાળમાં આ ઉપાધિયોગ મટી બાહ્યાભ્યંતર નિર્ગ્રંથતા પ્રાપ્ત થાય તો વધારે યોગ્ય છે, તથાપિ તે વાત અલ્પકાળમાં બને એવું સૂઝતું નથી; અને જ્યાં સુધી તેમ ન થાય ત્યાં સુધી તે ચિંતના મટવી સંભવતી નથી.

બીજો બધો વ્યવહાર વર્તમાનમાં જ મૂકી દીધો હોય તો તે બને એવું છે. બે ત્રણ ઉદયવ્યવહાર એવા છે કે જે ભોગવ્યે જ નિવૃત્ત થાય એવા છે; અને કષ્ટે પણ તે વિશેષ-કાળની સ્થિતિમાંથી અલ્પકાળમાં વેદી શકાય નહીં એવા છે; અને તે કારણે મૂર્ખની પેઠે આ વ્યવહાર ભજ્યા કરીએ છીએ.

નિવૃત્તિક્ષેત્ર અને નિવૃત્તિકાળને, સત્સંગને અને આત્મવિચારને વિષે અમને પ્રતિબદ્ધ રુચિ રહે છે. તે જોગ કોઇ પ્રકારે પણ જેમ બને તેમ થોડા કાળમાં થાય તે જ ચિંતનામાં અહોરાત્ર વર્તીએ છીએ.

(૪૬૩) મુંબઇ, શ્રાવણ સુદ ૧૫, ૧૯૪૯

ઘણું કરી આત્મામાં એમ જ રહ્યા કરે છે કે જ્યાં સુધી આ વેપાર પ્રસંગે કામકાજ કરવું રહ્યા કરે, ત્યાં સુધી ધર્મ-કથાદિ પ્રસંગે અને ધર્મના જાણનારરૂપે કોઈ પ્રકારે પ્રગટ-પણામાં ન અવાય એ યથાયોગ્ય પ્રકાર છે. વેપાર પ્રસંગે રહેતાં છતાં જેનો ભક્તિભાવ રહ્યા કર્યો છે, તેનો પ્રસંગ પણ એવા પ્રકારમાં કરવો યોગ્ય છે, કે જ્યાં આત્માને વિષે ઉપર જણાવેલો પ્રકાર રહ્યા કરે છે, તે પ્રકારને બાધ ન થાય.

અમારૂં મન ઘણું ઉદાસ રહે છે, અને પ્રતિબંધ એવા પ્રકારનો રહે છે, કે તે ઉદાસપણું સાવ ગુપ્ત જેવું કરી ન ખમી શકાય એવા વેપારાદિ પ્રસંગમાં ઉપાધિજોગ વેદવા પડે છે; જો કે વાસ્તવ્યપણે સમાધિપ્રત્યયી આત્મા છે.

(૪૬૫) મુંબઈ, શ્રાવણ વદ ૫, ૧૯૪૯

ગઈ સાલના માગસર સુદ છઠે અત્રે આવવાનું થયું હતું, ત્યારથી આજ દિવસ પર્યંતમાં ઘણા પ્રકારનો ઉપાધિયોગ વેદવાનું બન્યું છે, અને **જો ભગવતકૃપા ન હોય તો આ કાળને વિષે તેવા ઉપાધિયોગમાં માથું ધડ ઉપર રહેવુ કઠણ થાય, એમ થતાં થતાં ઘણી વાર જોયું છે;** અને આત્મસ્વરુપ જાણ્યું છે એવા પુરૂષને અને આ સંસારને મળતી પાણ આવે નહીં, એવો અધિક નિશ્ચય થયો છે. જ્ઞાનીપુરૂષ પણ અત્યંત નિશ્ચય ઉપયોગે વર્તતાં વર્તતાં કવચિત્ પણ મંદ પરિણામ પામી જાય એવી આ સંસારની રચના છે. આત્મસ્વરૂપ સંબંધી બોધનો તો જો કે નાશ ન થાય, તથાપિ આત્મસ્વરૂપના બોધના વિશેષ પરિણામ પ્રત્યે એક પ્રકારનું આવરણ થવારૂપ ઉપાધિજોગ થાય છે. અમે તો તે ઉપાધિ-જોગથી હજુ ત્રાસ પામ્યા કરીએ છીએ; અને તે તે જોગે હૃદયમાં અને મુખમાં મધ્યમ વાચાએ પ્રભુનું નામ રાખી માંડ કંઈ પ્રવર્તન કરી સ્થિર રહી શકીએ છીએ. સમ્યક્ત્વને વિષે અર્થાત્ બોધને વિષે ભ્રાંતિ પ્રાયે થતી નથી, પણ બોધના વિશેષ પરિણામનો અનવકાશ થાય છે, એમ તો સ્પષ્ટ દેખાય છે અને

તેથી ઘણી વાર આત્મા આકુળવ્યાકુળપણાને પામી ત્યાગને ભજતો હવો; તથાપિ ઉપાર્જિત કર્મની સ્થિતિને સમપરિણામે, અદીનપણે, અવ્યાકુળપણે વેદવી એ જ જ્ઞાની પુરૂષોનો માર્ગ છે, અને તે જ ભજવો છે, એમ સ્મૃતિ થઇ સ્થિરતા રહેતી આવી છે. એટલે આકુળાદિ ભાવની થતી વિશેષ મુંઝવણ સમાપ્ત થતી હતી.

આખો દિવસ નિવૃત્તિના યોગે કાળ નહીં જાય ત્યાં સુધી સુખ રહે નહીં, એવી અમારી સ્થિતિ છે. "આત્મા આત્મા" તેનો વિચાર, જ્ઞાનીપુરૂષની સ્મૃતિ, તેના માહાત્મ્યની કથાવાર્તા, તે પ્રત્યે અત્યંત ભક્તિ, તેમના અનવકાશ ચારિત્ર પ્રત્યે મોહ, એ અમને હજુ આકર્ષ્યા કરે છે, અને તે કાળ ભજીએ છીએ.

**પૂર્વકાળમાં જે જે જ્ઞાનીપુરૂષના પ્રસંગો વ્યતીત થયા છે તે કાળ ધન્ય છે; તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે; તે શ્રવણને, શ્રવણના કર્ત્તાને અને તેમાં ભક્તિભાવવાળા જીવોને ત્રિકાળ દંડવત્ છે.** તે આત્મસ્વરૂપમાં ભક્તિ, ચિંતન, આત્મવ્યાખ્યાની જ્ઞાનીપુરૂષની વાણી અથવા જ્ઞાનીનાં શાસ્ત્રો કે માર્ગાનુસારી જ્ઞાનીપુરૂષના સિદ્ધાંત, તેની અપૂર્વતાને પ્રણામ અતિ ભક્તિએ કરીએ છીએ. અખંડ આત્મધ્યાનના એકતાર પ્રવાહપૂર્વક તે વાત અમને હજી ભજવાની અત્યંત આતુરતા રહ્યા કરે છે, અને બીજી બાજુથી આવાં ક્ષેત્ર, આવા લોક-પ્રવાહ, આવા ઉપાધિજોગ અને બીજા બીજા તેવા તેવા પ્રકાર જોઈ વિચાર મૂર્ચ્છાવત્ થાય છે. ઇશ્વરેચ્છા.

(૪૬૯) મુંબઈ, ભાદરવા વદ ૦)), ૧૯૪૯

જેવી દૃષ્ટિ આ આત્મા પ્રત્યે છે, તેવી દૃષ્ટિ જગતના સર્વ આત્માને વિષે છે. જેવો સ્નેહ આ આત્મા પ્રત્યે છે, તેવો સ્નેહ સર્વ આત્મા પ્રત્યે વર્તે છે. જેવી આ આત્માની સહજાનંદ સ્થિતિ ઇચ્છીએ છીએ, તેવી જ સર્વ આત્મા પ્રત્યે ઇચ્છીએ છીએ. જે જે આ આત્મા માટે ઇચ્છીએ છીએ, તે તે સર્વ આત્મા માટે ઇચ્છીએ છીએ. જેવા આ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ, તેવા જ સર્વ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ. જેવા સર્વ દેહ પ્રત્યે વર્તવાનો પ્રકાર રાખીએ છીએ, તેવા જ આ દેહ પ્રત્યે પ્રકાર વર્તે છે. આ દેહમાં વિશેષ બુદ્ધિ અને બીજા દેહ પ્રત્યે વિષમ બુદ્ધિ ઘણું કરીને ક્યારેય થઈ શકતી નથી. જે સ્ત્રી આદિનો સ્વપણે સંબંધ ગણાય છે, તે સ્ત્રી આદિ પ્રત્યે જે કંઈ સ્નેહાદિક છે અથવા સમતા છે, તેવાં જ પ્રાયે સર્વ પ્રત્યે વર્તે છે. આત્મારૂપપણાનાં કાર્યે માત્ર પ્રવર્તન હોવાથી જગતના સર્વ પદાર્થ પ્રત્યે જેમ ઉદાસીનતા વર્તે છે, તેમ સ્વપણે ગણાતા સ્ત્રી આદિ પદાર્થો પ્રત્યે વર્તે છે.

પ્રારબ્ધ સંબંધે સ્ત્રી આદિ પ્રત્યે જે કંઈ ઉદય હોય તેથી વિશેષ વર્તના ઘણું કરીને આત્માથી થતી નથી. કદાપિ કરુણાથી કંઇ તેથી વિશેષ વર્તના થતી હોય તો તેવી તે જ ક્ષણે તેવા ઉદયપ્રતિબદ્ધ આત્માઓ પ્રત્યે વર્તે છે, અથવા સર્વ જગત પ્રત્યે વર્તે છે. કોઈ પ્રત્યે કંઇ વિશેષ કરવું નહીં કે ન્યૂન

કરવું નહીં; અને કરવું તો તેવું એક ધારાનું વર્તન સર્વ જગત પ્રત્યે કરવું. એવું જ્ઞાન આત્માને ઘણા કાળ થયાં દૃઢ છે; નિશ્ચયરૂપ છે. કોઈ સ્થળે ન્યૂનપણું, વિશેષપણું, કે કંઈ તેવી સમ વિષમ ચેષ્ટાએ વર્તવું દેખાતું હોય તો જરૂર તે આત્મસ્થિતિએ, આત્મબુદ્ધિએ થતું નથી, એમ લાગે છે. પૂર્વપ્રબંધી પ્રારબ્ધના યોગે કંઇ તેવું ઉદયભાવપણે થતું હોય તો તેને વિષે પણ સમતા છે. કોઇ પ્રત્યે ઓછાપણું, અધિકપણું કંઈ પણ આત્માને રુચતું નથી, ત્યાં પછી બીજી અવસ્થાનો વિકલ્પ હોવા યોગ્ય નથી.

સૌથી અભિન્નભાવના છે; જેટલી યોગ્યતા જેની વર્તે છે, તે પ્રત્યે તેટલી અભિન્નભાવની સ્ફૂર્તિ થાય છે; કવચિત્ કરુણાબુદ્ધિથી વિશેષ સ્ફૂર્તિ થાય છે, પણ વિષમપણાથી કે વિષય પરિગ્રહાદિ કારણપ્રત્યયથી તે પ્રત્યે વર્તવાનો કંઈ આત્મામાં સંકલ્પ જણાતો નથી. અવિકલ્પરૂપ સ્થિતિ છે. વિશેષ શું કહીએ? **અમારે કંઈ અમારૂં નથી કે બીજાનુ નથી કે બીજુ નથી; જેમ છે તેમ છે, જેમ સ્થિતિ આત્માની છે, તેવી સ્થિતિ છે. સર્વ પ્રકારની વતના નિષ્કપટપણાથી ઉદયની છે;** સમવિષમતા નથી. સહજાનંદ સ્થિતિ છે. જ્યાં તેમ હોય ત્યાં અન્ય પદાર્થમાં આસક્તબુદ્ધિ ઘટે નહીં, હોય નહીં.

## વર્ષ ૨૭ મું

(૪૮૦) મુંબઈ, પોષ સુદ ૫, ૧૯૫૦

કોઈ પણ જીવને કંઈ પણ પરિશ્રમ દેવો, એ અપરાધ છે. અને તેમાં મુમુક્ષુ જીવને તેના અર્થ સિવાય પરિશ્રમ દેવો એ જરૂર અપરાધ છે, એવો અમારા ચિત્તનો સ્વભાવ રહે છે. તથાપિ પરિશ્રમનો હેતુ એવાં કામનો પ્રસંગ તમને કવચિત્ જણાવવાનું થાય છે. જે વિષેના પ્રસંગમાં અમારા પ્રત્યે તમને નિઃશંકતા છે, તથાપિ તમને તેવે પ્રસંગે કવચિત્ પરિશ્રમનું કારણ થાય એ અમારા ચિત્તમાં સહન થતું નથી, તો પણ પ્રવર્તીએ છીએ. તે અપરાધ ક્ષમા યોગ્ય છે; અને એવી અમારી કોઈ પ્રવૃત્તિ પ્રત્યે કવચિત્ પણ અસ્નેહ ન થાય તેટલો લક્ષ પણ રાખવો ઘટે છે.

(૪૮૫) મુંબઈ, ફાગણ સુદ ૪, ૧૯૫૦

હાલ દોઢથી બે માસ થયાં ઉપાધિના પ્રસંગમાં વિશેષ વિશેષ કરી સંસારનું સ્વરૂપ વેદાયું છે. એવા જો કે પૂર્વે ઘણા પ્રસંગ વેદ્યા છે, તથાપિ જ્ઞાને કરી ઘણું કરી વેદ્યા નથી. **આ દેહ અને તે પ્રથમનો બોધબીજહેતુવાળો દેહ તેમાં થયેલું વેદન તે મોક્ષકાર્યે ઉપયોગી છે.**

(૪૯૫) મુંબઈ, ચૈત્ર વદ ૧૧, ૯૫૦

વારંવાર મને મારા દોષ માટે એમ લાગે છે કે જે દોષનું બળ પરમાર્થથી જોતાં મેં કહ્યું છે. પણ બીજા

આધુનિક જીવોના દોષ આગળ મારા દોષનું અત્યંત અલ્પપણું લાગે છે. જો કે એમ માનવાની કંઇ બુદ્ધિ નથી, તથાપિ સ્વભાવે એમ કંઇ લાગે છે; છતાં કોઈ વિશેષ અપરાધીની પેઠે જ્યાં સુધી અમે આ વ્યવહાર કરીએ છીએ ત્યાં સુધી અમારા આત્મામાં લાગ્યા કરીશું.

(૫૦૪) મુંબઈ, વૈશાખ ૧૯૫૦

મનનો, વચનનો તથા કાયાનો વ્યવસાય ધારીએ તે કરતાં હમણાં વિશેષ વર્ત્યા કરે છે. વ્યવસાયનું બહોળાપણું ઇચ્છવામાં આવતું નથી, તથાપિ પ્રાપ્ત થયા કરે છે, અને એમ જણાય છે કે કેટલાક પ્રકારે તે વ્યવસાય વેદવા યોગ્ય છે, કે જેના વેદનથી ફરી તેનો ઉત્પત્તિયોગ મટશે, નિવૃત્ત થશે. કદાપિ બળવાનપણે તેનો નિરોધ કરવામાં આવે તો પણ તે નિરોધ-રૂપ કલેશને લીધે આત્મા આત્માપણે વિસ્રસાપરિણામ જેવો પરિણમી શકે નહીં, એમ લાગે છે. માટે તે વ્યવસાયની જે અનિચ્છાપણે પ્રાપ્તિ થાય તે વેદવી, એ કોઈ પ્રકારે વિશેષ સમ્યક્ લાગે છે.

(૫૨૦) મુંબઈ, શ્રાવણ વદ ૦)), ૧૯૫૦

જે બળવાન કારણો પ્રભાવના હેતુને અવરોધક છે, તેમાં અમારો કંઈ પણ બુદ્ધિપૂર્વક પ્રમાદ હોય એમ કોઈ રીતે સંભવતું નથી. તેમજ અવ્યક્તપણે એટલે નહીં જાણવામાં છતાં સહેજે જીવથી થયા કરતો હોય એવો પ્રમાદ હોય એમ પણ જણાતું નથી, તથાપિ કોઇ અંશે તે પ્રમાદ સંભવમાં લેખતાં

પણ તેથી અવરોધકપણું હોય એમ લાગી શકે એમ નથી; કારણ કે આત્માની નિશ્ચયવૃત્તિ તેથી અસન્મુખ છે.

લોકોમાં તે પ્રવૃત્તિ કરતાં માનભંગ થવાનો પ્રસંગ આવે, તો તે માનભંગ પણ સહન ન થઈ શકે એમ હોવાથી પ્રભાવના હેતુની ઉપેક્ષા કરવામાં આવતી હોય એમ પણ લાગતું નથી. કારણ કે તે માનામાન વિષે ચિત્ત ઘણું કરી ઉદાસીન જેવું છે, અથવા તે પ્રકારમાં ચિત્તને વિશેષ ઉદાસીન કરવું હોય તો થઈ શકે એમ છે.

શબ્દાદિ વિષયો પ્રત્યેનું કોઇ બળવાન કારણ પણ અવરોધક હોય એમ જણાતું નથી. કેવળ તે વિષયોનો ક્ષાયિકભાવ છે એમ જો કે કહેવા પ્રસંગ નથી, તથાપિ તેમાં વિરસપણું બહુપણે ભાસી રહ્યું છે. ઉદયથી પણ ક્યારેક મંદ રુચિ જન્મતી હોય તો તે પણ વિશેષ અવસ્થા પામ્યા પ્રથમ નાશ પામે છે; અને તે મંદરુચિ વેદતાં પણ આત્મા ખેદમાં જ રહે છે. એટલે તે રુચિ અનાધાર થતી જતી હોવાથી બળવાન કારણરૂપ નથી.

બીજા કેટલાક પ્રભાવક થયા છે, તે કરતાં કોઇ રીતે વિચારદશાદિનું બળવાનપણું પણ હશે; એમ લાગે છે કે તેવા પ્રભાવક પુરૂષો આજે જણાતા નથી; અને માત્ર ઉપદેશકપણે નામ જેવી પ્રભાવનાએ પ્રવર્તતા કોઈ જોવામાં, સાંભળવામાં આવે છે, તેમના વિદ્યમાનપણાને લીધે અમને કંઈ અવરોધકપણું હોય એમ પણ જણાતું નથી.

## વર્ષ ૨૮ મું

(૫૫૮) મુંબઈ, પોષ વદ ૧૦, ૧૯૫૧

ચિત્તની વ્યવસ્થા યથાયોગ્ય નહીં હોવાથી ઉદય પ્રારબ્ધ વિના બીજા સર્વ પ્રકારમાં અસંગપણું રાખવું યોગ્ય લાગે છે; તે એટલે સુધી કે જેમનો ઓળખાણ પ્રસંગ છે તેઓ પણ હાલ ભૂલી જાય તો સારૂં, કેમકે સંગથી ઉપાધિ નિષ્કારણ વધ્યા કરે છે, અને તેવી ઉપાધિ સહન કરવા યોગ્ય એવું હાલ મારું ચિત્ત નથી. નિરુપાયતા સિવાય કંઈ પણ વ્યવહાર કરવાનું હાલ ચિત્ત હોય એમ જણાતું નથી; અને જે વ્યાપાર વ્યવહારની નિરુપાયતા છે, તેથી પણ નિવૃત્ત થવાની ચિંતના રહ્યા કરે છે. તેમ ચિત્તમાં બીજાને બોધ કરવા યોગ્ય એટલી મારી યોગ્યતા હાલ મને લાગતી નથી; કેમકે જ્યાં સુધી સર્વ પ્રકારના વિષમ સ્થાનકોમાં સમવૃત્તિ ન થાય ત્યાં સુધી યથાર્થ આત્મજ્ઞાન કહ્યું જતું નથી અને જ્યાં સુધી તેમ હોય ત્યાં સુધી તો નિજ અભ્યાસની રક્ષા કરવી ઘટે છે, અને હાલ તે પ્રકારની મારી સ્થિતિ હોવાથી હું આમ વર્તું છું તે ક્ષમા-યોગ્ય છે, કેમકે મારા ચિત્તમાં અન્ય કોઇ હેતુ નથી.

(૫૬૦) મુંબઈ, પોષ, ૧૯૫૧

જ્ઞાની પુરૂષને આત્મપ્રતિબંધપણે સંસારસેવા હોય નહીં; પણ પ્રારબ્ધ પ્રતિબંધપણે હોય, એમ છતાં પણ તેથી નિવર્તવા-રૂપ પરિણામને પામે એમ જ્ઞાનીની રીત હોય છે; જે રીતનો આશ્રય કરતાં હાલ ત્રણ વર્ષ થયાં વિશેષ તેમ કર્યું છે અને

તેમાં જરૂર આત્મદશાને ભૂલાવે એવો સંભવ રહે તેવો ઉદય પણ જેટલો બન્યો તેટલો સમપરિણામે વેદ્યો છે; જો કે તે વેદવાના કાળને વિષે સર્વસંગનિવૃત્તિ કોઈ રીતે થાય તો સારૂં એમ સૂઝયા કર્યું છે; તો પણ સર્વસંગનિવૃત્તિએ જે દશા રહેવી જોઈએ તે દશા ઉદયમાં રહે, તો અલ્પકાળમાં વિશેષ કર્મની નિવૃત્તિ થાય એમ જાણી જેટલું બન્યું તેટલું તે પ્રકારે કર્યું છે; પણ મનમાં હવે એમ રહે છે કે આ પ્રસંગથી એટલે સકલ ગૃહવાસથી દૂર થવાય તેમ ન હોય તો પણ વ્યાપારાદિ પ્રસંગથી નિવૃત્ત, દૂર થવાય તો સારૂં, કેમકે આત્મભાવે પરિણામ પામવાને વિષે જે દશા જ્ઞાનીની જોઈએ તે દશા આ વ્યાપાર વ્યવહારથી મુમુક્ષુ જીવને દેખાતી નથી. આ પ્રકાર જે લખ્યો છે તે વિષે હમણાં વિચાર ક્યારેક ક્યારેક વિશેષ ઉદય પામે છે. તે વિષે જે પરિણામ આવે તે ખરૂં.

(૫૬૯) મુંબઈ, ફાગણ વદ ૩, ૧૯૫૧

**નિત્ય છૂટવાનો વિચાર કરીએ છીએ અને જેમ તે કાર્ય તરત પતે તેમ જાપ જપીએ છીએ. જો કે એમ લાગે છે કે તે વિચાર અને જાપ હજી તથારૂપ નથી, શિથિલ છે;** માટે અત્યંત વિચાર અને તે જાપને ઉગ્રપણે આરાધવાનો અલ્પકાળમાં યોગ કરવો ઘટે છે, એમ વર્ત્યા કરે છે.

(૫૭૬) મુંબઈ, ચૈત્ર સુદ ૬, ૧૯૫૧

મોતીના વેપાર વગેરેની પ્રવૃત્તિ ન કરવા સંબંધીનું બને તો સારૂં, એમ લખ્યું તે યથાયોગ્ય છે; અને ચિત્તની નિત્ય

ઇચ્છા એમ રહ્યા કરે છે. લોભ હેતુથી એ પ્રવૃત્તિ થાય છે કે કેમ? એમ વિચારતાં લોભનું નિદાન જણાતું નથી. વિષયાદિની ઇચ્છાએ પ્રવૃત્તિ થાય છે, એમ પણ જણાતું નથી; તથાપિ પ્રવૃત્તિ થાય છે, એમાં સંદેહ નથી. જગત કંઇ લેવાને માટે પ્રવૃત્તિ કરે છે, આ પ્રવૃત્તિ દેવાને માટે થતી હશે એમ લાગે છે. અત્રે એ લાગે છે તે યથાર્થ હશે કે કેમ? તે માટે વિચારવાન પુરૂષ જે કહે તે પ્રમાણ છે.

(૫૮૩) મુંબઈ, ચૈત્ર વદ ૧૧, ૧૯૫૧

એક આત્મપરિણતિ સિવાયના બીજા જે વિષયો તેને વિષે ચિત્ત અવ્યવસ્થિતપણે વર્તે છે અને તેવું અવ્યવસ્થિતપણું લોકવ્યવહારથી પ્રતિકૂળ હોવાથી લોકવ્યવહાર ભજવો ગમતો નથી અને તજવો બનતો નથી; એ વેદના ઘણું કરીને દિવસના આખા ભાગમાં વેદવામાં આવ્યા કરે છે.

ખાવાને વિષે, પીવાને વિષે, બોલવાને વિષે, શયનને વિષે, લખવાને વિષે કે બીજાં વ્યવહારિક કાર્યોને વિષે જેવા જોઇએ તેવા ભાનથી પ્રવર્તાતું નથી, અને તે પ્રસંગો રહ્યા હોવાથી આત્મપરિણતિને સ્વતંત્ર પ્રગટપણે અનુસરવામાં વિપત્તિ આવ્યા કરે છે; અને તે વિષેનું ક્ષણે ક્ષણે દુઃખ રહ્યા કરે છે.

અચલિત આત્મરૂપે રહેવાની સ્થિતિમાં જ ચિત્તેચ્છા રહે છે, અને ઉપર જણાવ્યા પ્રસંગોની આપત્તિને લીધે કેટલોક તે સ્થિતિનો વિયોગ રહ્યા કરે છે; અને તે વિયોગ માત્ર પરેચ્છાથી રહ્યો છે, સ્વેચ્છાના કારણથી રહ્યો નથી; એ એક ગંભીર વેદના ક્ષણે ક્ષણે થયા કરે છે.

આ જ ભવને વિષે અને થોડા જ વખત પહેલાં વ્યવહારને વિષે પણ સ્મૃતિ તીવ્ર હતી. તે સ્મૃતિ હવે વ્યવહારને વિષે ક્વચિત્ જ મંદપણે પ્રવર્તે છે. થોડા જ વખત પહેલાં, એટલે થોડાં વર્ષો પહેલાં વાણી ઘણું બોલી શકતી, વક્તાપણે કુશળતાથી પ્રવર્તી શકતી, તે હવે મંદપણે અવ્યવસ્થાથી પ્રવર્તે છે. થોડાં વર્ષ પહેલાં લેખનશક્તિ અતિ ઉગ્ર હતી; આજે શું લખવું તે સૂઝતાં સૂઝતાં દિવસના દિવસ વ્યતીત થઈ જાય છે અને પછી પણ જે કંઈ લખાય છે, તે ઇચ્છેલું અથવા યોગ્ય વ્યવસ્થાવાળું લખાતું નથી; અર્થાત્ એક આત્મપરિણામ સિવાય સર્વ બીજાં પરિણામને વિષે ઉદાસીનપણું વર્તે છે; અને જે કંઈ કરાય છે તે જેવા જોઇએ તેવા ભાગના સોમા અંશથી પણ નથી થતું, જેમ તેમ અને જે તે કરાય છે. લખવાની પ્રવૃત્તિ કરતાં વાણીની પ્રવૃત્તિ કંઈક ઠીક છે.

(૫૮૬) મુંબઈ, ચૈત્ર વદ ૧૨, ૧૯૫૧

પૂર્ણ જ્ઞાની શ્રી ઋષભદેવાદિ પુરૂષોને પણ પ્રારબ્ધોદય ભોગવ્યે ક્ષય થયો છે; તો અમ જેવાને તે પ્રારબ્ધોદય ભોગવવો જ પડે એમાં કંઇ સંશય નથી. માત્ર ખેદ એટલો થાય છે કે અમને આવા પ્રારબ્ધોદયમાં શ્રી ઋષભદેવાદિ જેવી અવિષમતા રહે એટલું બળ નથી; અને તેથી પ્રારબ્ધોદય છતાં વારંવાર તેથી અપરિપક્વ કાળે છૂટવાની કામના થઈ આવે છે, કે જો વિષમ પ્રારબ્ધોદયમાં કંઇપણ ઉપયોગની યથાતથ્યતા ન રહી તો ફરી આત્મસ્થિરતા થતાં વળી અવસર ગવેષવો

જોઈશે; અને પશ્ચાતાપપૂર્વક દેહ છૂટશે, એવી ચિંતા ઘણીવાર થઈ આવે છે.

આ પ્રારબ્ધોદય મટી નિવૃત્ત કર્મ વેદવારૂપ પ્રારબ્ધનો ઉદય થવા આશય રહ્યા કરે છે; પણ તે તરતમાં એટલે એકથી દોઢ વર્ષમાં થાય એમ તો દેખાતું નથી, અને પળ પળ જવી કઠણ પડે છે. એકથી દોઢ વર્ષ પછી પ્રવૃત્તિકર્મ વેદવારૂપ ઉદય કેવળ પરિક્ષીણ થશે, એમ પણ લાગતું નથી; કંઈક ઉદય વિશેષ મોળો પડશે એમ લાગે છે....

વ્યવહાર સંબંધી કંઇ પણ લખતાં તે અસારભૂત અને સાક્ષાત્ ભ્રાંતિરૂપ લાગવાથી તે સંબંધી જે કંઈ લખવું કે કહેવું તે તુચ્છ છે, આત્માને વિકળતાનો હેતુ છે, અને જે કંઈ લખવું કહેવું છે તે ન કહ્યું હોય તો પણ ચાલી શકે એવું છે, માટે જ્યાં સુધી તેમ વર્તે, ત્યાં સુધી તો જરૂર તેમ વર્તવું ઘટે છે; એમ જાણી ઘણી વ્યાવહારિક વાત લખવા, કરવા, કહેવાની ટેવ નીકળી ગઈ છે, માત્ર જે વ્યાપારાદિ વ્યવહારમાં તીવ્ર પ્રારબ્ધોદયે પ્રવૃત્તિ છે ત્યાં કંઈક પ્રવૃત્તિ થાય છે, જો કે તેનું પણ યથાર્થપણું જણાતું નથી.

(૫૯૩) મુંબઇ, વૈશાખ સુદ ૧૫, ૧૯૫૧

આ દેહનું આયુષ્ય પ્રત્યક્ષ ઉપાધિયોગે વ્યતીત થયું જાય છે. એ માટે અત્યંત શોક થાય છે; અને તેનો અલ્પકાળમાં જો ઉપાય ન કર્યો તો અમ જેવા અવિચારી પણ થોડા સમજવા.

(૬૨૦) મુંબઇ, અષાડ વદ ૦)), ૧૯૫૧

કેટલાક વખત થયાં સહજ પ્રવૃત્તિ અને ઉદીરણ પ્રવૃત્તિ એમ વિભાગે પ્રવૃત્તિ વર્તે છે. મુખ્યપણે સહજ પ્રવૃત્તિ વર્તે છે. સહજ પ્રવૃત્તિ એટલે પ્રારબ્ધોદયે ઉદય થાય તે, પણ જેમાં કર્ત્તવ્ય પરિણામ નહીં. બીજી ઉદીરણ પ્રવૃત્તિ જે પરાર્થાદિ યોગે કરવી પડે તે. હાલ બીજી પ્રવૃત્તિ થવામાં આત્મા સંક્ષેપ થાય છે, કેમકે અપૂર્વ એવા સમાધિયોગને તે કારણથી પ્રતિબંધ થાય છે એમ સાંભળ્યું હતું તથા જાણ્યું હતું; અને હાલ તેવું સ્પષ્ટાર્થે વેદ્યું છે. તે તે કારણોથી વધારે સમાગમમાં આવવાનું, પત્રાદિથી કંઇ પણ પ્રશ્નોત્તરાદિ જણાવવાનું તથા બીજા પ્રકારે પરમાર્થાદિ લખવા કરવાનું પણ સંક્ષેપ થવાના પર્યાયને આત્મા ભજે છે. એવા પર્યાયને ભજ્યા વિના અપૂર્વ સમાધિને હાનિ સંભવતી હતી. એમ છતાં પણ થવાયોગ્ય એવી સંક્ષેપ પ્રવૃત્તિ થઈ નથી.

(૬૨૧) મુંબઈ, આષડ વદ ૦)), ૧૯૫૧

એક વિનંતિ અત્રે કરવા યોગ્ય છે કે આ આત્મા વિષે તમને ગુણવ્યક્તત્વ ભાસતું હોય અને તેથી અંતરમાં ભક્તિ રહેતી હોય તો તે ભક્તિ વિષે યથાયોગ્ય વિચાર કરી જેમ તમને યોગ્ય લાગે તેમ કરવા યોગ્ય છે. પણ બહાર આ આત્મા સંબંધી હાલ કંઇ પ્રસંગ ચર્ચિત થવા દેવા યોગ્ય નથી; કેમકે અવિરતિરૂપ ઉદય હોવાથી ગુણવ્યક્તત્વ હોય તો પણ લોકોને ભાસ્યમાન થવું કઠણ પડે; અને તેથી વિરાધના

થવાનો કંઈ પણ હેતુ થાય; તેમ જ પૂર્વ મહાપુરૂષના અનુક્રમનું ખંડન કરવા જેવું પ્રવર્તન આ આત્માથી કંઈ પણ થયું ગણાય.

## વર્ષ ૨૯ મું

(૬૬૪) મુંબઈ, પોષ વદ ૨, ૧૯૫૨

પ્રારબ્ધ છે, એમ માનીને જ્ઞાની ઉપાધિ કરે છે એમ જણાતું નથી, પણ પરિણતિથી છૂટ્યા છતાં ત્યાગવા જતાં બાહ્ય કારણો રોકે છે, માટે જ્ઞાની ઉપાધિસહિત દેખાય છે, તથાપિ તેની નિવૃત્તિના લક્ષને નિત્ય ભજે છે.

(૬૭૦) મુંબઈ, ફાગણ સુદ ૧, ૧૯૫૨

ૐ સદ્‌ગુરુપ્રસાદ

જ્ઞાનીના સર્વ વ્યવહાર પરમાર્થમૂળ હોય છે, તો પણ જે દિવસે ઉદય પણ આત્માકાર વર્તશે તે દિવસને ધન્ય છે.

(૬૮૦) મુંબઈ, ચૈત્ર સુદ ૧૩, ૧૯૫૨

જેની મોક્ષ સિવાય કોઇ પણ વસ્તુની ઇચ્છા કે સ્પૃહા નહોતી અને અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઇચ્છા પણ નિવૃત્ત થઈ છે, તેને હે નાથ! તું તુષ્ટમાન થઇને પણ બીજું શું આપવાનો હતો?

**હે કૃપાળુ! તારા અભેદ સ્વરૂપમાં જ મારો નિવાસ છે, ત્યાં હવે તો લેવા દેવાની પણ કડાકૂટથી છૂટા થયા છીએ અને એ જ અમારો પરમાનંદ છે.**

કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થરીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો પોતાની મતિકલ્પનાથી મોક્ષ-માર્ગને કલ્પી, વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતા છતાં મોક્ષ પામવાને બદલે સંસાર પરિભ્રમણ કરતાં જાણી નિષ્કારણ કરુણાશીલ એવું અમારૂં હૃદય રડે છે.

વર્તમાને વિદ્યમાન વીરને ભૂલી જઈ, ભૂતકાળની ભ્રમણામાં વીરને શોધવા માટે અથડાતા જીવોને શ્રી મહાવીરનું દર્શન ક્યાંથી થાય ?

ઓ દુષમકાળના દુર્ભાગી જીવો ! ભૂતકાળની ભ્રમણાને છોડીને વર્તમાને વિદ્યમાન એવા મહાવીરને શરણે આવો એટલે તમારૂં શ્રેય જ છે.

**સંસારના તાપથી ત્રાસ પામેલા અને કર્મબંધનથી મુક્ત થવા ઈચ્છતા પરમાર્થપ્રેમી જિજ્ઞાસુ જીવોની ત્રિવિધ તાપાગ્નિને શાંત કરવાને અમે અમૃતસાગર છીએ. મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવાને માટે અમે કલ્પવૃક્ષ જ છીએ.**

વધારે શું કહેવું ? આ વિષમકાળમાં પરમ શાંતિના ધામરૂપ અમે બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ, કેમકે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ.

આ અંતર અનુભવ પરમાત્મપણાની માન્યતાના અભિ-માનથી ઉદ્ભવેલો લખ્યો નથી, પણ કર્મબંધનથી દુઃખી થતા જગતના જીવોની પરમ કારુણ્યવૃત્તિ થવાથી તેમનું કલ્યાણ

કરવાની તથા તેમનો ઉદ્ધાર કરવાની નિષ્કારણ કરુણા એ જ આ હૃદયચિતાર પ્રદર્શિત કરવાની પ્રેરણા કરે છે.

ૐ શ્રી મહાવીર (અંગત)

(૬૯૭) મુંબઈ, અષાડ વદ ૮, ૧૯૫૨

ભુજાએ કરી જે સ્વયંભૂરમણસમુદ્ર તરી ગયા, તરે છે અને તરશે તે સત્પુરૂષોને નિષ્કામ ભક્તિથી ત્રિકાળ નમસ્કાર.

પ્રારબ્ધરૂપ દુસ્તર પ્રતિબંધ વર્તે છે, ત્યાં કંઈ લખવું કે જણાવવું તે કૃત્રિમ જેવું લાગે છે; અને તેથી હમણાં પત્રાદિની માત્ર પહોંચ પણ લખવાનું કર્યું નથી. ઘણા પત્રોને માટે તેમ થયું છે, તેથી ચિત્તને વિશેષ મુંઝાવારૂપ થશે, તે વિચારરૂપ દયાના પ્રતિબંધે આ પત્ર લખ્યું છે. આત્માને મૂળ જ્ઞાનથી ચલાયમાન કરી નાંખે એવા પ્રારબ્ધને વેદતાં આવો પ્રતિબંધ તે પ્રારબ્ધને ઉપકારનો હેતુ થાય છે, અને કોઈક વિકટ અવસરને વિષે એક વાર આત્માને મૂળજ્ઞાન વમાવી દેવા સુધીની સ્થિતિ પમાડે છે, એમ જાણી તેથી ડરીને વર્તવું યોગ્ય છે, એમ વિચારી પત્રાદિની પહોંચ લખી નથી, તે ક્ષમા કરવાની નમ્રતા સહિત પ્રાર્થના છે.

અહો ! જ્ઞાનીપુરૂષની આશય ગંભીરતા, ધીરજ અને ઉપશમ ! અહો ! અહો ! વારંવાર અહો !

(૭૦૮) રાળજ, ભાદરવા, ૧૯૫૨

**જૈન દર્શનની રીતીએ જોતાં સમ્યક્દર્શન અને વેદાંતની રીતીએ જોતાં કેવળજ્ઞાન અમને સંભવે છે.**

જૈન પ્રસંગમાં અમારો વધારે નિવાસ થયો છે તો કોઇ પણ પ્રકારે તે માર્ગનો ઉદ્ધાર અમ જેવાને દ્વારે વિશેષ કરીને થઈ શકે, કેમકે તેનું સ્વરૂપ વિશેષ કરીને સમજાયું હોય એ આદિ. વર્તમાનમાં જૈનદર્શન એટલું બધું અવ્યવસ્થિત અથવા વિપરિત સ્થિતિમાં જોવામાં આવે છે, ....બાહ્ય કુટારો બહુ વધારી દીધો છે, અને અંતર્માર્ગનું ઘણું કરી જ્ઞાન વિચ્છેદ જેવું થયું છે, ....તેમાં સેંકડો ભેદ વર્તે છે, એટલું જ નહીં પણ "મૂળ માર્ગ"ની સન્મુખની વાત પણ તેમને કાને પડતી નથી અને ઉપદેશકના લક્ષમાં નથી, એવી સ્થિતિ વર્તે છે. તેથી ચિત્તમાં એમ આવ્યા કરે છે કે જો તે માર્ગ વધારે પ્રચાર પામે તો તેમ કરવું, નહીં તો તેમાં વર્તતી પ્રજાને મૂળ-લક્ષપણે દોરવી.... **જો આ કાર્ય આ કાળમાં અમારાથી કંઈ પણ બને તો બની શકે; નહીં તો હાલ તો મૂળ-માર્ગ સન્મુખ થવા માટે બીજાનો પ્રયત્ન કામ આવે એવું દેખાતું નથી.** ઘણું કરીને મૂળમાર્ગ બીજાના લક્ષમાં નથી, તેમ તે હેતુ દૃષ્ટાંતે ઉપદેશવામાં પરમશ્રુત આદિ ગુણો જોઇએ છે તેમ જ અંતરંગ કેટલાક ગુણો જોઇએ છે, જે અત્ર છે એવું દૃઢ ભાસે છે.

એ રીતે મૂળમાર્ગ પ્રગટતામાં આણવો હોય તો

**પ્રગટ કરનારે સર્વસંગપરિત્યાગ કરવો યોગ્ય;** કેમકે તેથી ખરેખરો સમર્થ ઉપકાર થવાનો વખત આવે. **વર્તમાન દશા જોતાં, સત્તાનાં કર્મો પર દૃષ્ટિ દેતાં કેટલાક વખત પછી તે ઉદયમાં આવવો સંભવે છે.** અમને સહજસ્વરૂપ જ્ઞાન છે, જેથી યોગસાધનની એટલી અપેક્ષા નહીં હોવાથી તેમાં પ્રવૃત્તિ કરી નથી, તેમ તે સર્વસંગપરિત્યાગમાં અથવા વિશુદ્ધ દેશપરિત્યાગમાં સાધવા યોગ્ય છે, એથી લોકોને ઘણો ઉપકાર થાય છે; જો કે વાસ્તવિક ઉપકારનું કારણ તો આત્મજ્ઞાન વિના બીજું કોઈ નથી.

**હાલ બે વર્ષ સુધી તો તે યોગસાધન વિશેષ કરી ઉદયમાં આવે તેમ દેખાતું નથી. તેથી ત્યાર પછીની કલ્પના કરાય છે, અને ૩ થી ૪ વર્ષ તે માર્ગમાં ગાળવામાં આવ્યાં હોય તો ૩૬ મે વર્ષે સર્વસંગપરિત્યાગી ઉપદેશકનો વખત આવે અને લોકોનું શ્રેય થવું હોય તો થાય.**

નાની વયે માર્ગનો ઉદ્ધાર કરવા સંબંધી જિજ્ઞાસા વર્તતી હતી, ત્યાર પછી જ્ઞાનદશા આવ્યે ક્રમે કરીને તે ઉપશમ જેવી થઈ; કોઈ કોઈ લોકો પરિચયમાં આવેલા, તેમને કેટલીક વિશેષતા ભાસવાથી કંઈક મૂળમાર્ગ પર લક્ષ આવેલો; અને આ બાજુ તો સેંકડો અથવા હજારો માણસો પ્રસંગમાં આવેલા, જેમાંથી કંઈક સમજણવાળા તથા ઉપદેશક પ્રત્યે આસ્થાવાળા એવા સોએક માણસ નીકળે. એ ઉપરથી એમ જોવામાં આવ્યું કે લોકો તરવાના કામી વિશેષ છે પણ તેમને યોગ બાઝતો નથી....એમ દેખાવાથી કંઈક ચિત્તમાં આવે છે કે

આ કાર્ય કોઈ કરે તો સારૂં, પણ દૃષ્ટિ કરતાં તેવો પુરૂષ ધ્યાનમાં આવતો નથી, એટલે કંઈક લખનાર પ્રત્યે જ દૃષ્ટિ આવે છે. પણ લખનારનો જન્મથી લક્ષ એવો છે કે એ જેવું એક્કે જોખમવાળું પદ નથી અને પોતાની તે કાર્યની યથાયોગ્યતા જ્યાં સુધી ન વર્તે ત્યાં સુધી તેની ઈચ્છામાત્ર પણ ન કરવી અને ઘણું કરીને હજુ સુધી તેમ વર્તાવામાં આવ્યું છે. માર્ગનું કંઈપણ સ્વરૂપ કંઈકને સમજાવ્યું છે, તથાપિ કોઈને એક વ્રતપચ્ચખાણ આપ્યું નથી, અથવા તમે મારા શિષ્ય છો અને અમે ગુરુ છીએ એવો ઘણું કરીને પ્રકાર દર્શિત થયો નથી. કહેવાનો હેતુ એવો છે કે સર્વસંગપરિત્યાગ થયે તે કાર્યની પ્રવૃત્તિ સહજસ્વભાવે ઉદયમાં આવે તો કરવી એવી માત્ર કલ્પના છે. તેનો ખરેખરો આગ્રહ નથી, માત્ર અનુકંપાદિ તથા જ્ઞાનપ્રભાવ વર્તે છે તેથી ક્યારેક તે વૃત્તિ ઊઠે છે અથવા અલ્પાંશે અંગમાં તે વૃત્તિ છે તથાપિ તે સ્વવશ છે.

અમે ધારીએ છીએ તેમ સર્વસંગ પરિત્યાગાદિ થાય તો હજારો માણસ મૂળમાર્ગને પામે અને હજારો માણસ તે સન્માર્ગને આરાધી સદ્ગતિને પામે એમ અમારાથી થવું સંભવે છે. અમારા સંગમાં ત્યાગ કરવાને ઘણા જીવને વૃત્તિ થાય એવો અંગમાં ત્યાગ છે. ધર્મ સ્થાપવાનું માન મોટું છે; તેની સ્પૃહાથી પણ વખતે આવી વૃત્તિ રહે, પણ આત્માને ઘણી વાર તાવી જોતાં તે સંભવ હવેની દશામાં ઓછો જ

દેખાય છે અને કંઈક સત્તાગત રહ્યો હશે તો તે ક્ષીણ થશે એમ અવશ્ય ભાસે છે, કેમકે યથાયોગ્યતા વિના, દેહ છૂટી જાય તેવી દૃઢ કલ્પના હોય તો પણ, માર્ગ ઉપદેશવો નહીં, એમ આત્મનિશ્ચય નિત્ય વર્તે છે. એક એ બળવાન કારણથી પરિગ્રહાદિ ત્યાગ કરવાનો વિચાર રહ્યા કરે છે. મારા મનમાં એમ રહે છે કે વેદોક્ત ધર્મ પ્રકાશવો અથવા સ્થાપવો હોય તો મારી દશા યથાયોગ્ય છે, પણ જિનોક્ત ધર્મ સ્થાપવો હોય તો હજુ તેટલી યોગ્યતા નથી, તો પણ વિશેષ યોગ્યતા છે, એમ લાગે છે.

(૭૦૯) રાળજ, ભાદરવા, ૧૯૫૨

હે નાથ ! કાં ધર્મોન્નતિ કરવારૂપ ઇચ્છા સહજપણે સમાવેશ પામે તેમ થાઓ; કાં તો તે ઇચ્છા અવશ્ય કાર્યરૂપ થાઓ. કાર્યરૂપ થવી બહુ દુષ્કર દેખાય છે. કેમકે અલ્પ અલ્પ વાતમાં મતભેદ બહુ છે, અને તેનાં મૂળ બહુ ઊંડાં ગયેલાં છે. મૂળમાર્ગથી લોકો લાખો ગાઉ દૂર છે એટલું જ નહીં પણ મૂળમાર્ગની જિજ્ઞાસા તેમને ઉત્પન્ન કરાવવી હોય, તો પણ ઘણા કાળનો પરિચય થયે પણ કઠણ પડે એવી તેમની દુરાગ્રહાદિથી જડપ્રધાન દશા વર્તે છે.

(૭૧૪) સં. ૧૯૫૨

ભગવાન જિને કહેલા લોકસંસ્થાનાદિ ભાવ આધ્યાત્મિક દૃષ્ટિથી સિદ્ધ થવા યોગ્ય છે.

ચક્રવર્ત્યાદિનું સ્વરૂપ પણ આધ્યાત્મિક દૃષ્ટિથી સમજાય એવું છે.

મનુષ્ય–ઊંચત્વ પ્રમાણાદિમાં પણ તેવો સંભવ છે.

કાળ પ્રમાણાદિ પણ તે જ રીતે ઘટ્યમાન છે.

નિગોદાદિ પણ તે જ રીતે ઘટ્યમાન થવા યોગ્ય છે.

સિદ્ધસ્વરૂપ પણ એ જ ભાવથી નિદિધ્યાસન થવા યોગ્ય છે.

—સંપ્રાપ્ત થવા યોગ્ય જણાય છે.

લોક શબ્દનો અર્થ<br>અનેકાંત શબ્દનો અર્થ } આધ્યાત્મિક છે.

સર્વજ્ઞ શબ્દ સમજાવો બહુ ગૂઢ છે.

ધર્મકથારૂપ ચરિત્રો આધ્યાત્મિક પરિભાષાથી અલંકૃત લાગે છે.

જંબુદ્વીપાદિનું વર્ણન પણ અધ્યાત્મ પરિભાષાથી નિરૂપિત કર્યું લાગે છે.

શ્રી જિને કહેલા ભાવો અધ્યાત્મ પરિભાષામય હોવાથી સમજાવા કઠણ છે. પરમપુરૂષનો યોગ સંપ્રાપ્ત થવો જોઇએ.

જિનપરિભાષા–વિચાર યથાવકાશાનુસાર વિશેષ નિદિધ્યાસ કરવા યોગ્ય છે.

## વર્ષ ૩૦ મું

(૭૩૮) વવાણિયા સં. ૧૯૫૩

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરૂષને પંથ જો? ૧

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. ૨

દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો. ૩

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહ પર્યંત જો;
ઘોર પરિષહ કે ઉપસર્ગભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. ૪

સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિન આજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. ૫

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ પ્રતિબંધ વણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. ૬

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધ સ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષીભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. ૭

બહુ ઉપસર્ગકર્ત્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. ૮

નગ્નભાવ મુંડભાવ સહ અસ્નાનતા,
અદંત ધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. ૯

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા;
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. ૧૦

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. ૧૧

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યાં પુદ્‌ગલ એક સ્વભાવ જો. ૧૨

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો. ૧૩

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઇ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. ૧૪

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજ તણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દૃષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. ૧૫

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ્ય પૂર્ણે મટિયે દૈહિક પાત્ર જો. ૧૬

મન, વચન, કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. ૧૭

એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરૂ લઘુ, અમૂર્ત્ત સહજપદરૂપ જો. ૧૮

પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. ૧૯

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. ૨૦

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. ૨૧

(૭૫૪) સં. ૧૯૫૩

હે જ્ઞાતપુત્ર ભગવન્! કાળની બલિહારી છે. આ ભારતના હીનપુણ્યી મનુષ્યોને તારું સત્ય, અખંડ, અને પૂર્વાપર અવિરોધ શાસન ક્યાંથી પ્રાપ્ત થાય? થવામાં આવાં વિઘ્નો ઉત્પન્ન થયાં, તારાં બોધેલાં શાસ્ત્રો કલ્પિત અર્થથી વિરાધ્યાં, કેટલાંક સમૂળગાં ખંડ્યાં. ધ્યાનનું કાર્ય, સ્વરૂપનું કારણ એ જે તારી પ્રતિમા તેથી કટાક્ષદૃષ્ટિએ લાખોગમે લોકો વળ્યાં; તારા પછી પરંપરાએ જે આચાર્યપુરૂષો થયા તેના વચનમાં અને તારા વચનમાં પણ શંકા નાંખી દીધી. એકાંત દઈ કૂટી તારું શાસન નિંદાવ્યું.

શાસનદેવિ! એવી સહાયતા કંઇ આપ કે જે વડે કલ્યાણનો માર્ગ હું બીજાને બોધી શકું, દર્શાવી શકું,—ખરા પુરૂષો દર્શાવી શકે. સર્વોત્તમ નિર્ગ્રંથ પ્રવચનના બોધ ભણી વાળી આ આત્મવિરાધક પંથોથી પાછા ખેંચવામાં સહાયતા આપ! તારો ધર્મ છે કે સમાધિ અને બોધિમાં સહાયતા આપવી. (અંગત)

(૭૮૨) મુંબઈ, જેઠ વદ ૧૨, ૧૯૫૩

આર્ય શ્રી સોભાગે જેઠ વદ ૧૦ ગુરૂવારે સવારે દશ ને પચાસ મિનિટે દેહ મૂકયાના સમાચાર વાંચી ઘણો ખેદ થયો છે. **જેમ જેમ તેમના અદ્‌ભુત ગુણો પ્રત્યે દૃષ્ટિ જાય છે, તેમ તેમ અધિક અધિક ખેદ થાય છે.**

જીવને દેહનો સંબંધ એ જ રીતે છે. તેમ છતાં પણ અનાદિથી તે દેહને ત્યાગતાં જીવ ખેદ પામ્યા કરે છે, અને તેમાં દઢ મોહથી એકપણાની પેઠે વર્તે છે. જન્મ મરણાદિ સંસારનું મુખ્ય બીજ એ જ છે. શ્રી સોભાગે તેવા દેહને ત્યાગતાં મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચલ અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે, એમાં સંશય નથી. ....

આ ક્ષેત્રે આ કાળમાં શ્રી સોભાગ જેવા વિરલા પુરૂષ મળે એમ અમને વારંવાર ભાસે છે.

**સંસારનું સ્વરૂપ સ્પષ્ટ જેણે જાણ્યું છે તેને તે સંસારના પદાર્થની પ્રાપ્તિથી કે અપ્રાપ્તિથી હર્ષશોક થવા યોગ્ય નથી, તો પણ એમ જણાય છે કે સત્પુરૂષના સમાગમની પ્રાપ્તિથી કંઈ પણ હર્ષ અને તેમના વિયોગથી કંઈ પણ ખેદ અમુક ગુણસ્થાનક સુધી તેમને પણ થવા યોગ્ય છે.**

શ્રી સોભાગની સરળતા, **પરમાર્થ સંબંધી નિશ્ચય**, મુમુક્ષુ પ્રત્યે ઉપકારતા આદિ ગુણો વારંવાર વિચારવા યોગ્ય છે.

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

(૭૮૬) મુંબઈ, અશાડ વદ ૧, ૧૯૫૩

"સકળ સંસારી ઇન્દ્રિયરામી, મુનિગણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કહિયે નિઃકામી રે."

આર્ય સોભાગની અંતરંગ દશા અને દેહમુક્ત સમયની દશા, હે મુનિઓ! તમારે વારંવાર અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.

## વર્ષ ૩૧ મું

(૮૨૩) આણંદ, પોષ વદ ૧૩, ૧૯૫૪

**અવિષમભાવ વિના અમને પણ અબંધપણા માટે બીજો કોઈ અધિકાર નથી મૌનપણું ભજવા યોગ્ય માર્ગ છે.**

(૮૩૨) વવાણિયા, જેઠ, ૧૯૫૪

સર્વ જગતના જીવો કંઇને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે; મોટો ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ, પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે; અને મેળવવામાં સુખ માને છે; પણ અહો! જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્‌માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે.

વિષયથી જેની ઇન્દ્રિયો આર્ત્ત છે, તેને શીતળ એવું આત્મસુખ, આત્મતત્ત્વ ક્યાંથી પ્રતીતિમાં આવે?

**પરમ ધર્મરૂપ ચંદ્ર પ્રત્યે રાહુ જેવો પરિગ્રહ તેથી હવે હું વિરામ પામવાને જ ઇચ્છું છું. અમારે પરિગ્રહને શું કરવો છે? કશું પ્રયોજન નથી.**

**સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ.**

(૮૩૩) વવાણિયા, જેઠ સુદ ૧, ૧૯૫૪

**સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ, માત્ર એકાંત શુદ્ધ, અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ, શુદ્ધ. પ્રકૃષ્ટ શુદ્ધ પરમ શાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજસ્વરૂપમય ઉપયોગ કરૂં છું, તન્મય થાઉં છું.**

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

(૮૩૯) મુંબઈ, અશાડ સુદ ૧૧, ૧૯૫૪

અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યક્‌દર્શનને નમસ્કાર.

(૮૪૮) ખેડા, બી. આસો સુદ ૯, ૧૯૫૪

લગભગ હવે ત્રણ મહિના પૂર્ણ થવા આવ્યા છે. આ ક્ષેત્રોમાં હવે સ્થિતિ કરવાની હમણાંને માટે વૃત્તિ રહી નથી. પરિચય વધવાનો વખત આવી જાય.

(૮૪૯) ખેડા, દ્વિ. આસો વદ, ૧૯૫૪

હે જીવ ! આ ક્લેશરૂપ સંસારથી નિવૃત્ત થા, નિવૃત્ત થા.

(૮૫૦)

મારૂં ચિત્ત, મારી ચિત્તવૃત્તિઓ એટલી બધી શાંત થઇ

જાઓ કે કોઈ મૃગ પણ આ શરીરને જોઈ જ રહે, ભય પામી નાસી ન જાય !

મારી ચિત્તવૃત્તિ એટલી શાંત થઇ જાઓ કે કોઈ વૃદ્ધ મૃગ જેના માથામાં ખૂજલી આવતી હોય તે આ શરીરને જડપદાર્થ જાણી પોતાનું માથું ખૂજલી મટાડવા આ શરીરને ઘસે !

## વર્ષ ૩૨ મું

(૮૫૧) મુંબઇ, કારતક સુદ ૧૪, ૧૯૫૫

**માનસિક વૃત્તિ કરતાં ઘણા જ પ્રતિકૂળ માર્ગમાં હાલ પ્રવાસ કરવો પડે છે. તપ્ત હૃદયથી અને શાંત આત્માથી સહન કરવામાં જ હર્ષ માનું છું.**

(૮૮૦) મુંબઈ, અશાડ સુદ ૮, ૧૯૫૫

અપ્રમત્ત સ્વભાવનું વારંવાર સ્મરણ કરીએ છીએ.

## વર્ષ ૩૩ મું

(૮૯૬) મુંબઈ, કારતક, ૧૯૫૬

પરમ વીતરાગોએ આત્મસ્થ કરેલું, યથાખ્યાત ચારિત્રથી પ્રગટેલું એવું પરમ અસંગપણું નિરંતર વ્યક્તાવ્યક્તપણે સંભારૂં છું.

(૯૧૨) ધર્મપુર, ચૈત્ર વદ ૧, ૧૯૫૬

"ધન્ય તે મુનિવરા જે ચાલે સમભાવે રે,
જ્ઞાનવંત જ્ઞાનીશું મળતાં તન મન વચને સાચા,
દ્રવ્યભાવ સુધા જે ભાખે, સાચી જિનની વાચા રે,
ધન્ય તે મુનિવરા જે ચાલે સમભાવે રે."

**બાહ્ય અને અંતર સમાધિયોગ વર્તે છે.**

(૯૧૭) અમદાવાદ, ભીમનાથ, વૈ. સુદ ૬, ૧૯૫૬

આજે દશા આદિ સંબંધી જે જણાવ્યું છે અને બીજ વાવ્યું છે તેને ખોતરશો નહિ. તે સફળ થશે.

**એક શ્લોક વાંચતાં અમને હજારો શાસ્ત્રનું જ્ઞાન થઇ તેમાં ઉપયોગ ફરી વળે છે.**

(૯૩૩)

અપૂર્વ શાંતિ અને સમાધિ અચળપણે વર્તે છે. કુંભક, રેચક પાંચે વાયુ સર્વોત્તમ ગતિને આરોગ્યબળ સહિત આપે છે.

(૯૩૫) વવાણિયા, જેઠ વદ ૦)), ૧૯૫૬

શરીર પ્રકૃતિ અમુક દિવસ સ્વસ્થ રહે છે અને અમુક દિવસ અસ્વસ્થ રહે છે. યોગ્ય સ્વસ્થતા પ્રત્યે હજુ ગમન કરતી નથી, તથાપિ અવિક્ષેપતા કર્ત્તવ્ય છે. શરીર પ્રકૃતિના અનુકૂળ પ્રતિકૂળપણાને આધીન ઉપયોગ અકર્ત્તવ્ય છે.

## વર્ષ ૩૪ મુ

(૯૫૧) રાજકોટ, ફાગણ વદ ૩, ૧૯૫૭

ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો. ત્યાં વચ્ચે સહરાનુ રણ સંપ્રાપ્ત થયું.

માથે ઘણો બોજો રહ્યો હતો તે આત્મવીર્યે કરી જેમ અલ્પકાળે વેદી લેવાય તેમ પ્રઘટના કરતાં પગે નિકાચિત ઉદયમાન થાક ગ્રહણ કર્યો.

જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી એ જ અદ્ભુત આશ્ચર્ય છે, અવ્યાબાધ સ્થિરતા છે.

પ્રકૃતિ ઉદયાનુસાર કંઇક અશાતા મુખ્યત્વે વેદી શાતા પ્રત્યે. ૐ શાંતિઃ

(૯૫૨) રાજકોટ, ફાગણ વદ ૧૩, ૧૯૫૭

ૐ શરીર સંબંધમાં બીજી વાર આજે અપ્રાકૃત ક્રમ શરૂ થયો.

જ્ઞાનીઓનો સનાતન સન્માર્ગ જયવંત વર્તો.

(૯૫૩) રાજકોટ, ચૈત્ર સુદ ૨, ૧૯૫૭

અનંત શાંતમૂર્તિ એવા ચંદ્રપ્રભસ્વામીને નમો નમઃ

વેદનીય તથારૂપ ઉદયમાનપણે વેદવામાં હર્ષશોક શો?

ૐ શાંતિઃ

(૯૫૪) રાજકોટ, ચૈત્ર સુદ ૯, ૧૯૫૭

આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઈ;
આવ્યે તેમ સ્વભાવમાં, મનસ્વરૂપ પણ જાઈ.
ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.

સુખ ધામ અનંત સુસંત ચહી,
દિન રાત્ર રહે તદ્ ધ્યાન મહીં;
પરશાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વર તે જય તે.

(૯૫૫) મોરબી, ચૈત્ર સુદ ૧૧।।, ૧૯૫૭

જો કે ઘણો જ ધીમો સુધારો થતો હોય એમ જણાય છે, તો પણ હાલ પ્રકૃતિ ઠીક છે.

કંઈ રોગ હોય એમ જણાતું નથી. બધા ડોકટરોનો પણ એ જ અભિપ્રાય છે. નિર્બળતા ઘણી છે. તે ઘટે તેવા ઉપાય કે કારણોની અનુકૂળતાની જરૂર છે. હાલ તેવી કંઈ પણ અનુકૂળતા જણાય છે.

આવતી કાલ કે પરમ દિવસથી અત્રે એક અઠવાડિયા માટે ધારશીભાઈ રહેવાના છે. એટલે હાલ તો સહેજે આપનું આગમન ન થાય તો પણ અનુકૂળતા છે. મનસુખ પ્રસંગોપાત્ત ગભરાઈ જાય છે અને બીજાને ગભરાવી દે છે. તેવી કયારેક પ્રકૃતિ પણ હોય છે. અગત્ય જેવું હશે તો હું આપને બોલાવીશ. હાલ આપે આવવાનું મુલતવવું. નીચે મને કામ કર્યે જવું.

શાંતિઃ

## હાથનોંધ

(૧/૪)

જે પુરૂષ આ ગ્રંથમાં સહજ નોંધ કરે છે, તે પુરૂષ માટે સહજ તે જ પુરૂષ લખે છે.

તેની હમણાં એવી દશા અંતરંગમાં રહી છે કે કંઈક વિના સર્વ સંસારી ઇચ્છાની પણ તેણે વિસ્મૃતિ કરી નાખી છે.

તે કંઈક પામ્યો પણ છે અને પૂર્ણનો પરમ મુમુક્ષુ છે, છેલ્લા માર્ગનો નિઃશંક જિજ્ઞાસુ છે.

હમણાં જે આવરણો તેને ઉદય આવ્યાં છે, તે આવરણોથી એને ખેદ નથી, પરંતુ વસ્તુભાવમાં થતી મંદતાનો ખેદ છે.

તે ધર્મની વિધિ, અર્થની વિધિ, કામની વિધિ, અને તેને આધારે મોક્ષની વિધિને પ્રકાશી શકે તેવો છે. ઘણા જ થોડા પુરૂષોને પ્રાપ્ત થયો હશે એવો એ કાળનો ક્ષયોપશમી પુરૂષ છે.

તેને પોતાની સ્મૃતિ માટે ગર્વ નથી, તર્ક માટે ગર્વ નથી, તેમ તે માટે તેનો પક્ષપાત પણ નથી; તેમ છતાં કંઈક બહાર રાખવું પડે છે, તેને માટે ખેદ છે.

તેનું અત્યારે એક વિષય વિના બીજા વિષય પ્રતિ ઠેકાણું નથી. તે પુરૂષ જો કે તીક્ષ્ણ ઉપયોગવાળો છે; તથાપિ તે તીક્ષ્ણ ઉપયોગ બીજા કોઈ પણ વિષયમાં વાપરવા તે પ્રીતિ ધરાવતો નથી.

(૧/૫)

એક વાર તે સ્વભુવનમાં બેઠો હતો. જગતમાં કોણ સુખી છે, તે જોઉં તો ખરો, પછી આપણે આપણે માટે વિચાર. એની એ જિજ્ઞાસા પૂર્ણ કરવા અથવા પોતે તે સંગ્રહસ્થાન જોવા માટે ઘણા પુરૂષો(આત્માઓ) ઘણા પદાર્થો તેની સમીપે આવ્યા.

'એમાં કોઇ જડ પદાર્થ હતો નહીં.'

'કોઈ એકલો આત્મા જોવામાં આવ્યો નહીં.'

માત્ર કેટલાક દેહધારીઓ હતા; જેઓ મારી નિવૃત્તિને માટે આવ્યા હોય એમ તે પુરૂષને શંકા થઈ.

વાયુ, અગ્નિ કે પાણી, ભૂમિ એ કોઈ કેમ આવ્યું નથી?

(નેપથ્ય) તેઓ સુખનો વિચાર પણ કરી શકતાં નથી. દુઃખથી બિચારાં પરાધીન છે.

બે ઇન્દ્રિય જીવો કેમ આવ્યા નથી?

(નેપથ્ય) એને માટે પણ એ જ કારણ છે. આ ચક્ષુથી જુઓ. તેઓ બિચારાંને કેટલું બધું દુઃખ છે?

તેનો કંપ, તેનો થરથરાટ, પરાધીનપણું ઇત્યાદિક જોઈ શકાય તેવું નહોતું, તે બહુ દુઃખી હતાં.

(નેપથ્ય) એ જ ચક્ષુથી હવે તમે આખું જગત જોઈ લ્યો, પછી બીજી વાત કરો.

ઠીક ત્યારે. દર્શન થયું, આનંદ પામ્યો; પણ પાછો ખેદ જન્મ્યો.

(નેપથ્ય) હવે ખેદ કાં કરો છો ?

મને દર્શન થયું તે શું સમ્યક્ હતું ?

'હા.'

સમ્યક્ હોય તો પછી ચક્રવર્ત્યાદિક તે દુ:ખી કેમ દેખાય ?

'દુ:ખી હોય તે દુ:ખી અને સુખી હોય તે સુખી દેખાય.'

ચક્રવર્તી તો દુ:ખી નહીં હોય ?

'જેમ દર્શન થયું તેમ શ્રદ્ધો. વિશેષ જોવું હોય તો ચાલો મારી સાથે.'

ચક્રવર્તીના અંતઃકરણમાં પ્રવેશ કર્યો.

અંતઃકરણ જોઈને પેલું દર્શન સમ્યક્ હતું એમ મેં માન્યું. તેનું અંતઃકરણ બહુ દુ:ખી હતું. અનંત ભયના પર્યાયથી તે થરથરતું હતું. કાળ આયુષ્યની દોરીને ગળી જતો હતો. હાડ માંસમાં તેની વૃત્તિ હતી. કાંકરામાં તેની પ્રીતિ હતી. ક્રોધ, માનનો તે ઉપાસક હતો. બહુ દુ:ખ.

વારુ, આ દેવોનું દર્શન પણ સમ્યક્ સમજવું ?

'નિશ્ચય કરવા માટે ઇન્દ્રના અંતઃકરણમાં પ્રવેશ કરીએ.'

ચાલો ત્યારે—

(તે ઇન્દ્રની ભવ્યતાથી ભૂલ ખાધી.) તે પણ પરમ દુ:ખી હતો. બિચારો ચવીને કોઈ બીભત્સ સ્થળમાં જન્મવાનો હતો માટે ખેદ કરતો હતો. તેનામાં સમ્યક્દૃષ્ટિ નામની દેવી વસી

હતી. તે તેને ખેદમાં વિશ્રાંતિ હતી. એ મહાદુ:ખ સિવાય તેનાં બીજાં ઘણાંય અવ્યક્ત દુ:ખ હતાં.

પણ, (નેપથ્ય)—આ જડ એકલાં કે આત્મા એકલા જગતમાં નથી શું કે? તેઓએ મારા આમંત્રણને સન્માન આપ્યું નથી.

'જડને જ્ઞાન નહીં હોવાથી તમારૂં આમંત્રણ તે બિચારાં ક્યાંથી સ્વીકારે? સિદ્ધ (એકાત્મભાવી) તમારૂં આમંત્રણ સ્વીકારી શકતા નથી. તેની તેમને કંઈ દરકાર નથી.'

એટલી બધી બેદરકારી? આમંત્રણને તો માન્ય કરવું જોઈએ; તમે શું કહો છો?

'એને આમંત્રણ-અનામંત્રણથી કંઈ સંબંધ નથી, તેઓ પરિપૂર્ણ સ્વરૂપ સુખમાં વિરાજમાન છે.'

એ મને બતાવો. એકદમ-બહુ ત્વરાથી.

'તેનું દર્શન બહુ દુર્લભ છે. લ્યો આ અંજન આંજી દર્શન પ્રવેશ ભેળાં કરી જુઓ.'

અહો! આ બહુ સુખી છે. એને ભય પણ નથી, શોક પણ નથી, હાસ્ય પણ નથી. વૃદ્ધતા નથી, રોગ નથી. આધિયે નથી, વ્યાધિયે નથી, ઉપાધિયે નથી, એ બધુંય નથી. પણ અનંત અનંત સચ્ચિદાનંદ સિદ્ધિથી તેઓ પૂર્ણ છે. આપણને એવા થવું છે.

'ક્રમે કરીને થઈ શકશો.'

**તે ક્રમ બ્રમ અહીં ચાલશે નહીં.** અહીં તો તુરત તે જ પદ જોઇએ.

'જરા શાંત થાઓ. સમતા રાખો; અને ક્રમને અંગીકાર કરો. નહીં તો તે પદયુક્ત થવું નહી સંભવે.'

**"થવું નહી સંભવે" એ તમારાં વચન તમે પાછાં લ્યો. ક્રમ ત્વરાથી બતાવો અને તે પદમાં તુરત મોકલો."**

'ઘણા માણસો આવ્યા છે. તેમને અહીં બોલાવો. તેમાંથી તમને ક્રમ મળી શકશે.'

ઇચ્છયું કે તેઓ આવ્યા;—

તમે મારૂં આમંત્રણ સ્વીકારી આવ્યા તે માટે તમારો ઉપકાર માનું છું. તમે સુખી છો, એ વાત ખરી છે શું? તમારૂં પદ શું સુખવાળું ગણાય છે એમ?

'તમારૂં આમંત્રણ સ્વીકારવું, ન સ્વીકારવું એવું અમને કંઇ બંધન નથી. અમે સુખી છીએ કે દુઃખી તેવું બતાવવાને પણ અમારૂં અહીં આગમન નથી. અમારા પદની વ્યાખ્યા કરવા માટે પણ આગમન નથી. તમારા કલ્યાણને અર્થે અમારૂં આગમન છે.' એક વૃદ્ધ પુરૂષે કહ્યું.

કૃપા કરીને ત્વરાથી કહો, આપ મારૂં શું કલ્યાણ કરશો તે અને આવેલા પુરૂષોનું ઓળખાણ પાડો.

તેમણે પ્રથમ ઓળખાણ પાડી.

આ વર્ગમાં ૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૨ એ અંકવાળા

મુખ્યે મનુષ્યો છે. તે સઘળા તમે જે પદને પ્રિય ગણ્યું તેના આરાધક યોગીઓ છે.

૪ થી તે પદ જ સુખરૂપ છે, અને બાકીની જગત વ્યવસ્થા અમે જેમ માનીએ છીએ તેમ માને છે. તે પદની અંતરંગની તેની અભિલાષા છે પણ તેઓ પ્રયત્ન કરી શકતા નથી; કારણ થોડો વખત સુધી તેમને અંતરાય છે

અંતરાય શી? કરવા માટે તત્પર થાય એટલે થયું.

વૃદ્ધઃ—તમે ત્વરા ન કરો. તેનું સમાધાન હમણાં જ તમને મળી શકશે, મળી જશે.

ઠીક, આપની તે વાતને સમ્મત થઉં છું.

વૃદ્ધઃ—આ '૫'ના અંકવાળો એ કંઈક પ્રયત્ન પણ કરે છે. બાકી '૪'ના પ્રમાણે છે. '૬' સર્વ પ્રકારે પ્રયત્ન કરે છે, પણ પ્રમત્તદશાથી પ્રયત્નમાં મંદતા આવી જાય છે. '૭' સર્વ પ્રકારે અપ્રમત્તપ્રયત્ની છે. '૮–૯–૧૦' તેના કરતાં ક્રમે ઉજ્વળ, પણ તે જ જાતિના છે. '૧૧'ના અંકવાળા પતિત થઈ જાય છે માટે અહીં તેનું આગમન નથી. દર્શન થવા માટે બારમે જ હું-હમણાં હું તે પદને સંપૂર્ણ જોવાનો છું, પરિપૂર્ણતા પામવાનો છું. આયુષ્યસ્થિતિ પૂરી થયે તમે જોયેલું પદ, તેમાં એક મને પણ જોશો.

પિતાજી, તમે મહાભાગ્ય છો.

આવા અંક કેટલા છે?

વૃદ્ધ:—ત્રણ અંક પ્રથમના તમને અનુકૂળ ન આવે. અગિયારમાંનું પણ તેમ જ. '૧૩–૧૪' તમારી પાસે આવે એવું તેમને નિમિત્ત રહ્યું નથી. '૧૩' યત્કિંચિત્ આવે; પણ પૂ. ક. (પૂર્વકર્મ) હોય તો તેઓનું આગમન થાય, નહીં તો નહીં. ચૌદમાનું આગમનકારણ માગશો નહીં, કારણ નથી.

(નેપથ્ય) "તમે એ સઘળાનાં અંતરમાં પ્રવેશ કરો. હું સહાયક થઉં છું."

ચાલો. ૪ થી ૧૧ + ૧૨ સુધી ક્રમે ક્રમે સુખની ઉત્તરોત્તર ચઢતી લહરીઓ છૂટતી હતી, વધુ શું કહીએ? મને તે બહુ પ્રિય લાગ્યું અને એ જ મારૂં પોતાનું લાગ્યું.

વૃદ્ધે મારા મનોગત ભાવ જાણીને કહ્યું : એ જ તમારો કલ્યાણમાર્ગ. જાઓ તો ભલે; અને આવો તો આ સમુદાય રહ્યો.

**ઊઠીને ભળી ગયો.**

(સ્વવિચાર ભુવન, દ્વાર પ્રથમ).

(૧/૬)

કાયાનું નિયમિતપણું.

વચનનું સ્યાદ્વાદપણું.

મનનું ઔદાસીન્યપણું.

આત્માનું મુક્તપણું.

( આ છેલ્લી સમજણ )

(૧/૭) આત્મ સાધન

દ્રવ્ય—હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું.

ક્ષેત્ર—અસંખ્યાત નિજ અવગાહના પ્રમાણ છું.

કાળ—અજર, અમર, શાશ્વત છું. સ્વપર્યાયપરિણામી સમયાત્મક છું.

ભાવ—શુદ્ધ ચૈતન્ય માત્ર નિર્વિકલ્પ દૃષ્ટા છું.

(૧/૧૦)

આ કાળમાં મારૂં જન્મવું માનું તો દુઃખદાયક છે; અને માનું તો સુખદાયક પણ છે.

પુનર્જન્મ છે—જરૂર છે—એ માટે હું અનુભવથી હા કહેવામાં અચળ છું.

એવું હવે કોઈ વાંચન રહ્યું નથી કે જે વાંચી જોઈએ. છીએ તે પામીએ એ જેના સંગમાં રહ્યું છે તે સંગની આ કાળમાં ન્યૂનતા થઈ પડી છે.

વિકરાળ કાળ! વિકરાળ કર્મ! વિકરાળ આત્મા! જેમ ....પણ એમ.

હવે ધ્યાન રાખો એ જ કલ્યાણ.

(૧/૧૧)

એટલું જ શોધાય તો બધું પામશો. ખચિત એમાં જ છે. મને ચોક્કસ અનુભવ છે. યથાર્થ કહું છું. નિઃશંક માનો.

એ સ્વરૂપ માટે સહજ સહજ કોઈ સ્થળે લખી વાળ્યું છે.

(૧/૧૨)

મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;
હોતા સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ.
સમજ પિછેં સબ સરલ હૈ, બિનૂ સમજ મુશ્કીલ;
યે મુશકીલી ક્યા કહું? ......................

ખોજ પિંડ બ્રહ્માંડકા, પત્તા તો લગ જાય;
યેહિ બ્રહ્માંડિ વાસના, જબ જાવે તબ ........
આપ આપકું ભુલ ગયા, ઇનસેં ક્યા અંધેર?
સમર સમર અબ હસત હૈં, નહિ ભૂલેંગે ફેર.

જહાં કલપના–જલપના, તહાં માનું દુઃખ છાંઇ;
મિટે કલપના–જલપના, તબ વસ્તુ તિન પાઈ.
હે જીવ! ક્યા ઇચ્છત હવે? હૈ ઇચ્છા દુઃખ મૂલ;
જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.

ઐસી કહાઁસે મતિ ભઈ, આપ આપ હૈં નાહિં;
આપનકું જબ ભુલ ગયે, અવર કહાઁસે લાઈ.
આપ આપ એ શોધસેં, આપ આપ મિલ જાય;
આપ મિલન નય બાપકો, ........... ...........

(૧/૧૩)

એક વાર તે સ્વભુવનમાં બેઠો હતો....પ્રકાશ હતો; ઝંખાશ હતી. મંત્રીએ આવીને તેને કહ્યું, આપ શું વિચારણામાં પરિશ્રમ લો છો? તે યોગ્ય હોય તો આ દીનને દર્શાવી ઉપકૃત કરશો.

(૧/૧૬)

એ ત્યાગી પણ નથી, અત્યાગી પણ નથી.

એ રાગી પણ નથી, વીતરાગી પણ નથી.

પોતાનો ક્રમ નિશ્ચળ કરો. તેની ચોબાજુ નિવૃત્ત ભૂમિકા રાખો.

આ દર્શન થાય છે તે કાં વૃથા જાય છે?

એનો વિચાર પુનઃ પુનઃ વિચારતાં મૂર્છા આવે છે.

સંતજનોએ પોતાનો ક્રમ મૂક્યો નથી.

મૂક્યો છે તે પરમ અસમાધિને પામ્યા છે.

સંતપણું અતિ અતિ દુર્લભ છે. આવ્યા પછી સંત મળવા દુર્લભ છે. સંતપણાની જિજ્ઞાસાવાળા અનેક છે. પરંતુ સંતપણું દુર્લભ તે દુર્લભ જ છે.

(૧/૧૭) પ્રકાશ ભુવન

ખચીત તે સત્ય છે. એમ જ સ્થિતિ છે. તમે આ ભણી વળો—

તેઓએ રૂપકથી કહ્યું છે. ભિન્ન ભિન્ન પ્રકારે તેથી બોધ થયો છે, અને થાય છે; પરંતુ તે વિભંગરૂપ છે.

આ બોધ સમ્યક્ છે. તથાપિ ઘણો જ સૂક્ષ્મ અને મોહ ટળ્યે ગ્રાહ્ય થાય તેવો છે. સમ્યક્ બોધ પણ પૂર્ણ સ્થિતિમાં રહ્યો નથી. તો પણ જે છે તે યોગ્ય છે. એ સમજીને હવે ઘટતો માર્ગ લ્યો.

કારણ શોધો મા, ના કહો મા, કલ્પના કરો મા. એમજ છે.

એ પુરૂષ યથાર્થ વક્તા હતો. અયથાર્થ કહેવાનું તેમને કોઈ નિમિત્ત નહોતું.

(૧/૧૯)

**તે દશા શાથી અવરાઈ? અને તે દશા વર્ધમાન કેમ ન થઈ?**

**લોકના પ્રસંગથી, માનેચ્છાથી, અજાગૃતપણાથી, સ્ત્રી આદિ પરિષહનો જય ન કરવાથી.**

જે ક્રિયાને વિષે જીવને રંગ લાગે છે, તેને ત્યાંજ સ્થિતિ હોય છે, એવો જે જિનનો અભિપ્રાય તે સત્ય છે.

અનંતા જ્ઞાની પુરૂષોએ જેનું પ્રાયશ્ચિત કહ્યું નથી, જેના ત્યાગનો એકાંત અભિપ્રાય આપ્યો છે એવો જે કામ તેથી જે મૂંઝાયા નથી, તે જ પરમાત્મા છે.

(૧/૨૧)

૨ – ૨ – ૩ મા – ૧૯૫૧*

---

* સં. ૧૯૫૧ પોષ વદ ૨ ના રોજ પરિગ્રહ પરિમાણની વિચારણા કરી સંભવે છે, કે ઉદાસીનભાવથી મુંબઈમાં એક વર્ષ ને આઠ માસ સુધીની સ્થિતિની ઈચ્છા રાખી એક લાખ રૂપીયાની દ્રવ્યમર્યાદા રાખવી. એમ છતાં પ્રારબ્ધાનુસાર જે સ્થિતિ ઉત્પન્ન થાય તે વેદવી.

| | |
|---|---|
| દ્રવ્ય, | એક લક્ષ |
| ક્ષેત્ર, | મોહમયી |
| કાળ, | મા વ |
| | ૮ ૧ |
| ભાવ, | ઉદયભાવ |

| | | |
|---|---|---|
| દ્રવ્ય– | એક લક્ષ | ઉદાસીન |
| ક્ષેત્ર– | મોહમયી | |
| કાળ– | ૮ – ૧ | ઇચ્છા |
| ભાવ– | ઉદયભાવ | પ્રારબ્ધ |

(૧/૩૧)

કાંઇક ગૃહવ્યવહાર શાંત કરી, પરિગ્રહાદિ કાર્યથી નિવૃત્ત થવું. અપ્રમત્ત ગુણસ્થાન પર્યંત પહોંચવું. કેવળ ભૂમિકાનું સહજપરિણામી ધ્યાન—

(૧/૩૨)

ધન્ય રે દિવસ આ અહો, જાગી રે શાંતિ અપૂર્વ રે;
દસ વર્ષે રે ધારા ઉલસી, મટયો ઉદય કર્મનો ગર્વ રે.
ધન્ય૦

ઓગણીસસેં ને એકત્રીસે, આવ્યો અપૂર્વ અનુસાર રે;
ઓગણીસસેં ને બેતાલીસે, અદ્ભુત વૈરાગ્ય ધાર રે.
ધન્ય૦

ઓગણીસસેં ને સુડતાલીસે, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;
શ્રુત અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે.
ધન્ય૦

ત્યાં આવ્યો રે ઉદય કારમો, પરિગ્રહ કાર્ય પ્રપંચ રે;
જેમ જેમ તે હડસેલીએ, તેમ વધે ન ઘટે રંચ રે.
ધન્ય૦

વધતું એમ જ ચાલિયું, હવે દીસે ક્ષીણ કાંઇ રે;
ક્રમે કરીને રે તે જશે, એમ ભાસે મનમાંહી રે.
ધન્ય૦

યથા હેતુ જે ચિત્તનો, સત્ય ધર્મનો ઉદ્ધાર રે;
થશે અવશ્ય આ દેહથી, એમ થયો નિર્ધાર રે.
ધન્ય૦

આવી અપૂર્વ વૃત્તિ અહો. થશે અપ્રમત્ત યોગ રે;
કેવળ લગભગ ભૂમિકા, સ્પર્શીને દેહ વિયોગ રે.
ધન્ય૦

અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે.
ધન્ય૦

(૧/૩૮)

આવી મિશ્રગુણસ્થાનક જેવી સ્થિતિ ક્યાં સુધી રાખવી ? જે વાત ચિત્તમાં નહીં, તે કરવી અને જે ચિત્તમાં છે તેમાં ઉદાસ રહેવું એવો વ્યવહાર શી રીતે થઇ શકે ?

વૈશ્યવેષે અને નિગ્રંથભાવે વસતાં કોટી કોટી વિચાર થયા કરે છે. વેષ અને તે વેષ સંબંધી વ્યવહાર જોઈ લોકદૃષ્ટિ તેવું માને એ ખરૂં છે, અને નિર્ગ્રંથભાવે વર્તતું ચિત્ત તે વ્યવહારમાં યથાર્થ ન પ્રવર્તી શકે એ પણ સત્ય છે; માટે એવા બે પ્રકારની એક સ્થિતિ કરી વર્તી શકાતું નથી, કેમકે પ્રથમ પ્રકારે વર્તતાં નિર્ગ્રંથભાવથી ઉદાસ રહેવું પડે તો જ યથાર્થ વ્યવહાર સાચવી શકાય એમ છે, અને નિર્ગ્રંથભાવે વસીએ તો પછી તે વ્યવહાર ગમે તેવો થાય તેની ઉપેક્ષા કરવી ઘટે. જો ઉપેક્ષા ન કરવામાં આવે તો નિર્ગ્રંથભાવ હાનિ પામ્યા વિના રહે નહીં.

તે વ્યવહાર ત્યાગ્યા વિના અથવા અત્યંત અલ્પ કર્યા વિના નિર્ગ્રંથતા યથાર્થ રહે નહીં અને ઉદયરૂપ હોવાથી વ્યવહાર ત્યાગ્યો જતો નથી.

આ સર્વ વિભાવયોગ મટ્યા વિના અમારું ચિત્ત બીજા કોઈ ઉપાયે સંતોષ પામે એમ લાગતું નથી.

તે વિભાવયોગ બે પ્રકારે છે; એક પૂર્વે નિષ્પન્ન કરેલો એવો ઉદયસ્વરૂપ, અને બીજો આત્મબુદ્ધિએ કરી રંજનપણે કરવામાં આવતો ભાવસ્વરૂપ.

આત્મભાવે વિભાવ સંબંધી યોગ તેની ઉપેક્ષા જ શ્રેયભૂત લાગે છે. નિત્ય તે વિચારવામાં આવે છે, તે વિભાવપણે વર્તતો આત્મભાવ ઘણો પરિક્ષીણ કર્યો છે અને હજી પણ તે જ પરિણતિ વર્તે છે.

તે સંપૂર્ણ વિભાવયોગ નિવૃત્ત કર્યા વિના ચિત્ત વિશ્રાંતિ પામે એમ જણાતું નથી, અને હાલ તો તે કારણે કરી વિશેષ ક્લેશ વેદન કરવો પડે છે, કેમકે ઉદય વિભાવ ક્રિયાનો છે અને ઇચ્છા આત્મભાવમાં સ્થિતિ કરવાની છે.

તથાપિ એમ રહે છે કે, ઉદયનું વિશેષ કાળ સુધી વર્તવું રહે તો આત્મભાવ વિશેષ ચંચળ પરિણામને પામશે; કેમકે આત્મભાવ વિશેષ સંધાન કરવાનો અવકાશ ઉદયની પ્રવૃત્તિને લીધે પ્રાપ્ત ન થઈ શકે, અને તેથી તે આત્મભાવ કંઈ પણ અજાગૃતપણાને પામે.

જે આત્મભાવ ઉત્પન્ન થયો છે, તે આત્મભાવ પર જો વિશેષ લક્ષ કરવામાં આવે તો અલ્પકાળમાં તેનું વિશેષ વર્ધમાનપણું થાય અને વિશેષ જાગૃતાવસ્થા ઉત્પન્ન થાય અને થોડા કાળમાં હિતકારી એવી ઉગ્ર આત્મદશા પ્રગટે, અને જો ઉદયની સ્થિતિ પ્રમાણે ઉદયનો કાળ રહેવા દેવાનો વિચાર કરવામાં આવે તો હવે આત્મશિથિલતા થવાનો પ્રસંગ આવશે, એમ લાગે છે; કેમકે દીર્ઘકાળનો આત્મભાવ હોવાથી અત્યાર સુધી ઉદયબળ ગમે તેવું છતાં તે આત્મભાવ હણાયો નથી, તથાપિ કંઈક કંઈક તેની અજાગૃતાવસ્થા થવા દેવાનો વખત આવ્યો છે; એમ છતાં પણ હવે કેવળ ઉદય પર ધ્યાન આપવામાં આવશે તો શિથિલભાવ ઉત્પન્ન થશે.

જ્ઞાની પુરૂષો ઉદયવશ દેહાદિ ધર્મ નિવર્તે છે. એ રીતે પ્રવૃત્તિ કરી હોય તો આત્મભાવ હણાવો ન જોઇએ; એ માટે

તે વાત લક્ષ રાખી ઉદય વેદવો ઘટે છે, એમ વિચાર પણ હમણાં ઘટતો નથી, કેમકે જ્ઞાનનાં તારતમ્ય કરતાં ઉદયબળ વધતું જોવામાં આવે તો જરુર ત્યાં જ્ઞાનીએ પણ જાગૃતદશા કરવી ઘટે, એમ શ્રી સર્વજ્ઞે કહ્યું છે.

(૧/૩૯)

મૌનદશા ધારણ કરવી ?

વ્યવહારનો ઉદય એવો છે કે તે ધારણ કરેલી દશા લોકોને કષાયનું નિમિત્ત થાય, તેમ વ્યવહારની પ્રવૃત્તિ બને નહીં.

ત્યારે તે વ્યવહાર નિવૃત્ત કરવો ?

તે પણ વિચારતાં બનવું કઠણ લાગે છે, કેમકે તેવી કંઈક સ્થિતિ વેદવાનું ચિત્ત રહ્યા કરે છે. પછી તે શિથિલતાથી, ઉદયથી કે પરેચ્છાથી કે સર્વજ્ઞ દૃષ્ટથી, એમ છતાં પણ અલ્પ કાળમાં આ વ્યવહારને સંક્ષેપ કરવા ચિત્ત છે.

તે વ્યવહાર કેવા પ્રકારે સંક્ષેપ થઇ શકશે ?

કેમકે તેનો વિસ્તાર વિશેષપણે જોવામાં આવે છે. વ્યાપાર સ્વરૂપે, કુટુંબપ્રતિબંધે, યુવાવસ્થા પ્રતિબંધે, દયાસ્વરૂપે, વિકારસ્વરૂપે, ઉદયસ્વરૂપે–એ આદિ કારણે તે વ્યવહાર વિસ્તારરૂપ જણાય છે.

**હું એમ જાણું છું કે અનંતકાળથી અપ્રાપ્તવત્ એવું આત્મસ્વરૂપ કેવળજ્ઞાન–કેવળદર્શન સ્વરૂપે અંતર્મુહૂર્તમાં ઉત્પન્ન કર્યું છે, તો પછી વર્ષ છ માસ કાળમાં આટલો**

**આ વ્યવહાર કેમ નિવૃત્ત નહીં થઈ શકે?** માત્ર જાગૃતિના ઉપયોગાંતરથી તેની સ્થિતિ છે, અને તે ઉપયોગના બળને નિત્ય વિચાર્યેથી અલ્પકાળમાં તે વ્યવહાર નિવૃત્ત થઈ શકવા યોગ્ય છે. તો પણ તેની કેવા પ્રકારે નિવૃત્તિ કરવી, એ હજી વિશેષપણે મારે વિચારવું ઘટે છે એમ માનું છું, કેમકે વીર્યને વિષે કંઇપણ મંદ દશા વર્તે છે. તે મંદ દશાનો હેતુ શો?

ઉદયબળે પ્રાપ્ત થયો એવો પરિચય માત્ર પરિચય, એમ કહેવામાં કાંઈ બાધ છે? તે પરિચયને વિષે વિશેષ અરુચિ રહે છે, તે છતાં તે પરિચય કરવો રહ્યો છે. તે પરિચયનો દોષ કહી શકાય નહીં, પણ નિજ દોષ કહી શકાય. અરુચિ હોવાથી ઇચ્છારૂપ દોષ નહીં કહેતાં ઉદયરૂપ દોષ કહ્યો છે.

(૧/૪૦-૪૧)

ઘણો વિચાર કરી નીચેનું સમાધાન થાય છે.

એકાંત દ્રવ્ય, એકાંત ક્ષેત્ર, એકાંત કાળ અને એકાંત ભાવ-રૂપ સંયમ આરાધ્યા વિના ચિત્તની શાંતિ નહીં થાય એમ લાગે છે. એવો નિશ્ચય રહે છે. તે યોગ હજી કંઈ દૂર સંભવે છે, કેમકે ઉદયનું બળ જોતાં તે નિવૃત્ત થતાં કંઈક વિશેષ કાળ જશે.

**મહા સુદ ૭ શનિવાર વિક્રમ સંવત ૧૯૫૧, ત્યાર પછી દોઢ વર્ષથી વધારે સ્થિતિ નહીં, અને તેટલા કાળમાં ત્યાર પછી જીવનકાળ શી રીતે વેદવો તે વિચારવાનું બનશે.**

(૧/૪૪)

હે જીવ! અસારભૂત લાગતા એવા આ વ્યવસાયથી હવે નિવૃત્ત થા, નિવૃત્ત! તે વ્યવસાય કરવાને વિષે ગમે તેટલો બળવાન પ્રારબ્ધોદય દેખાતો હોય તો પણ તેથી નિવૃત્ત થા, નિવૃત્ત!

જો કે શ્રી સર્વજ્ઞે એમ કહ્યું છે કે ચૌદમે ગુણઠાણે વર્તતો એવો જીવ પણ પ્રારબ્ધ વેદ્યા વિના મુક્ત થઇ શકે નહીં, તો પણ તું તે ઉદયનો આશ્રયરૂપ હોવાથી નિજ દોષ જાણી તેને અત્યંત તીવ્રપણે વિચારી તેથી નિવૃત્ત થા, નિવૃત્ત!

કેવળ માત્ર પ્રારબ્ધ હોય, અને અન્ય કર્મદશા વર્તતી ન હોય તો તે પ્રારબ્ધ સહેજે નિવૃત્ત થવા દેવાનું બને છે, એમ પરમપુરૂષે સ્વીકાર્યું છે; પણ તે કેવળ પ્રારબ્ધ ત્યારે કહી શકાય કે જ્યારે પ્રાણાંતપર્યંત નિષ્ઠા-ભેદદૃષ્ટિ ન થાય, અને તને સર્વ પ્રસંગમાં એમ બને છે, એવું જ્યાં સુધી કેવળ નિશ્ચય ન થાય ત્યાં સુધી શ્રેય એ છે કે, તેને વિષે ત્યાગબુદ્ધિ ભજવી, આ વાત વિચારી હે જીવ! હવે તું અલ્પકાળમાં નિવૃત્ત થા, નિવૃત્ત!

(૧/૪૫)

હે જીવ! હવે તું સંગનિવૃત્તિરૂપ કાળની પ્રતિજ્ઞા કર, પ્રતિજ્ઞા કર!

કેવળ સંગનિવૃત્તિરૂપ પ્રતિજ્ઞાનો વિશેષ અવકાશ જોવામાં ન આવે તો અંશસંગનિવૃત્તિરૂપ એવો આ વ્યવસાય તેને ત્યાગ!

જે જ્ઞાનદશામાં ત્યાગાત્યાગ કંઈ સંભવે નહીં તે જ્ઞાનદશાની સિદ્ધિ છે જેને વિષે એવો તું સર્વસંગત્યાગદશા અલ્પકાળ વેદીશ તો સંપૂર્ણ જગત પ્રસંગમાં વર્તે તો પણ તને બાધરૂપ ન થાય. એ પ્રકાર વર્તે છતે પણ નિવૃત્તિ જ પ્રશસ્ત સર્વજ્ઞે કહી છે, કેમકે ઋષભાદિ સર્વ પરમપુરૂષે છેવટે એમ જ કર્યું છે.

(૧/૪૬)

સં. ૧૯૫૧ના વૈશાખ સુદ ૫ સોમે સાયંકાળથી પ્રત્યાખ્યાન.

સં. ૧૯૫૧ના વૈશાખ સુદ ૧૪ ભોમે.

(૧/૮૪)

મોહમયી ક્ષેત્રસંબંધી ઉપાધિ પરિત્યાગવાને આઠ મહિના અને દશ દિવસ બાકી છે; અને તે પરિત્યાગ થઈ શકવા યોગ્ય છે.

બીજે ક્ષેત્રે ઉપાધિ (વ્યાપાર) કરવાના અભિપ્રાયથી મોહમયી ક્ષેત્રની ઉપાધિનો ત્યાગ કરવાનો વિચાર રહે છે, એમ નથી.

પણ જ્યાંસુધી સર્વસંગપરિત્યાગરૂપ યોગ નિરાવરણ થાય નહીં ત્યાં સુધી જે ગૃહાશ્રમ વર્તે તે ગૃહાશ્રમમાં કાળ વ્યતીત કરવા વિષેનો વિચાર કર્ત્તવ્ય છે. જે વ્યવહારમાં વર્તવું તે વ્યવહારનો વિચાર કર્ત્તવ્ય છે, કેમકે પૂર્વાપર અવિરોધપણું નહીં તો રહેવું કઠણ છે.

(૧/૮૭-૮૮)

અકિંચનપણાથી વિચરતાં એકાંત મૌનથી જિનસદૃશ ધ્યાનથી તન્મયાત્મસ્વરૂપ એવો ક્યારે થઈશ ?

એક વાર વિક્ષેપ શમ્યા વિના બહુ સમીપ આવી શકવા યોગ્ય અપૂર્વ સંયમ પ્રગટશે નહીં. કેમ, ક્યાં સ્થિતિ કરીએ ?

(૨/૧)

રાગ, દ્વેષ અને અજ્ઞાનનો આત્યંતિક અભાવ કરી જે સહજ શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિત થયા તે સ્વરૂપ અમારૂં સ્મરણ, ધ્યાન અને પામવા યોગ્ય સ્થાન છે.

(૨/૧૧)

૭—૧૨—૫૪*
૩૧—૧૧—૨૨

આમ કાળ વ્યતીત થવા દેવો યોગ્ય નથી, સમયે સમયે આત્મોપયોગે ઉપકારી કરીને નિવૃત્ત થવા દેવા યોગ્ય છે.

અહો આ દેહની રચના ! અહો ચેતન ! અહો તેનું સામર્થ્ય ! અહો જ્ઞાની ! અહો તેની ગવેષણા ! અહો તેમનું ધ્યાન ! અહો તેમની સમાધિ ! અહો તેમનો સંયમ ! અહો

---

* સંવત ૧૯૫૪, (૧૨) આસો સુદ ૭; ૩૧મું વર્ષ, ૧૧મો મહિનો, બાવીસમો દિવસ. (જન્મતિથિ સં. ૧૯૨૪, કારતક સુદ ૧૫ હોવાથી સં. ૧૯૫૪ આસો સુદ ૭મે, ૩ મુ વર્ષ, ૧૧મો મહિનો ને ૨૨મો દિવસ આવે છે.)

તેમનો અપ્રમત્તભાવ! અહો તેમની પરમ જાગૃત્તિ! અહો તેમનો વીતરાગ સ્વભાવ! અહો તેમનું નિરાવરણ જ્ઞાન! અહો તેમના યોગની શાંતિ! અહો તેમના વચનાદિ યોગનો ઉદય!

હે આત્મા! આ બધું તને સુપ્રતીત થયું છતાં અપ્રમત્તભાવ કેમ? મંદ પ્રયત્ન કેમ? જઘન્ય મંદ જાગૃતિ કેમ? શિથિલતા કેમ? મૂંઝવણ કેમ? અંતરાયનો હેતુ શો?

અપ્રમત્ત થા, અપ્રમત્ત થા.

પરમ જાગૃત સ્વભાવ ભજ, પરમ જાગૃત સ્વભાવ ભજ.

(૨/૧૭)

હું અસંગ શુદ્ધ ચેતન છું, વચનાતીત, નિર્વિકલ્પ, એકાંત શુદ્ધ અનુભવસ્વરૂપ છું. હું પરમ શુદ્ધ, અખંડ ચિદ્‌ધાતુ છું.

અચિદ્‌ધાતુના સંયોગરસનો આ આભાસ તો જુઓ!

આશ્ચર્યવત્, આશ્ચર્યરૂપ ઘટના છે.

કંઈ પણ અન્ય વિકલ્પનો અવકાશ નથી.

સ્થિતિ પણ એમ જ છે.

(૨/૧૮)

પરાનુગ્રહ પરમ કારુણ્યવૃત્તિ કરતાં પણ પ્રથમ ચૈતન્ય જિનપ્રતિમા થા, ચૈતન્ય જિનપ્રતિમા થા.

તેવો કાળ છે? તે વિષે નિર્વિકલ્પ થા.

તેવો ક્ષેત્રયોગ છે? ગવેષ.

તેવું પરાક્રમ છે? અપ્રમત્ત શૂરવીર થા.

તેટલું આયુષબળ છે?

શું લખવું? શું કહેવું? અંતર્મુખ ઉપયોગ કરીને જો.

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

(૨/૧૯)

**હે કામ! હે માન! હે સંગઉદય!**

**હે વચનવર્ગણા! હે મોહ! હે મોહદયા!**

**હે શિથિલતા! તમે શા માટે અંતરાય કરો છો?**

**પરમ અનુગ્રહ કરીને હવે અનુકૂળ થાઓ! અનુકૂળ થાઓ.**

(૨/૨૦)

હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યક્દર્શન! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો. આ અનાદિ અનંત સંસારમાં અનંત અનંત જીવો તારા આશ્રય વિના અનંત અનંત દુઃખને અનુભવે છે.

તારા પરમાનુગ્રહથી સ્વસ્વરૂપમાં રુચિ થઈ. પરમ વિતરાગ સ્વભાવ પ્રત્યે પરમ નિશ્ચય આવ્યો. કૃતકૃત્ય થવાનો માર્ગ ગ્રહણ થયો.

હે જિન વીતરાગ! તમને અત્યંત ભક્તિથી નમસ્કાર કરું છું. તમે આ પામર પ્રત્યે અનંત અનંત ઉપકાર કર્યો છે.

હે કુંદકુંદાદિ આચાર્યો ! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે, તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરૂં છું.

હે શ્રી સોભાગ ! તારા સત્સમાગમના અનુગ્રહથી આત્મદશાનું સ્મરણ થયું તે અર્થે તને નમસ્કાર હો.

(૩/૭)

હું કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સહજ નિજ અનુભવસ્વરૂપ છું. વ્યવહારદૃષ્ટિથી માત્ર આ વચનનો વક્તા છું. પરમાર્થથી તો માત્ર તે વચનથી વ્યંજિત મૂળ અર્થરૂપ છું.

તમારાથી જગત ભિન્ન છે, અભિન્ન છે, ભિન્નાભિન્ન છે ?
ભિન્ન, અભિન્ન, ભિન્નાભિન્ન, એવો અવકાશ સ્વરૂપમાં નથી.
વ્યવહારદૃષ્ટિથી તેનું નિરૂપણ કરીએ છીએ.

જગત મારા વિષે ભાસ્યમાન હોવાથી અભિન્ન છે, પણ જગત જગત સ્વરૂપે છે, હું સ્વસ્વરૂપે છું, તેથી જગત મારાથી કેવળ ભિન્ન છે. તે બંને દૃષ્ટિથી જગત મારાથી ભિન્નાભિન્ન છે.

ૐ શુદ્ધ નિર્વિકલ્પ ચૈતન્ય.

(૩/૮) ૐ નમઃ

કેવળજ્ઞાન.

એક જ્ઞાન.

સર્વ અન્ય ભાવના સંસર્ગરહિત એકાંત શુદ્ધ જ્ઞાન.

સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું સર્વ પ્રકારથી એક સમયે જ્ઞાન. તે કેવળજ્ઞાનનું અમે ધ્યાન કરીએ છીએ.

નિજસ્વભાવરૂપ છે. સ્વતત્ત્વભૂત છે. નિરાવરણ છે. અભેદ છે. નિર્વિકલ્પ છે. સર્વ ભાવનું ઉત્કૃષ્ટ પ્રકાશક છે.

(૩/૯)

હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું, એમ સમ્યક્ પ્રતીત થાય છે. તેમ થવાના હેતુઓ સુપ્રતીત છે.

**સર્વ ઇન્દ્રિયોનો સંયમ કરી, સર્વ પરદ્રવ્યથી નિજ-સ્વરૂપ વ્યાવૃત્ત કરી, યોગને અચલ કરી, ઉપયોગથી ઉપયોગની એકતા કરવાથી કેવળજ્ઞાન થાય.**

(૩/૧૦) આકાશવાણી

તપ કરો; તપ કરો; શુદ્ધ ચૈતન્યનું ધ્યાન કરો; શુદ્ધ ચૈતન્યનું ધ્યાન કરો.

(૩/૧૧)

હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું. અસંખ્યાત પ્રદેશાત્મક નિજ અવગાહનાપ્રમાણ છું.

અજન્મ, અજર, અમર, શાશ્વત છું. સ્વપર્યાય પરિણામી સમયાત્મક છું.

શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ માત્ર નિર્વિકલ્પ દૃષ્ટા છું.

(૩/૨૬)

સ્વપર ઉપકારનું મહત્ કાર્ય હવે કરી લે! ત્વરાથી કરી લે!

અપ્રમત્ત થા–અપ્રમત્ત થા.

શું કાળનો ક્ષણવારનો પણ ભરૂંસો આર્યપુરૂષોએ કર્યો છે?

હે પ્રમાદ! હવે તું જા, જા.

હે બ્રહ્મચર્ય! હવે તું પ્રસન્ન થા, પ્રસન્ન થા.

હે વ્યવહારોદય! હવે પ્રબળથી ઉદય આવીને પણ તું શાંત થા, શાંત.

હે દીર્ઘસૂત્રતા! સુવિચારનું, ધીરજનું, ગંભીરપણાનું પરિણામ તું શા માટે થવા ઇચ્છે છે?

હે બોધબીજ! તું અત્યંત હસ્તામલકવત્ વર્ત, વર્ત.

હે જ્ઞાન! તું દુર્ગમ્યને પણ હવે સુગમ સ્વભાવમાં લાવી મૂક.

હે ચારિત્ર! પરમ અનુગ્રહ કર, પરમ અનુગ્રહ કર.

હે યોગ! તમે સ્થિર થાઓ, સ્થિર થાઓ.

હે ધ્યાન! તું નિજસ્વભાવાકાર થા, નિજસ્વભાવાકાર થા.

હે વ્યગ્રતા! તું જતી રહે, જતી રહે.

હે અલ્પ કે મધ્યમ અલ્પ કષાય! હવે તમે ઉપશમ થાઓ, ક્ષીણ થાઓ. અમારે કંઇ તમારા પ્રત્યે રુચિ રહી નથી.

હે સર્વજ્ઞપદ! યથાર્થ સુપ્રતીતપણે તું હૃદયાવેશ કર, હૃદયાવેશ કર.

હે અસંગ નિર્ગ્રંથપદ! તું સ્વાભાવિક વ્યવહાર-રૂપ થા!

હે પરમ કરુણામય સર્વ પરમહિતના મૂળ વીતરાગ ધર્મ! પ્રસન્ન થા, પ્રસન્ન.

હે આત્મા! તું નિજસ્વભાવાકાર વૃત્તિમાં જ અભિ-મુખ થા, અભિમુખ થા. ૐ

હે વચન સમિતિ! હે કાય અચપળતા! હે એકાંતવાસ અને અસંગતા! તમે પણ પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ.

ખળભળી રહેલી એવી જે આભ્યંતર વર્ગણા તે કાં તો અભ્યંતર જ વેદી લેવી, કાં તો તેને સ્વચ્છ પુટ દઈ ઉપશમ કરી દેવી.

જેમ નિસ્પૃહતા બળવાન તેમ ધ્યાન બળવાન થઈ શકે, કાર્ય બળવાન થઇ શકે.

## સહી

| વર્ષ, મિતિ | પત્રાંક | કોના ઉપર | સહી |
|---|---|---|---|
| **વર્ષ ૨૦** | | | |
| સં. ૧૯૪૩ | ૨૭ | ચત્રભુજ બેચર | (૧) આશુપ્રજ્ઞ રાજચંદ્ર (૨) ત્યાગીના ય૦ |
| ,, | ૨૮ | ,, ,, | રાયચંદ્ર |
| **વર્ષ ૨૧** | | | |
| ૧૯૪૪, કા. સુ. ૫ | ૨૯ | ,, ,, | રાયચંદના જિનાય નમઃ |
| આ. વ. ૨ | ૩૭ | જૂઠાભાઈ ઊજમશી | રાયચંદ્ર |
| **વર્ષ ૨૨** | | | |
| ૧૯૪૫, મા. સુ. ૧૨ | ૪૨ | ,, ,, | રાયચંદ |
| મા. વ. ૭ | ૪૩ | ,, ,, | રાયચંદના પ્રણામ |
| મા. વ. ૧૨ | ૪૪ | ,, ,, | ,, ,, |
| મા. વ. ૦)) | ૪૫ | ,, ,, | ,, ,, |
| માગશર | ૪૬ | ,, ,, | ,, ,, |
| મહા સુ. ૧૪ | ૪૭ | ખીમજી દેવજી | માત્ર રવજી આત્મજ રાયચંદના પ્રણામ —નિરાગ શ્રેણી સમુચ્ચયે |
| ,, વ. ૭ | ૪૯ | જૂઠાભાઈ ઊજમશી | રાયચંદના પ્રણામ |

| | | | |
|---|---|---|---|
| ૧૯૪૫, મહા વ.૭ | ૫૦ | .... .... | રાયચંદના સત્પુરૂષોને નમસ્કાર સહિત પ્રણામ |
| ,, ,, | ૫૧ | .... .... | ,, ,, |
| ,, વ.૧૦ | ૫૨ | ખીમજી દેવજી | રાયચંદના પ્રણામ, સત્પુરૂષોને નમસ્કાર સમેત |
| ફા. સુ. ૬ | ૫૩ | જૂઠાભાઈ ઊજમશી | રાયચંદના પ્રણામ |
| ચૈ. સુ.૧૧ | ૫૬ | ,, ,, | ,, ,, |
| વૈ. સુ. ૧ | ૫૯ | ,, ,, | રાયચંદ |
| વૈ. સુ. ૬ | ૬૧ | મનસુખરામ સૂર્યરામ | આપના માધ્યસ્થ વિચારોના અભિલાષી રાયચંદ રવજીભાઈના પંચાંગી પ્રશસ્ત ભાવે પ્રણામ. |
| જે. સુ. ૪ | ૬૪ | ,, ,, | ધર્મજીવનના ઇચ્છક રાયચંદ રવજીભાઈના વિનયભાવે પ્રશસ્ત પ્રણામ. |
| જે. વ.૧૨ | ૬૬ | ,, ,, | ધર્મોપજીવનના ઇચ્છક રાયચંદ રવજીભાઈના યથાવિધિ પ્રણામ. |
| અ. સુ. ૮ | ૬૭ | ખીમજી દેવચંદ | રાયચંદ |
| અ. સુ.૧૫ | ૬૮ | મનસુખરામ સૂર્યરામ | ધર્મોપજીવન ઇચ્છક રાયચંદના વિનયયુક્ત પ્ર૦ |
| શ્રા. સુ. ૧ | ૭૦ | .... .... | રાયચંદના પ્રણામ |
| શ્રા. સુ. ૩ | ૭૧ | ,, ,, | વિ. આ. રાયચંદ રવજીભાઈના પ્રણામ |
| ભા. સુ. ૨ | ૭૪ | જૂઠાભાઈ ઊજમશી | રાજ્ય. ના ય. આ. |
| આ. વ.૧૦ | ૭૬ | ,, ,, | રાયચંદના પ્રણામ |

| વર્ષ, મિતિ | પત્રાંક | કોના ઉપર | સહી |
|---|---|---|---|
| વર્ષ ૨૩ | | | |
| સં. ૧૯૪૬ | | | |
| કા. સુ. ૭ | ૮૭ | મનસુખરામ સૂર્યરામ | રાયચંદના વિનયપૂર્વક પ્રણામ |
| મા. સુ. ૯ | ૯૪ | જૂઠાભાઈ ઊજમશી | રાયચંદના પ્રણામ |
| પો. વ. ૯ | ૯૮ | ,, ,, | તમારો શુભચિંતક રાયચંદ્ર |
| ફા. સુ. ૮ | ૧૦૬ | ,, ,, | રાયચંદના પ્રણામ, તમને અને તેમને |
| અ. સુ. ૫ | ૧૧૫ | અંબાલાલ લાલચંદ | રાયચંદના પ્રણામ |
| અ. સુ.૧૫ | ૧૧૮ | ,, ,, | ઉપાધિગ્રાહ્ય રાયચંદના યથાયોગ્ય |
| અ. વ. ૭ | ૧૧૯ | ,, ,, | વિ. રાયચંદ |
| — | ૧૨૪ | | રાયચંદના યથાયોગ્ય |
| શ્રા. વ.૧૩ | ૧૨૫ | ખીમજી દેવજી | ,, ,, |
| પ્ર. ભા. સુ. ૪ | ૧૨૭ | ,, | ,, ,, |
| ,, સુ. ૬ | ૧૨૮ | અંબાલાલ લાલચંદ | ,, ,, |
| ,, સુ.૧૧ | ૧૩૦ | ખીમજી દેવજી | રાયચંદના યથોચિત |
| ,, વ. ૫ | ૧૩૧ | અંબાલાલ લાલચંદ | ,, ,, |
| બી. ભા. સુ. ૨ | ૧૩૩ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | રાયચંદના પ્રણામ |

| | | | |
|---|---|---|---|
| બી. ભા. સુ. ૮ | ૧૩૪ | ત્રિભોવન, અંબાલાલ | રાયચંદના યથાયોગ્ય |
| ,, સુ.૧૪ | ૧૩૫ | ,, ,, | રાયચંદ્રના ય. |
| ,, ,, | ૧૩૬ | ખીમજી દેવજી | રાયચંદ |
| ,, વ. ૪ | ૧૩૭ | ત્રિભોવન માણેકચંદ | રાયચંદ્રના ય. |
| ,, વ. ૭ | ૧૩૯ | અંબાલાલ લાલચંદ | **તમારા સમાગમનો ઇચ્છિક રાયચંદ (અનામ)ના પ્રણામ** |
| ,, વ.૧૨ | ૧૪૧ | સૌભાગ્યચંદ લલ્લુભાઈ | આજ્ઞાંકિત |
| ,, વ.૧૩ | ૧૪૩ | ખીમજી દેવજી | **પ્રારબ્ધથી જીવતા રાયચંદના યથા.** |
| ,, વ.૦)) | ૧૪૪ | સૌભાગ્યચંદ લલ્લુભાઈ | વિ. આ. રા. |
| આ. સુ. ૨ | ૧૪૫ | ખીમજી દેવજી | રાયચંદના યથા. |
| ,, સુ. ૫ | ૧૪૬ | અંબાલાલ લાલચંદ | **લખનાર અવ્યક્તદશા** |
| ,, સુ. ૬ | ૧૪૭ | ખીમજી દેવજી | વિ. રાયચંદના યથા. |
| ,, સુ.૧૦ | ૧૪૮ | અંબાલાલ લાલચંદ | રાયચંદના યથોચિત |
| ,, સુ.૧૨ | ૧૫૩ | ત્રિભોવન માણેકચંદ | વિ. રાયચંદના ય. |
| વર્ષ ૨૪ | | | |
| સં. ૧૯૪૭ | | | |
| કા. સુ. ૫ | ૧૬૫ | સૌભાગ્યચંદ લલ્લુભાઈ | વિ. આજ્ઞાંકિતના રાયચંદના પ્રણામ |
| ,, સુ.૧૩ | ૧૬૮ | ,, ,, | આજ્ઞાંકિત |
| ,, સુ.૧૪ | ૧૭૦ | ,, ,, | વિ. આ. રાયચંદ |

| વર્ષ, મિતિ | પત્રાંક | કોના ઉપર | સહી |
|---|---|---|---|
| કા. સુ. ૧૪ | ૧૭૧ | અંબાલાલ લાલચંદ | વિ. રાયચંદના ય. |
| ,, ,, | ૧૭૨ | મુનિશ્રી લલ્લુજી | **સર્વકાળ એ જ કહેવા માટે જીવવા ઇચ્છનાર રાયચંદની વંદના** |
| ,, વ. ૩ | ૧૭૩ | ત્રિભોવન આદિ | વિ. રાયચંદના ય. |
| ,, વ. ૫ | ૧૭૪ | અંબાલાલ લાલચંદ | ,, |
| ,, વ. ૮ | ૧૭૫ | ,, ,, | ,, |
| કા. વ. ૯ | ૧૭૬ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | વિ. આજ્ઞાંકિત રાયચંદના દંડવત્ |
| કા. વ. ૧૪ | ૧૭૭ | ત્રિભોવન માણેકચંદ | વિ. રાયચંદના ય૦ |
| કા. વ. ૦)) | ૧૭૮ | અંબાલાલ લાલચંદ | ,, |
| મા. સુ. ૪ | ૧૮૦ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | વિ રાયચંદ |
| ,, સુ. ૯ | ૧૮૧ | છોટાલાલ માણેકચંદ | ,, |
| ,, સુ. ૧૩ | ૧૮૨ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | ,, |
| ,, સુ. ૧૪ | ૧૮૩ | .... .... | **મિથ્યાનામધારીના યથા૦** |
| ,, વ. ૭ | ૧૮૫ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | વિ. આ. રાયચંદ |
| ,, વ. ૧૦ | ૧૮૬ | અંબાલાલ લાલચંદ | રાયચંદના યથાયોગ્ય |
| પો. સુ. ૯ | ૧૯૦ | ,, ,, | વિ. રાયચંદના ય૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| પો | સુ.૧૪ | ૧૯૨ | અંબાલાલ | લાલચંદ | વિ. નિમિત્તમાત્ર |
| ,, | વ. ૨ | ૧૯૩ | ,, | ,, | વિ. રા. |
| મ. | સુ. ૯ | ૧૯૭ | સોભાગ્યચંદ | લલ્લુભાઈ | વિ. આજ્ઞાંકિત |
| ,, | સુ. | ૨૦૦ | મણીલાલ | સોભાગ્યચંદ | ઇતિ શિવમ્ |
| ,, | વ. ૩ | ૨૦૧ | સોભાગ્યચંદ | લલ્લુભાઈ | વિ. આજ્ઞાંકિતના દંડવત્ |
| ,, | વ. ૩ | ૨૦૨ | ચત્રભુજ | બેચર | વિ. રાયચંદના ય૦ |
| ,, | વ. ૪ | ૨૦૩ | અંબાલાલ | લાલચંદ | ,, |
| ફા. | સુ. ૪ | ૨૧૩ | સોભાગ્યચંદ | લલ્લુભાઈ | વિ. આજ્ઞાંકિત— |
| ,, | સુ. ૫ | ૨૧૪ | ,, | ,, | ,, |
| ,, | સુ. | ૨૧૭ | ,, | ,, | આજ્ઞાંકિત રાયચંદ |
| ફા. | વ. ૮ | ૨૨૧ | ,, | ,, | વિ. રાયચંદ |
| ફા. | | ૨૨૬ | છોટાલાલ | માણેકચંદ | ,, |
| ચૈ. | સુ. ૯ | ૨૩૨ | ત્રિભોવન | માણેકચંદ | વિ. રાયચંદના પ્રણામ |
| ,, | સુ.૧૫ | ૨૩૬ | અંબાલાલ | લાલચંદ | ,, |
| ,, | વ. ૨ | ૨૩૭ | ત્રિભોવન | માણેકચંદ | ,, |
| ,, | વ. ૭ | ૨૩૯ | સોભાગ્યચંદ | લલ્લુભાઈ | વિ. રાયચંદ |
| જે. | સુ.૧૫ | ૨૫૦ | ,, | ,, | લિ. આજ્ઞાંકિત રાયચંદ્ર |
| ,, | વ. ૬ | ૨૫૧ | ,, | ,, | લિ. આજ્ઞાંકિત |

| વર્ષ, મિતિ | પત્રાંક | કોના ઉપર | સહી |
|---|---|---|---|
| સં. ૧૯૪૭ | | | |
| અ. સુ. ૧ | ૨૫૩ | અંબાલાલ લાલચંદ | વિ. રાયચંદ |
| ,, સુ.૧૩ | ૨૫૫ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ |
| ,, | ૨૫૮ | ,, ,, | વિ. આ. રાયચંદના પ્ર. |
| શ્રા. સુ. ૧ | ૨૫૯ | ,, ,, | લિ. ઇશ્વરાર્પણ |
| ,, સુ. ૯ | ૨૬૧ | અંબાલાલ લાલચંદ | લિ. સમાધિ |
| ભા. વ. ૪ | ૨૭૧ | ,, ,, | લિ. સત્‌માં અભેદ |
| ,, વ. ૪ | ૨૭૨ | કુંવરજી મગનલાલ | લિ. અપ્રગટ સત્‌ |
| ,, વ.૧૩ | ૨૮૧ | ખીમજી દેવજી | વિ. રાયચંદના ય૦ |
| ,, વ.૦)) | ૨૮૩ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | વિ. રાયચંદના પ્રણામ |
| વર્ષ ૨૫મું<br>સં. ૧૯૪૮ | | | |
| કા. સુ. ૮ | ૩૦૧ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | વિ. રાયચંદના ય૦ |
| ,, સુ.૧૩ | ૩૦૩ | અંબાલાલ લાલચંદ | અપ્રગટ સત્‌ |
| ,, વ. ૭ | ૩૦૬ | , ,, | ,, ,, |
| મા. સુ.૧૪ | ૩૦૮ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | પ્રણામ પહોંચે |

| | | | |
|---|---|---|---|
| મા. વ.૦)) | ૩૦૯ | સોભાગ્યચંદ લલ્લુભાઇ | યથાર્થ બોધસ્વરૂપના યથાર્થ |
| પો. સુ. ૫ | ૩૧૨ | અંબાલાલ લાલચંદ | બોધસ્વરૂપના યથાયોગ્ય |
| ,, સુ.૧૧ | ૩૧૫ | સોભાગ્યચંદ લલ્લુભાઇ | શ્રી બોધસ્વરૂપના યથાયોગ્ય |
| , વ. ૯ | ૩૧૭ | ,, ,, | લિ. યથાર્થ બોધસ્વરૂપના ય૦ |
| ,, વ.૧૩ | ૩૧૮ | કુંવરજી મગનલાલ | શ્રી બોધસ્વરૂપ |
| મ. વ. | ૩૨૯ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | લિ. વીતરાગભાવના યથાયોગ્ય |
| ફા. સુ.૧૦ | ૩૩૪ | ,, ,, | અભિન્ન બોધમયના પ્રણામ પહોંચે |
| ,, વ. ૬ | ૩૪૨ | ,, ,, | લિ. બોધબીજ |
| ચૈ. સુ. ૯ | ૩૫૨ | ચત્રભુજ બેચર | લિ. રાયચંદના પ્રણામ |
| ,, વ. ૧ | ૩૫૫ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | સ્વરૂપસ્થ યથાયોગ્ય |
| ,, વ. ૧ | ૩૫૬ | અંબાલાલ લાલચંદ | સમસ્થિતભાવ |
| વૈ. સુ. ૪ | ૩૬૨ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | સમાધિરૂપ |
| ,, સુ.૧૧ | ૩૬૫ | ,, ,, | સત્સ્વરૂપપૂર્વક નમસ્કાર |
| ,, વ. ૬ | ૩૬૮ | ,, ,, | ભેદ રહિત એવા અમે છીએ. |
| ,, વ.૧૩ | ૩૭૧ | કુંવરજી મગનલાલ | શ્રી સ્વરૂપના યથાયોગ્ય |
| ,, વ.૧૪ | ૩૭૨ | સોભાગ્યચંદ લલ્લુભાઇ | શ્રી — |
| ,, વ.૧૪ | ૩૭૩ | ધારસીભાઇ, નવલચંદભાઈ | અપ્રતિબદ્ધ પ્રણામ |

| વર્ષ, મિતિ | પત્રાંક | કોના ઉપર | સહી |
|---|---|---|---|
| વૈ વ. | ૩૭૬ | અંબાલાલ લાલચંદ | અવિષમપણે જ્યાં આત્મધ્યાન વર્તે છે, એવા જે "શ્રી રાયચંદ્ર" તે પ્રત્યે ફરી ફરી નમસ્કાર કરી આ પત્ર અત્યારે પૂરું કરીએ છીએ |
| અસાડ | ૩૮૫ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | સમસ્વરૂપ શ્રી રાયચંદ્રના યથાયોગ્ય |
| આ.વ.૦)) | ૩૮૬ | .... | સમાત્મપ્રદેશ સ્થિતિએ યથાયોગ્ય. શાંતિઃ |
| શ્રા. સુ. ૪ | ૩૮૮ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | આત્મપ્રદેશ સમસ્થિતિએ નમસ્કાર |
| ,, સુ.૧૦ | ૩૯૧ | અંબાલાલ લાલચંદ | તમ સર્વને નિષ્કામપણે યથા. |
| ,, વ.૧૧ | ૩૯૭ | ત્રિભોવન માણેકચંદ | "પ્રારબ્ધ દેહી" |
| ભા. સુ. ૧ | ૪૦૧ | મણીલાલ રાયચંદ | રાયચંદના નિષ્કામ યથાયોગ્ય |
| ,, સુ. ૭ | ૪૦૨ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | સહજ સ્વરૂપ |
| ,, વ. ૩ | ૪૦૭ | મણીલાલ રાયચંદ | નિષ્કામ યથાયોગ્ય |
| વર્ષ ૨૬મું સં. ૧૯૪૫ | | | |
| ફા. સુ.૧૪ | ૪૩૩ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | આત્મસ્વરૂપ |
| ,, વ. ૯ | ૪૩૪ | ,, ,, | અત્યંત ભક્તિ |

| | | | |
|---|---|---|---|
| ચૈ. વ. ૧ | ૪૪૨ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | આત્મ પ્રણામ |
| ,, વ.૦)) | ૪૪૫ | અંબાલાલ લાલચંદ | **આત્મસ્થિત** |
| વૈ. વ. ૬ | ૪૪૬ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | પ્રેમભક્તિએ નમસ્કાર |
| પ્ર અ.વ. ૩ | ૪૫૩ | ,, ,, | દાસાનુદાસ રાયચંદના પ્રણામ |
| ભા. સુ. ૬ | ૪૬૬ | .... | **વિપરીત કાળમાં એકાકી હોવાથી ઉદાસ !!!** |
| ભા. વ.૦)) | ૪૬૯ | .... | ( ૦ ૦ ૦ ૦ ) |
| આશ્વિન | ૪૭૬ | .... | નિષ્કામ ય. |
| **વર્ષ ૨૭** | | | |
| સં. ૧૯૫૦ | | | |
| કા. સુ. ૧૩ | ૪૭૮ | અંબાલાલ લાલચંદ | આ. સ્વ. પ્રણામ |
| મ. વ. ૪ | ૪૮૩ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | લિ. આત્મસ્વરૂપ |
| ,, વ. ૮ | ૪૮૪ | ,, ,, | આ. સ્વ.થી પ્રણામ |
| ફા. સુ. ૪ | ૪૮૫ | ,, ,, | આત્મસ્વરૂપે પ્રણામ |
| વૈ. સુ. ૯ | ૫૦૦ | મુનિશ્રી લલ્લુજી | આ. સ્વ. નમસ્કાર પ્રાપ્ત થાય |
| ,, વ. ૭ | ૫૦૧ | ,, ,, | આત્મસ્વરૂપે પ્રણામ |
| જે. સુ.૧૧ | ૫૦૭ | અંબાલાલ લાલચંદ | આ. સ્વ. પ્રણામ |
| ,, સુ.૧૪ | ૫૦૮ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | ,, |
| અ. સુ. ૬ | ૫૧૧ | ,, ,, | ,, |

સહી

| વર્ષ, મિતિ | પત્રાંક | કોના ઉપર | સહી |
|---|---|---|---|
| અ. સુ.૧૫ | ૫૧૨ | મુનિશ્રી લલ્લુજી | અ. સ્વ. પ્રણામ. |
| શ્રા. સુ.૧૧ | ૫૧૩ | ,, ,, | ,, |
| શ્રા. સુ.૧૪ | ૫૧૫ | અંબાલાલ લાલચંદ | ,, |
| ભા. સુ. ૪ | ૫૨૩ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | ,, |
| ભા. વ. ૧૨ | ૫૨૭ | ,, ,, | ,, |
| આ. વ. ૬ | ૫૩૦ | મોહનલાલ કરમચંદ ગાંધી (મહાત્મા ગાંધીજી) | રાયચંદના પ્રણામ |
| વર્ષ ૨૮ | | | |
| સં. ૧૯૫૧ કા. થી અશાડ | ૫૩૪ થી ૬૧૮ | વિવિધ મુમુક્ષુઓ | આ. સ્વ. પ્રણામ કે આત્મસ્વરૂપે પ્રણામ |
| અ. વ.૧૪ | ૬૧૯ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | **સહજાત્મસ્વરૂપ યથાયોગ્ય** |
| શ્રા. સુ.૧૨ | ૬૨૬ | મુનિશ્રી લલ્લુજી | સહજાત્મસ્વરૂપે યથા. |
| ,, વ. ૬ | ૬૨૮ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | સહજાત્મ ભાવનાએ યથા. |
| ,, વ.૧૪ | ૬૩૩ | મુનિશ્રી લલ્લુજી | સહજસ્વરૂપે યથાયોગ્ય |
| ભા. સુ. ૭ | ૬૩૫ | અંબાલાલ લાલચંદ | આ. સહજાત્મસ્વરૂપ |

| | | | |
|---|---|---|---|
| આ. વ. ૩ | ૬૪૪ | અંબાલાલ લાલચંદ | સહજાત્મસ્વરૂપે પ્રણામ |
| ,, વ.૧૧ | ૬૪૫ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | સહજાત્મસ્વરૂપે યથા. |
| વર્ષ ૨૯ | | | |
| સં. ૧૯૫૨ | | | |
| કા. | ૬૫૧ | ,, ,, | ૐ ૐ ૐ ૐ |
| કા. સુ.૧૩ | ૬૫૩ | મુનિશ્રી લલ્લુજી | સહજાત્મસ્વરૂપ |
| ચૈ. સુ.૧૩ | ૬૮૦ | (અંગત) | ૐ શ્રી મહાવીર |
| ભા. સુ.૧૧ | ૭૦૭ | .... | સહજાત્મસ્વરૂપે યથાયોગ્ય પ્રણામ |
| આ.વ. ૧૦ | ૭૧૯ | મુનિશ્રી લલ્લુજી આદિ | શ્રી સહજાત્મસ્વરૂપ |
| વર્ષ ૩૦ | | | |
| સં. ૧૯૫૩ | | | |
| મ. વ. ૪ | ૭૪૩ | ,, ,, | શ્રી સહજાત્મસ્વરૂપે યથા. |
| જે. સુ. | ૭૭૯ | સોભાગ્યચંદ લલ્લુભાઈ | શુદ્ધ સહજ આત્મસ્વરૂપ |
| વર્ષ ૩૧ | | | |
| સં. ૧૯૫૪ | | | |
| કા. વ. ૧ | ૮૧૫ | મુનિશ્રી લલ્લુજી | ૐ |
| ,, વ.૧૨ | ૮૧૭ | મુનદાસ પ્રભુદાસ | ૐ |
| પો. સુ. ૩ | ૮૨૧ | ત્રંબકલાલ સોભાગ્યચંદ | ૐ |
| જે. વ. ૧૪ | ૮૩૮ | મુનિશ્રી લલ્લુજી | શ્રી રાજચંદ્ર દેવ |
| પ્ર. આ. સુ. ૬ | ૮૪૩ | .... | નિર્વિકલ્પ |

| વર્ષ, મિતિ | પત્રાંક | કોના ઉપર | સહી |
|---|---|---|---|
| વર્ષ ૩૨<br>સં. ૧૯૫૫ | | | |
| મા. સુ.૧૪ | ૮૫૩ | સુખલાલ છગનલાલ | રાજ્યચંદ્ર |
| ,, સુ.૧૫ | ૮૫૪ | પોપટલાલ મહોકમચંદ | રાજચંદ્ર |
| ,, વ.૦)) | ૮૫૭ | અંબાલાલ લાલચંદ | શ્રી ૐ |
| બાદના વષમાં | | વિવિધ મુમુક્ષુઓ | ૐ, ૐ શાંતિ:, શમમ્ ( શમમ ) |
| વર્ષ ૩૩<br>સં. ૧૯૫૬ | ૮૯૬<br>થી<br>૯૪૬ | ,, ,, | ૐ શાંતિ:, ૐ, ૐ શાંતિ: શાંતિ: શાંતિ:, શાંતિ:, પરમ શાંતિ:, ૐ પરમ શાંતિ: |
| વર્ષ ૩૪<br>સં. ૧૯૫૭ | | | |
| કા. સુ. ૫ | ૯૪૭ | .... | શાંતિ: |
| ફા. સુ. ૬ | ૯૫૦ | મુનિશ્રી લલ્લુજી | ૐ શાંતિ: |
| ,, વ ૩ | ૯૫૧ | .... | ,, |
| ચૈ. સુ ૨ | ૯૫૩ | સુખલાલ છગનલાલ | ,, |
| ,, સુ.૧૧ા | ૯૫૫ | રેવાશંકર જગજીવન | શાતિ: |

# ટીપ્પણ

પૃષ્ટ ૧૫ વચનામૃત ૨૧ (૭૨)

"ક્રિયા એ કર્મ, ઉપયોગ એ ધર્મ, પરિણામ એ બંધ, ભ્રમ એ મિથ્યાત્વ, બ્રહ્મ તે આત્મા અને શંકા એ જ શલ્ય છે. શોકને સંભારવો નહીં : આ ઉત્તમ વસ્તુ જ્ઞાનીઓએ મને આપી."

આ અપૂર્વ સૈદ્ધાંતિક વચનોમાં સર્વ આગમોના સારનો સુંદર નિચોડ છે; તેમાં મોક્ષમાર્ગનું રહસ્ય સમાય છે; શું કરવાથી બંધન અને શું કરવાથી મુક્તિ તેનું યથાર્થ ભાન-સહિતનું જ્ઞાન આ વચનોથી પ્રગટ થાય છે. પૂર્વના સમ્યક્-જ્ઞાનના પવિત્ર પ્રભાવથી ને સદ્ધર્મના સંગ્રહિત સુસંસ્કારોના તેજસ્વી ઉઘાડથી મોક્ષની સરળ વાટ અને આચરવા યોગ્ય નિયમો સહજતાએ લક્ષગત થાય છે, તે બતાવનાર જ્વલંત દૃષ્ટાંત અહીંથી મળી રહે છે. જુઓ, આત્મદર્શી શ્રીમદ્દજી અત્ર કેવાં અનુપમ સૂત્રાત્મક સિદ્ધાંતવાક્યો પ્રકાશે છે અને નિર્માનપણે જણાવે છે કે આ ઉત્તમ, એકાંત કલ્યાણકારી ને હિતકર વસ્તુ જ્ઞાનીઓએ મને આપી; તે વચનોના ગર્ભમાં અંતરાનંદનો વાસ છે, આત્મસંતુષ્ટતાની દિવ્ય અને ઊંડી ઝલક છે, આત્મ-પ્રસન્નતાની તેજપૂર્ણ જ્યોતિ છે અને મૂક આભારની નિર્મળ લાગણી છે.

મન, વચન ને કાયાની હેતુપૂર્વક કે ઇચ્છાપૂર્વક પ્રવૃત્તિ

કરવાથી કર્મનો બંધ પડે છે. આત્માનો જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ ને ચારિત્રોપયોગ સ્થિર ને શાંત રાખવો તે સર્વોત્કૃષ્ટ ધર્મ છે; તેમ કરવાથી અનંત કર્મોનો ક્ષય થાય છે ને કર્મોથી વિમુક્ત થઇ ઉપયોગની શુદ્ધતાથી આત્મા પોતાની શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ, કેવળ નિર્વિકલ્પ દશાને સંપ્રાપ્ત થઈ અવ્યાબાધ સુખસ્વરૂપ સ્થિતિમાં સર્વ કાળને માટે રહે છે. જીવના અધ્યવસાય છે, પરપરિણામની ધારા છે તે જ બંધ છે, કેમકે ત્યાં ઉપયોગની રાગદ્વેષવાળી અશુદ્ધતા છે. રાગદ્વેષનું કારણ અજ્ઞાન છે, મિથ્યાત્વ છે, સ્વસ્વરૂપનું અજાણપણું છે અને તેને ભ્રમ કહ્યો છે. ભ્રમ ટળે તો બ્રહ્મ એટલે શુદ્ધાત્મા પ્રકટ થાય. સમસ્ત પ્રકારની શંકા એ શલ્ય જ છે : "જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ." જ્યાં શંકા છે, ત્યાં ચિત્તની સ્થિરતા નથી અને જ્યાં ચિત્તની સ્થિરતા નથી, ત્યાં સુખ નથી, આનંદ નથી, શાંતિ નથી. માટે સર્વ શંકાની નિવૃત્તિ કરવી અને નિઃશંકપણામાં આવવું એ ઉપદેશ છે. ગતં ન શોચ્યં એ ન્યાયે કહ્યું કે શોકને સંભારવો નહીં; તેમાં લાભ પણ નથી, ઊલટી નિર્બળતા ઉત્પન્ન થાય છે.

પૃષ્ટ ૧૬, વચનામૃત ૨૭.

"હું બીજો મહાવીર છું, એમ મને આત્મિક શક્તિવડે જણાયું છે. ....સૃષ્ટિને કેવા રૂપમાં મૂકીએ છીએ."

શ્રીમદે તેમના ૨૦મે વર્ષે પોતાના બનેવી શ્રી ચત્રભુજ બેચરને આ પત્ર લખ્યો છે; તેમાં મુખ્યપણે વીતરાગમાર્ગ સત્યસ્વરૂપે પ્રવર્તાવવાની તેમની ઉત્કૃષ્ટ અભિલાષા વ્યક્ત કરી

છે. તેમના સમયમાં પવિત્ર વીતરાગધર્મમાં અનેક મતભેદો પડી ગયા હતા તથા મૂળમાર્ગનો લોપ થઈ ગયો હતો તે જોઈ તેમનું હૃદય રડી ઊઠતું અને તેથી જ તેમના હૃદયમાંથી વયસુલભ ભાવાવેશ સંયુક્ત વચનો સરી પડે છે કે "એક ખરો ધર્મ ચલાવવા માટે આત્માએ ઝંપલાવ્યું છે. જે ધર્મ પ્રવર્તાવીશ જ." આ અગાઉના વચનામૃત ૨૧થી આપણે જાણીએ છીએ કે શ્રીમદ્‌ને સદ્‌ધર્મ સંબંધનું, સિદ્ધાંત સંબંધનું, તેનાં રહસ્ય સંબંધનું ઊંડું જ્ઞાન હતું જ; તેની સાથે પોતામાં પ્રગટ થયેલી આત્મિક શક્તિ પ્રત્યે દૃષ્ટિ દેતાં, તેને તાવી જોતાં તેમને સ્પષ્ટ જણાયું કે "હું બીજો મહાવીર છું" અર્થાત્ કાર્યની સિદ્ધિ માટે જે વીરતા જોઈએ તે પોતાનામાં છે એવા દૃઢ ભાન સહિતના આ ઉદ્‌ગાર છે, અને એ ઉદ્‌ગાર પણ વીરતાસૂચક નથી શું?

"સત્ય કહું છું કે હું સર્વજ્ઞ સમાન સ્થિતિમાં છું. વૈરાગ્યમાં ઝીલું છું." આ આખો પત્ર એવો છે કે જો અનેક પ્રકારની અપેક્ષાઓ લક્ષમાં ન લેવાય અને માત્ર વચનો પરથી અભિપ્રાય બાંધવામાં આવે તો ગંભીર ભૂલો થવા પૂરો સંભવ છે. જેમ સર્વજ્ઞ તીર્થંકર પ્રભુ તીર્થનું સ્થાપન કરી સત્યધર્મ પ્રવર્તાવે છે, તેમ શ્રીમદ્‌જીના પવિત્ર આત્મામાં પણ લોક-કલ્યાણના પવિત્ર ભાવની રમણતા છે; એ અપેક્ષાએ તેઓ સર્વજ્ઞ સમાન સ્થિતિમાં છે એમ કહી શકાય.

આગળનાં વચનો પરમાર્થથી જોતાં નીચે પ્રમાણેના અર્થવાળાં છે. "મહાવીરે તેના સમયમાં મારો (સ્વ અથવા

આત્મ ) ધર્મ ( ક્ષેત્ર અપેક્ષાએ ) કેટલાક અંશે (બિહારમાં) ચાલતો કર્યો હતો. હવે તેવા ( ઉત્તમોત્તમ પરમ ) પુરૂષોના ( નિર્દોષ ને નિર્મળ ) માર્ગને ( વિનય ભક્તિસહ ) ગ્રહણ કરી શ્રેષ્ઠ ધર્મ સ્થાપન કરીશ.... ( ક્ષેત્રની અમુક મર્યાદામાં નહીં પણ ) આખી સૃષ્ટિમાં પર્યટન કરીને પણ એ ધર્મ પ્રવર્તાવીશું. ....જુઓ તો ખરા ! સૃષ્ટિને કેવા (અનુપમ આધ્યાત્મિક) રૂપમાં મૂકીએ છીએ. ”

અહો, કેવી હોંશભરી ઉમેદ છે ! કેવા ઉજ્જવળ મનોરથ છે ! જગતના સમસ્ત જીવો સદ્ધર્મ સમજી, આરાધી, આત્માની સર્વોત્કૃષ્ટ શાંતદશાને પ્રાપ્ત થાય તે માટેની લગની-પૂર્વકની કેવી અભિલાષા છે !

પૃષ્ટ ૧૭, વચનામૃત ૨૮.

“ હજી મારા દર્શનને જગતમાં પ્રવર્તન કરવાને કેટલોક વખત છે....પંચમ કાળમાં પ્રવર્તન કરવામાં જે જે ચમત્કારો જોઇએ તે એકત્ર છે અને થતા જાય છે. ”

પવિત્ર વીતરાગમાર્ગને, સાક્ષાત્ વીરપ્રભુ પાસેથી સાંભળેલ, જાણેલ અને અનુભવેલ સદ્ધર્મમૂલક દર્શનને જગતમાં પ્રવર્તાવવાની કામના તો પૂરેપૂરી છે જ. પરંતુ સત્તાગત કર્મો પર દૃષ્ટિ દેતાં તેની સિદ્ધિ માટે હજુ વિલંબ દેખાય છે, તે વાત જેમ છે તેમ કહી બતાવે છે. આ હીન કાળમાં જીવોની વૃત્તિઓ મોહાધીન દશામાં વધતી જતી હોવાથી પરમાર્થ

પરિક્ષીણપણાને પામતો જાય છે; તેમાંથી બચાવવાનું સફળ કાર્ય માત્ર સમર્થ જ્ઞાની પુરૂષોથી જ થઈ શકે છે; અને આ સમર્થતા એટલે જ અદ્ભુત આત્મિક શક્તિઓ, જેને જગત ચમત્કારના નામથી ઓળખે છે. શ્રીમદ્‌માં આવી કેટલીક આશ્ચર્યકારક શક્તિઓ જન્મથી જ હતી, તેમ ઉત્તરોત્તર વિકાસ પામતી જતી હતી. તેમની અસાધારણ સ્મરણશક્તિ, તેમનો અદ્ભુત પ્રબળ ક્ષયોપશમ, મતિજ્ઞાનની નિર્મળતાથી ઉત્પન્ન ભૂત, વર્તમાન અને ભાવિ પ્રત્યક્ષપણે નિહાળવાની લબ્ધિઓ, જાતિસ્મૃતિજ્ઞાનની બહુલતા, ઉત્તમ પ્રકારની શતાવધાનની શક્તિ, શ્રેષ્ઠ કવિત્વશક્તિ, પરમાર્થનાં ગૂઢ રહસ્યો ઉકેલવાની સહજ શક્તિ ઇત્યાદિ ચમત્કારિક લબ્ધિઓ અને સત્તા તેમનામાં હતાં અને વિશેષ ખીલતાં જતાં હતાં.

આ જગ્યાએ વધુ એટલું જણાવીએ છીએ કે માર્ગ-પ્રવર્તન માટેની તેમની ઝંખના વયની વૃદ્ધિ સાથે, સમ્યક્‌જ્ઞાનની વૃદ્ધિ સાથે અને અમૃતાનુભવની વિશેષતા સાથે મંદ મંદ થતી ગઈ છે. સર્વસંગપરિત્યાગ ન થાય ત્યાં સુધી તે ભાવને અંતરમાં ગોપવી દીધો છે.

પૃષ્ટ ૧૯, વચનામૃત ૩૨.

" ડાબી આંખમાંથી ચાર પાંચ દિવસ થયાં એક નાના ચક્ર જેવો વીજળી સમાન ઝબકારો થયા કરે છે....પ્રકાશ અને દિવ્યતા વિશેષ રહે છે...."

પ્રભુપ્રેમમાં તરબોળ પરમાર્થપ્રેમી ભક્તજનને આ અને

આવા બીજા પ્રકારના અનુભવો થવા સહજ અને સાધારણ છે. પ્રથમાનુભવ વેળાએ આશ્ચર્ય થાય તે સત્ય છે; અનુભવ પરમાર્થ ઉત્સાહ વધારવામાં કારણભુત થાય છે અને પોતે સન્માર્ગ પ્રતિ છે અથવા સન્માર્ગમાં આરુઢ છે તેની પ્રતીતિ તે થકી મેળવે છે. તેવા કલ્યાણપ્રદ અનુભવની અસરથી તેનો આત્મા નીરવ શાંતિ પ્રત્યે, સમાધિની ગુફા પ્રત્યે કે સુંદર ધ્યાનની ઊજળી કેડી પ્રત્યે પ્રયાણ કરતો રહે છે

કોઈપણ પ્રકારનો પ્રકાશ એ આત્માના પ્રતીકરૂપ છે. સાધક અવસ્થામાં તે પ્રકાશનો અનુભવ ઘણું કરી સર્વને ન્યૂનાધિકપણે થાય છે અને તે બીજા નિમિત્તોની જેમ વિકાસને સૂચવનાર છે, પ્રકાશની શ્વેતતા અને તેજસ્વીતા વધુ, તેમ તેનું ફળ પણ મોટું. વિકાસની શ્રેણિમાં ઠીક આગળ વધ્યા પછી વધુ ઉચ્ચ કક્ષાના અનુભવો અવશ્ય થાય છે, થયા કરે છે. ભારતના સંત મહાત્માઓએ અને ભક્તજનોએ પોતાને થયેલ અનુભવો વાણીમાં ઉતાર્યા છે, જે આજે પણ સુપ્રસિદ્ધ છે. તેમાંના કેટલાંક સંતોના નામ આ રહ્યાં :—સંત જ્ઞાનેશ્વર, સંત તુકારામ, સંત તુલસીદાસ, સંત મીરાંબાઇ, સંત કબીર, આદિ.

શ્રીમદ્જીને અહીં જણાવેલ અનુભવ ઉપરાંત બીજા વિશિષ્ટ પ્રકારના અનુભવો ઘણા થયા હશે એમ માનવું ઉચિત છે, પરંતુ તે સંબંધી કોઇ ઉલ્લેખ કર્યો નથી, તેના કારણમાં એટલું જ કે તેઓ ધીર, વીર અને ગંભીર હતા, આવા અનુભવોથી પ્રેરણા મેળવી તેને ભૂલી જતા અને આત્માની પરમ

શુદ્ધદશાની પ્રાપ્તિના ધ્યેયને એકનિષ્ઠાએ વળગી રહેતા. તે ઉપરાંત પ્રસિદ્ધિથી તેઓ હંમેશા દૂર ને દૂર રહેતા.

પૃષ્ટ ૨૨, વચનામૃત ૪૩.

"મારા ભણી મોહદશા નહીં રાખો, હું તો એક અલ્પ શક્તિવાળું પામર મનુષ્ય છું."

સત્યના આરાધક હંમેશા સત્ય જ કહે અને આચરે. અહીં શ્રીમદ્જી સત્યના પંથના પથિક છે, પૂર્ણ સત્ય પામવાના કામી છે. પૂર્ણતાના લક્ષે જોતાં પોતાની વર્તમાન દશા જેવી છે તેવી કહી છે. આત્માની અનંત શક્તિઓ આગળ જે પ્રકટ શક્તિ દેખાય છે તે કેવળ અલ્પ છે, સંતની વાણીમાં પ્રમાણિકતાની પ્રધાનતા હોય છે.

પૃષ્ટ ૨૩, વચનામૃત ૪૪.

"પ્રણામ લખું તેની પણ ચિંતા ન કરો, હજુ પ્રણામ કરવાને લાયક જ છું, કરાવવાને નથી."

શ્રી જૂઠાભાઇ ઉપરના પત્રમાં શ્રીમદ્જીએ નીચે સહી કરતી વખતે પ્રણામ લખ્યા, તે શ્રી જુઠાભાઇને ઠીક ન લાગ્યું; તેના ઉત્તરરૂપે ઉપરનાં વચનો છે. શ્રીમદ્જી સ્પષ્ટ જણાવે છે કે તેઓ હજુ પ્રણામ કરવાને લાયક છે, કરાવવાને નથી. આ પરથી તેમની સરળતા, નિખાલસતા, પ્રમાણિકતા આદિ ગુણોનો આપણને બોધ મળે છે. પ્રણામ કરવાને લાયક છું એ સત્ય વાત સત્યતાએ કહેવામાં કેટલી મહત્તા સમાયેલી છે તે આથી દૃષ્ટિમાં આવી શકશે.

પૃષ્ઠ ૨૪, વચનામૃત ૫૦.

"ધર્મ સંબંધી મારી વર્તના તે સર્વજ્ઞ પરમાત્માના જ્ઞાનમાં દૃશ્ય થતી હોય તે ખરી. ....ખરી સ્થિતિમાં હજુ એકાદ અંશ પણ આવ્યો હોઉં એમ કહેવું તે આત્મપ્રશંસા-રૂપ જ સંભવે છે."

શ્રીમદ્‌ને ગૃહાશ્રમી થયાને એક વર્ષ પૂરૂં થયું છે. લગ્ન પહેલાંનો અને પછીનો તેમનો વૈરાગ્ય ઘણાના જાણવામાં છે અને તેથી તે સંબંધે પ્રશ્નો થાય તે સ્વાભાવિક છે. તે પ્રશ્નના ઉત્તરરૂપ આ પત્ર છે; તેમાં તેઓ જણાવે છે કે "આંતર્ પ્રવૃત્તિ ગમે તેટલી નિરાગશ્રેણિ ભણી વળતી હોય પણ બાહ્યને આધીન હજુ બહુ વર્તવું પડે એ દેખીતું છે, અને ધર્મ સંબંધી મારી વર્તના તે સર્વજ્ઞ પરમાત્માના જ્ઞાનમાં દૃશ્ય થતી હોય તે ખરી." અર્થાત્ પોતાના આત્માને સંતોષ થાય તેવી ધર્મપ્રવર્તના થતી હોય તેમ જણાતું નથી. આડું શું આવે છે? તો કહે છે કે કર્મો, "ઉદય આવેલાં કર્મો ભોગવું છું." તેથી કરીને અત્યંત પ્રમાણિકપણે, અકપટભાવે સ્પષ્ટતાથી જણાવે છે કે ખરી, વાસ્તવિક, સાચી સ્થિતિમાં હજુ એકાદ અંશ પણ આવ્યો હોઉં એમ કહેવું તે આત્મપ્રશંસારૂપ સંભવે છે. જ્ઞાનીપુરૂષોનું આત્મનિરીક્ષણ જબ્બર હોય છે; તેમની તોલનશક્તિ મોટી હોય છે અને વસ્તુસ્થિતિ જણાવવાની હિંમત અમર્યાદ હોય છે. શ્રીમદ્‌જી પણ એ જ્ઞાની-પુરૂષોની સનાતન શૈલીને અનુસરે છે અને આત્મદશાની સ્થિતિ જે પ્રકારે વાસ્તવમાં દેખાય છે, તે પ્રકારે પ્રગટ કરતા જાય

છે. તે વચનોના આધારે તેમના આત્મવિકાસનો ક્રમ અભ્યાસીથી જાણી શકાય તેમ છે; માત્ર તે અભ્યાસીમાં વિશાળ બુદ્ધિ, સરળતા, ક્ષયોપશમ શક્તિ અને જ્ઞાન-વૈરાગ્યનો સુંદર સુમેળ હોવાં ઘટે છે.

પૃષ્ટ ૨૫, વચનામૃત ૫૯.

"મારા પર તમારો રાગ રહે છે, તેને લીધે તમારા પર રાગ રાખવા મારી ઇચ્છા નથી; પરંતુ તમે એક ધર્મપાત્ર જીવ છો અને મને ધર્મપાત્ર પર કંઈ વિશેષ અનુરાગ ઉપજાવવાની પરમ ઇચ્છના છે; તેને લીધે કોઈ પણ રીતે તમારા પર ઇચ્છના કંઈ અંશે પણ વર્તે છે."

જૂઠાભાઈ ઉજમશી ઉપરનો આ પત્ર છે. શ્રીમદ્જીના પરિચયમાં આવ્યા પછી તેઓએ તેમની સાચી ઓળખાણ કરી હતી અને શ્રીમદ્ પ્રત્યે રાગથી બંધાયા હતા. તેમના વિરહના કારણે જૂઠાભાઈની દેહસ્થિતિ પર કોઈ અંશે હાનિકારક માઠી અસર વર્તાતી હતી. તેમ ન થવા દેવું એવો શ્રીમદ્જી ઉપદેશ આપતા હતા; તેમ સાથે સાથે સ્પષ્ટ શબ્દોથી પોતાના અંતરંગ ભાવ વ્યક્ત કરતાં જણાવે છે કે "જ્યાં ત્યાંથી રાગ-દ્વેષ રહિત થવું એ જ મારો ધર્મ છે અને તેથી મારા પ્રત્યેના તમારા રાગને લીધે તમારા પર રાગ રાખવા મારી ઇચ્છા નથી. પરંતુ ધર્મપાત્ર પર અનુરાગ ઉપજાવવાની પરમ ઇચ્છના છે, તેને લીધે તમ પ્રત્યે કંઈ અંશે અનુરાગ વર્તે છે." રાગ

અને અનુરાગ વચ્ચેનો તફાવત લક્ષમાં લેવા યોગ્ય છે. અનુરાગ શબ્દ લગભગ પ્રેમના અર્થમાં વપરાયો છે.

"હું તમારી સમીપ જ બેઠો છું એમ સમજો....સમીપ જ છું એમ ગણી શોક ઘટાડો, જરૂર ઘટાડો."

"તે પુરૂષને પ્રત્યેક લઘુ કામના આરંભમાં પણ સંભારો, સમીપ જ છે."

આ વચનોના ભાવોનો આશય ખૂબ વિચારણીય છે. તેમાં માનસવિદ્યાનું રહસ્ય તથા સફળતા માટે આધ્યાત્મિક સિદ્ધાંતનું જ્ઞાન ખુલ્લાં કરી ઉપકાર કર્યો છે.

પૃષ્ટ ૨૭, વચનામૃત ૭૧

"હું મારી નિવાસ ભૂમિકાથી આશરે બે માસ થયાં સત્યોગ, સત્સંગની પ્રવર્ધનાર્થે પ્રવાસરૂપે કેટલાંક સ્થળોમાં વિહાર કરૂં છું. પ્રાયે કરીને એક સપ્તાહમાં મારૂં ત્યાં આપના દર્શન અને સમાગમની પ્રાપ્તિ કરી શકે એમ આગમન થવા સંભવ છે."

સં. ૧૯૪૫માં બાવીસમા વર્ષે શ્રીમદ્જીએ આ પત્ર ભરૂચના નામાંકિત વિદ્વાન અને પ્રખર વેદાંતશાસ્ત્રી શ્રી મનસુખરામ સૂર્યરામ દેસાઈ પર લખેલ છે. તેમાં જણાવ્યા પ્રમાણે શ્રીમદ્ બે માસ થયાં વિહારમાં નીકળ્યા છે અને કેટલાંક સ્થળોની મુલાકાત લીધી છે. શા માટે? કયા પ્રકારની

શોધ કરવાનો હેતુ છે? તો તેના ઉત્તરમાં કહે છે કે સત્ યોગને અર્થે અને સત્સંગની વર્ધમાનતા થવા અર્થે. સત્ યોગ એટલે સત્ જેને પ્રાપ્ત છે તથા સત્ જેના થકી પ્રાપ્ત થાય તેવા પુરૂષનો યોગ. શ્રીમદ્જીના આત્મામાં ગુપ્તભેદવાળું ઉપકારી જ્ઞાન ઝળકે છે કે આત્મદશાના ઝડપભેર વિકાસ માટે અને ટોચને આંબવા માટે પરમોત્તમ નિમિત્ત છે કોઇ અનેક ભવોભવના શુભ ઋણાનુબંધી પુરૂષનો સહયોગ ને સમાગમ યોગ; તેથી તો તેઓ તેવા પુરૂષની શોધ માટે પર્યટનમાં નીકળ્યા છે. એકાદ સપ્તાહમાં તેઓશ્રી મનસુખભાઇ દેસાઇને મળવાના છે; તે પૂર્વે પત્રદ્વારા પરિચયમાં આવ્યા છે, મર્યાદા સહિતની તત્ત્વજ્ઞાનની વિચારણા જણાવી છે, જૈન દર્શન સંબંધીનો પોતાનો અનાગ્રહ વિદિત કર્યો છે, જાતિસ્મરણ જ્ઞાનથી પોતાને પૂર્વભવ અનુભવગમ્ય થયો છે તેનો નિર્દેશ કર્યો છે ને તે રીતે ભૂમિકા તૈયાર કરી છે.

હવે બંનેનો મેળાપ થયો હશે; તત્ત્વવિચારણા, સિદ્ધાંત-ચર્ચા વગેરે થયાં હશે. પરંતુ શ્રીમદ્જીની યોગની જે અભિ-લાષા તે હજુ વિયોગમાં હોઈ સિદ્ધ થઈ શકી નથી, તે ત્યારપછીની વસ્તુસ્થિતિથી સમજાય છે. શ્રી મનસુખભાઇ સાથેનો પત્રવ્યવહાર મંદ પડી અટકી જાય છે. તેમ છતાં શ્રીમદ્જીના પવિત્ર હૃદયમાં જે શુભ ઋણાનુબંધીના યોગ માટેની અભિલાષા જન્મ પામી તે સફળ થવાની જ, અને તેમ થયું છે તે આપણે આગળ ઉપર જોઈશું.

પૃષ્ટ ૨૮, વચનામૃત ૭૫.

"લોભી ગુરુ, એ ગુરુ–શિષ્ય બંનેને અધોગતિનું કારણ છે. હું એક સંસારી છું. મને અલ્પ જ્ઞાન છે. શુદ્ધ ગુરુની તમને જરૂર છે."

અત્યંત માર્ગદર્શકરૂપ આ વચનો કેવાં યથાર્થ છે અને સહુએ બોધ લેવા યોગ્ય છે! જ્યાં સુધી યથાયોગ્ય દશા ન આવે ત્યાં સુધી માર્ગ પ્રકાશવાની પ્રભુજીની આજ્ઞા નથી. ગુરુ તો શુદ્ધ જ હોવા જોઈએ. આ વચનોમાં શ્રીમદ્‌નું અતિ વિનમ્રપણું ને સરળપણું નજર સામે તરી આવે છે.

પૃષ્ટ ૩૦, વચનામૃત ૭૮.

"સ્ત્રીના સંબંધમાં મારા વિચાર"

યૌવનકાળના પ્રવેશમાં ઝૂલતો આ એકવીસ વર્ષનો, લગ્નજીવનની બેડીથી બંધાયેલો નવયુવાન સ્ત્રી સંબંધમાં કેવી શુકલ વિચારોની શ્રેણીમાં આરુઢ થાય છે, પારદર્શક નિર્મળ દૃષ્ટિથી વસ્તુસ્થિતિને યથાર્થપણે કેવી પારખી લે છે અને સ્ફટિક સમાન નિર્મળ ભાવોરૂપી મૌક્તિકોની માળા કેવી બનાવે છે તે ખરેખર જોવા જેવું છે! શુકલ હૃદયમાં શુકલ વિચારોનું જ સ્થાન હોય છે. આ ભાવોને સહુએ સમજીને અંતરમાં અવધારવા યોગ્ય છે.

છેલ્લે પોતાના સંબંધમાં સખેદ જણાવે છે કે સ્ત્રીના

સંબંધમાં કોઈપણ પ્રકારે રાગદ્વેષ રાખવા મારી અંશ માત્ર ઈચ્છા નથી. પણ પૂર્વોપાર્જનથી ઈચ્છાના પ્રવર્તનમાં અટક્યો છું. પૂર્વ કર્મનો ઉદય બળવાન, ત્યાં નિરુપાયતા છે.

પૃષ્ટ ૩૫, વચનામૃત ૮૫.

"હે નાથ! સાતમી તમતમપ્રભા નરકની વેદના મળી હોત તો વખતે સમ્મત કરત, પણ જગતની મોહિની સમ્મત થતી નથી."

અંદરમાં આત્માના પ્રદેશે પ્રદેશે અદ્ભુત આશ્ચર્યકારક વૈરાગ્ય ઝળકી રહ્યા વિના આ વચનો કેવી રીતે બહાર આવી શકે? સાતમી નરકની વેદના એક ભવપર્યંત ફળદાયી છે તેથી તે કદાચ સમ્મત કરી શકાય પણ ભવોભવ દુઃખના દાવાનલમાં સળગાવનાર જગતની મોહિની વિચારવાન વિવેકી જનને કેમ સમ્મત હોઈ શકે? તેમના ઉત્કૃષ્ટ વૈરાગ્યને નમસ્કાર હો!

પૃષ્ટ ૩૬, વચનામૃત ૯૪.

"તમે મારા સંબંધમાં ....એમ ગણીએ તો ગણી શકાય."

ગુણગ્રાહી શ્રી જૂઠાભાઈએ શ્રીમદ્જી ઉપરના પત્રમાં તેમની પ્રસ્તુતિ દર્શાવી તેના ઉત્તરરૂપે આ વચનો છે. શ્રી જૂઠાભાઈએ જે ગુણો શ્રીમદ્માં દીઠા અને પ્રકાશિત કર્યા, તે સત્ય છે અને "તેવા ગુણો કંઈ મારામાં પ્રકાશિત થયા હોય એમ મને લાગતું નથી" એ જે શ્રીમદ્જીનાં વચનો તે પણ અપેક્ષાએ સત્ય છે. જેનું લક્ષ પૂર્ણતા પ્રત્યે મીટ માંડીને રહ્યું હોય, તેને હંમેશા ન્યૂનપણું લાગવાનું જ. તેઓ ગુણના

ઉત્તરોત્તર વિકાસમાં સંતોષ માની બેસી રહેતા નથી પણ વધુને વધુ પુરૂષાર્થી થાય છે. અહીં પણ જુઓ કે તેઓ પ્રશસ્તિથી રાજી થતા નથી, તેમ વિનમ્રતા ત્યાગતા નથી.

પૃષ્ઠ ૩૭, વચનામૃત ૯૫.

"આવા પ્રકારે તારો સમાગમ મને શા માટે થયો? ક્યાં તારૂં ગુપ્ત રહેવું થયું હતું?

સર્વગુણાંશ તે સમ્યકૃત્વ."

આ વચનો સામાન્યપણે કોઇથી સમજી શકાય તેવા નથી; બુદ્ધિગમ્ય થાય તેવાં પણ નથી. મતિજ્ઞાનની નિર્મળતાવાળા કોઇ કોઇ તેમાં રહેલ પરમાર્થનો પાર પામી શકે તેમ છે. વચનો અત્યંત યથાર્થ છે, સૂચક છે અને ગંભીર ભાવયુક્ત છે. પરમાર્થ સમજાય તો અતિ ઉપકારી છે કેમકે તેથી સિદ્ધાંતનું એક પ્રકારનું ગુપ્તજ્ઞાન પ્રગટ થઈ જાય છે, જે જાણીને આનંદિત થવાય છે.

પૃષ્ઠ ૩૮, વચનામૃત ૧૫૭–૫

"આજ મને ઉછરંગ અનુપમ, જન્મકૃતાર્થ જોગ જણાયો;
વાસ્તવ્ય વસ્તુ, વિવેક વિવેચક તે ક્રમ સ્પષ્ટ સુમાર્ગ ગણાયો."

આ પંક્તિઓની સમજણ ડૉ. સરયુ આર. મહેતાએ તેમના "શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ" નામના પુસ્તકમાં આપી છે તે અહીં સાભાર ઉતારીએ છીએ.

"આત્મકલ્યાણ પ્રાપ્ત કરવા માટેનો કોઈ માર્ગ સ્પષ્ટ

થતાં, તેનાથી ઉદ્ભવતા આનંદનું આલેખન શ્રીમદે વિ. સં. ૧૯૪૬ના વૈશાખ વદમાં પોતાની રોજનીશીમાં આ બે પંક્તિ-ઓમાં કર્યું છે. "

"શ્રીમદ્ની અંગત સ્થિતિનું સૂચન કરતી આ બે પંક્તિઓ તેમને મોક્ષમાર્ગમાં નિઃશંક્તા થઇ હતી તે બતાવે છે. આપણે જાણીએ છીએ કે છ મહિને, વિ. સં. ૧૯૪૭ના કાર્તકી પુનમ પહેલાં, શ્રીમદ્ને શુદ્ધ સમક્તિ પ્રકાશ્યું હતું. આ બે પંક્તિઓ તેની ભૂમિકા બતાવે છે. "

"વાસ્તવ્ય વસ્તુ એટલે વાસ્તવિક પદાર્થ, એટલે કે આત્મા. તેનાં બંધન, છૂટવાપણું વગેરે વિષે વિવેકપૂર્વક એટલે સ્વ–પરના ભેદજ્ઞાન સાથે વિચારે તે વિવેક–વિવેચક કહેવાય. આત્માનો સાચો વિચાર કરનાર તો ગુરુ હોય છે, તેથી તેમણે બતાવેલા માર્ગે ચાલવું તે જ નિશ્ચયપણે સાચો અને સારો માર્ગ છે. આમ અહીં ગુરુની શ્રેષ્ઠતા બતાવી છે, અને પોતાને ગુરુની શ્રેષ્ઠતાની શ્રદ્ધા થઇ તે જન્મકૃતાર્થ થઈ જાય તેવો યોગ જણાવાથી ન વર્ણવી શકાય તેવો તેમને આનંદ થયો છે તેનું આલેખન, માત્ર એક પંક્તિમાં આત્મા માટે કલ્યાણનો માર્ગ સઘન રીતે બતાવીને કર્યું છે."

પૃષ્ઠ ૪૦, વચનામૃત ૧૫૭–૭

" પરિચયી ! તમને હું ભલામણ કરૂં છું...."

વિ સં. ૧૯૪૬ના જેઠ સુદ ૪ના દિને શ્રીમદે પોતાની રોજનીશીમાં પોતાની પત્નીને સંબોધી આ પત્ર લખ્યો છે.

તેમાં જણાવેલ વિચારો કેવા શુક્લ, ઊંચા અને આદર્શ હેતુ-વાળા છે તે સ્પષ્ટ જણાવ્યું છે. સ્ત્રીનો સંગ પણ ધર્મપ્રવર્ધનાર્થે ઇચ્છ્યો છે. "બંને ધર્મમૂર્તિ થવા પ્રયત્ન કરીએ, મોટા હર્ષથી પ્રયત્ન કરીએ" એ વચનોમાં બળવાન ધર્મભાવના અને સિદ્ધિની અભિલાષા વ્યક્ત કર્યાં છે.

પૃષ્ટ ૪૬, વચનામૃત ૧૨૫

"ચિત્ત ગુફાને યોગ્ય થઈ ગયું છે, કર્મરચના વિચિત્ર છે."

સં. ૧૯૪૬, શ્રાવણ વદી ૧૩ના રોજ લખાયેલ આ વચનો ખૂબ દશાસૂચક છે. એક બાજુથી જોતાં ગૃહસ્થધર્મની ફરજો ઊભી છે અને વ્યાપાર વ્યવહારનો ઉદય વર્તે છે, બીજી બાજુ સંસારથી કંટાળો તથા વૈરાગ્ય સાથે ઉદાસીનતાનો વેગ છે. પ્રથમ બાજુ સંબંધે વૃત્તિનું વલણ ઉદયાનુસાર સમભાવે વેદવા પ્રત્યે છે, બીજી બાજુના ભાવ પ્રમાણે જોતાં ચિત્તની દશા ગુફાને યોગ્ય થયેલી સ્પષ્ટ જણાય છે અર્થાત્ ચિત્ત આત્માની ઊંડાણવાળી એકાંત શાંત ગુફામાં પ્રવેશી, આગળ વધી આત્માનાં દર્શન, મિલન અને અનુભવ માટે યોગ્ય થઈ ગયું છે. એ ઉત્તમ કાર્યસિદ્ધિ માટે હવે અઢી માસથી વધારે સમયનો વિલંબ નથી.

પરંતુ કર્મરચનાની વિચિત્રતા છે કે હૃદયથી જે કરવાની ઇચ્છા નથી તેમ આચરવાની પ્રીતિ નથી, તે જ કર્મોના ઉદય-બળે કરવું, આચરવું પડે છે.

પૃષ્ટ ૪૬, વચનામૃત ૧૨૬.

"એવા વિષમકાળમાં જન્મેલો આ દેહધારી આત્મા અનાદિ કાળના પરિભ્રમણના થાકથી વિશ્રાંતિ લેવા આવતાં અવિશ્રાંતિ પામી સપડાયો છે. માનસિક ચિંતા ક્યાંય કહી શકાતી નથી. કહેવાનાં પાત્રોની પણ ખામી છે; ત્યાં હવે શું કરવું ? જો કે યથાયોગ્ય ઉપશમભાવને પામેલો આત્મા.... તેને પડખે આ પ્રવૃત્તિ શા માટે ઉભી હશે ?"

કર્મરચના વિચિત્ર છે, તેના સમર્થનમાં દૃષ્ટાંતરૂપે ઉપરનાં ખેદસંયુક્ત વચનો શ્રીમદ્‌જીના મુખકમળમાંથી સરી પડે છે. આત્મા જો એવી ઉચ્ચ દશાએ પહોંચ્યો હોય કે તે સંસાર અને મોક્ષ સંબંધે સમવૃત્તિ યથાર્થપણે રાખી શકે, તો તે સર્વ પરિસ્થિતિમાં અપ્રતિબદ્ધપણે વિચરી શકે છે; પરંતુ સ્વાત્માની વર્તમાન દશા પર દૃષ્ટિ દેતાં તેમને જણાય છે કે તેમને તે દશા હજુ પ્રાપ્ત થઈ નથી. તેનો ઝીણવટભર્યો અને અપ્રતીમ અભ્યાસ અવશ્ય છે, જેનું ફળ તેમને સંપ્રાપ્ત થવાનું છે તે આગળ ઉપર જોઈશું.

પૃષ્ટ ૪૮, વચનામૃત ૧૨૮.

આ એક અનુપમ શૈલીથી અને બળવાન વચનોથી લખાયેલ ને અદ્‌ભુત અને અમૃતબોધથી નીતરતો સુંદર ભાવવાહી પત્ર છે; ખૂબ વિચારણીય અને મનન કરવા યોગ્ય છે. અહીં પણ કર્મરચનાની વિચિત્રતા દર્શાવતાં વચનો સહજ બહાર આવે છે.

તે રચનાની વિચિત્રતા જોતાં હવે કેમ જીવવું એ ચિંતના તેમને થાય છે અને સમાધાન પણ પોતે જ કરે છે કે "ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવુ દઢત્વ" રાખવું અને તે ભાવ આત્મામાં પ્રકાશિત રાખવો. અત્ર તેમના ભાવનું શૂરવીરપણું, નિશ્ચયની દઢતા અને આચારમાં ઉતારવાની તમન્ના જોવા જેવાં છે. તેમની મહત્ત્વાકાંક્ષા તો છેઃ–

"જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો."

અને તેના માટેનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે સંતચરણનો આશ્રય. પરંતુ પોતે જ કહે છે કે, "તેવા સંતો કયાં છે, કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ? ત્યારે હવે કેમ કરવું?"

આ પ્રશ્ન ઊઠે છે ત્યાં જ જેમ સિંહ ગુફાના દ્વાર પર આવી વનના પશુઓને ચેતાવનારી ગર્જના કરે છે, તેમ ગુપ્ત રહેલો શૂરવીર શુદ્ધાત્મા ત્રાડ પાડી ચેતાવે છે કેઃ–

"ગમે તેમ હો. ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો....ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમયમાત્ર હો અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ, ત્યાં સુધી હે જીવ! છૂટકો નથી."

અને એ અંતર્ધ્વનિને શ્રીમદ્જી સ્વીકારે છે, આદર આપે છે અને આચારમાં ઉતારી વીરપણું દાખવતા જાય છે.

પૃષ્ટ ૫૧, વચનામૃત ૧૩૩

"રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે...."

સં. ૧૯૪૬, બીજા ભાદરવા સુદ ૨ના દિને શ્રીમદ્‌જીએ આ તેમનો બીજો પત્ર (પ્રથમનો નં. ૧૩૨) પોતાના હૃદય-સખા અને પરમાર્થસખા શ્રી સોભાગ્યભાઈ લલ્લુભાઇ પર લખ્યો છે. અગાઉ આપણે જોયું હતું કે શ્રીમદ્‌જી પોતાના પૂર્વના કોઈ બળવાન શુભ ઋણાનુબંધીના સમાગમ માટેની શોધમાં વિહાર કરતા હતા. તેવો ઉપકારી સમાગમયોગ તેમને અનાયાસે મોરબી તાબે જેતપુર મુકામે પોતાના બનેવીની દુકાને બેઠા બેઠા થયો હતો. કોઈ મારવાડના સાધુ પાસેથી મળેલ બીજજ્ઞાનમંત્ર લઇને શ્રી સોભાગભાઈ શતાવધાન આદિથી વિખ્યાતી પામેલ શ્રીમદ્‌જીની પૂર્ણ પાત્રતા જોઈ તેમને આપવા માટે જેતપુર આવે છે. શ્રીમદ્ એકઢાળિયા પાસે બેઠા છે; સામેથી આવતા સોભાગભાઇને જુએ છે; મતિજ્ઞાનની નિર્મળતાના પ્રભાવે સર્વ ભાવ તેમને સહજ વિદિત થઈ જાય છે. પૂર્વના ભવોની સ્મૃતિ અને શુભ સંબંધોનું જ્ઞાન તાદૃશ્ય થાય છે. પોતાને ઈષ્ટ એવા પ્રબળ શુભ ઋણાનુબંધીનો યોગ આવ્યો તે કારણે સંતોષ અનુભવે છે; પોતાની ભાવના પૂર્ણ થવા બદલ મહાપ્રભુજીનો ઉપકાર માને છે. એક કાગળના ટુકડા પર જે બીજજ્ઞાનમંત્ર શ્રી સોભાગભાઈ લાવેલ છે તે લખીને મેજ પર મૂકે છે. આવતાંની સાથે જ શ્રીમદ્‌જી સોભાગભાઇને ઓળખાણ નહીં છતાં નામ દઇ બોલાવે છે ને

બેસવા કહે છે. શ્રી સોભાગભાઈ તેથી આશ્ચર્ય પામે છે અને તે આશ્ચર્યમાંથી પૂરેપૂરા બહાર આવે તે પહેલાં મેજ પર મૂકેલ કાગળનો ટુકડો લઇને વાંચવા માટે શ્રીમદ્જી સોભાગભાઇને કહે છે. પોતે સાથે લાવેલ બીજજ્ઞાનમંત્ર તે કાગળમાં લખાયેલ જોઈ તેમના આશ્ચર્યની અવધિ રહેતી નથી. આવા મહાન પુરૂષને તે મંત્ર આપવાનું શું હોય? એવા ભાવમાં તેમનું ચિત્ત રમે છે. શ્રીમદ્‌ના જ્ઞાનની વિશેષ ચકાસણીમાં સત્યતાની ખાત્રી થાય છે અને પછી તો ભવોભવના આરાધનના ફળથી બંને પરમ હૃદયસખા, પરમ પરમાર્થસખા બની જાય છે. શ્રીમદ્જીએ પોતાના હૃદયની ગુપ્ત વાત કોઈ પાસે ખુલ્લી કરી હોય તો તે એક સોભાગભાઈ પાસે; પોતાની આત્મદશાનું પ્રગટપણું સારી રીતે કર્યું હોય તો તે પણ તેમની પાસે જ; માર્ગનું રહસ્ય અને જ્ઞાનના ગુપ્ત ભેદો કોઇને જણાવ્યા હોય તો તેમને જ.

વચનામૃત ૧૩૩માં શ્રીમદ્જી શ્રી સોભાગભાઇને પોતાની અંતરંગ આધ્યાત્મિક દશાનો પરિચય કરાવે છે; તેમાં પ્રથમના વાકયમાં અનેકાનેક ભાવો ગર્ભિતપણે સમાઈ જાય છે અને તે વાકય છે "રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે." ચિત્ત એક અધ્યાત્મ વિષયના ચિંતનમાં જ લીન રહ્યા કરે છે અને તેથી તેના પરિણામે શું બને છે તેનું સવિગત વર્ણન ત્યાર પછીનાં વચનો દ્વારા જણાવે છે. શુદ્ધ સમકિતની પ્રાપ્તિ પહેલાં ચિત્તની દશા કેવી હોય, ગમવા અણગમવાના

ભાવો કેવા હોય તથા આત્માની સમાધિદશા–સમપરિણામવાળી દશા કેવી હોય તે આ વચનોથી જાણી શકાય તેમ છે.

"કયા પર્વતની ગુફામાં જવું અને અલોપ થઇ જવું, એ જ રટાય છે" એ વચનો શ્રીમદ્‌ના અંતરમાં વર્તતી ઉત્કૃષ્ટ વૈરાગ્યદશાને સૂચવે છે; તથા "ગમે તેવાં ભવિષ્યજ્ઞાન અથવા સિદ્ધિઓની ઇચ્છા નથી તેમ તેઓનો ઉપયોગ કરવામાં ઉદાસીનતા રહે છે" એ વચનો તેમની નિઃસ્પૃહતા, અંતર્ ત્યાગ અને ઉજ્જવળ ઉદાસીનતાની પ્રબળ સ્થિતિ દર્શાવે છે.

પૃષ્ટ ૫૩, વચનામૃત ૧૩૪

"આ ક્ષેત્રમાં આ કાળે આ દેહધારીનો જન્મ થવો યોગ્ય નહોતો. જો કે સર્વ ક્ષેત્રે જન્મવાની તેણે ઇચ્છા રૂંધી જ છે. તથાપિ થયેલા જન્મ માટે શોક દર્શાવવા આ રૂદન વાકય લખ્યું છે. યથાયોગ્ય દશાનો હજુ મુમુક્ષુ છું, કેટલીક પ્રાપ્તિ છે, તથાપિ સર્વ પૂર્ણતા પ્રાપ્ત થયા વિના આ જીવ શાંતિને પામે એવી દશા જણાતી નથી....પરના પરમાર્થ સિવાયનો દેહ જ ગમતો નથી તો ?"

જ્યાં તીર્થંકર ભગવંત અને કેવળી ભગવંતોની વિદ્યમાનતા ન હોવાથી વિરહ વર્તતો હોય, તેમ જ જ્ઞાની ભગવંતો અને સંતપુરૂષોના સમાગમ યોગની દુર્લભતા વર્તતી હોય, તેવા આ ભરતક્ષેત્રમાં વિષમ પંચમકાળે શ્રીમદ્ જેવા અચ્છેરારૂપ પુરૂષનો જન્મ થવો ઉચિત નહોતો, છતાં થયો તે બદલ શોક દર્શાવવા તેમનાથી રૂદન વાકય લખાઈ જાય છે.

આ વચનોના ગર્ભમાં શ્રીમદ્‌ના શુક્લ અંતઃકરણમાં કેવા આદર્શ આશય દેદીપ્યપણે રહ્યા છે તે બતાવે છે; તેમની પવિત્ર આત્મેચ્છા કેવી ઊંચી અને નિર્મળ છે તે આથી પ્રગટ થાય છે; અને તે છે વિદેહી દશાની, યથાયોગ્ય જીવનમુક્ત દશાની અને યથાયોગ્ય નિર્ગ્રંથ દશાની પ્રાપ્તિ. તે સંબંધે આભ્યંતર અવલોકનથી જોતાં પોતાને કેટલીક પ્રાપ્તિ છે એમ અવશ્ય લાગે છે; પરંતુ તેઓ તો પૂર્ણતાના કામી છે એટલે હજુ ઘણું કાર્ય શેષ રહ્યું હોઇ વિશેષ પુરૂષાર્થને કર્ત્તવ્યરૂપ સમજે છે. આત્માની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ દશા એટલે પરમોચ્ચ શાંતદશા, તેથી જ તેઓ પરમ શાંતિપદને ઇચ્છે છે.

સર્વ ક્ષેત્રે જન્મવાની ઇચ્છા તો તેમણે રૂંધી જ છે અને હવે ઉપાધિરૂપ દેહ જ જોઇતો નથી એવી ઇચ્છા બાંધી રાખી છે, તો પણ કર્મોના ઉદયબળે દેહપ્રાપ્તિ થતી હોય, તો તે દેહથી બે કાર્ય કરવાની ધારણા રાખી છે; એક તો ઉપર જણાવ્યું તેમ શાંતિપદની પ્રાપ્તિ માટેનો પરમ પુરૂષાર્થ અને બીજી ધારણા પરના પરમાર્થમાં, કલ્યાણમાં નિમિત્ત થવું તે છે; તે સિવાયનો દેહ કેમ ગમે? આ ભાવથી શ્રીમદ્‌નો બીજા જીવો પરત્વેનો પ્રેમ અને કરૂણા દૃષ્ટ થાય છે.

પૃષ્ઠ ૫૪, વચનામૃત ૧૪૪

આ પત્રથી શ્રીમદ્ પોતાના પરમાર્થસખા શ્રી સૌભાગ્યભાઇને પોતાની આત્મેચ્છા કેવી છે તે જણાવતાં કહે છે કે, "ચૈતન્યનો નિરંતર અવિચ્છિન્ન અનુભવ પ્રિય છે, એ જ

જોઈએ છે, બીજી કંઇ સ્પૃહા રહેતી નથી, રહેતી હોય તો પણ રાખવા ઇચ્છા નથી. એક 'તુંહિ તુંહિ' એ જ યથાર્થ વહેતી પ્રવહના જોઇએ છે." જુઓ શ્રીમદ્‌જીની ચૈતન્યના નિરંતર અનુભવ માટેની લગની કેવી બળવાન અને તીવ્ર છે; એવી લગની હોય ત્યારે ઇષ્ટ પરિણામ પણ શીઘ્રતાએ અનુભવગમ્ય થાય એવો અબાધિત નિયમ છે. લય આવવી જ વિકટ છે.

પૃષ્ટ ૫૪, વચનામૃત ૧૫૨

"સવાર્થસિદ્ધની જ વાત છે....હૃદય બહુ આનંદમાં છે."

શ્રી સોભાગભાઇએ શ્રીમદ્‌જીને કબીરજીનું એક અનુભવ દર્શાવતું પદ મોકલ્યું છે, જેમાં સંત કબીર સર્વાર્થસિદ્ધ મહાવિમાનની ધ્વજાના દર્શનથી આનંદ આનંદ પામી ગયાનું વર્ણન છે. શ્રીમદ્‌જી પોતા સંબંધે જણાવે છે કે "પ્રભાતમાં વહેલો ઊઠ્યો ત્યારથી કોઈ અપૂર્વ આનંદ વર્ત્યા જ કરતો હતો, તેવામાં પદ મળ્યું; અને મૂળપદનું અતિશય સ્મરણ થયું; એકતાન થઈ ગયું. એકાકાર વૃત્તિનું વર્ણન શબ્દે કેમ કરી શકાય?"

સંત કબીરજીના આ સુંદર અનુભવથી તેમની આત્મદશાનો ખ્યાલ કરવો હોય તો કરી શકાય તેમ છે. વચનામૃત ૪૪૯માં શ્રીમદે સુંદરદાસ, પ્રીતમ, અખા, કબીર આદિને માર્ગાનુસારી કહ્યા છે. વચનામૃત ૬૭૯માં તેઓશ્રી જણાવે છે, "શ્રી કબીર, સુંદરદાસ આદિ સાધુજનો આત્માર્થી ગણવા યોગ્ય છે, અને શુભેચ્છાથી ઉપરની ભૂમિકાઓમાં તેમની સ્થિતિ સંભવે છે.

અત્યંત સ્વસ્વરૂપસ્થિતિ માટે તેમની જાગૃતિ અને અનુભવ પણ લક્ષગત થાય છે."

શ્રીમદ્ પ્રભાતે ઊઠ્યા ત્યારથી કોઈ અપૂર્વ અનુભવને કારણે અપૂર્વ આનંદસંપન્ન તો હતા જ; તેવામાં સંત કબીરજીનું પદ મળ્યું અને મૂળપદનું, આત્મપદનું, પરમશુદ્ધ પરમપદનું અતિશય સ્મરણ થયું; તેમાં વૃત્તિ એકાકાર થઈ ગઈ અને તેના સુખદ પરિણામે આત્મામાંથી પ્રતીતરૂપ વચનો પદ્યમાં ગોઠવાઈને બહાર આવ્યાં. "કેવળજ્ઞાન હવે પામશું, પામશું, પામશું, પામશું રે." જ્ઞાની ભગવંતોના આવા અચિંત્ય, ઉપકારી અમૃતાનુભવો ત્રિકાળ જયવંત વર્તો.

પૃષ્ટ ૯૦, વચનામૃત ૧૬૫

સં. ૧૯૪૭, કાર્તિક સુદ ૫ના શુભ દિને શ્રીમદ્જીએ આ પત્ર શ્રી સોભાગ્યભાઈ ઉપર લખ્યો છે; સંબોધન ખૂબ વિચારણીય છે, "પરમ પૂજ્ય–કેવળબીજ સંપન્ન, સર્વોત્તમ ઉપકારી શ્રી સોભાગ્યભાઈ." આ સંબોધન વચનો કેટલો બધો નિર્દેશ કરી જાય છે! શ્રી સોભાગ્યભાઈ શ્રીમદ્થી વયમાં લગભગ ૪૪ વર્ષે મોટા છે, તેથી પરમપૂજ્ય, પૂર્વ ભવોમાં વડિલ તરીકે ઘણા મોટા ઉપકારો કર્યા છે અને આ ભવમાં તેવા નિમિત્ત બનવાના છે તે અર્થે પણ પરમપૂજ્ય તથા સર્વોત્તમ ઉપકારી અને તેમણે સમકિત, આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરી લીધી છે માટે કેવળબીજ સંપન્ન. તેના સમર્થનમાં આગળ પણ વચનો કહે છે: "સર્વ સમર્થ પુરૂષો આપને પ્રાપ્ત થયેલાં

જ્ઞાન(આત્મજ્ઞાન)ને જ ગાઈ ગયા છે.” સર્વ અનુભવી સમર્થ પુરૂષોએ સમકિતના અચિંત્ય મહિમાનું મુક્તકંઠે ગાન કર્યું છે.

અને હવે પોતાની આત્મદશા વ્યક્ત કરતાં લખે છે કે “એ જ્ઞાનની દિન પ્રતિદિન આ આત્માને પણ વિશેષતા થતી જાય છે” અર્થાત્ પોતાને પ્રાપ્ત સમકિતની શુદ્ધતા ઉત્તરોત્તર વધતી જાય છે. “મોક્ષની આપણને કંઈ જરૂર નથી. નિઃશંકપણાની, નિર્ભયપણાની, નિર્મુંઝનપણાની અને નિઃસ્પૃહપણાની જરૂર હતી, તે ઘણે અંશે પ્રાપ્ત થઈ જણાય છે; અને પૂર્ણપણે પ્રાપ્ત કરાવવાની કરૂણાસાગર ગુપ્ત રહેલાની કૃપા થશે એમ આશા રહે છે.” સમકિતની વર્ધમાનતા થતાં કયા ગુણો મુખ્યતાએ ખીલતા જાય છે તે અહીં દર્શાવ્યું છે.

“છતાં વળી એથીયે અલૌકિક દશાની ઈચ્છા રહે છે, ત્યાં વિશેષ શું કહેવું ?” આ વચનોનો આશય અતિ ગંભીર છે એમ સમજાય છે. તેમના હૃદયમાં એથીયે વિશેષ અલૌકિક દશા સંબંધની અભિલાષા વર્તે છે, તો તે કેવી સમજવી ? તત્ત્વપિપાસુએ તે ખરેખર ભાવપૂર્વક અને નિર્મળ મતિથી વિચારવા યોગ્ય છે; તેમનાં જ વચનોનું લક્ષપૂર્વક અનુસંધાન કરવાથી તેનું સમાધાન મળી રહેશે એમ અમને નિઃશંકપણે લાગે છે.

પૃષ્ઠ ૬૨, વચનામૃત ૧૭૦

સં. ૧૯૪૭ના કારતક સુદ ૧૪નો આ પત્ર શ્રી

સોભાગભાઈ પર લખાયેલ છે, તેમાં ઘણી અગત્યની વાતો કહેવામાં આવેલ છે.

"આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે; ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે. સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે." પ્રથમ દૃષ્ટિએ વિચારતાં અહીં એમ લાગે કે શ્રીમદે પોતાને ક્ષયોપશમ સમકિત પ્રાપ્ત થયાની વાત જણાવી છે; પરંતુ તે સમકિત તો તેમને સંપ્રાપ્ત હતું જ. તેથી અત્ર જણાવેલ સમકિત બીજું એટલે કે ક્ષાયક ગણવું જોઈએ. જે ગ્રંથિભેદ થયો છે તે પૂર્ણપણે થયો છે, તે દર્શાવવા માટે તેમના સ્વાત્મ વૃત્તાંત કાવ્યમાં "શુદ્ધ સમકિત" શબ્દો વાપર્યા છે. "ઓગણીસસેં ને સુડતાલીસે શુદ્ધ સમકિત પ્રકાશ્યું રે." ત્યાં શુદ્ધ સમકિત "ક્ષાયિક સમકિત"ના અર્થમાં છે તે બંધ બેસતી વાત છે.

આ વિષય સંબંધે પૂ. શ્રી સહજાનંદઘન (શ્રીભદ્રમુનિશ્રી) સ્વામીએ "ઉપાસ્યપદે ઉપાદેયતા" નામની લખેલ પુસ્તિકામાંથી અવતરણ આપીએ છીએ. શ્રી ભદ્રમુનિ શ્રીમદ્‌ના અનન્ય ભક્ત હતા અને આત્મજ્ઞાની હતા. તેઓ લખે છે કે "શ્રીમદ્ રાજચંદ્ર ક્ષાયિક સમ્યક્‌દૃષ્ટા, અખંડ સ્વરૂપજ્ઞાની અને ઉત્કૃષ્ટ અપ્રમત્ત યોગી હતા." વળી જણાવે છે કે "શ્રીમદ્ રાજચંદ્રજીને ૧૯૪૭માં નિશ્ચય નયે શુદ્ધ સમકિત પ્રકાશ્યું હતું. તેની અખંડ ધારાએ વિ. સં. ૧૯૪૮ના માગસર સુદી ૬ સોમે ક્ષાયિક સમકિત પ્રગટ્યું." એવા નિશ્ચયાત્મક અભિપ્રાય માટે શ્રીમદ્‌નાં જે વચનોનો આધાર લીધો છે તે આ રહ્યાં:—

“ચિત્તને વિષે જેવું આ ઉપાધિયોગ આરાધીએ છીએ ત્યારથી મુક્તપણું વર્તે છે, તેવું મુક્તપણું અનુપાધિ પ્રસંગમાં પણ વર્તતું નહોતું; એવી નિશ્ચળદશા (મુનિશ્રીના મતે ક્ષાયિક સમ્યક્દશા) માગસર સુદ ૬ (૧૯૪૮)થી એક ધારાએ વર્તી આવી છે.” (વચનામૃત ૪૦૦, શ્રાવણ વદ, ૧૯૪૮).

હવે અત્ર ઉપરનાં વચનોમાં આત્મદશાનું જે નિરુપણ કર્યું છે, તે અમારા નમ્ર અભિપ્રાય મુજબ તેમની અપ્રમત્ત ભાવદશા સૂચવે છે. ક્ષાયિક સમકિતની અપ્રાપ્તિ હોય તો પણ ગુણસ્થાનના ક્રમના આરોહણમાં યોગ્ય ભૂમિકાએ પહોંચતાં ઉપર કહ્યું તેવું મુક્તપણું અનુભવગમ્ય થાય છે. “મુક્તપણા”નો યથાયોગ્ય અર્થ અહીંની અપેક્ષાએ સમજવો આવશ્યક જણાય છે; આત્મા પરભાવ અને પરપ્રવૃત્તિથી અલગ ને અલગ રહ્યા કરે, આત્મભાવે ક્યાંય પણ જોડાય નહીં તે વાસ્તવમાં મુક્તપણાનો સ્પષ્ટ અનુભવ છે. ઉપર વચનામૃત ૪૦૦માં જે દશાસૂચક વચનો કહ્યાં છે, તે જ ભાવદશા વચનામૃત ૩૭૮માં અન્ય શબ્દો દ્વારા વ્યક્ત કરી છે. તે વચનો જેઠ સુદ ૧૦, ૧૯૪૮ રવિના ઉજ્જવળ દિવસે આ પ્રમાણે લખાયાં છે:—

“છ માસ સંપૂર્ણ થયાં જેને પરમાર્થ પ્રત્યે એક પણ વિકલ્પ ઉત્પન્ન થયો નથી એવા શ્રી....ને નમસ્કાર છે.”

જુઓ, માગસર સુદ ૬થી ઉપરનાં વચનોની તિથિ જેઠ સુદ ૧૦, ૧૯૪૮, વચ્ચે છ માસનો ગાળો. બીજું પોતે પોતાને નમસ્કાર કઈ દશાની સંસિદ્ધિ થયા પછી કરે, તે વિચારવા યોગ્ય છે.

"સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે." એ વચનો કહીને એક સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો છે. સિદ્ધાંત એ છે કે આત્મા સ્વાનુભૂતિમાંથી નીકળ્યા પછી પોતાના શ્રીગુરુદેવનાં દર્શન કરે છે, અને તે આત્મજ્ઞાન થયાની સુપ્રતીતિ છે. કોઈ વેળા જીવના સદ્‌ભાગ્યના ઉદયે તેને શ્રીગુરુનાં ચરણસમીપ જ્ઞાનપ્રાપ્તિનો યોગ હોય ત્યારે અનુભવમાં જતાં પહેલાં ચિત્તની સ્થિરતા અને શાંતિ વેળાએ તે જીવને શ્રીગુરુજીનાં પવિત્ર દર્શન થાય છે અને પછી જ્ઞાનપ્રાપ્તિનો અપૂર્વ લાભ મેળવી કૃતાર્થ થાય છે. તો વળી ક્યારેક શ્રી ગુરુજીનાં સાન્નિધ્યમાં રહીને આત્માનુભવની અંતર્મુહૂર્તની સ્થિતિ પૂર્ણ કરીને અનાયાસે અને વિના વિલંબે તે ભાગ્યવંત જીવ શ્રીગુરુનાં ચરણોમાં મસ્તક મૂકી શ્રીગુરુનાં મૂક આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવે છે. શ્રીમદ્‌જીએ પોતાના પૂર્વભવના ગુરુ, તીર્થંકર શ્રી વીરપ્રભુનાં દર્શન કર્યાં હશે અને તીર્થંકરદેવમાં સર્વ જ્ઞાનીઓ સમાઈ જતા હોવાથી ઉપરનાં વચનોથી જણાવ્યું કે સર્વ જ્ઞાનીઓએ "પોતાનો આત્મા જ્ઞાન પામ્યો છે" એ વાત સ્વીકારી છે.

આગળનાં અદ્‌ભુત વચનો જોઈએ. "હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ આપણને પામવી બાકી છે, જે સુલભ છે."

આત્મવિકાસની શ્રેણિ ચઢવામાં જીવની અભિલાષાનો ક્રમ આ પ્રમાણે હોય છે, ક્ષયોપશમ સમકિત, ક્ષાયિક સમકિત, પ્રમત્ત સંયમ, અપ્રમત્ત સંયમ અને મુક્તિ. અપ્રમત્ત સંયમ છે ત્યાં નિર્વિકલ્પ સમાધિ છે. શ્રીમદ્‌જી પૂર્વભવમાં જ્યારે

શ્રી વીરપ્રભુના શિષ્ય હતા ત્યારે ક્ષયોપશમ સમકિતી હતા અને ઉપશમશ્રેણિમાં આરૂઢ થઈ અગિયારમે ગુણસ્થાનકેથી નીચે ઉતર્યા હતા તે વાત તેમણે જાતિસ્મૃતિજ્ઞાન વડે જાણી હતી અને સ્મૃતિમાં પણ રાખી હતી. જુઓ તેમનાં વચનો. "ઉપશમશ્રેણિ બે પ્રકારે છે, એક આજ્ઞારૂપ; એક માર્ગ જાણ્યા વિના સ્વાભાવિક ઉપશમ થવારૂપ, આજ્ઞારૂપ પણ આજ્ઞારાધન સુધી પતિત થતો નથી. પાછળનો ઠેઠ ગયા પછી માર્ગના અજાણપણાને લીધે પડે છે. આ નજરે જોયેલી, આત્માએ અનુભવેલી વાત છે. કોઈ શાસ્ત્રમાંથી નીકળી આવશે, ન નીકળે તો કંઈ બાધ નથી. તીર્થંકરના હૃદયમાં આ વાત હતી, એમ અમે જાણ્યું છે."

જે આત્મામાં પૂર્વે થયેલી ભૂલ, પ્રમાદ અને તેથી ઉત્પન્ન થયેલું પછડાટનું દુઃખ બળવાન સ્મૃતિરૂપે રમી રહ્યાં હોય, તે આત્મા પુનઃ તેવી ભૂલ કેમ કરે? તે તો અવશ્ય સાવધાન રહી ભૂલને ટાળે જ. શ્રીમદ્જીના સંબંધમાં પણ એમ જ બન્યું. તેમને શુદ્ધ સમકિત એટલે ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ થતાં જ છેવટની નિર્વિકલ્પ સમાધિ પામવાની અભિલાષા વ્યક્ત કરી. જો ક્ષાયિક સમકિત ન થયું હોત તો તે મેળવવાની જિજ્ઞાસા અવશ્ય જણાવત, પણ તે પરત્વે કંઇ જ કહ્યું નહીં. વળી જે અભિલાષા પ્રગટ કરી, તેની સિદ્ધિ થવી સુલભ છે એ પણ હિંમતભેર જણાવ્યું. તે હિંમતની પાછળ જે બળ છે તે તો ક્ષાયિક સમકિતની દશાનું બળ છે; તે બળ વગર આત્માનો વિકાસ શીઘ્ર ઊર્ધ્વગામી થઈ શકતો નથી.

એ દશા પામવાનો હેતુ જણાવતાં વચનો મનનીય છે; કેમકે તે વચનોથી તે દશાએ જીવના આચાર, વિચાર, વર્તના આદિ કેવાં હોય તેનો લક્ષ આવી શકે. કહે છે કે તે દશા આવી ગયા પછી "ગમે તેમ પ્રવર્તાય, ગમે તેમ બોલાય, ગમે તેમ આહાર વિહાર કરાય, તથાપિ તેને કોઇપણ જાતની બાધા નથી. પરમાત્મા પણ તેને પૂછી શકનાર નથી. તેનું કરેલું સર્વ સવળું છે."

વળી આગળ વર્તમાન સ્વભાવદશા જણાવતાં કહે છે, કે "તન્મય આત્મયોગમાં પ્રવેશ છે, ત્યાં જ ઉલ્લાસ છે, ત્યાં જ યાચના છે અને યોગ (મન, વચન અને કાયા) બહાર પૂર્વકર્મ ભોગવે છે." વૃત્તિ આત્માકાર થાય ત્યારે ઉલ્લાસ અને આનંદ સિવાય બીજું શું હોય? બીજી બાજુ મન, વચન અને કાયાની પ્રવૃત્તિ પૂર્વકર્માનુસાર થતી હોય, તેના જ્ઞાતા-દૃષ્ટા રહ્યા સિવાય અન્ય શું હોય? તેવો તન્મય આત્મયોગ ન વર્તતો હોય ત્યારે તે માટેની યાચના રહ્યા કરે તે સહજ છે.

ત્રેવીસ વર્ષના આ યુવાનમાં કેવી આશ્ચર્યકારક, ઉચ્ચ ને ઉજ્જવળ, આત્મદશાની ઉપલબ્ધિ થઇ છે, કેવી જ્ઞાનવૃદ્ધિ થઈ છે, કેવું ઉત્તમ મહત્ત્વાકાંક્ષાનું પ્રાકટ્ય થયું છે અને કેવી સંયમશક્તિ કબજામાં આવી છે, તે દર્શાવતાં વચનો આ રહ્યાં:—

"તીર્થંકર જે સમજ્યા અને પામ્યા તે....આ કાળમાં ન સમજી શકે અથવા ન પામી શકે તેવું કંઈ જ નથી. આ નિર્ણય ઘણા ય વખત થયાં કરી રાખ્યો છે, જો કે તીર્થંકર

થવા ઈચ્છા નથી; પરંતુ તીર્થંકરે કર્યા પ્રમાણે કરવા ઈચ્છા છે, એટલી બધી ઉન્મત્તતા આવી ગઈ છે. તેને શમાવવાની શક્તિ પણ આવી ગઇ છે, પણ ચાહીને શમાવવાની ઈચ્છા રાખી નથી."

આ વચનો અતિશય ગંભીર ભાવપૂર્ણ છે; તેનો ઊંડો પરમાર્થ અતિ ઉત્તમ છે.

પૃષ્ટ ૬૭, વચનામૃત ૧૮૭.

શ્રીમદ્‌જીએ આ અમૃતપત્ર માગસર વદ ૭, ૧૯૪૭ના દિને શ્રી સોભાગભાઈ ઉપર લખેલ છે. આરંભમાં પોતાને અલ્પકાળમાં પ્રાપ્ત થયેલી ઉચ્ચ દશાને સૂચવનારાં ટંકોત્કીર્ણ વચનો પ્રકાશતાં કહે છે, "પ્રાપ્ત થયેલા સત્સ્વરૂપને અભેદ-ભાવે અપૂર્વ સમાધિમાં સ્મરૂં છું" જે સત્સ્વરૂપની અનુભૂતિ થઈ છે, તેમાં અભેદભાવવાળી અવિકલ્પ નિર્મળ આત્મદશા વર્તે છે એ વાત અત્ર શ્રી સોભાગભાઈના ઉત્સાહની વર્ધ-માનતા અર્થે જણાવી તેમના પર ઉપકાર કર્યો છે, તેમ તેમના બળવાન નિમિત્તથી શ્રીમદ્‌જીના સમસ્ત પ્રશંસકો, ભક્તો, અનુયાયીઓ અને તેમનાં વચનો તથા તેમાં રહેલા ભાવોના અભ્યાસીઓ પર પણ અનાયાસે ઉપકાર થયો છે.

આ પત્રમાં શ્રી સોભાગભાઇને કરેલું સંબોધન અતીવ મનન કરવા યોગ્ય લાગે છે. સંબોધનનાં વચનો છે "મહા-ભાગ્ય, શાંતમૂર્તિ, જીવનમુક્ત શ્રી સોભાગભાઇ." અહીં

જણાવવું આવશ્યક છે કે શ્રીમદ્‌જીની સ્પષ્ટ પ્રમાણિકતા સભર શૈલી છે અને તેથી જ્યારે જ્યારે મુમુક્ષુઓ પર પત્રો લખતી વેળાએ જે પ્રકારનું સંબોધન કરવામાં આવ્યું હોય, તે તેમની આત્મદશાની યથાર્થ ભૂમિકા બતાવનાર હોય છે; તે ભૂમિકાનું જ્ઞાન તેમની આત્મસ્વભાવની નિર્મળતામાં પ્રતિબિંબિત થયું હોય છે. "મહાભાગ્ય" કહેવાથી શ્રી સોભાગભાઇએ પૂર્વ-ભવોની સાધનામાં શ્રી ધર્મિષ્ઠ પુરૂષના સમાગમયોગથી શુભ પરમાર્થપુણ્યનો કરેલ સંચય, આ ભવમાં ઉચ્ચ દશાને પમાડી શકે તેવા સમર્થ પુરૂષ સાથેનો સત્યોગ (જ્ઞાની પુરૂષોનો મેળાપ તે પણ સત્યોગ છે) અને ટુંકા ગાળાના સમયમાં આત્માની અસંગદશાની પ્રાપ્તિ થવારૂપ મહત્ સદ્‌ભાગ્ય બતાવે છે. શ્રી સોભાગભાઈ મૂળથી જ શાંતસ્વભાવી હતા અને ઉત્તરોત્તર વધુને વધુ શાંતભાવને અવગાહતા હોઈ શાંતમૂર્તિ બની ગયા હતા. આટલા વિવેચનથી સમજાવું અઘરૂં નથી કે જ્યાં આ પ્રકારે વસ્તુસ્થિતિની વિદ્યમાનતા હોય ત્યાં (અપેક્ષાએ) જીવન-મુક્ત દશા સંપ્રાપ્ત થવાની જ. શ્રીમદ્‌જીએ "જીવનમુક્ત" શબ્દનો પ્રયોગ ભાવી નૈગમનયના અવલંબને કરેલ છે તે સ્મૃતિમાં રાખવા યોગ્ય છે.

હવે આગળનાં વચનો જોઇએ.

"છેવટનું સ્વરૂપ સમજાયામાં, અનુભવાયામાં અલ્પ પણ ન્યૂનતા રહી નથી. જેમ છે તેમ સર્વ પ્રકારે સમજાયું છે, સર્વ પ્રકારનો એક દેશ બાદ કરતાં બાકી સર્વ અનુભવાયું છે

એક દેશ સમજાયા વિના રહ્યો નથી; પરંતુ યોગ(મન, વચન, કાયા)થી અસંગ થવા વનવાસની આવશ્યકતા છે; અને એમ થયે એ દેશ અનુભવાશે, અર્થાત્ તેમાં જ રહેવાશે."

છેવટનું સ્વરૂપ. "પ્રત્યેક પદાર્થની પ્રજ્ઞાપનીયતા ચાર પ્રકારે છે; દ્રવ્ય(તેનો વસ્તુસ્વભાવ)થી, ક્ષેત્ર(કંઈ પણ તેનું વ્યાપવું-ઉપચારે કે અનુપચારે)થી, કાળથી અને ભાવ(તેના ગુણાદિક ભાવ)થી. હવે આપણે આત્માની વ્યાખ્યા પણ એ વિના ન કરી શકીએ તેમ છે." (વચનામૃત ૭૧) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી આત્મસ્વરૂપનો ચિત્તની નિર્મળતાએ વિચાર કરવામાં આવે તો ઉત્તરોત્તર વિકાસ પામીને તેનું જે છેવટનું સ્વરૂપ પ્રકટે છે ને સમજાય છે. તે વાત ધ્યાનમાં રાખીને વચનામૃત ૧૨૯માં પોતાની આકાંક્ષા વ્યક્ત કરતાં જણાવે છે કે, "જીવન પૂર્ણ થતાં પહેલાં યથાયોગ્યપણે નીચેની દશા આવવી જોઇએઃ-

૧ મન, વચન અને કાયાથી આત્માનો મુક્તભાવ.

૨ મનનું ઉદાસીનપણે પ્રવર્તન.

૩ વચનનું સ્યાદ્‌વાદપણું (નિરાગ્રહપણું).

૪ કાયાની વૃક્ષદશા (આહાર-વિહારની નિયમિતતા) અથવા સર્વ સંદેહની નિવૃત્તિ; સર્વ ભયનું છૂટવું અને સર્વ અજ્ઞાનનો નાશ." અહીં છેવટનું સ્વરૂપ સમજ્યા પછી તેની પ્રાપ્તિ અર્થે શું શું હોવું જોઇએ, કેવો પુરૂષાર્થ હોવો જોઇએ તે પણ સાથે સાથે બતાવ્યું છે.

શ્રીમદ્‌જીએ પોતાની હાથનોંધ ૧માં છેલ્લી સમજણ આપતાં વચનો લખ્યા છે તે આ પ્રમાણે છેઃ-

"કાયાનું નિયમિતપણું, વચનનું સ્યાદ્‌વાદપણું, મનનું ઔદાસીન્યપણું, આત્માનું મુક્તપણું. (આ છેલ્લી સમજણ)"

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ચૈતન્યાત્માનું છેવટનું સ્વરૂપ કેવું છે તે, શ્રીમદ્‌જીએ હાથનોંધ ૧માં "આત્મસાધન"ના શીર્ષક હેઠળ નીચે પ્રમાણે બતાવ્યું છેઃ-

દ્રવ્ય-હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું.

ક્ષેત્ર-અસંખ્યાત નિજઅવગાહના પ્રમાણ છું.

કાળ-અજર, અમર, શાશ્વત છું. સ્વપર્યાયપરિણામી સમયાત્મક છું.

ભાવ-શુદ્ધ ચૈતન્યમાત્ર નિર્વિકલ્પ દૃષ્ટા છું.

છેવટના સ્વરૂપની આટલી બધી સ્પષ્ટતા કરવા છતાંય શ્રીમદ્‌જીની હૃદયપેટીમાં તે સંબંધનું તાત્ત્વિક અને માર્મિક જ્ઞાન જે સંગ્રહિત છે તે ત્યાં જ રહેવા દીધું છે; તે જ્ઞાનનું સોભાગભાઈ જેવા સત્પાત્ર પુરૂષને સમાગમ વેળાએ રૂબરૂમાં દાન કર્યું હતું તે ભિન્ન વાત છે. ત્યારે આ સ્થળે પ્રશ્ન થવા યોગ્ય છે કે એવું તાત્ત્વિક ને માર્મિક જ્ઞાન તેઓશ્રીને કેવી રીતે સંપ્રાપ્ત થયું હશે? તો તેના સમાધાનરૂપ ઉત્તર આપવો સહેલો છે. આપણે ભૂલવું ન જોઇએ કે એ મહાન આત્માએ શ્રી મહાવીર પ્રભુની આશ્રય અને પ્રેમભક્તિમાં રહી

ઉપશમશ્રેણિ ચડી, વીતરાગતાનો સ્પષ્ટ અનુભવ કર્યો હતો અને તે સ્વરૂપનું જ્ઞાન તેમના આત્મામાં અંકિત થવા ઉપરાંત પડવાના પ્રમાદ આદિ નિદાન પણ તેમણે જાણ્યાં હતાં. તે સર્વ ગુપ્તભેદનો ઉઘાડ તેમને જાતિસ્મૃતિજ્ઞાનના પ્રભાવવડે પ્રગટ થયો હતો. બાલ્યકાળથી જ અદ્વિતીય શક્તિઓ, ઉત્તમ ગુણોનું ક્રમશઃ શીઘ્રતાએ પ્રાકટ્ય, નાની વયથી જ શુકલ વિચારોનો અને શુદ્ધ આચારનો એકધારો વહેતો નિર્મળ પ્રવાહ, આધ્યાત્મિક વિકટ પ્રશ્નોનો સહજતાએ થતો ઉકેલ, વાયુવેગે મોક્ષમાર્ગે દોડવાની અચિંત્ય શક્તિ એ આદિ દેખાતા ચમત્કારો પણ તે જ કારણના ફળરૂપે હતા અર્થાત્ અગિયારમેથી લથડેલા અને સમકિતને નહીં વમનારા પુરૂષની દશા ભાવિના એક ભવમાં આ પ્રમાણે અચ્છેરારૂપ હોય છે. ઘણા ઘણા જ્ઞાની-પુરૂષો થઈ ગયા છે, તે સર્વથી અનેક અપેક્ષાએ શ્રીમદ્જી અને તેમનું જીવન ભિન્ન તરી આવે છે, તેમાં કોઈ અલૌકિક વિશેષતા દેખાય છે, તેનું કારણ પણ તે જ છે. માત્ર તેત્રીશ વર્ષ અને છ માસના આયુષ્યવાળા દેહમાં રહી તેઓશ્રી આશ્ચર્યની અવધિમાં ગરકાવ કરી દે એવું મહત્ કાર્ય કરી ગયા તેનું રહસ્ય પણ તે જ છે. તેમના પ્રત્યક્ષ સમાગમમાં આવનાર, તેમને જ્ઞાનીપુરૂષ તરીકે ઓળખનાર, તેમની આશ્રય-ભક્તિ સ્વીકારનાર અને ચરણસેવા કરનાર પણ સમીપ મુક્તિગામી અને અલ્પ સંસારી થઈ જાય એમ કહેવામાં કંઈ અતિશયોક્તિ જણાતી નથી.

તેમને છેવટનું સ્વરૂપ સમજાયામાં, જ્ઞાનાપેક્ષાએ અનુ-

ભવાયામાં અલ્પ પણ ન્યૂનતા રહી નહોતી. સર્વ પ્રકારનો એક દેશ બાદ કરતાં બાકી સર્વ અનુભવાયું હતું. વ્યવહારોપાધિના ઉદયને લીધે, મન, વચન અને કાયાના યોગને અન્ય પ્રકારે પ્રવર્તાવવા પડે એ દેખીતું છે અને તેટલી સ્વરૂપાનંદના અનુભવની ક્ષતિ લેખી શકાય; તે દૂર કરવા માટે એટલે તે યોગથી અસંગ થવા માટે વનવાસની આવશ્યકતા છે, એમ સ્પષ્ટ જ્ઞાન પ્રગટ કરે છે. જ્યારે તેમ થશે ત્યારે બાકી રહેલ એક દેશ અનુભવમાં આવશે એટલે તેમાં જ રહેવાશે એવું નિર્ણયાત્મક વચન પ્રમાશે છે. તેવી દશાએ પરિપૂર્ણ લોકાલોકજ્ઞાન ઉત્પન્ન થાય છે, તે વિચારણા કરતાં, "એ સમાધિમાંથી નીકળી લોકાલોકદર્શન પ્રત્યે જવું કેમ બનશે? એ પણ એક મને ( એટલે આ આત્માને ) નહીં પણ પત્ર લખનાર(યોગપ્રવૃત્તિમાં જોડાનાર)ને વિકલ્પ થાય છે."

આ પત્રના આગળના ભાગમાં, સાચી અધ્યાત્મદશા સમજવાને અનધિકારી અને વ્યર્થ તર્કનો આશ્રય કરી ટીકા કરવામાં કુશળ એવા તર્કવાદી માટે ખોરાક મળી રહે તે વચનો આ પ્રમાણે છે:—

"( કંઈ ) મુક્તિયે નથી જોઈતી, અને જૈનનું કેવળજ્ઞાને ય જે પુરૂષને નથી જોઈતું, તે પુરૂષને પરમેશ્વર હવે કયું પદ આપશે? એ કંઈ આપના વિચારમાં આવે છે? આવે તો આશ્ચર્ય પામજો; નહીં તો અહીંથી તો કોઈ રીતે કંઈયે બહાર કાઢી શકાય તેમ બને તેવું લાગતું નથી."

અહો, જુઓ તો ખરા, કેવું આશ્ચર્ય છે કે શ્રીમદ્‌જીના પવિત્ર અને શુકલ અતઃકરણમાં જે ભાવ ગુપ્તપણે રહ્યા છે, તે કેવી ગૂઢ ભાષામાં સહજતાએ ગોઠવાઈને બહાર આવ્યા છે! કહેવાનું કહી દીધું છે, છતાં છાનું રાખ્યું છે; એવી તેમની અદ્‌ભુત અનુપમ શૈલી માટે બહુમાન ઉત્પન્ન થયા વગર કેમ રહે?

આત્મદશાની કેટલી ઊંચી અવસ્થાએ તેઓ પહોંચ્યા શે અને આત્માનુભવની શુદ્ધતારૂપ પર્વતના કયા શિખરને સર કર્યો હશે, તેની અટકળ ઉપરનાં વચનોથી કરવાનું સુલભ જણાશે. "મુક્તિ"ની ઇચ્છાથી નિવૃત્તિ થઈ છે તેમ "કેવળજ્ઞાન" પામવાની અભિલાષા પણ ઉપશમ પામી છે, કેમકે સ્વાત્માનુભૂતિમાં તે બંને અનુભવગમ્ય થઈ ચૂક્યાં છે. તો હવે આ શાંત સ્વરૂપ મહાત્મા પુરૂષને પરમેશ્વર રીઝીને કયું પદ આપશે? કોઈ અનન્ય, અનુપમ અને અદ્વિતીય પદની પ્રાપ્તિ થશે એવો સ્પષ્ટ ધ્વનિ તે વચનોમાંથી સંભળાય છે, એ નિર્વિવાદપણે કહી શકાય. પરંતુ તે પદ કયું? તે સંબંધે પોતાના પરમ સ્નેહી, પરમ પરમાર્થસખા શ્રી સોભાગભાઈને પૂછે છે કે "આપના વિચારમાં કંઈ આવે છે? આવે તો આશ્ચર્ય પામજો." એ વચન પણ કોઈ આશ્ચર્યકારક પદની સિદ્ધિ સૂચવી જાય છે. વળી જણાવે છે કે "અહીંથી તો કોઈ રીતે કંઈએ બહાર કાઢી શકાય તેમ બને તેવું લાગતું નથી." એ વચનો પદની અતિ ગંભીરતા દર્શાવનાર દેખાય છે. વચનામૃત ૧૬૫ માં, સં. ૧૯૪૭ કાર્તિક સુદ ૫ ના અમૃતપત્રમાં જણાવ્યું હતું કે "છતાં વળી એથીયે અલૌકિક દશાની ઈચ્છા રહે છે," તે ઈચ્છા ગુપ્ત રહેલા

કરુણાસાગરે કૃપા કરી પૂર્ણ કરી હશે એમ અનુમાન કરવું સુસંગત અને ન્યાયયુક્ત જણાય છે. અર્થાત્ આ ઇચ્છાના અનુસંધાનમાં અને તેની પૂર્તિના સંબંધમાં "પદ"ની વાત સમજવી સહેલી થાય છે.

પૃષ્ઠ ૬૮. વચનામૃત ૧૮૮.

"કહેવારૂપ હું તેને નમસ્કાર હો."

આ અતિ ઉચ્ચ દશાસૂચક વિમળભાવે પ્રકાશિત કરેલાં વચનો છે. પોતે પોતાને પ્રાપ્ત શુદ્ધાત્મસ્વરૂપદશાને વંદન કરે છે. કહેવારૂપ, કહેવા યોગ્ય. પ્રશંસવા યોગ્ય, આદરવા યોગ્ય તો "હું" એટલે પ્રકૃષ્ટ શુદ્ધ આત્મસ્વરૂપ છે. આવા નમસ્કારના ભાવ કઈ દશાએ ઊગે અને થાય તે વિચારથી સમજાવા યોગ્ય છે.

પૃષ્ઠ ૬૯, વચનામૃત ૨૦૧.

"કેવળ નિર્વિકાર છતાં પરબ્રહ્મ પ્રેમમય પરાભક્તિને વશ છે, એ હૃદયમાં જેણે અનુભવ કર્યો છે, એવા જ્ઞાનીઓની ગુપ્ત શિક્ષા છે."

પ્રેમ એ અલૌકિક ને પરમ અદ્ભુત તત્ત્વ છે. આ જગતને વિષે તેના જેવું બીજું એકેય ઉત્તમ સાધન નથી જે વડે પૂર્ણતાને પામી શકાય. નિર્વિકાર પરબ્રહ્મ પરમાત્મા પણ તે તત્ત્વને આધીન છે એવું અનુભવપ્રમાણ વચન શ્રીમદ્જીએ સાનંદ પ્રકાશ્યું છે.

“ આજના પ્રભાતથી નિરંજન દેવની કોઈ અદ્ભુત અનુગ્રહતા પ્રકાશી છે; આજે ઘણા દિવસ થયા ઇચ્છેલી પરાભક્તિ કોઈ અનુપમરૂપમાં ઉદય પામી છે. ”

આજે, સં. ૧૯૪૭ મહા વદ ત્રીજના દિવસે, શ્રીમદ્જીને પરમ આનંદ વર્તે છે; પરમાત્મદેવની અદ્ભુત કૃપા ઊતરી છે; ઘણા દિનથી ઇચ્છેલી પરાભક્તિ, પરમ પ્રેમના લયવાળી ભક્તિ ઉપમા ન આપી શકાય તેવા સ્વરૂપે ઉદય પામી છે; તેનો આનંદ પણ અનુપમ જ હોય ને! આ કેવો અનુભવ છે? તે દર્શાવતાં કહે છે :—

“ આખી સૃષ્ટિને મથીને જો મહી કાઢીએ તો માત્ર એક અમૃતરૂપ વાસુદેવ ભગવાન જ મહી નીકળે છે.... આ વાત અને આખું ભાગવત એ એકને જ પ્રાપ્ત કરાવવા સાટે અક્ષરે અક્ષરે ભરપૂર છે; અને તે (અ)મને ઘણા કાળ થયા પહેલાં સમજાયું છે; આજે અતિ અતિ સ્મરણમાં છે; કારણ સાક્ષાત્ અનુભવ પ્રાપ્તિ છે અને એને લીધે આજની પરમ અદ્ભુત દશા છે. સત્સ્વરૂપ, અમૃતરૂપ શુદ્ધ આત્મદેવનો સાક્ષાત્ અનુભવ થાય તો પરમાનંદની સાથે સાથે જીવ ઉન્મત્ત થઈ ગયા વિના રહેશે નહીં. વળી તે આત્મપ્રભુ ચાહીને કેટલોક વખત અંતર્ધાન પણ થઈ જાય એવા લક્ષણના ધારક છે. અર્થાત્ એ અમૃતાનુભવની સ્થિતિ લાંબો કાળ ટકતી નથી. તે ટકી રહે અને ફરી ફરી અનુભવપ્રાપ્તિ થયા કરે તે અર્થે શ્રીમદ્જી અસંગતાને ઇચ્છે છે.

આશ્ચર્ય ઉપજાવે એવાં વચનો તો શ્રીમદ્‌જી હવે પ્રકાશે છે કે "તમારો સહવાસ તે પણ અસંગતા જ છે, એથી પણ વિશેષ અમને પ્રિય છે," સિદ્ધાંતના અને અનુભવના અભિપ્રાયે પૂર્વના અતિ બળવાન શુભ ઋણાનુબંધી પુરૂષનો સંગ અને સહવાસ સ્વરૂપદશાની ત્વરિત ગતિએ વૃદ્ધિ થવા અર્થે ઉપકારી છે, એવા અપૂર્વ ગુપ્ત જ્ઞાનના આધારે ઉપરનાં વચન નીકળ્યાં છે. અથાગ ઉપકારી પરમાર્થસખા શ્રી સોભાગભાઈનો સહવાસ અને સંગનું પરિણામ શ્રીમદ્‌જી માટે અસંગતામાં જ આવે તેમ છે અને તેથી "અસંગતા" કરતાં પણ તેમનો સંગ તેમને વિશેષ પ્રિય લાગે છે. પરમ મિત્રના સહવાસ યોગે 'અસંગતા"નો ઉદય જલદીથી આવે છે એવો શ્રીમદ્‌જીનો નિશ્ચળ અભિપ્રાય છે તે અહીં વ્યક્ત કર્યો છે.

પ્રસંગોપાત આ સ્થળે શ્રીમદ્‌ ભાગવતની એક સુંદર વાત સ્મૃતિમાં આવે છે. ભગવાન જેવા ભગવાન શ્રીકૃષ્ણ પણ પોતાના પરમ પ્રિય મિત્ર ઉધ્ધવનો સત્સંગ ઈચ્છે છે. બન્ને વચ્ચે અથાગ પ્રેમની નિર્મળ ધારા વહ્યા કરે છે. શ્રીકૃષ્ણ ઉધ્ધવને મળે છે ત્યારે તેઓ તેમને પ્રેમાલિંગન દઈ ભેટે છે, તેના સુખદાયક પરિણામે ઉધ્ધવને દેહ, ઇન્દ્રિયો અને પ્રાણનું ભાન છૂટી જાય છે અને સમાધિ લાગી જાય છે. તે જોઈને થોડી વારમાં શ્રીકૃષ્ણ પણ ઊંચી અને ઊંડી સમાધિમાં નિમગ્ન થઈ જાય છે. થયેલ સંગ અસંગતાનું પરિણામ લાવનાર બની જાય છે. આ પ્રાસંગિક વાત સિદ્ધાંતથી બહુ વિચારવા યોગ્ય છે એમ જણાશે.

પૃષ્ઠ ૭૦, વચનામૃત ૨૦૪

"આપને મારા પ્રત્યે પરમોલ્લાસ આવે છે અને વારંવાર તે વિષે આપ પ્રસન્નતા પ્રગટ કરો છો. પણ હજી અમારી પ્રસન્નતા મારા ઉપર થતી નથી કારણ કે જેવી જોઈએ તેવી અસંગ દશાથી વર્તાતું નથી."

શ્રીમદ્જીનું એક વચન છે કે "કોઇને અંતઃકરણ આપશો નહીં, આપો તેનાથી ભિન્નતા રાખશો નહીં. ભિન્નતા રાખો ત્યાં અંતઃકરણ આપ્યું તે ન આપ્યા સમાન છે." તેઓશ્રીએ પોતાના પરમ પરમાર્થસખા શ્રી સોભાગભાઈને અંતઃકરણ આપ્યું છે ને તેથી પોતાના સંબંધની ગુપ્ત કે અગુપ્ત સઘળી વાત તેમની પાસે પ્રભુ આજ્ઞાએ અને સમયાનુકૂળતાએ પ્રગટ કરતા જાય છે. અત્યાર સુધીમાં પોતાને વર્તતી આત્મદશાનું વર્ણિત કરેલું ચિત્ર આપણે જોઈ ગયા છીએ. તે વર્ણન વાંચતાં શ્રી સોભાગભાઈને તેમાં રહેલી અપૂર્વતા જોઇ પરમોલ્લાસ આવ્યો છે અને તે ઉલ્લાસને આત્માની પ્રસન્નતાપૂર્વક તેઓ વારંવાર લખી જણાવે છે. સં. ૧૯૪૭ના કાર્તિક માસથી મહા માસ સુધીના માત્ર ચાર માસના ગાળામાં આ આધ્યાત્મિક સિંહ પુરૂષ વ્યવહાર ઉપાધિની વચ્ચે રહીને પણ કેટલી આત્મોન્નતિ સાધી સફળ થયા છે તે ગયા વચનામૃત ૨૦૧થી આપણે જાણીએ છીએ. તે વાંચતા અને સમજતાં જો આપણને પણ અતિ ઉલ્લાસ થાય છે તો શ્રી સોભાગભાઇને કેટલો થયો હશે તેની કલ્પના કરી શકાય તેમ છે. બીજી બાજુ પૂર્ણતાના લક્ષવાળા અને પૂર્ણતાના આકાંક્ષી શ્રીમદ્‌ને થોડો ખેદ રહે છે કે

"અમારી" પ્રસન્નતા "મારા" ઉપર થતી નથી કેમકે અમારી ઈચ્છા પ્રમાણે જેવી જોઇએ તેવી અસંગદશાથી વર્તાતું નથી.

પૃષ્ટ ૭૨, વચનામૃત ૨૧૩.

" ત્રિલોકના નાથ વશ થયા છે જેને એવા છતાં પણ એવી કોઈ અટપટી દશાથી વર્તે છે કે જેનું સામાન્ય મનુષ્યને ઓળખાણ થવું દુર્લભ છે; એવા સત્પુરૂષને અમે ફરી ફરી સ્તવીએ છીએ. "

આ પત્ર પણ શ્રી સોભાગભાઈ ઉપરનો છે. અહીં સત્પુરૂષનું અદ્ભુત માહાત્મ્ય પરમ પ્રેમભક્તિથી ગાયું છે અને તેમને ફરી ફરી નમસ્કાર કરી, તેમની અસીમ કૃપા નિરંતર વર્ષ્યા કરે એવી ઇચ્છા મૂકપણે કરી છે. ઉપરનાં વચનો અમને તેમની દશા સંબંધે બહુ સૂચક લાગે છે. વચનામૃત ૧૮૭માં જણાવેલ વચનો, " નિરંજનપદને બૂઝનારા, નિરંજન કેવી સ્થિતિમાં રાખે છે, એ વિચારતાં અકળ ગતિ પર ગંભીર, સમાધિયુક્ત હાસ્ય આવે છે ! " તેનાં અનુસંધાનમાં ઉપરોક્ત વચનો સમજવાં યોગ્ય છે અને વિચારવાથી સમજાશે.

પૃષ્ટ ૭૩, વચનામૃત ૨૧૪.

"ઉદયકાળ પ્રમાણે વર્તીએ છીએ.... અમારૂં ભક્તિધામ છે."

શ્રીમદ્જીને " વિચરે ઉદયપ્રયોગ " જેવી દશા સંપ્રાપ્ત થઈ ગઈ છે; તે છતાં કવચિત્ જાણતાં અજાણતાં મનોયોગને લીધે ઇચ્છા ઉત્પન્ન હો તો ભિન્ન વાત. તેમની નિઃસ્પૃહતા

અને ઉદાસીનતા એટલાં વધી ગયાં છે કે જગત આખું સાવ સોનાનું થાય તો પણ તેમને તૃણવત્ છે. ઉત્તરોત્તર દશાનો વિકાસ આત્મનિરીક્ષણપૂર્વક જણાવતા જાય છે.

પૃષ્ટ ૭૩, વચનામૃત ૨૧૭.

"પ્રેમભક્તિથી સર્વ સિદ્ધિ છે" એવી સરળ વાટ મળ્યા છતાં ઉપાધિના કારણથી તેમની તન્મય ભક્તિ રહેતી નથી અને એકતાર સ્નેહ ઉભરાતો નથી, તેનો તેમને ખેદ રહ્યા કરે છે. તેમની પરમોચ્ચ અભિલાષા તો પરમાત્મામાં અખંડ અને અવિચ્છિન્નપણે પ્રેમામૃતની ધારા વહ્યા કરે અને પ્રેમભક્તિની પૂર્ણ લય આવી જાય તે છે. તે ન આવે ત્યાં સુધી તેમને દેહ-ત્યાગ કરવાની ઇચ્છા થાય તેમ નથી. બીજી તરફ અંતરંગ વૈરાગ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ એવી વર્તે છે કે તેમના આત્મામાં ઘર અને વન વચ્ચે ઘણું કરીને ભેદ રહ્યો નથી. તેમ છતાં પ્રેમની લય પૂર્ણતા પામે તે હેતુએ 'વનમાં જઇએ', 'વનમાં જઇએ' એમ થઈ આવે છે. તે માટેનો બીજો ઉપાય તેમને સૂઝે છે અને શ્રી સોભાગભાઇને જણાવે પણ છે કે "આપનો નિરંતર સત્સંગ હોય તો અમને ઘર પણ વનવાસ જ છે." અહીં અગત્યનો અને પરમ ઉપકારી તાત્ત્વિક સિદ્ધાંત ફરીથી દર્શિત કર્યો છે. પરમાર્થના અનુરાગી પુરૂષોએ આ પત્રમાં પ્રતિપાદિત કરેલ નિયમ કલ્યાણની પ્રાપ્તિ અર્થે હૃદયમાં અવ-ધારવા યોગ્ય છે.

પૃષ્ઠ ૭૫, વચનામૃત ૨૨૩

શ્રીમદ્જી આ પત્રમાં શ્રી સોભાગભાઈને હૃદય ખોલીને લખી જણાવે છે કે તેમની દશા અથવા તેમનું ચિત્ત અતિશય નિઃસ્પૃહ થયું છે ને તેથી અન્ય વિષયમાં પ્રવેશ કરતું નથી. તેને લીધે વાણી જેવી આગળ ક્રમપૂર્વક વાત કરી શકતી તેવી હવે લાગતી નથી. લેખન શક્તિ પણ શૂન્યતા પામ્યા જેવી થઈ ગઈ છે, અને તેનું નિદાન જોવા જતાં એમ નિશ્ચય થાય છે કે તેમના ચિત્તમાં ઊગેલી વાત ઘણા નયયુક્ત હોવાથી, તે લેખમાં આવી શકતી નથી; તેથી તેમનું ચિત્ત વૈરાગ્યને ભજતું હતું. નિર્ભેળ અને નિર્મળ પ્રભુપ્રેમની પવિત્ર યાત્રામાં આગળ વધતાં કેવાં સુભગ પરિણામો અનુભવગમ્ય થાય છે તે આ વચનોથી સમજાશે. પ્રથમ ચિત્ત નિઃસ્પૃહ થાય છે એટલે એક પરમાર્થ વિષય સિવાય અન્ય સ્થળે ઘણું કરીને પ્રતિબદ્ધતા પામતું નથી; ઉપયોગ સ્વોપકારી વિષય સિવાય સ્થિર રહી ટકી શકતો નથી; તેવી દશા ઉપલબ્ધ થવાથી વાણી અને લેખનશક્તિ અતિશય વૈરાગ્યને લીધે ઘટી જાય છે; લેખન–શક્તિ શૂન્યતા પામ્યા જેવી થઈ જાય છે અને તેનું કારણ પ્રેમભક્તિ એ જ્ઞાનનો હેતુ હોઈ અને પોતાની ક્ષયોપશમશક્તિ અતિ બળવતી હોઈ ચિત્તમા ઊગેલી વાત ઘણા નયથી તેમને સમજાય છે; તે બધા નય વાણીમાં ઉતારી શકાતા નથી, તેને લઈને ચિત્ત વૈરાગ્ય પામી જાય છે. અત્ર વિશેષ એટલું સમજવું કે પ્રેમભક્તિ એ જ્ઞાનનો હેતુ છે, ત્યાં 'જ્ઞાન' શબ્દ વિશાળ અર્થમાં છે, આત્મજ્ઞાન અને તેની ક્રમથી વધતી નિર્મળતા

અને શુદ્ધતા, ગુપ્ત ભેદ અથવા રહસ્યનું જ્ઞાન, પરમાર્થમાર્ગની યથાર્થ સમજણ, ભિન્ન ભિન્ન અપેક્ષાઓનું ક્ષયોપશમ અનુસાર પ્રગટતું જ્ઞાન ઇત્યાદિ.

પૃષ્ટ ૭૫ વચનામૃત ૨૩૪

"પોતાનું અથવા પારકું જેને કંઈ રહ્યું નથી એવી કોઈ દશા તેની પ્રાપ્તિ હવે સમીપ જ છે. (આ દેહે છે) અને તેને લીધે પરેચ્છાથી વર્તીએ છીએ"

પ્રભુ પ્રત્યેના નિર્મળ પ્રેમનું નિર્મળ ઝરણુ જેમ જેમ અધિકતાએ વહે છે, તેમ તેમ ગુણોની અધિકાધિક આવૃત્તિ થતી જાય છે અને આત્મિક સામર્થ્ય વધતું જાય છે, તે આપણે શ્રીમદ્‌જીએ ઉત્તરોત્તર પ્રકાશેલ વચનોથી જાણી શકીએ છીએ. વચનામૃત ૨૩૦માં કહેલાં વચનો, "તણખલાના બે કટકા કરવાની સત્તા પણ અમે ધરાવતા નથી." તેમની નિરહંકારતા અને અતિ વિનમ્રતા સૂચવી જાય છે. વચનામૃત ૨૩૨ માં "પરેચ્છાનુચારીને શબ્દ-ભેદ નથી" એવી અનુભવવાણી પ્રકાશી નિર્દેશ કર્યો કે જે કોઇ પરમાત્મસ્વરૂપ પુરૂષની ઇચ્છાને, ઉપકારી શ્રીગુરુદેવની ઇચ્છાને અથવા પરમ ઉચ્ચ દશાને પામેલ પુરૂષ કર્મોદયને સમભાવે અનુસરે છે, તેને હર્ષ-વિષાદ, જય-અજય આદિ શબ્દ-ભેદરૂપ દ્વંદ્વો ટળી જાય છે, એટલે સમભાવમાં વિશેષ વિશેષ સ્થિતિ થતી જાય છે. હવે વચનામૃત ૨૩૪ માં તેથી પણ ઊંચા ગુણની પ્રાપ્તિ નજીકમાં છે તેનું શ્રી સોભાગભાઈ પાસે પ્રકટીકરણ કર્યું છે. ત્યાં જણાવે છે કે પોતાનું

અથવા પારકું જેને કંઈ રહ્યું નથી એવી કોઇ ભેદભાવ વિનાની અદ્ભુત દશા, તેની પ્રાપ્તિ સમીપ જ છે, આ દેહે જ છે અને તેને લીધે પરેચ્છાથી વર્તીએ છીએ. અહો, "પોતાનું અને પારકું" એવો જે અનાદિ ભાવ તેનાથી નિવૃત્ત થવું કેટલું કઠણ છે, તે નિવૃત્ત થવા ઇચ્છનાર જાણી શકે છે. પરંતુ ભગવાનનો પ્રેમી ભક્ત પ્રેમભાવમાં લીનતા લાવે ત્યારે કઠિન કાર્ય સુલભ બની જાય છે. તેને માટે કોઇ કાર્ય અઘરૂં કે અશકય થઈ શકતું નથી. પ્રેમનું સામર્થ્ય અચિંત્ય અને અગાધ છે.

પૃષ્ઠ ૭૬, વચનામૃત ૨૪૪

"પરબ્રહ્મવિચાર તો એમને એમ જ રહ્યા કરે છે; કયારેક તો તે માટે આનંદકિરણ બહુ સ્ફુરી નીકળે છે અને કંઇની કંઇ (અભેદ) વાત સમજાય છે, પણ કોઇને કહી શકાતી નથી; અમારી એ વેદના અથાગ છે."

આ તો ત્રિકાળીસત્ય અબાધિત નિયમ છે કે જેને જેનામાં પ્રેમ છે, તેને તેની સ્મૃતિ, તેના વિચાર, અને તેના મિલનની ઇચ્છા રહ્યા જ કરે છે. જેટલું પ્રેમનું સઘનપણું, તેટલું સ્મૃતિ કે વિચારનું બળવાનપણું હોય છે. પ્રભુપ્રેમની સફરમાં શ્રીમદ્જી કેટલા બધા આગળ વધી ગયા છે, તે ઉપરનાં તેમનાં વચનોથી સમજી શકાશે. કહે છે કે પરબ્રહ્મ વિચાર, પરમ શુદ્ધાત્મ વિચાર તો એમ ને એમ વિના પ્રયાસે, સહજાસહજ રહ્યા કરે છે. કયારેક તેના અનિવાર્ય ફળરૂપે તેમના આત્મામાં નિર્દોષ આનંદકિરણ પ્રબળપણે સ્ફુરી નીકળે છે અને તેનાથી આત્મા

ઘેરાઈ જતાં અને સમાધિસુખમાં જતાં ફરી તેના પરિણામે કંઈની કંઈ અભેદ વાત તેમને સમજાય છે. પ્રેમસમાધિ, આનંદસમાધિ અને આત્મસમાધિમાં રમણુતા થયા પછી શ્રીમદ્‌જીને અભેદ સ્વરૂપની અને તેના ગુપ્ત રહસ્યોની તથા તેની પ્રાપ્તિ માટેના સરળ ઉપાયોની વાત સમજાય છે; પરંતુ કોઇને કહી શકાતી નથી, તેની તેમને અથાગ વેદના છે. નહીં કહી શકવાનું કારણ, એવી સત્પાત્રતાવાળા જીવોની દુર્લભતા છે એ લાગે છે. વેદનાને કાળે શાતા પૂછનાર જોઇએ, જેથી કરીને વેદનાનો ભાર હળવો થાય. પરંતુ તેવી શાતા પૂછ-નારનો તેમને વિયોગ રહેતો હોવાથી તેઓશ્રી વિયોગમાં રહ્યા છે એવા પરમ પરમાર્થસખા શ્રી સોભાગભાઇને શાતા પૂછવાની અને શાંતવન આપવાની માગણી કરે છે.

આ સુધામય પત્રની વિગત જાણ્યા પછી અને તે પર તેમની સર્વોત્તમ પ્રજ્ઞાથી વસ્તુસ્થિતિ લક્ષગત કર્યા પછી શ્રી સોભાગભાઇએ જે ભાવોની અભિવ્યક્તિ કરી તેના ઉત્તરરૂપે શ્રીમદ્‌જી વચનામૃત ૨૪૬માં જણાવે છે કે:—

"વિરહ પણ સુખદાયક માનવો. અતિશય વિરહાગ્નિ હરિ પ્રત્યેની જલવાથી સાક્ષાત્ તેની પ્રાપ્તિ હોય છે. તેમ જ સંતના વિરહાનુભવનું ફળ પણ તે જ છે, ઇશ્વરેચ્છાથી આપણા સંબંધમાં તેમ જ માનશો."

શ્રી સોભાગભાઈ પાસે પોતાની અથાગ વેદનાની શાંતિ માટે શાતા પૂછાવવા જતાં, સોભાગભાઈ પોતે જ વિરહાગ્નિની

વેદનામાં સપડાઈ ગયા ને તે વાત છુટ્ટા દિલથી શ્રીમદ્‌જીને લખી જણાવતાં શ્રીમદ્‌જી પર ઉલટી તેમને શાતા આપવાની ફરજ આવી પડી. તેમાં શાતા આપનાર વચનો ઉપરાંત અદ્‌ભુત સિદ્ધાંતનું પ્રતિપાદન પણ થઈ ગયું. પરમ પ્રેમથી ધબકતાં બે હૃદયોનું મિલન, બે દેહધારી આત્મજ્ઞાનીઓનું મળવું જેમ ઉપકારી છે તેમ તેમનો વિરહ પણ તે જ પ્રકારનું ફળ આપનાર છે; અર્થાત્ સંતના વિરહાનુભવનું ફળ સાક્ષાત્ સ્વરૂપપ્રાપ્તિ છે. વિરહમાં ઇષ્ટની સ્મૃતિ, ઇષ્ટના ગુણોનું સ્મરણ અને ઇષ્ટની આત્મદશાની ઉચ્ચ સ્થિતિનું લક્ષ નિરંતર રહેતાં હોવાને લીધે ઉપરોક્ત ફળ સંપ્રાપ્ત થાય છે.

પૃષ્ટ ૭૬, વચનામૃત ૨૪૭

"ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે; જેથી વ્યવહારનાં બધાં કાર્ય ઘણું કરીને અવ્યવસ્થાથી કરીએ છીએ."

"એવી ચિત્તની દશા નિરંકુશ થઈ રહી છે; અને તે નિરંકુશતા પ્રાપ્ત થવામાં હરિનો અનુગ્રહ કારણ છે.... એવો અનુભવ છે."

આત્મદશાનું અને ભાવોનું નિરીક્ષણ શ્રીમદ્‌જી કેવું ઝીણવટભર્યું કરી શકે છે તેના અનેક નમુનાઓ આપણે અત્યાર સુધીમાં જોઈ ગયા છીએ અને હવે પછી પણ જોઇશું. આભ્યંતર અવલોકન સત્યપણે કરવું અતિ કઠિન છે; તે મોહ માયાના કોઈ ભાવ ભળ્યા વગર અત્યંત પ્રમાણિકપણે થવું

જોઇએ. તેમ થવા માટે અતિ સરળતા, વિશાળ બુદ્ધિ, મધ્યસ્થતા, આત્મોપયોગની તીક્ષ્ણતા, તુલના શક્તિ ઇત્યાદિ ગુણો હોવા જોઇએ જે શ્રીમદ્‌માં વિશિષ્ટપણે વિદ્યમાન હતા.

શ્રીમદ્‌જીનું ચિત્ત ચૈતન્યસ્વરૂપ ભણી વારંવાર ઢળતું રહેવાથી તેઓ વ્યવહારનાં કાર્યો જોઇએ તેવી વ્યવસ્થાથી ન કરી શકે તે સહેજે સમજાય તેવું છે. કોઈ વિશેષ કારણ માટે ચિત્તને વ્યવસ્થિત કરવાની ઇચ્છા રખાય છે ત્યારે પણ ચિત્ત નિરંકુશપણે વર્તે છે અર્થાત્ ઇચ્છાને આધીન થતું નથી. હરિની મહત્ કૃપાથી તે નિરંકુશતા પ્રાપ્ત થઈ છે. હવે તેમની નેમ એ નિરંકુશતાને પૂર્ણતા પમાડવાની છે; તેમ નહીં થાય ત્યાં સુધી ચિત્તની યથાયોગ્ય સમાધિસ્થિતિ નહીં થાય એમ તેમને લાગે છે. વર્તમાને તેમને પરમાર્થવિષયક બધુંય ગમે છે અને વ્યવહારવિષયક બધુંય ગમતું નથી એવી સ્થિતિ છે. જ્યારે બધુંય ગમશે એટલે સર્વ ઉદિત અવસ્થાને વિષે સંપૂર્ણ સમપણું વર્તશે, ગમે તેમ હો એવો પરમ પરમ ઉદાસીનતાનો ભાવ પ્રગટ થશે ત્યારે નિરંકુશતાની પૂર્ણતા થશે એમ જણાવી તેવી ભાવના દર્શાવી છે. કેમકે એ દશાને પૂર્ણકામતા પણ કહે છે; જ્યાં હરિ જ સર્વત્ર સ્પષ્ટ ભાસે છે.

આગળના વચનોમાં શ્રીમદ્‌જી જણાવે છે કે જે આત્મરસ જગતનું જીવન છે તે અમૃતરસનો અનુભવ થયા પછી તેમને હરિ પ્રત્યે અતિશય લય થઈ છે અને તેનું પરિણામ એમ આવશે કે જ્યાં જેવે રૂપે ઇચ્છીએ તેવે રૂપે હરિ....આવશે.

આ વચનોનો આશય ગંભીર જણાય છે અને તે સત્યસ્વરૂપે સમજવો કઠણ લાગે છે.

છેલ્લે સર્વ સમર્પણભાવદર્શક વચનો પ્રકાશતાં કહે છે, "અમે સર્વ સત્તા હરિને અર્પણ કરીએ છીએ, કરી છે." ઈશ્વરને સર્વાર્પણ તો ક્યારનુંય કરી ચૂક્યા છે તો પણ અંતરમાં કોઈ પણ પ્રકારે કિંચિત્ ન્યૂનપણું રહ્યું હોય તો તેના ક્ષય માટે ઉપરનાં વચનો લખ્યાં છે.

પૃષ્ઠ ૭૮, વચનામૃત ૨૫૫

"એક પુરાણપુરૂષ અને પુરાણપુરૂષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી; અમને કોઈ પદાર્થમાં રૂચિ માત્ર રહી નથી. કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી....અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ."

પરમાનંદરૂપ પ્રભુમાં પ્રેમની લય લાગે છે ત્યારે અંતરમાં એક તુંહિ તુંહિનો સુમધુર સ્વર ગૂંજી રહ્યો હોય ત્યારે, અને હ્રદયકમળ દિવ્ય પ્રેમની દિવ્ય પાંખડીઓથી ઉઘડી વિકસતું હોય ત્યારે તે પુરૂષની દશા કેવી હોય તેનું સ્પષ્ટ અને સુંદર ચિત્ર શ્રી સોભાગભાઈ ઉપરના આ અમૃતપત્રમાં આલેખી પરમ ઉપકાર કર્યો છે. "અપૂર્વ સ્નેહમૂર્તિ" એવા શ્રી સોભાગભાઈએ શ્રીમદ્જીની દશા હાલમાં કેવી વર્તે છે તે જાણવાની જિજ્ઞાસા દર્શાવતા પત્રનો આ પ્રત્યુત્તર છે. કુશળતાથી આત્મભાવોનું નિરીક્ષણ કરી તેને યથોચિત શબ્દોમાં ઉતારી વર્ણન કરવું તે

શ્રીમદ્ જેવા ઉચ્ચ કોટિના પુરૂષથી જ માત્ર બની શકે; બીજાનું ગજુ નથી એમ કહેવામાં દોષ જણાતો નથી.

પત્રના આરંભમાં જ અલૌકિક પ્રેમતત્ત્વનું અપૂર્વ માહાત્મ્ય જેના હૃદયમાં પ્રેમપૂર્વક અંકિત થયું છે એવા શ્રીમદ્જી ભારપૂર્વક કહે છે કે એક પુરાણપુરૂષ, આદિપુરૂષ અને તેમની પ્રેમસંપત્તિ વિના તેમને કંઈ ગમતું નથી. અન્ય કોઈ પણ પદાર્થમાં રૂચિ માત્ર રહી નથી; અને જ્યાં કંઈ રૂચિ ન હોય ત્યાં કંઈ પ્રાપ્ત કરવાની ઈચ્છા પણ કેમ હોય? પુરાણપુરૂષ કે આદિપુરૂષ તે પરમાર્થે નિજાત્મા છે; ત્યાં પુરૂષ એટલે જ આત્મા. વ્યવહારે પુરાણ કે આદિ પુરૂષ એટલે શ્રી તીર્થંકર પ્રભુ.

પત્રમાં દર્શાવેલ દશાના વર્ણન પરથી શ્રીમદ્જીમાં પ્રગટેલા અને વિકસેલા ગુણો આ પ્રમાણે અનુમાની શકાય, નિઃસ્પૃહતા, ભેદભાવરહિતતા, ઉદાસીનતા, વિરાગતા, નિર્માનતા, નિર્લોભતા, સ્વતંત્ર ઈચ્છાની અતિ ન્યૂનતા.

તેમને "આદિપુરૂષને વિષે અખંડ પ્રેમ સિવાય બીજા મોક્ષદાદિક પદાર્થોમાંની આકાંક્ષાનો ભંગ થઈ ગયો છે." જ્યારે તેઓ પ્રેમની લયમાં લીન થયા હોય છે અથવા પ્રેમસમાધિને વિષે મગ્ન હોય છે, ત્યારે દેહનું ભાન છૂટી જાય છે. તે લીનતામાંથી નીકળ્યા પછી તેની અસર ઘણી ઘેરી હોય છે. તે વેળાની દશા સમજાવવા તેઓ કહે છે કે "અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ." આ વચનો દેહ અને આત્માની ભિન્નતાનુભવદર્શક છે. અનંત

સામર્થ્યનો ધણી, ચિદ્ ચમત્કારપાત્ર એવો ચૈતન્યાત્મા પ્રભુ દશા સંપ્રાપ્ત થયે જીવને પોતાનો આશ્ચર્ય ઉપજાવે એવો પ્રભાવ અનેકવિધ પ્રકારે બતાવ્યા વિના કેમ રહે? દશાની વર્ધમાનતા થવા અર્થે આનંદાનુભવોની લ્હાણી તે આપ્યા જ કરે છે. દેહ અને આત્માની ભિન્નતાનો અનુભવ જે ઉપર કહ્યો તે તેનો એક પ્રકાર છે; તેના બીજા પ્રકારો પણ છે, જેમકે પ્રેમમૂર્તિ પરમાત્માના સ્વરૂપના ચિંતનમાં જતાં, સ્થિર થતાં દેહ જાણે ઓગળી જતો હોય અથવા પરમાણુઓ દેહમાંથી નીકળી છૂટાં પડી હવામાં–અવકાશમાં જતાં હોય અને અંતરમાં ચૈતન્યાત્માનો અનુભવ વર્તતો હોય ત્યાં પણ ભિન્નતાનો અત્યંત સુખરૂપ અનુભવ છે; અથવા આત્માની સ્વાભાવિક શાંત પરિણામવાળી ઉચ્ચ દશા હોય ત્યારે દેહના કોઈ પણ ભાગમાં આત્મા જાણે પ્રસન્નતાપૂર્વક પોતાના પ્રદેશોથી હીલોળા મારી હિંચકા ખાતો હોય તેમ લાગે તે પણ તે જ સૂચવે છે; અથવા તેવા જ સ્વરૂપની શાંત સ્થિતિમાં મસ્તકથી ચરણનાં ટેરવા સુધી (અથવા અમુક ભાગમાં) નિર્મળ નીરનાં મૃદુ વહેણની જેમ વહેતા પ્રવાહનો આનંદદાયક અનુભવ થાય, વારંવાર થયા કરે એ પણ દેહ અને આત્માની ભિન્નતા બતાવનાર છે; પરમ પૂજ્ય શ્રી સોભાગ્યભાઇને આવો જ કોઈ અનુભવ થયો હશે એમ માની શકાય. તે અનુભવ દર્શાવતાં સં. ૧૯૫૩, જેઠ સુદ ૧૪ના શ્રીમદ્જી પર લખેલા વચનો આ પ્રમાણે છે: "દેહ અને આત્મા જુદો છે, દેહ જડ છે, આત્મા ચૈતન્ય છે. તે ચેતનનો ભાગ પ્રત્યક્ષ જુદો સમજમાં

આવતો નહોતો. પણ દિન ૮ થયાં આપની કૃપાથી અનુભવ-ગોચરથી બે ફાટ પ્રગટ જુદો દેખાય છે, અને રાત–દિવસ આ ચેતન અને આ દેહ એમ આપની કૃપાદૃષ્ટિથી સહજ થઈ ગયું છે.”

આ વિષય પૂર્ણ થાય છે અને હવે વચનામૃત ૨૫૫ નાં અન્ય વચનો તરફ વળીએ. શ્રીમદ્‌જીને વર્તમાને વર્તતી દશા જોવા જેવી છે; હૃદય પ્રાયે શૂન્ય જેવું છે, ઇન્દ્રિયો શૂન્યપણે વર્તવારૂપ છે, ને મન પોતાને સ્વાધીન છે કે કેમ તેનું યથાયોગ્ય ભાન ન રહેવારૂપ સ્થિતિ છે, અર્થાત્ ચિત્તમાં વિચિત્ર એવી ઉદાસીનતા વર્તે છે, જેને લઇને ગમે તેમ વર્તાય છે. આટલું બધું છતાં તેમને મનમાનતી ઉદાસીનતા નથી અને જે અખંડ પ્રેમખુમારી પ્રવહવી જોઇએ તેવી પ્રવહતી નથી. જુઓ તેમની અભિલાષા શી છે? પરમાત્મા પ્રત્યેના દિવ્ય પ્રેમના ભાવાવેશમાં અખંડ સ્થિતિ, કયારેક ઘેલછા જેવી દેખાતી પ્રેમખુમારી, પ્રેમની પૂર્ણતા પામવાની તમન્ના, પ્રેમની પૂર્ણતા એટલે પરમ, પરમ શુદ્ધાત્માની પ્રકટતા.

પ્રેમની પૂર્ણતાની અપેક્ષાએ કંઇક ન્યૂનતા હોવા છતાં આત્મદશા તો અદ્‌ભુત જ વર્તે છે. પ્રભુની પરમ કૃપા છે તેથી અંતરંગ દશાનું વર્ણન કરતાં શ્રીમદ્‌જી જાણે કેમ સર્વ વૃત્તિઓને ઉપાલંભથી શાંત કરતા હોય તેમ બળવાન વચનો પ્રકાશતાં કહે છે કે “અમારો દેશ હરિ છે, જાત હરિ છે, કાળ હરિ છે, દેહ હરિ છે, રૂપ હરિ છે, નામ હરિ છે, દિશા હરિ છે,

સર્વ હરિ છે અને તેમ છતાં આમ વહીવટમાં છીએ એ એની ઈચ્છાનું કારણ છે," પોતાની ઈચ્છાનું નથી. પૂર્ણતા પામવાનો પ્રેમમાર્ગ, તેનો પંથી, પંથમાં ઠીક આગળ વધ્યા પછી પંથીની સંસારગ્રંથિઓ છેદાતાં તેના અંતર્ભાવો કેવા હોય તે ઉપરનાં વચનોથી દર્શાવ્યું છે.

પૃષ્ઠ ૮૦, વચનામૃત ૨૫૯

"જ્ઞાનધારા" સંબંધી મૂળમાર્ગ અમે તમને આ વખતના સમાગમમાં થોડો પણ કહીશું; અને તે માર્ગ પૂરી રીતે આ જ જન્મમાં તમને કહીશું એમ અમને હરિની પ્રેરણા હોય તેવું લાગે છે."

આ પત્ર શ્રી સોભાગભાઈ ઉપર લખાયેલ છે.

મોક્ષ માટેનો મૂળમાર્ગ સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની એકતારૂપ છે; તે રત્નત્રયીના નામથી પણ પ્રસિદ્ધ છે. શ્રી સોભાગ્યભાઈને સમ્યક્ દર્શન–જ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ છે એ આપણે પૂર્વે જોઈ ગયા છીએ. તે આત્મજ્ઞાનની નિર્મળતા થાય અને સમ્યક્જ્ઞાનની ધારા વધે તે માટેનો સરળ ઉપાય (અથવા મૂળમાર્ગ સંબંધનો થોડો ભાગ) બંનેના આગામી સમાગમ વખતે બતાવવાનું શ્રીમદ્જીએ વચન આપ્યું અને તે માર્ગ પૂરી રીતે આ જન્મમાં તેઓશ્રી કહેશે એમ પણ હરિની પ્રેરણાથી જણાવ્યું, જેથી શ્રી સોભાગભાઈના આત્મામાં સંતોષ તથા પ્રસન્નતા વધે.

આ માર્ગને અવિરોધપણે બીજા શબ્દોથી કહેવો હોય

તો કહી શકાય કે તે પ્રેમ-શ્રદ્ધા-અર્પણતારૂપ છે. તેની વિશેષ સમજણ અમારા "ભક્તિમાર્ગનું રહસ્ય" પુસ્તકમાં આપી છે. તે જિજ્ઞાસુએ જોઈ જવી હિતકારી જણાશે. અત્રે તો એ ત્રણે શબ્દોની ઊંચામાં ઊંચી અને ટુંકામાં ટુંકી વ્યાખ્યા, તેની યથાર્થ સમજણ અર્થે આપીએ છીએ, જેનો વિસ્તાર જેટલો કરવો હોય તેટલો થઈ શકે તેમ છે. પ્રેમ એટલે હૃદયની સોંપણી, શ્રદ્ધા એટલે બુદ્ધિની સોંપણી અને અર્પણતા એટલે ઇચ્છાની સોંપણી. એ ત્રણેનો સરવાળો એટલે અહંકાર-મમકારનો ત્યાગ અને તે ત્યાગની પૂર્ણતા એટલે સર્વોત્કૃષ્ટ સિદ્ધિ અર્થાત્ નિજાત્માની પ્રકૃષ્ટ શુદ્ધતા.

શ્રીમદ્જી અને શ્રી સોભાગભાઈ, બન્ને મહાભાગ્ય પુરૂષોનો સમાગમ સં. ૧૯૪૮ના કારતક વદ ૭ પહેલાં એક અથવા વધારે વખત થયો હશે, જ્યારે શ્રીમદ્જીએ વચન આપ્યા પ્રમાણે મૂળમાર્ગનો થોડો ભાગ કહ્યો હશે અને જેને શ્રી સોભાગભાઈએ પ્રેમ-શ્રદ્ધાપૂર્વક અવધારીને કાર્યશીલતામાં પરિણમાવ્યો હશે. તેમ બન્યું છે તેની પ્રતીતિ માટે ખંભાતના મુમુક્ષુ શ્રી અંબાલાલભાઈ ઉપર શ્રીમદ્જીએ લખેલ પત્ર નં. ૩૦૬ પ્રત્યક્ષ છે. પત્ર મોરબીથી કારતક વદ ૭, ૧૯૪૮ના પવિત્ર દિને લખાયેલ છે. ટુંકો જ પત્ર છે. તેમાં લખ્યું છે :—

" ૐ બ્રહ્મસમાધિ

શ્રી સુભાગ્ય પ્રેમસમાધિ વિષે વર્તે છે.

અપ્રગટ સત્ "

શ્રીમદ્જીને જે સમાધિનો અનુભવ થાય છે તે બ્રહ્મસમાધિ છે, અર્થાત્ પોતાની દશા ગર્ભિતપણે જણાવીને તે દશાને મનોમન પ્રણામ કર્યા છે. વળી સહી "અપ્રગટ સત્" શબ્દથી કરી છે તે એમ સૂચવે છે કે જે સત્‌ની, સત્સ્વરૂપની પોતાને પ્રાપ્તિ થઈ છે, તેની જાણ જગતથી અને ઘણા ખરા સમાગમીઓથી ગુપ્ત રહી છે તે દર્શાવવા "અપ્રગટ" વિશેષણ વાપરેલ છે. એક જ અર્થગંભીર વાક્યમાં શ્રી સોભાગભાઈની ઉપરની શ્રેણિમાં આરુઢ થયેલી દશા જણાવી છે. "શ્રી સુભાગ્ય પ્રેમસમાધિ વિષે વર્તે છે" એ વચનોમાં શ્રી સોભાગભાઈનું સુભાગ્ય બતાવ્યું, કેમકે તેઓશ્રીએ શ્રીમદ્જીએ ઉપદેશેલ "જ્ઞાનધારા" સંબંધના મૂળમાર્ગના થોડા રહસ્યભાવને આરાધવાથી સુખસ્વરૂપ પ્રેમસમાધિને વિષે સ્થિતિ કરી છે. આ પ્રેમસમાધિનું સ્વરૂપ અદ્ભુત અને ઉત્તમ પરિણામ લાવનાર છે. પ્રભુસ્વરૂપ પુરૂષના પ્રેમમાં પ્રવેશ થઈ લીનતા થતાં, પ્રભુના ગુણો અને રહસ્યમય "જ્ઞાનધારા" આકર્ષાઈને પોતા તરફ આવે એ સમજાય તેવી વાત છે. તેમ થવાથી પવિત્ર જ્ઞાનનો ક્રમશઃ ઉઘાડ અને સ્વભાવદશાની વર્ધમાનતા થયા વિના કેમ રહે?

શ્રીમદ્જીનો આ વાત શ્રી અંબાલાલભાઈને જણાવવાનો હેતુ એમ સમજાય છે કે તેથી શ્રી અંબાલાલભાઈ પણ બોધપાઠ મેળવે અને માર્ગનો ક્રમ જાણવા જિજ્ઞાસા વધારે. તે જ રીતે આ બોધ સર્વ વાંચકો, જિજ્ઞાસુઓ અને અભ્યાસીઓ માટે ઉપકારભૂત થવા યોગ્ય છે.

હવે આ પત્રમાં લખેલ આગળનાં વચનો જોઈએ : "તમે અમારા માટે જન્મ ધર્યો હશે એમ લાગે છે. તમે અમારા અથાગ ઉપકારી છો. તમે અમને અમારી ઇચ્છાનું સુખ આપ્યું છે, તે માટે નમસ્કાર સિવાય શું બદલો વાળીએ ?"

બંને મહાનુભાવો વચ્ચે પૂર્વભવોમાં એવો અત્યંત શુભ ઋણાનુબંધ બંધાયો છે કે તેના ઉદયે બંનેનો સમાગમયોગ આ ભવે થયો છે અને એ સમાગમયોગનું ફળ કેવું સુંદર પ્રાપ્ત થયા કરે છે, તે જોઈ ઉપરનાં વચનો શ્રીમદ્જીનાં મુખમાંથી નીકળ્યાં છે. શ્રી સોભાગભાઈના નિમિત્તથી શ્રીમદ્જીને અપૂર્વ ભેદરૂપ જ્ઞાનનો પ્રકાશ અને આત્મદશાનો વાયુવેગે થતો વિકાસ અનુભવગત થયા છે. તેથી જ કહે છે કે "તમે અમારા અથાગ ઉપકારી છો, તમે અમને અમારી ઇચ્છાનું સુખ આપ્યું છે."

આગળ શ્રીમદ્જી લખે છે, 'પણ અમને લાગે છે કે અમારે હાથે હરિ તમને પરાભક્તિ અપાવશે, હરિના સ્વરૂપનું જ્ઞાન કરાવશે અને એ જ અમે મોટો ભાગ્યોદય માનીશું."

પરસ્પર અતિ શુભ ઋણાનુબંધથી બંધાયેલા જીવોમાંથી એકને લાભ થાય અને બીજો તેનાથી વંચિત રહે એમ કદાપિ બને નહીં. બંનેમાંથી જેની આત્મદશા ઊંચી હોય, તે બીજાને અવશ્ય લાભપ્રાપ્તિ કરાવે જ એ અફર અને અબાધિત નિયમ છે, માત્ર ઋણની ચૂકવણીનો ઉદય હોવો જોઇએ અને તે પણ

વહેલે અથવા મોડે આવે છે જ. અહીં શ્રીમદ્જીની આધ્યાત્મિક દશા ઘણી ઊંચી છે અને તેમની શક્તિનો લાભ શ્રી સોભાગભાઇને મળવો જોઇએ. તેમને ભવિષ્યકાળમાં સુખદાયક સ્થિતિ પ્રાપ્ત થવાની છે તેનું જ્ઞાન પ્રગટ કરતાં શ્રીમદ્જી શ્રી સોભાગભાઇને લખે છે કે "અમારે હાથે હરિ તમને પરાભક્તિ અપાવશે, હરિના સ્વરૂપનું જ્ઞાન કરાવશે." પ્રભુ પ્રત્યેના પ્રેમની એક લય રહેવી તે પરાભક્તિ છે અને તે લયના પરિણામે પરમાત્મા અને આત્માનું એકરૂપ થઈ જવું (!) તે પરાભક્તિની છેવટની હદ છે, જ્યાં હરિના સ્વરૂપનું જ્ઞાન અનુભવગમ્ય થાય છે. એમ થશે ત્યારે "અમે મોટો ભાગ્યોદય માનીશું" એમ શ્રીમદ્જી સંતોષપૂર્વક કહે છે. આવી ઉત્કૃષ્ટ દશા શ્રી સોભાગભાઇને સંપ્રાપ્ત થઈ હતી તે આપણે જાણીએ છીએ.

પૃષ્ટ ૮૧, વચનામૃત ૨૮૦

"જણાવ્યા જેવું તો મન છે, કે જે સત્સ્વરૂપ ભણી અખંડ સ્થિર થયું છે (નાગ જેમ મોરલી ઉપર.")

ઉત્તરોત્તર વર્ધમાન પામતી દશાને દર્શાવતાં વચનો તો જુઓ ! નાગ જેમ મોરલી ઉપર સ્થિર થાય છે તેમ શ્રીમદ્જીનું મન સત્સ્વરૂપ સન્મુખ અખંડપણે સ્થિર થયું છે. તે દશા વાણીમાં પૂર્ણપણે કેમ ઉતારી શકાય ! અનુભવ માત્ર પૂરી રીતે વચનથી કહી શકાતો નથી.

પૃષ્ટ ૮૨, વચનામૃત ૨૯૧

"આત્મા બ્રહ્મસમાધિમાં છે, મન વનમાં છે. એક બીજાના આભાસે અનુક્રમે દેહ કંઈ ક્રિયા કરે છે."

શ્રીમદ્‌જીની ક્ષયોપશમ શક્તિ એટલી બળવાન છે કે અંતરમાં વર્તતી ગૂઢ દશાનું જ્ઞાન અતિ સૂક્ષ્મતાથી કરી શકે છે એટલું જ નહીં પરંતુ તે દશાનું નિરુપણ પણ અનુપમપણે યથાર્થ શબ્દોમાં કરી શકે છે. એટલું સમજણમાં લેવું ઉચિત છે કે અત્યાર સુધીમાં જે જે અનુભવો દશા બતાવવા માટે જણાવ્યા અને ભાવિમાં બતાવશે, તે તે સર્વ પ્રતિદિન ટકી રહેવા તે અસંભવિત છે કેમકે ઉદયકાળો હંમેશા બદલાયા કરે છે. આત્મિક વિકાસના ક્રમમાં વિધવિધ અનુભવો થયા કરે છે અને દશાસૂચક ચિહ્નો આવ્યાં કરે છે, તેનું જ્ઞાન શ્રીમદ્‌જી ઉપકાર કરી દર્શિત કરે છે.

ઉપરનાં વચનો જ્ઞાનીપુરૂષ પ્રત્યેની સેવાને ઊર્ધ્વતા તરફ લઈ જવાના આકાંક્ષી અને આજ્ઞાંકિતપણામાં રહેવામાં પરમ ઉત્સાહી ખંભાતના સત્ જિજ્ઞાસુ શ્રી અંબાલાલભાઈ ઉપર લખ્યાં છે. ત્યાં શ્રીમદ્‌જી તેમને જણાવે છે કે તેમનો આત્મા બ્રહ્મસમાધિમાં છે અર્થાત્ આત્માની સ્થિરતા અને શાંતિ છે એટલે ઉપયોગ સમપરિણામી છે; મનોયોગ વનની એકાંત અને શાંત સ્થિતિ નિહાળવામાં અનુરક્ત છે અર્થાત્ તે યોગથી ઉત્પન્ન થતી ઇચ્છા વનના નિવાસ માટેની હોઈ મન ત્યાં સ્થિર છે. ઉપયોગ અને યોગની આવી સ્થિતિ વચ્ચે દેહ જે કંઈ

ક્રિયા કરે છે, તે અનુક્રમે એક બીજાના આભાસે, એમાંથી કોઈને ખલેલ પહોંચાડ્યા વગર સ્વયં થયા કરે છે. આ ઉત્તમ દશા સમજીને જ્ઞાનમાં લેવી કેટલી કઠિન છે તે વિચારતાં સમજાશે.

પૃષ્ઠ ૮૩, વચનામૃત ૩૦૪

ઉપર જણાવેલી દશાની સંપ્રાપ્તિ થયા પછી કેવા પ્રકારનો ઉદય હોય અથવા આવ્યો છે, તે જણાવવા શ્રી સોભાગભાઈને લખે છે :—

" 'પરમાર્થ મૌન' એ નામનું એક કર્મ હાલમાં ઉદયમાં પણ વર્તે છે, તેથી ઘણા પ્રકારની મૌનતા પણ અંગીકૃત કરી છે; અર્થાત્ પરમાર્થ સંબંધી વાતચીત કરવાનું ઘણું કરીને રાખવામાં આવતું નથી. તેવો ઉદયકાળ છે. "

પૃષ્ઠ ૮૩, વચનામૃત ૩૦૮

સં. ૧૯૪૮, માગસર સુદ ૧૪ના શ્રી સોભાગભાઈ ઉપર આ પત્ર લખાયેલ છે. શરૂમાં ૐ સત્ શ્રી સહજસમાધિ વચનોથી મંગલાચરણ કરે છે.

" શરીર ઠીક રહે તે એક જાતની સમાધિ. મન ઠીક રહે તે પણ એક જાતની સમાધિ. સહજસમાધિ એટલે બાહ્ય કારણો વગરની સમાધિ. તેનાથી પ્રમાદાદિ નાશ થાય, ....જેને શાતા અશાતા બન્ને સમાન છે તેને સહજસમાધિ કહી. " (શ્રીમદ્ રાજચંદ્ર, ઉપદેશછાયા) આત્મામાંથી મોહ ગયો તે જ સમાધિ છે. એવી સમાધિ સ્વાભાવિકપણે રહ્યા કરે તે સહજ-સમાધિ. એવા પ્રકારની સમાધિ શ્રીમદ્જીને વરી ચૂકી છે.

પત્રના અંતે જણાવે છે: "સુધાને વિષે અમને સંદેહ નથી, તમે તેનું સ્વરૂપ સમજો, અને ત્યારે જ ફળ છે." વચનામૃત ૪૭૧માં શ્રીમદ્દજી શ્રી સોભાગભાઈને લખે છે કે "આત્માને સમાધિ થવા માટે, આત્મસ્વરૂપમાં સ્થિતિ માટે સુધારસ કે જે મુખને વિષે વરસે છે; તે એક અપૂર્વ આધાર છે; માટે કોઈ રીતે તેને બીજજ્ઞાન કહો તો હરકત નથી; માત્ર એટલો ભેદ છે કે તે જ્ઞાન જ્ઞાની પુરૂષ, કે જે તેથી આગળ છે, આત્મા છે એમ જાણનાર હોવા જોઈએ." ભગવાનરૂપ સત્પુરૂષના પ્રેમમાં લીનતા આવવાથી ને આત્મપરિણામની શાંતિ થવાથી સુધારસનું પવિત્ર ઝરણ અંદરમાં વહેવા માંડે છે; પ્રેમસમાધિને વિષે સ્થિતિ થતાં તો સુધારસના પ્રવાહનું બળ વિશેષતાએ અનુભવગોચર થાય છે. એ સુધારસ, જે પુદ્દગલ-સ્વરૂપી છે અને તેથી પુદ્દગલના રૂપ, રસ, ગંધ ને સ્પર્શ-વાળા ગુણધર્મો સહિત છે, તેનું માહાત્મ્ય પણ ઘણું આશ્ચર્ય-કારક છે. અહીં શ્રીમદ્દજીના જણાવ્યા પ્રમાણે આત્માને સમાધિ થવા માટે તથા નિજ સ્વરૂપમાં સ્થિતિ થવા માટે સુધારસ એક અપૂર્વ આધાર છે. આ કંઇ ઓછું માહાત્મ્ય છે એમ ન કહી શકાય. એ સુધારસના જ્ઞાન સંબંધમાં, કેટલીક અતિ મહત્ત્વની વાત વચનામૃત ૪૭૨માં જણાવી છે અને તે અનુ-ભવવિહિન સામાન્ય માણસથી સમજાવી અતિ દુષ્કર છે. આ સુધારસના સંબંધમાં ઘણી ગેરસમજ જીવોને વિષે વ્યાપેલી અમે સાંભળી છે અને તેથી આશ્ચર્ય પણ થયું છે. આ કંઈ એવો પદાર્થ નથી કે તે બીજાને આપી શકાય અને બીજાને

તેના માહાત્મ્યવાળો લાભ મળી શકે. આ સુધારસનું ઝરવું આત્મશાંતિના પરિણામે સહજ થાય છે તેમ તેને ઝરાવવાની વિધિનું જ્ઞાન જેને શ્રીગુરુની કૃપા થકી સંપ્રાપ્ત થયું હોય, તે તેના આધારે સુધારસનો અનુભવ કરી શકે છે અને આત્મ-સ્થિરતા અને આત્મસમાધિરૂપ ફળ મેળવી શકે છે વળી આ આત્મા પોતે જ અમૃતસ્વરૂપ છે, અમૃતસાગર છે; તેવી સ્વાભાવિક દશા પ્રાપ્ત થવામાં આવરણો અને અંતરાયો તૂટવાં જોઇએ ને તે તોડવામાં સુધારસનું ઝરણુ પ્રબળ નિમિત્ત બને છે. શ્રીમદ્જીને આ સંબંધે પૂરો અનુભવ છે. વચનામૃત ૧૯૭માં પણ પ્રકાશ્યું હતું કે "જ્ઞાનના 'પરોક્ષ–અપરોક્ષ' વિષે પત્રથી લખી શકાય તેમ નથી; પણ સુધાની ધારા પછીનાં કેટલાંક દર્શન થયાં છે અને જો અસંગતાની સાથે આપનો સત્સંગ હોય તો છેવટનું પરિપૂર્ણ પ્રકાશે તેમ છે; કારણ કે તે ઘણું કરીને સર્વ પ્રકારે જાણ્યું છે." આ વચનોથી સુધાની ધારા થકી જ્ઞાન અને દર્શનને આવરણ કરનાર કર્મોનો ક્ષય થાય છે એ સૂચવ્યું.

પૃષ્ઠ ૮૪, વચનામૃત ૩૧૨

"ક્ષાયિક ચારિત્રને સંભારીએ છીએ."

પૃષ્ઠ ૮૪, વચનામૃત ૩૧૩

"જ્ઞાનીના આત્માને અવલોકીએ છીએ અને તેમ થઇએ છીએ."

"સમયે સમયે અનંતગુણ વિશિષ્ટ આત્મભાવ વધતો હોય

એવી દશા રહે છે. ....આત્માને વિષે સહજ સ્મરણે પ્રાપ્ત થયેલું જ્ઞાન શ્રી વર્ધમાનને વિષે હતું એમ જણાય છે. પૂર્ણ વીતરાગ જેવો બોધ તે અમને સહેજે સાંભરી આવે છે.”

પૂર્ણતાનું ધ્યેય જેને અલ્પકાળમાં સિદ્ધ કરવાની નેમ હોય, તેનો પુરૂષાર્થ પણ તેને અનુરૂપ જ હોય. મોક્ષની સીડીના જે પગથિયે સ્થિતિ હોય તેથી ઉપરના માટેની અભિલાષા અને ભાવના તેને રહ્યા કરે તે પણ સહજ છે. શ્રીમદ્જી હવે ક્ષાયિક ચારિત્રને સંભારે છે; સત્તાગત અને ઉદયપ્રાપ્ત સ્થૂળ તેમ સૂક્ષ્મ કષાયો ક્ષીણ થઈ ક્ષય પામે એવી બળવતી ભાવના ભાવે છે. ભાવના સફળતાને પામતી જાય તે અર્થે તેઓ આત્મદૃષ્ટિથી જ્ઞાની ભગવંતના શુદ્ધાત્માને અવલોકે છે અને ત્યાંથી અપૂર્વ બળનું ગ્રહણ કરી તેમના જેવા થતા જાય છે. તે બતાવવા વચનો દ્વારા કહે છે, “સમયે સમયે અનંતગુણ વિશિષ્ટ આત્મભાવ વધતો હોય એવી દશા રહે છે.” ઈચ્છાપૂર્વક થતા અન્ય ભાવોનો અભાવ કેટલો બધો થઈ ચૂકયો છે તે આથી સમજાય છે. જે માર્ગના ભેદસહિતનું ઉત્તમ જ્ઞાન શ્રી વીરપ્રભુને વિષે હતું, તે તેમને સહજ સ્મરણથી પ્રાપ્ત થયું છે અને તેને લઈને પૂર્ણ વીતરાગ જેવો બોધ તેમને સહજ સ્મૃતિમાં આવે છે. આ કારણે જ તેઓએ વચનામૃત ૩૧૨, ૩૧૫, ૩૧૭, ૩૧૮માં સહી કરવામાં “બોધસ્વરૂપ” શબ્દનો યથાર્થ પ્રયોગ કર્યો છે, અને તે ખૂબ જ સૂચક છે. ઉપરનાં વચનોમાં “સમયે સમયે” શબ્દો કહ્યા છે અને સમય સમયનું જ્ઞાન તો કેવળજ્ઞાનમાં સંભવે તો આ સમજવું શી રીતે એ

વિચાર અસ્થાને નથી. અહીં શ્રીમદ્જીએ એમ નથી કહ્યું કે તેમને સમય સમયનું જ્ઞાન છે તેના આધારે આ પ્રમાણે કહેવાયું છે; પરંતુ આત્મજાગૃતિ અને આત્મલક્ષપૂર્વકનો આત્મભાવ જે ત્વરિત ગતિથી વધતો પોતાના મતિજ્ઞાનના નિર્મળ દર્પણમાં દેખાય છે તે પરથી તેવો પ્રકાર દોષ વગર અનુમાન કરી શકાય.

પૃષ્ટ ૮૫, વચનામૃત ૩૨૨

"શ્રી તીર્થંકરનો અંતર આશય તે પ્રાયે મુખ્યપણે અત્યારે કોઇને વિષે આ ક્ષેત્રે હોય તો તે અમે હોઈશું એમ અમને દૃઢ કરીને ભાસે છે. કારણકે જે અમારૂં અનુભવજ્ઞાન તેનું ફળ વીતરાગપણું છે; અને વીતરાગનું કહેલું જે શ્રુતજ્ઞાન તે પણ તે જ પરિણામનું કારણ લાગે છે; માટે અમે તેના અનુયાયી ખરેખરા છીએ, સાચા છીએ."

આ પત્ર શ્રી સોભાગભાઈ ઉપરનો છે. તેમાં શ્રીમદ્જીએ શ્રી મહાવીર પ્રભુજીના સાક્ષાત્ સાન્નિધ્યમાં રહીને તેમના અંતરમાં રહેલ ગુપ્ત આશય જાણ્યો હતો અને જાતિસ્મરણ-જ્ઞાન વડે સ્મૃતિરૂપ કર્યો હતો તેની ઝલક ઉપરનાં વચનોમાં દેખાય છે. અહીં આશયની સમજણ તથા ઉપલબ્ધિ અને તેમને પ્રાપ્ત અનુભવજ્ઞાન તથા તેનાં ફળ સંબંધની ઉક્તિ નિર્માનપણે બતાવ્યાં છે. આ સર્વ પરથી કહી શકાય કે શ્રીમદ્જી શ્રી વીરપ્રભુના શ્રેષ્ઠ આશયને અનુસરનાર ખરેખર સાચા અનુયાયી છે.

પૃષ્ઠ ૮૬, વચનામૃત ૩૨૪

સં. ૧૯૪૮, મહા વદ ૪નો આ પત્ર શ્રી સોભાગભાઈ ઉપર લખાયેલ છે, તેમાં શ્રીમદ્જી પોતાની દશા સંબંધે જણાવતાં કહે છેઃ—

"ચોતરફ ઉપાધિની જ્વાલા પ્રજ્વલતી હોય તે પ્રસંગમાં સમાધિ રહેવી એ પરમ દુષ્કર છે, અને એ વાત તો પરમજ્ઞાની વિના થવી વિકટ છે. અમને પણ આશ્ચર્ય થઈ આવે છે, તથાપિ એમ પ્રાયે વર્ત્યા જ કરે છે, એવો અનુભવ છે. આત્મભાવ યથાર્થ જેને સમજાય છે, તેને એ સમાધિ પ્રાપ્ત હોય છે."

વચનામૃત ૩૧૩માં "સમયે સમયે અનંતગુણ વિશિષ્ટ આત્મભાવ વધતો હોય એવી દશા"ની પ્રાપ્તિ શ્રીમદ્જીને થઇ હતી તે જોઈ ગયા છીએ. ઉપરનાં વચનોથી તેની સુપ્રતીતિ થાય છે. ચારે બાજુ ઉપાધિરૂપ અગ્નિની જ્વાળા પ્રજ્વલતી હોય તેવા વિકટ સમયે આત્મસમાધિ રહેવી પરમ દુષ્કર છે, સ્વપરિણામ સ્થિર અને શાંત રહેવા અત્યંત કઠણ છે તે સહુ કોઈથી સમજાય તેવી વાત છે. તેવી સમાધિ પરમજ્ઞાની જ રાખી શકવા સમર્થ છે કેમકે તેમને યથાર્થ આત્મભાવ સમજાયો હોય છે અને તે જ ભાવમાં રહેવાનો તેમણે પ્રબળ પુરૂષાર્થ કર્યો હોય છે. શ્રીમદ્જી પણ ઉપાધિના ચારે બાજુના ઘેરાથી ઘેરાઈ જવા છતાં તેની લેશમાત્ર અસર તેમની અપૂર્વ સમાધિને સ્પર્શ કરી શકી નથી, તે જોઈ તેમને આશ્ચર્ય થઇ આવ્યું તે સહજ છે. ગમે તેવા વિષમ નિમિત્તો પ્રાપ્ત હોય

તો પણ આત્મસ્થિરતા, આત્મસમાધિ અને આત્મશાંતિ જળવાઈ રહે એવો સતત ઉગ્ર પુરૂષાર્થ કર્ત્તવ્યરૂપ છે.

ભર જુવાનીના ૨૫મા વર્ષે શ્રીમદ્‌જી કેવી ઊંચી દશા સુધી પહોંચી ગયા અને તે પણ કૌટુંબિક વ્યાપારાદિક ઉપાધિ વચ્ચે રહીને–તે જોઈ તેમના પ્રત્યે અહોભાવ, અહોમાન આવે છે, આશ્ચર્ય થાય છે અને પ્રેરણાબળ પણ મળે છે.

પૃષ્ઠ ૮૮, વચનામૃત ૩૩૪.

શ્રી સોભાગભાઈ ઉપરના સં. ૧૯૪૮, ફાગણ સુદ ૧૦ના આ પત્રમાં શ્રીમદ્‌જી નીચે મુજબ જણાવે છે. કૌંસમાં જણાવેલ શબ્દો અમારા છે.

“ દેહ છતાં મનુષ્ય પૂર્ણ વીતરાગ થઇ શકે એવો અમારો (નજરે જોયેલો હોવાની જ્ઞાનાપેક્ષાએ) નિશ્ચલ અનુભવ છે, કારણ અમે પણ (ભાવિકાળે) તે જ સ્થિતિ પામવાના છીએ, એમ અમારો આત્મા (નિર્મળ જ્ઞાનદષ્ટિમાં સ્પષ્ટ હોવાથી તે વાત) અખંડપણે કહે છે અને એમ જ છે, જરૂર એમ જ છે ....અત્યંત વિકટ એવું વીતરાગત્વ અત્યંત આશ્ચર્યકારક છે.... સદેહે પ્રાપ્ત થાય છે એ નિશ્ચય છે....સદેહે તેમ થયા વિના અમને ઉદાસીનતા મટે એમ જણાતું નથી અને તેમ થવું સંભવિત છે, જરૂર એમ જ છે. ( જુઓ, આગળ વચનામૃત ૬૮૦ ). ”

“ ત્યાગને ઈચ્છીએ છીએ પણ થતો નથી. તે ત્યાગ કદાપિ તમારી ઈચ્છાને અનુસરતો કરીએ, તથાપિ તેટલું પણ હાલ તો

બનવું સંભવિત નથી." ત્યાં જ્ઞાની પુરૂષ કર્મોદયના સબળપણાનો આશ્રય લઈ બચાવ કરવા રાજી હોતા નથી; તેમની દષ્ટિ તો આત્મવીર્યની નિર્બળતા પર રહ્યા કરે છે ને તે કારણે નિજ દોષ ગણે છે.

પૃષ્ટ ૮૯, વચનામૃત ૩૩૯

શ્રીમદ્જી પોતાને ઉદયમાં વર્તતી વ્યવહારોપાધિ સંબંધમાં શ્રી સોભાગભાઈને લખે છે કે "કોઈનો દોષ નથી. અમે કર્મ બાંધ્યા માટે અમારો દોષ છે."

"હાલ જે કંઈ વ્યવહાર કરીએ છીએ તેમાં દેહ અને મનને બાહ્ય ઉપયોગ વર્તાવવો પડે છે. આત્મા તેમાં વર્તતો નથી (અર્થાત્ અલિપ્તપણે રહે છે). ક્વચિત્ પૂવકર્માનુસાર (ઉદયાધીનપણે) વર્તાવું પડે છે તેથી અત્યંત આકુળતા આવી જાય છે, જે કંઈ પૂર્વ નિબંધન કરવામાં આવ્યા છે, તે કર્મો ....થોડા કાળમાં ભોગવી લેવાને અર્થે, આ વેપાર નામનું વ્યવહારિક કામ (અન્યના ઋણથી મુક્ત થવા) બીજાને અર્થે સેવીએ છીએ."

"હાલ જે કરીએ છીએ તે વેપાર વિષે મને વિચાર આવ્યા કરેલ (ઈચ્છા થયેલ) અને તે પછી અનુક્રમે તે કામની શરૂઆત થઈ....અમે આ કામ પ્રેરેલું માટે તે સંબંધી.... અને તેટલું મજૂરી જેવું કામ કર્યાનું પણ રાખ્યું છે." (કૌંસમાં મૂકેલ શબ્દો અમારા છે).

"આ કામ પછી 'ત્યાગ' એવું અમે તો જ્ઞાનમાં જોયું

હતું અને હાલ આવું સ્વરૂપ દેખાય છે; એટલી આશ્ચર્યવાર્તા છે.” જ્ઞાનમાં જે જોયું હોય તે ક્યારેક તેમ બનતું જોવામાં આવતું નથી, ત્યારે તેમાં કોઇ પ્રકારે નિજેચ્છાનો ભાવ ભળી ગયો હોય છે. પરંતુ તે વાત જ્ઞાની પુરૂષ ગુપ્ત રાખી છૂપાવતા નથી તે તેમની મહત્તા છે.

પૃષ્ઠ ૯૦, વચનામૃત ૩૪૭

આત્મસ્વરૂપે પોતાના હૃદયરૂપ વિશ્રામમૂર્તિ શ્રી સોભાગભાઇને સં. ૧૯૪૮, ફાગણ વદ ૦))ના પત્રમાં શ્રીમદ્જી જણાવે છે કે જો કે તેમનું મન ક્રોધથી કષાયો અને હાસ્યાદિ નોકષાયોથી અપ્રતિબંધ જેવું પ્રાયે છે તથા કુટુંબ, સ્ત્રી, ધન, દેહાદિકથી મુક્ત જેવું છે, તો પણ તે મનને પણ સત્સંગને વિષે બંધન રાખવું ગમે છે. તેમ કહીને સત્સંગનો મહિમા બતાવી તેનું બહુ મૂલ્યાંકન કર્યું છે.

પૃષ્ઠ ૯૦, વચનામૃત ૩૫૩

“સમય માત્ર પણ અપ્રમત્તધારાને નહીં વિસ્મરણ કરતું એવું જે આત્માકાર મન તે વર્તમાન સમયે ઉદય પ્રમાણે પ્રવૃત્તિ કરે છે.” આ અપ્રમત્તધારાની સ્મૃતિનું જે ઉત્તમ ફળ છે તે આગળ ઉપર પોતે જ જણાવે છે. જુઓ હવે પછીનો પત્ર.

પૃષ્ઠ ૯૧, વચનામૃત ૩૬૮

સં. ૧૯૪૮, વૈશાખ વદ ૬ ભોમના શ્રી સોભાગભાઇને લખે છે:—

“અમે તો પાંચ માસ થયાં જગત, ઇશ્વર અને અન્યભાવ

એ સર્વને વિષે ઉદાસીનપણે વર્તીએ છીએ, તથાપિ તે વાર્તા તમને ગાંભીર્યપણે રહી જણાવી નથી." વચનામૃત ૩૧૩માં જણાવ્યા પ્રમાણેની દશાનો ભાવ લક્ષગત કરી આ વચનો તેના અનુસંધાનમાં સમજવા યોગ્ય છે. જ્યાં સમયે સમયે અનંત ગુણ વિશિષ્ટ આત્મભાવ વધતો હોય, ત્યાં અપ્રમત્તભાવ (વચનામૃત ૩૫૩) વધે અને જગત ઇશ્વર તેમ અન્ય ભાવને વિષે વિશેષ ઉદાસીનપણું વર્તે તે સહજ સમજાય તેવું છે. આ દશા કંઈ ઓછી વિસ્મયજનક નથી. આવી દશામાં જેની રમણતા હોય તે નિર્માનપણે છાતી ઠોકીને કહી શકે કે "મોક્ષ તો કેવળ અમને નિકટપણે વર્તે છે એ તો નિઃશંક વાર્તા છે. અમારૂં જે ચિત્ત આત્મા સિવાય અન્ય સ્થળે પ્રતિબદ્ધતા પામતું નથી; ક્ષણ પણ અન્ય ભાવને વિષે સ્થિર થતું નથી; સ્વરૂપને વિષે સ્થિર રહે છે."

પરમાર્થના ઇચ્છુક પ્રભુ પ્રેમીએ એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે; તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું. શ્રીમદ્‌જી પવિત્ર પ્રેમભક્તિ માર્ગના આશ્રયે કેવી ઊંચી કલ્યાણકારી દશાને વર્યા તે આપણે જોયું અને તે માર્ગની સુપ્રતીતિ પણ મેળવી. આ પત્રમાં શ્રીમદ્‌જી જણાવે છે તેમ તેમને આખાય જગતને વિષે, ઇશ્વર કે પરમાત્માને વિષે અને અન્ય ભાવને વિષે કોઈ વિકલ્પ ઊઠતો નથી, અર્થાત્ તે સંબંધે ઉદાસીનતા વર્તે છે. એ દશાનું સ્વરૂપ બીજા શબ્દોથી બતાવવા માટે સહી કરતાં જણાવ્યું કે "ભેદરહિત એવા અમે છીએ."

પૃષ્ઠ ૯૨, વચનામૃત ૩૭૦

"અવિચ્છિન્નપણે જેને વિષે આત્મધ્યાન વર્તે છે એવા જે શ્રી....ના પ્રણામ પહોંચે. આત્મસ્થિતિ તેને વિષે ઉત્કૃષ્ટ-પણે વર્તતી જોઈ શ્રી....ના ચિત્તને પોતે પોતાથી નમસ્કાર કરીએ છીએ."

પૃષ્ઠ ૯૩, વચનામૃત ૩૭૬

' શ્રી મોહમયીથી અમોહસ્વરૂપ એવા શ્રી રાયચંદ્રના આત્મસમાનભાવની સ્મૃતિએ યથાયોગ્ય વાંચશો.

' અવિષમપણે જ્યાં આત્મધ્યાન વર્તે છે, એવા જે 'શ્રી રાયચંદ્ર' તે પ્રત્યે ફરી ફરી નમસ્કાર કરી આ પત્ર અત્યારે પૂરું કરીએ છીએ."

પૃષ્ઠ ૯૪, વચનામૃત ૩૭૮

શ્રી સોભાગભાઈ ઉપર સં. ૧૯૪૮, જેઠ સુદ ૧૦નો લખાયેલ પત્ર છે.

"છ માસ સંપૂર્ણ થયાં જેને પરમાર્થ પ્રત્યે એક પણ વિકલ્પ ઉત્પન્ન થયો નથી એવા શ્રી....ને નમસ્કાર છે."

આત્માના બળવાન અને યથાયોગ્ય પુરૂષાર્થથી ઉત્પન્ન વિવિધ પ્રકારની અદ્‌ભુત દશાની અનુભવસ્થિતિ, જેવી કે અવિચ્છિન્નપણે વર્તતું આત્મધ્યાન, ઉત્કૃષ્ટ આત્મસ્થિતિ, અમોહ-સ્વરૂપ અર્થાત્ નિર્મોહપણું, અવિષમ આત્મધ્યાન, છ માસ સંપૂર્ણ થયાં પરમાર્થ પ્રત્યે અવિકલ્પપણું, તે જોઈ પોતે

પોતાને નમસ્કાર કર્યા છે. અપ્રમત્તભાવદશાની પ્રાપ્તિ થતાં સહજતાએ પોતાના શુદ્ધ સ્વરૂપ પ્રત્યે નમસ્કાર થઈ જાય છે; સર્વ જ્ઞાની ભગવંતોનો અનુભવ ત્યાં સાક્ષીરૂપ છે, અર્થાત્ તે દશાસ્થિત સર્વ જ્ઞાનીઓએ તેમજ કર્યું છે.

પૃષ્ઠ ૯૫, વચનામૃત ૩૮૩

"વિચારવાન પુરૂષને કેવળ કલેશરૂપ ભાસે છે, એવો આ સંસાર તેને વિષે હવે ફરી આત્મભાવે કરી જન્મવાની નિશ્ચળ પ્રતિજ્ઞા છે. ત્રણે કાળને વિષે હવે પછી આ સંસારનું સ્વરૂપ અન્યપણે ભાસ્યમાન થવા યોગ્ય નથી અને ભાસે એવું ત્રણે કાળને વિષે સંભવતું નથી."

ઉપરનાં પત્રોમાં જણાવેલ દશા જેને સિદ્ધ થઇ હોય તે જ પુરૂષ અહીં ઉચ્ચારેલ વચનો પ્રમાણિકપણે અને ચોક્કસપણે કહી શકે. આ વચનોમાં નિઃશંકતા, નિર્ભયતા અને નિઃસંગતાના ઉત્તમ ભાવો છૂપાઇને રહ્યા છે, જોવાની ઇચ્છા હોય તે અવશ્ય જોઈ શકે છે.

પૃષ્ઠ ૯૫, વચનામૃત ૩૮૫

"અમને વર્તે છે એવું જે ચિત્ત તે નેત્રરૂપ છે; તેને વિષે વાણીનું ઊઠવું, સમજાવવું, આ કરવું અથવા આ ન કરવું, એવી વિચારણા કરવી તે માંડ માંડ બને છે....આવી સ્થિતિ છતાં ઉપાધિજોગ તો બળવાનપણે આરાધીએ છીએ. એ વેદવું વિકટ ઓછું લાગતું નથી, કારણ કે આંખની પાસે જમીનની રેતી ઉપડાવવાનું કાર્ય થવારૂપ થાય છે તે જેમ

દુઃખે, અત્યંત દુઃખે થવું વિકટ છે, તેમ ચિત્તને ઉપાધિ ને પરિણામરૂપ થવા બરાબર છે."

જે પુરૂષને સંસારનાં સુખદુઃખથી અતિશય વિરક્તિ વર્તે છે, મોક્ષ સહિતની જેની રૂચિ સમાપ્તતાને પામી છે, જગત, ઈશ્વર આદિ સંબંધે જેની પરમ ઉદાસીનતા છે, જે પવિત્ર નિર્મોહી દશાના ઝૂલે આનંદથી ઝૂલે છે અને જે એક પછી એક આત્મસંયમનાં ફૂલડાંથી અપ્રમત્તપદને પૂજી અપ્રમત્તભાવ-દશાને વધારી નિર્મળ કરે છે, તેવા સંત મહાત્મા પુરૂષને પૂર્વે નિબંધન કરેલાં કર્મના ઉદયે વ્યવહારોપાધિનો ભીડો હોય તે સહન કરવું અને વેદવું કેવું વિકટ છે, તે શ્રીમદ્જીએ અહીં અનુપમ ઉપમા આપી સચોટપણે દર્શાવ્યું છે. આવી યથાર્થ અસર બતાવનારી ઉપમા કોઈક પ્રજ્ઞાવંત પુરૂષ જ યોજી શકે. આંખમાં એક કણ હોય તો ખટક ખટક થયા કરે અને સહન ન થાય તેવી સ્થિતિ હોય છે. તો પછી આંખની પાસે જમીનની રેતી ઉપડાવવાનું કાર્ય કરવાનું હોય તો તે થવું કેટલું દુઃખરૂપ અને વિકટ છે તે સમજવું અઘરૂં નથી. શ્રીમદ્જી ખેદપૂર્વક જણાવે છે કે તેમનું ચિત્ત નેત્ર જેવું છે અને તે ચિત્તને વિષે જે ઉપાધિ છે તે જમીનની રેતી સમાન છે એમ કહી ઉપાધિ વેદવાની કઠિનતા દર્શાવી છે. છતાં ચિત્ત સ્થિર હોવાથી તે વેદનાને સમ્યક્ પ્રકારે વેદે છે, અખંડ સમાધિપણે વેદે છે એ આશ્ચર્યકારક છે. ખેદ એટલો જ છે કે, "ધન્યરૂપ–કૃતાર્થરૂપ એવા જે અમે તેને વિષે આ ઉપાધિજોગ જોઈ લોકમાત્ર ભૂલે એમાં આશ્ચર્ય નથી."

પૃષ્ઠ ૯૭, વચનામૃત ૩૯૮

સં. ૧૯૪૮, શ્રાવણ વદ ૧૪ના દિવસે શ્રીમદ્‌જીએ પોતાના પરમ પ્રિય, પરમ ભક્ત અને પરમ પરમાર્થસખા શ્રી સોભાગભાઈને આ અમૃત પત્રથી હૃદયમાં લાંબા સમયથી સંઘરી રાખેલી કેટલીક વાત દિલ ખોલીને જણાવી છે. આખોય પત્ર અદ્‌ભુત વચનોથી ભરપૂર અને ઊંડાણથી સમજવા યોગ્ય છે. તે સર્વ વચનો પર વિસ્તાર કરી સમજુતી આપવી તે અહીં શકય ન લેખાય તેથી અગત્યનાં વચનો જ સમજશું.

સંબોધનનાં વચનો છે, "પરમાર્થના અખંડ નિશ્ચયી, નિષ્કામ સ્વરૂપ (....)ના વારંવાર સ્મરણરૂપ, મુમુક્ષુ પુરૂષોએ અનન્ય પ્રેમે સેવન કરવા યોગ્ય, પરમ સરળ અને શાંતમૂર્તિ એવા શ્રી 'સુભાગ્ય'. તેમના પ્રત્યે." શ્રીમદ્‌જીના હૈયામા, જેનું સદ્‌ભાગ્ય ઉજ્જવળ છે અને વિશિષ્ટ ઉજ્જવળતાને પામવાનું છે તેવા પરમ મિત્ર પરત્વે કેવો નિર્દોષ પ્રેમ અને ઉલ્લસિત ભાવ વર્તતા હશે તે આથી પ્રગટ થાય છે અને તે કારણ વિના ન હોય એ પણ સમજાય તેવું છે. "પ્રેમસમાધિ"ની દશા સંપ્રાપ્ત થયા પછી શ્રીમદ્‌જીના માર્ગના બોધ અનુસાર આરાધનથી તેમની આત્મદશા વર્ધમાનતાને પામી છે અને તેથી જ ઉપરોક્ત વચનથી સંબોધન કર્યું છે. તેમાં પ્રથમ જ "પરમાર્થના અખંડ નિશ્ચયી" એમ કહ્યું. "આજ્ઞાંકિતપણું, પરમાર્થની ઇચ્છા અને તે સંબંધી નિશ્ચયમાં દૃઢતા" એ ગુણો પંચમકાળના પ્રભાવે ક્ષીણપણાને પામતા ગયા છે, તે ગુણો અત્યંતપણે શ્રી સોભાગભાઈમાં વિદ્યમાન છે, તેથી પરમાર્થના

અખંડ નિશ્ચયી તેઓ છે એમ આત્મપ્રસન્નતાપૂર્વક જણાવ્યું. તે ગુણોના સદ્‌ભાવ વિના જીવની દશા ઊર્ધ્વગામી થઈ શકતી નથી વળી કહે છે કે નિષ્કામ સ્વરૂપની પ્રાપ્તિ જેને થઈ છે તેમના વારંવાર સ્મરણરૂપ છો, અર્થાત્ "તમે અમારા અથાગ ઉપકારી છો તેથી અમારા વારંવાર સ્મરણરૂપ છો." તેઓ એવી દશાસંપન્ન થયા છે કે મુમુક્ષુ પુરૂષોએ સ્વકલ્યાણ સાધવાના હેતુએ તેમની અનન્ય પ્રેમે સેવના કરવી તે યોગ્ય છે અને વળી તેઓ પરમ સરળ અને શાંતમૂર્તિ છે. શાંતમૂર્તિના સંપર્કમાં જે આવે તે શાંતિનો અનુભવ કરે જ કરે.

"જે પુરૂષનું દુર્લભપણું ચોથા કાળને વિષે હતું તેવા પુરૂષનો જોગ આ કાળમાં થાય એમ થયું છે."

આગળ કહેવાઈ ગયું છે કે શ્રીમદ્‌જીએ પૂર્વભવમાં શ્રી વીરપ્રભુની છત્રછાયા નીચે રહીને આત્મધર્મનું એકાગ્ર ચિત્તે આરાધન કરતાં ઉપશમ શ્રેણિમાં ચડી વીતરાગતાનો અનુભવ કર્યો હતો અને નીચે ઉતરવા છતાં સમ્યક્‌શ્રદ્ધાને કાયમ અંતરમાં રાખી જ હતી. આ પ્રકારવાળા, અગિયારમા ગુણસ્થાનકથી લથડેલા જીવોને ઓછામાં ઓછા ત્રણ અને વધુમાં વધુ પંદર ભવ કરી મોક્ષ પ્રાપ્ત થાય છે. ત્યાં જેટલા ભાવિ ભવ ઓછા, તેટલી જન્મથી અથવા બાલ્યકાળથી આત્મિક શક્તિઓ અને આશ્ચર્ય ઉપજાવે એવી ચમત્કારિક મતિ અને શ્રુત જ્ઞાનની નિર્મળતાનો પ્રભાવ વધુ હોય છે; એટલું જ નહીં પરંતુ તેમનો આત્મિક વિકાસ ન માની શકાય એવી શીઘ્ર

ગતિથી વધતો જોવામાં આવે છે. ઘણું કરીને આ પ્રમાણે ત્રણથી ચાર ભવ કરનારના સંબંધમાં બને છે અને તેથી જ તેઓ સર્વ અપેક્ષાએ જોતાં આશ્ચર્યની પ્રતિમારૂપ જોવામાં આવે છે. શ્રીમદ્‌જીના સંબંધમાં તેવું જ બન્યું છે તેની પ્રતીતિ તેમના જીવનના વહેણથી, તેમના જ્ઞાનની બાળવયથી જ ઉઘડતી અને ખીલતી દશાથી, અદ્‌ભુત શક્તિઓની પ્રગટતાથી, ગૃહસ્થી દશા તેમજ વેપારાદિ પ્રવૃત્તિનો પ્રબળ ઉદય વર્તતો હોવા છતાં વાયુવેગે વધતો આત્મસંયમ, તે સંયમને લીધે વધતો આત્મભાવ, તે આત્મભાવના ઇચ્છિત પરિણામને લીધે અપ્રમત્તભાવદશા, ઈત્યાદિ કારણોથી વિચારવાનને મળી રહે છે માત્ર સાડા તેત્રીસ વર્ષના દેહાયુષ દરમ્યાન સર્વસંગપરિત્યાગ (બાહ્યથી) કર્યા વિના એ મહાન વિભૂતિ કેટલું કાર્ય સિદ્ધ કરી ગયા તે સર્વ કોઇને વિસ્મયતા ઉપજાવે એવું છે. તેથી કહી શકાય કે તેઓશ્રી એક અચ્છેરારૂપ થઈ ગયા.

આવા પ્રેમમૂર્તિ, જ્ઞાનમૂર્તિ, શાંતમૂર્તિ, ચૈતન્યમૂર્તિ પુરૂષનો જન્મ ચોથા કાળને વિષે પણ દુર્લભ ગણાય એમ કહેવામાં લેશ પણ ખોટું નથી. ચતુર્થ કાળમાં પણ આવા પુરૂષો વિરલ જ હોય છે. તેવા પુરૂષનો જન્મ વર્તમાને હુંડાવસર્પિણીના પંચમ કાળમાં "વનની મારી કોયલ"ની જેમ થયો તે પણ એક અચ્છેરૂં છે.

આગળ, સમજણના અભાવવાળા જીવોમાં ભ્રાંતિ ઉત્પન્ન કરાવે એવાં વચનો પ્રકાશે છે, ત્યાં કહે છે કે :—

" 'ઇશ્વરેચ્છાથી' જે કોઈ પણ જીવોનું કલ્યાણ વર્તમાનમાં પણ સર્જિત હશે તે તો તેમ થશે, અને તે બીજેથી નહીં પણ **અમ થકી** એમ પણ અત્ર માનીએ છીએ." 'અમ થકી' શબ્દો નીચે લીટી દોરી ભાર મૂક્યો છે, ત્યાં તે શબ્દોમાં રહેલ પરમાર્થ વિવેકપૂર્વક વિચારવા યોગ્ય છે. જે અપેક્ષાએ કહેવામાં આવ્યું હોય તે અપેક્ષા સમજવી ઘટે છે. કોઈ પણ જ્ઞાની પુરૂષ, પછી તે જૈનદર્શી હોય કે વેદાંતદર્શી હોય કે અન્યદર્શી હોય, તે કદાપિ અન્ય જ્ઞાની ભગવંતોની આશાતનારૂપ વચન કહે જ નહીં; માત્ર "અમ થકી" જ યોગ્ય જીવોનું કલ્યાણ થશે અને બીજા થકી નહીં એવું એકાંત ભાવવાળું વચન તેઓ ક્યારેય પણ પ્રકાશે નહીં. તેથી જ "અમ થકી" શબ્દોનો પરમાર્થ સદ્‌બુદ્ધિએ સમજવા પ્રયત્ન કરવો ઘટે છે. અમારા અત્યંત વિનમ્ર અભિપ્રાયમાં એમ આવે છે કે 'અ' એટલે અહં અને 'મ' એટલે નહીં (નકારાત્મક અક્ષર છે) તેથી 'અમ' એટલે જેનું અહં ગળી ગયું છે એવા, અથવા 'અ' એટલે નહીં (નકારાત્મક અક્ષર છે) અને 'મ' એટલે મમત્વપણું અથવા મમકાર, તેથી જેનું મમત્વપણું અથવા મમકાર ગળી ગયાં છે, એવા "અમ" પુરૂષ થકી તેવું કાર્ય થવા યોગ્ય છે; અથવા 'અમ' એટલે અમે જે દશાને પ્રાપ્ત કરી છે, તેવી દશાવાળા કોઈપણ જ્ઞાની પુરૂષ થકી યોગ્ય જીવોનું કલ્યાણ થવાનું સૃજિત હશે તો તે થશે જ.

પત્રના આગળના ભાગમાં ઉપાધિયોગને શ્રીમદ્‌જી શા માટે વેદે છે તે જણાવતાં કહે છે:–

" ચિત્ત બંધનવાળું થઈ શકતું નહીં હોવાથી જે જીવો સંસાર સંબંધે સ્ત્રી આદિરૂપે પ્રાપ્ત થયા છે, તે જીવોની પણ દૂભવવાની ઇચ્છા થતી નથી, અર્થાત્ તે પણ અનુકંપાથી અને મા–બાપાદિના ઉપકારાદિ કારણોથી ઉપાધિજોગને બળવાન રીતે વેદીએ છીએ; અને જેની જેની જે કામના છે તે તે પ્રારબ્ધના ઉદયમાં જે પ્રકારે પ્રાપ્ત થવી સર્જિત છે, તે પ્રકાર થાય ત્યાં સુધી નિવૃત્તિ ગ્રહણ કરતાં પણ જીવ 'ઉદાસીન' રહે છે; એમાં કોઈ પ્રકારનું અમારૂં સકામપણું નથી, અમે એ સર્વમાં નિષ્કામ જ છીએ, એમ છે."

વળી પોતાનું અત્યંત ઉદાસીનપણું, અત્યંત નિષ્કામપણું જણાવતા બળવાન શબ્દો સરી પડે છે. ત્યાં શ્રીમદ્જી પ્રકાશે છે કે:–

" કોઈ વાતમાં શબ્દોના સંક્ષેપપણાથી એમ ભાસી શકે એવું હોય કે અમને કોઇ પ્રકારની કંઇ હજુ સંસારસુખવૃત્તિ છે, તો તે અર્થ ફરી વિચારવા યોગ્ય છે. નિશ્ચય છે કે ત્રણે કાળને વિષે અમારા સંબંધમાં તે ભાસવું આરોપિત જાણવા યોગ્ય છે, અર્થાત્ સંસાર-સુખવૃત્તિથી નિરંતર ઉદાસપણું જ છે. આ વાક્યો કંઇ તમ સંબંધીનો ઓછો નિશ્ચય અમ પ્રત્યે છે અથવા હશે તો નિવૃત્ત થશે એમ જાણી લખ્યાં નથી અન્ય હેતુએ લખ્યાં છે."

ત્યાં 'અન્ય હેતુ' કયો હશે તે વિચારણા માગે છે. શ્રી સોભાગભાઇને તો શ્રીમદ્જીની દશા સંબંધનાં વચનોમાં

સંદેહ કે આશંકા કયારે પણ થવા યોગ્ય નથી. પરંતુ શ્રીમદ્‌જીના જ્ઞાનદર્પણમાં સ્પષ્ટપણે દેખાયું હશે કે તેમણે મુમુક્ષુઓ અને જિજ્ઞાસુઓ પર લખેલ સમસ્ત પત્રો તથા તેમની અપૂર્વ કૃતિઓ, લેખો વગેરે ભાવિકાળમાં તેમની વિદ્યમાનતા ન હોય ત્યારે પ્રસિદ્ધ થવાનાં છે; અને ત્યારે કોઈ સરળ જિજ્ઞાસુને કિંચિત્‌ સંદેહ કે આશંકા ન થાય તેવા ઉત્તમ હેતુએ એ વાકયો લખાયાં હશે એમ માનવું યથાર્થ લાગે છે.

પૃષ્ટ ૧૦૦, વચનામૃત ૪૦૦

"ચિત્તને વિષે જેવું આ ઉપાધિયોગ આરાધીએ છીએ ત્યારથી મુક્તપણું વર્તે છે, તેવું મુક્તપણું અનુપાધિ પ્રસંગમાં વર્તતું નહોતું; એવી નિશ્ચળ દશા માગસર સુદ ૬થી એકધારાએ વર્તી આવી છે."

અહીં દર્શાવેલ દશા સંબંધમાં વચનામૃત ૧૭૦માં થોડી વાત જણાવી હતી. અત્ર કહેલાં વચનો વિશેષ સમજવા માટે પૂર્વનાં વચનો ભાવનું અનુસંધાન કરવા અર્થે જણાવ્યા હતા. ત્યાં કહ્યું હતું કે અહીં જે શબ્દોથી દશાનો ઉલ્લેખ કર્યો છે તે અપ્રમત્તભાવદશા સ્પષ્ટ સૂચવી જાય છે. અહીં ગર્ભિત રહેલ અંતર આશય એ છે કે ઉપાધિમાં આશ્ચર્યકારક સમાધિ રહે છે, એટલું જ નહીં પણ ઉપાધિને આરાધતાં ચિત્તને વિષે મુક્તપણું વર્તે છે, અર્થાત્‌ ચિત્ત ઉપાધિના યોગમાં જોડાઈ બંધનવાળું નહીં થતાં ચૈતન્યભાવને વિષે સ્થિર રહે છે, એટલે યોગ અને ઉપયોગ અલગ અલગ થઈ જતાં મુક્તપણું જ

અનુભવાય છે. એવું સહજ અનુભવવાણું મુક્તપણું અનુપાધિ પ્રસંગે પણ વર્તતું નહોતું. એવી કોઈ અદ્ભૂત ચૈતન્યદશા શ્રીમદ્જીને નિશ્ચળપણે માગસર સુદ ૬ થી એકધારાએ વર્તતી હતી. ગુણસ્થાનકોનાં ક્રમિક આરોહણ વખતે કેવા કેવા પ્રકારની આત્મદશા, ચિત્તની સ્થિતિ અને અંતરંગ ભાવોનું ઉર્ધ્વગામી પરિવર્તન હોય, તે શ્રીમદ્જીનાં એક પછી એક પ્રકાશેલ વચનસમૂહના અનુસંધાન દ્વારા સમજાવા યોગ્ય છે. ઘણું કરીને આવા પ્રકારનો સ્તુત્ય પ્રયાસ માત્ર સાચા અભ્યાસરત જિજ્ઞાસુઓ અથવા ઉપકારી ઈષ્ટ જ્ઞાનના પિપાસુઓ કરે છે.

પૃષ્ટ ૧૦૨, વચનામૃત ૪૧૨

"અત્રે આત્માકારતા વર્તે છે, આત્માનું આત્મસ્વરૂપરૂપે પરિણામનું હોવાપણું તે આત્માકારતા કહીએ છીએ."

શ્રીમદ્જીને જે આત્માકારતા વર્તે છે, તેનું સ્વરૂપ સમજાવતી વ્યાખ્યા અહીં કહી બતાવી. અપ્રમત્તભાવદશાને પ્રાપ્ત થયેલ પુરૂષની અંતર્દશા આવી હોય ત્યાં આશ્ચર્ય નથી. આત્માની પરિણતિ સતત આત્મસ્વરૂપરૂપે રહે છે તેમ કહેવાનો આશય નથી. અને પૂર્ણતા પામ્યા સિવાય બની શકે પણ નહીં, પરંતુ તેવો આનંદપ્રદ અનુભવ અમુક કાળ પર્યંત અવશ્ય ટકી રહે છે એમ જણાવવાનો હેતુ છે, આત્મોપયોગ અપ્રધાનપણું પણ ભજે છે જે હવે પછીના વચનામૃતમાં જણાવશે.

પૃષ્ટ ૧૦૨, વચનામૃત ૪૧૪

"તો પણ આત્મોપયોગ કોઈ પ્રસંગે પણ અપ્રધાનપણું

ભજતો જોવામાં આવે છે અને તે પ્રસંગે મૃત્યુના શોકથી અત્યંત અધિક શોક થાય છે, એમ નિઃસંદેહ છે."

અંતરદશા જે પ્રમાણે વર્તે છે, તેનું યથોચિત નિરીક્ષણ કરીને જેમ છે તેમ શ્રીમદ્જી અચૂકપણે જણાવે છે; ત્યાં નિખાલસતા, સરળતા, પ્રમાણિકતા, નિર્દંભતા, નિરભિમાનતા એ આદિ ગુણો કેટલા પ્રમુખપણે વર્ત્યા કરે છે, તેનું સુંદર ચિત્ર આપણને જોવા મળે છે. તેમને ઉપાધિના પ્રસંગે કોઈ વાર આત્મોપયોગને ઉપયોગાંતર કરવો પડે છે અથવા ઉપયોગને અપ્રધાનપણું ભજતો જોવામાં આવે છે, ત્યારે તેમને મૃત્યુના શોકથી પણ અત્યંત અધિક શોક થાય છે. વિચારવા જેવું તો એ છે કે સામાન્ય જીવોનો ઉપયોગ નિરંતર બાહ્યમાં જ ભમતો હોવા છતાં તેને તેનો લેશ શોક કે ખેદ નથી, કહો કે ઉલટો આનંદ વેદાતો હોય એમ લાગે છે; કેમકે ખરા આનંદનો કે સ્થિર વા શાંત ભાવનો તેને અનુભવ નથી.

પૃષ્ઠ ૧૦૩, વચનામૃત ૪૧૫

સંસાર સંબંધે ઉત્કૃષ્ટ વૈરાગ્ય અને પરમ ઉદાસીનતા હોવા છતાં શ્રીમદ્જીએ સર્વસંગપરિત્યાગ કરી સંસારને કેમ છોડ્યો નથી, કુટુંબ અને વ્યાપારાદિ પ્રવૃત્તિ કેમ ત્યાગી નથી એ વગેરે પ્રશ્નો ઘણાનાં ચિત્તમાં ઊગવાં યોગ્ય છે. એવા વ્યવહારિક પ્રતિબંધ જીવ ધારે તો ત્યારે જ છોડી શકે છે એમ પણ ઘણાના અભિપ્રાયમાં આવે, ત્યારે શ્રીમદ્ જેવા પરમ જ્ઞાની, પરમ પ્રજ્ઞાવંત અને બાહ્યાભ્યંતર ત્યાગ કરવાના પરમ

કામી, એમણે સંસારમાં રહેવાનું કેમ ધાર્યું હશે, તેના સમાધાન માટે તેઓ આ પત્રમાં શ્રી સોભાગભાઈને બળવાન વચનોથી જણાવે છે કે :—

"કોઈ પણ જાતના અમારા આત્મિક બંધનને લઈને અમે સંસારમાં રહ્યા નથી. સ્ત્રી જે છે તેનાથી બંધાયેલું ભોગ-કર્મ નિવૃત્ત કરવું છે. કુટુંબ છે તેનું પૂર્વેનું કરેલું કરજ આપી નિવૃત્ત થવા અર્થે રહ્યા છીએ. રેવાશંકર છે તેનું અમારા પ્રત્યે જે કંઈ માગણું છે તે આપવાને રહ્યા છીએ. તે સિવાયના જે જે કંઈ પ્રસંગ છે તે તેની અંદર સમાઈ જાય છે. તનને અર્થે, ધનને અર્થે, ભોગને અર્થે, સુખને અર્થે, સ્વાર્થને અર્થે કે કોઈ જાતના આત્મિક બંધનથી અમે સંસારમાં રહ્યા નથી. આવો જે અંતરંગનો ભેદ તે જે જીવને નિકટપણે મોક્ષ વર્તતો ન હોય તે જીવ કેમ સમજી શકે? દુઃખના ભયથી પણ સંસારમાં રહેવું રાખ્યું છે એમ નથી. માન–અપમાનનો તો કંઈ ભેદ છે, તે નિવૃત્ત થઈ ગયો છે."

અત્યંત સ્પષ્ટ શબ્દોથી શંકાના વમળમાં અટવાતા જીવોને સમાધાન આપવા ઉપરાંત અહીં એક અતિ અગત્યનો સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો છે અને તે છે "ઋણાનુબંધ"નો નિયમ. જે જે જીવો સાથે જે જે પ્રકારે પૂર્વે ઋણનો બંધ કર્યો હોય, તે ઉદયમાં આવતાં તેમની સાથે ચૂકવણી કરવી જ પડે છે, તેમાંથી છટકી શકાતું નથી. ઋણની પતાવટનો ઉદય પૂર્ણ થયા પછી જ છૂટી શકાય છે. આ સર્વસામાન્ય અને સર્વને

અનુભવગમ્ય એવો નિયમ છે; સંસારના પ્રત્યેક વ્યવહારમાં, પ્રત્યેક સંબંધમાં, પ્રત્યેક પ્રસંગમાં, પ્રત્યેક સંગમાં, પ્રત્યેક શુભાશુભ સ્થિતિમાં તે નિયમનો પ્રભાવ દૃષ્ટિગોચર થાય છે. અશુભ સ્થિતિ કે માઠા પ્રસંગે લોકભાષામાં બોલાય છે કે "લેણદેણના સંબંધ નહીં ત્યાં શું થાય ?!"

શ્રીમદ્‌જીને પણ સ્ત્રી, કુટુંબ, વ્યાપારના ભાગીદાર ઇત્યાદિ પ્રત્યે ઋણ ચૂકવવાનો ઉદય હતો; ત્યાંથી ભાગી કેમ છૂટાય? તેમના જેવા જ્ઞાની ભગવંતોના સનાતન માર્ગનું જ આરાધન કરે અને સમપરિણામે ઉદયને વેદી લઈ, કર્મને નિવૃત્ત કરી, ઋણમુક્ત થાય, એ સમજાય તેવું છે. તેમણે આ સંબંધમાં ઘણા ઘણા વિચારો કર્યા હતા, વિવેકપૂર્ણ તુલના કરી હતી, અને અંતમાં કરજની પતાવટ કરીને જ છૂટવાનું નિર્ણિત કર્યું હતું. જ્ઞાની પુરૂષ કદાપિ બંધાવા ઇચ્છતા નથી, બંધનથી છૂટવા ઇચ્છે છે અને તેવો જ તેમનો સત્ય આચાર હોય છે.

પૃષ્ટ ૧૦૫, વચનામૃત ૪૩૯

"ચારે બાજુથી ઉપાધિનો ભીડો છે, કોઈ એવી બાજુ અત્યારે જણાતી નથી કે અત્યારે જ એમાંથી છૂટી ચાલ્યા જવું હોય તો કોઇનો અપરાધ કર્યો ન ગણાય. છૂટવા જતાં કોઇના મુખ્ય અપરાધમાં આવી જવાનો સ્પષ્ટ સંભવ દેખાય છે અને આ વર્તમાન અવસ્થા ઉપાધિરહિતપણાને અત્યંત યોગ્ય છે. પ્રારબ્ધની વ્યવસ્થા એવી પ્રતિબંધ કરી હશે."

આગળ જણાવ્યું તેમ શ્રીમદ્‌જી ઉપાધિમાંથી છૂટવા

માટેના ઘણા વિચારો કરે છે, તેમ ઉપાધિનો ભીડો વધતો જાય છે, તેમની વર્તમાન અવસ્થા ઉપાધિરહિતપણાને અત્યંત યોગ્ય હોવા છતાં. ઉપાધિની ઉપેક્ષા કરી એમાંથી છૂટી ચાલ્યા જાય તો કોઈના મુખ્ય અપરાધમાં આવી જવાનો સ્પષ્ટ સંભવ છે એમ તેમના નિર્મળ જ્ઞાનમાં દેખાય છે. જ્ઞાની પુરૂષની આત્મજાગૃતિ એટલી સૂક્ષ્મપણે વર્તતી હોય છે કે નાના દોષવાળો આચાર પણ તેમનાથી કરવો બની શકે નહીં, તો કોઈનો અપરાધ થાય એવું વર્તન તેમનાથી કેમ જ થાય? અહીં વિશેષમાં એટલું સમજવું કે શ્રીમદ્જીમાં અનુકંપા બુદ્ધિ. કરૂણાબુદ્ધિ કેટલી હદ સુધી વિકસી છે.

પૃષ્ટ ૧૦૬, વચનામૃત ૪૪૯

"પૂર્વે આરાધન કરેલાં એવાં નિવૃત્તિનાં ક્ષેત્રો, વન, ઉપવન, જોગ, સમાધિ અને સત્સંગ આદિ જ્ઞાની પુરૂષને પ્રવૃત્તિમાં બેઠાં વારંવાર સાંભરી આવે છે. તથાપિ ઉદયપ્રાપ્ત પ્રારબ્ધને જ્ઞાની અનુસરે છે, સત્સંગની રૂચિ રહે છે, તેનો લક્ષ રહે છે."

શ્રીમદ્જીને જાતિસ્મરણ જ્ઞાનના બળથી અનેક પૂર્વભવો અને પ્રસંગોની સ્મૃતિ તાદશ્યપણે આવી હતી, તેની એક વિશેષ પ્રતિતી ઉપરનાં વચનો પૂરી પાડે છે. જ્ઞાની પુરૂષ પ્રવૃત્તિમાં બેઠાં હોય ત્યારે તેમની સ્મૃતિમાં શું આવે છે? તો કહ્યું કે પૂર્વે આરાધન કરેલા ક્ષેત્રો, સમાધિ અને સત્સંગ, નહીં કે પૂર્વે ભોગવેલાં સંસાર કે ઇન્દ્રિયોનાં સુખ, વ્યવહારિક વૈભવ

આદિ. આ સ્મૃતિને લીધે ઉદયગત પ્રવૃત્તિ હોવા છતાં સ્થિરતા, આનંદ ને શાંતિ વેદાય છે, પ્રવૃત્તિ પ્રવિત્તરૂપ થતી નથી.

પૃષ્ઠ ૧૦૭, વચનામૃત ૪૫૩

સં. ૧૯૪૮થી શરૂ થયેલી ઉપાધીયોગની સ્થિતિ ઉત્તરોત્તર ક્રમથી વધતી જાય છે, ઉપાધિનો ભીડો ચારે તરફથી મજબુત થતો જાય છે અને સં. ૧૯૪૯ પ્ર. અષાડ વદ ૩ ના શ્રી સોભાગભાઈ પર લખાયેલ આ પત્રમાં જણાવે છે તેમ :

" પ્રાયે સર્વકામના પ્રત્યે ઉદાસીનપણું છે, એવા અમને પણ આ સર્વ વ્યવહાર અને કાળાદિ ગળકાં ખાતાં ખાતાં સંસારસમુદ્ર માંડ તરવા દે છે, તથાપિ સમયે સમયે તે પરિશ્રમનો અત્યંત પ્રસ્વેદ ઉત્પન્ન થયા કરે છે અને ઉતાપ ઉત્પન્ન થઈ સત્સંગરૂપ જળની તૃષા અત્યંતપણે રહ્યા કરે છે; ને એ જ દુઃખ લાગ્યા કરે છે."

પૃષ્ઠ ૧૦૯, વચનામૃત ૪૬૫

ઉપાધિયોગની બળવત્તરતા ઉપરનાં વચનોમાં જણાવી, તે કરતાં પણ વિશેષ ભાવદર્શક અને બળવાન વચનો આ અમૃતપત્રમાં લખી જણાવતાં શ્રી સોભાગભાઈને કહે છે :—

" ગઈ સાલના માગસર સુદ છઠે અત્રે આવવાનું થયું હતું, ત્યારથી આજ દિવસ પર્યંતમાં ઘણા પ્રકારનો ઉપાધિયોગ વેદવાનું બન્યું છે, અને જો ભગવત્ કૃપા ન હોય તો આ કાળને વિષે તેવા ઉપાધિયોગમાં માથું ધડ પર રહેવું કઠણ થાય, એમ થતાં થતાં ઘણી વાર જોયું છે."

અગાઉ ઉપાધિયોગની પ્રવૃત્તિ જણાવતાં અને તે કેવી છે તે બતાવતાં અદ્ભુત ઉપમાથી સમજાવ્યું કે આંખથી રેતી ઉપડાવવાનું કાર્ય કરવા જેવી તે પ્રવૃત્તિ છે; તે પ્રવૃત્તિનો વિશેષાકાર થતાં જેની આત્માકાર સ્થિતિ થઈ ગઈ છે એવા શ્રીમદ્જીને પણ ગળકાં ખાતાં ખાતાં સંસારસમુદ્ર માંડ તરી શકાય એવી અવસ્થામાં મૂકાવું પડ્યું હતું; અને પછી તો તે ઉપાધિયોગનું બળ એટલું વધી ગયું કે જો ભગવાનની કૃપા ન હોય તો માથું ધડ પર રહેવું કઠણ બની જાય એવું થતાં ઘણી વાર તેમણે અનુભવથી જોયું છે, પરંતુ જેને આત્મસ્વરૂપનો યથાર્થ બોધ થયો છે અથવા બોધસ્વરૂપ દશાને જેઓ પામ્યા છે, તેમને બોધની ન્યૂનતા થાય તેવી કોઈ અસર અથવા તેવા કોઈ પરિણામ થવા સંભવ નથી જ. માત્ર બોધનું વિશેષ ઉપકારી પરિણમન થવા પ્રત્યે એક પ્રકારનું આવરણ થવારૂપ એ ઉપાધિજોગ કાર્ય કરી શકે.

આવો ઉપાધિયોગનો પ્રસંગ વર્તતો હોય અને ધારેલું બોધનું વિશેષ પરિણમન ન થતું હોય તો પણ તેવી પરિસ્થિતિમાં જ્ઞાની પુરૂષને અન્ય પ્રકારના બીજા લાભ મળ્યા કરે છે. પૂર્વભવની સ્મૃતિ બળવાન થાય છે અને અનુભવો સ્મરણમાં આવતાં અંતરમાં કોઈ ગુપ્ત બળનો સંચાર થાય છે. શ્રીમદ્જીના સંબંધમાં તેવું બન્યું હતું. કહે છે :—

" પૂર્વકાળમાં જે જે જ્ઞાની પુરૂષના પ્રસંગો વ્યતીત થયા છે તે કાળ ધન્ય છે, તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે; તે શ્રવણને, શ્રવણના કર્ત્તાને અને તેમાં ભક્તિભાવવાળા જીવોને

ત્રિકાળ દંડવત્ છે. તે આત્મસ્વરૂપમાં ભક્તિ, ચિંતન, આત્મ વ્યાખ્યાની જ્ઞાની પુરૂષની વાણી.... તેની અપૂર્વતાને પ્રણામ અતિ ભક્તિથી કરીએ છીએ. અખંડ આત્મધૂનના એકતાર પ્રવાહપૂર્વક તે વાત અમને હજી ભજવાની અત્યંત આતુરતા રહ્યા કરે છે."

તેમને જે અત્યંત આતુરતા વર્તે છે, તેનું બળ કેટલું હશે ને હોય, તે તેવી આતુરતાના અનુભવી સુલભપણે સમજી શકશે. તેમના ચિત્તમાં પ્રબળતાથી કયો ભાવ વર્તી રહ્યો છે તે તેમણે જ દર્શાવ્યું છે અને તે છે "અખંડ આત્મધૂનનો એકતાર પ્રવાહ અને પ્રેમમૂર્તિ, શાંતમૂર્તિ તેમ ચૈતન્યમૂર્તિ આત્મપ્રભુને પરમ પ્રેમે ભજવાની ઉત્કૃષ્ટ તાલાવેલી. તેવા ભાવની વર્તતી સ્થિતિને લીધે અંતરંગમાં બળનો સંચય વધ્યા વિના રહે નહીં અને તેના ફળરૂપે આત્મસંયમ પણ વૃદ્ધિગત થાય જ. આમ જ્ઞાની પુરૂષને આપત્તિમાં પણ સંપત્તિનો અપૂર્વ લાભ મળ્યા જ કરે છે. જ્ઞાનનો મહિમા કોઈ અચિંત્ય છે.

પૃષ્ટ ૧૧૧, વચનામૃત ૪૬૯

આત્મજ્ઞાનનું માહાત્મ્ય અપરંપાર છે. તે અંદરમાં આમૂલ પરિવર્તન લાવી જીવનના વહેણને પવિત્રતા અને નિર્મળતાના પંથે વાળે છે. મળ અને વિક્ષેપ ક્ષય થતાં જાય છે. સંસારમોહ ક્ષીણ પામતાં સ્થૂળ કષાયો નાશ પામી ભસ્મીભૂત થાય છે અને ભાવસંયમ વધવાથી સૂક્ષ્મ કષાયો મંદતર સ્થિતિને ભજતા જાય છે. તેના પરિણામે આત્મસંયમ નિર્મળ અને ગાઢ બનતો

જઇ ઉજ્જવળતાને વરે છે. આત્મસંયમનું સુંદર અને અલૌકિક ફળ એ છે કે તેથી સૂર્ય સમાન તેજસ્વી અને ચંદ્ર સમાન શીતળ, સમાન દૃષ્ટિનું, અત્યંત ભેદભાવરહિત દશાનું પ્રગટ-પણું થાય છે. પરમજ્ઞાની શ્રીમદ્જી પોતાને પ્રાપ્ત થયેલી એવી આશ્ચર્યકારક દશા શ્રી સોભાગભાઇને સં. ૧૯૪૯, ભાદરવા વદ ૦))ના અમૃતપત્રમાં જણાવતાં લખે છે કે:—

"જેવી દૃષ્ટિ આ આત્મા પ્રત્યે છે, તેવી દૃષ્ટિ જગતના સર્વ આત્માને વિષે છે. જેવો સ્નેહ આ આત્મા પ્રત્યે છે, તેવો સ્નેહ સર્વ આત્મા પ્રત્યે વર્તે છે. જેવી આ આત્માની સહજાનંદ સ્થિતિ ઇચ્છીએ છીએ, તેવી જ સર્વ આત્મા પ્રત્યે ઇચ્છીએ છીએ....જેવો આ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ, તેવો જ સર્વ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ....જે સ્ત્રી આદિનો સ્વપણે સંબંધ ગણાય છે, તે સ્ત્રી આદિ પ્રત્યે જે કંઇ સ્નેહાદિ છે અથવા સમતા છે, તેવાં જ પ્રાયે સર્વ પ્રત્યે વર્તે છે...."

"કોઈ પ્રત્યે કંઈ વિશેષ કરવું નહીં કે ન્યૂન કરવું નહીં; અને કરવું તો તેવું એકધારાનું વર્તન સર્વ જગત પ્રત્યે કરવું, એવું જ્ઞાન આત્માને ઘણા કાળ થયાં દૃઢ છે, નિશ્ચયરૂપ છે. કોઈ સ્થળે ન્યૂનપણું, વિશેષપણું કે કંઈ તેવી સમ વિષમ ચેષ્ટાએ વર્તવું દેખાતું હોય તો જરૂર તે આત્મસ્થિતિએ, આત્મબુદ્ધિએ થતું નથી, એમ લાગે છે. પૂર્વપ્રબંધી પ્રારબ્ધના યોગે (પૂર્વે બંધાયેલ ઋણાનુબંધના ઉદયયોગે) કંઇ તેવું ઉદયભાવપણે થતું હોય તો તેને વિષે પણ સમતા છે. ....

"સૌથી અભિન્નભાવના છે; જેટલી યોગ્યતા જેની વર્તે છે, તે પ્રત્યે તેટલી અભિન્નભાવની સ્ફૂર્તિ થાય છે; ક્વચિત્ કરુણાબુદ્ધિથી (પૂર્ણદશાની સંસિદ્ધિ નહીં થઈ હોવાને લીધે) વિશેષ સ્ફૂર્તિ થાય છે, પણ વિષમપણાથી કે વિષય પરિગ્રહાદિ કારણપ્રત્યયથી તે પ્રત્યે વર્તવાનો કંઈ આત્મામાં સંકલ્પ જણાતો નથી, (કેમકે) અવિકલ્પરૂપ સ્થિતિ છે. વિશેષ શું કહીએ? અમારે કંઈ અમારૂં નથી કે બીજાનું નથી કે બીજું નથી. જેમ છે તેમ છે....સર્વ પ્રકારની વર્તના નિષ્કપટપણાથી ઉદયની છે: સમવિષમતા નથી, સહજાનંદ સ્થિતિ છે."

કૌંસમાં મૂકેલા શબ્દો અમારા છે.

અહો, કેવી અદ્‌ભુત દશાનું કેવું અદ્‌ભુત વર્ણન છે! તે વાંચતાં કે શ્રવણ કરતાં એ આશ્ચર્યની પ્રતિમારૂપ, દિવ્ય જ્યોતિસ્વરૂપ મહાપુરૂષ પ્રત્યે હૃદયકમળમાં બહુમાનની ઉત્કૃષ્ટ લાગણી ઉત્પન્ન થયા વગર કેમ રહે? પરમ પ્રેમ પ્રગટ્યા વગર કેમ રહે?

પૃષ્ટ ૧૧૩, વચનામૃત ૪૮૫

"આ દેહ અને તે પ્રથમનો બોધબીજ હેતુવાળો દેહ તેમાં થયેલું વેદન તે મોક્ષકાર્યે ઉપયોગી છે."

સં. ૧૯૫૦, ફાગણ સુદ ૪નો અમૃતપત્ર શ્રી સોભાગભાઈ ઉપર લખેલ છે, તેમાં તેમણે આ દેહ પહેલાંના દેહમાં બોધ-બીજની, સમકિતની પ્રાપ્તિ કરી હતી એ વાત સ્પષ્ટતાથી જણાવી છે. આથી શ્રીમદ્‌જીનો શુભ જન્મ જ્ઞાનસહિત થયો

હતો, તે કારણે સં. ૧૯૪૭માં તેમને શુદ્ધ સમકિતની પ્રાપ્તિ થઈ હતી, તે ક્ષાયિક સમકિત હતું એ સ્વયં સિદ્ધ થાય છે. જ્ઞાની પુરૂષની વાણીને પૂર્વાપર સંબંધે યથાર્થતાએ અપક્ષપાત બુદ્ધિથી વિચારવામાં આવે તો ઉદ્ભવ પામતા ઘણા કોયડાનું સમાધાન સુલભપણે થઈ જાય છે. અમે અનુભવથી જોયું છે કે ન સમજાય અને પ્રશ્નો ઊઠે એવાં તેમનાં કેટલાંક વચનો પ્રશ્નોના ઉત્તરરૂપે અન્ય સ્થળોએ જોવાં મળે છે અને ઊગેલાં પ્રશ્નોનું સમાધાન સુખેથી થઈ જાય છે.

પૃષ્ટ ૧૧૪, વચનામૃત ૫૨૦

શ્રીમદ્જીની અપૂર્વ વીતરાગસ્વરૂપ દશા જ્ઞાનની પ્રબળ શક્તિ, આશ્ચર્યકારક ક્ષયોપશમ લબ્ધિ, આત્મદશાથી ઉત્પન્ન ને પ્રાપ્ત થયેલી અનેક લબ્ધિઓ અને સિદ્ધિઓ, ભેદનાભેદનું જ્ઞાન ઈત્યાદિ જોઇને શ્રી સોભાગભાઈ જીવો પ્રત્યેની કરુણા-બુદ્ધિથી પ્રેરાઇને તેમને વારંવાર પરમાર્થમાર્ગ પ્રકાશવાની ભલામણ કરતા હતા અને શ્રીમદ્જી તેમને ટુંકો ઉત્તર વાળતા હતા. શ્રી સોભાગભાઇનો વિશેષ આગ્રહ જોઈ શ્રીમદ્જી આ પત્રમાં તેઓ તે કાર્ય માટે મૌનપણું શા માટે રાખે છે તે પરત્વેના મુદ્દાઓ જણાવે છે. પ્રભાવનાને અવરોધક કારણો જગતની દૃષ્ટિએ જણાય તેનો નિષેધ કર્યો છે, તે અભ્યાસીએ વિચારવા યોગ્ય છે.

પૃષ્ટ ૧૧૭, વચનામૃત ૫૬૯

"નિત્ય છૂટવાનો વિચાર કરીએ છીએ અને જેમ તે

કાર્ય તરત પતે તેમ જાપ જપીએ છીએ. જો કે એમ લાગે છે કે તે વિચાર અને જાપ હજી તથારૂપ નથી, શિથિલ છે; માટે અત્યંત વિચાર અને તે જાપને ઉગ્રપણે આરાધવાનો અલ્પકાળમાં યોગ કરવો ઘટે છે, એમ વર્ત્યા કરે છે." .

શ્રીમદ્‌જી વ્યવહાર ઉપાધિથી છૂટવાનો વિચાર નિત્ય કરે છે ને કાર્ય તરત પતે તેમ જાપ પણ કરે છે. પરંતુ તેમાં હજુ શિથિલતા છે તેથી ઉગ્રપણે કરવો ઘટે છે એમ તેમને યથાર્થપણે લાગ્યા કરે છે, તેમ થાય ત્યારે જ તે ફળરૂપ થવાનો સંભવ છે. અત્ર એક સિદ્ધાંત બતાવ્યો કે કોઈ પણ ભાવને ઉગ્રપણે અને નિરંતર ઘુંટવાથી તે થકી બંધાતું કર્મ નિકાચિત થાય છે અને નિકાચિત કર્મ યોગ્યકાળે ઉદયમાં આવી ફળરૂપ થાય છે. પછી ભાવ શુભ વા અશુભ ગમે તે હોય.

પૃષ્ઠ ૧૧૯. વચનામૃત ૫૮૬

"પૂર્ણ જ્ઞાની શ્રી ઋષભદેવાદિ પુરૂષોને પણ પ્રારબ્ધોદય ભોગવ્યે ક્ષય થયો છે; તો અમ જેવાને તે પ્રારબ્ધોદય ભોગવવો જ પડે એમાં કંઈ સંશય નથી. માત્ર ખેદ એટલો થાય છે કે અમને આવા પ્રારબ્ધોદયમાં શ્રી ઋષભદેવાદિ જેવી અવિષમતા રહે એટલું બળ નથી; અને તેથી પ્રારબ્ધોદય છતાં અપરિપક્વ કાળે છૂટવાની કામના થઈ આવે છે, કે જો વિષમ પ્રારબ્ધોદયમાં કંઈ પણ ઉપયોગની યથાતથ્યતા ન રહી, તો ફરી આત્મસ્થિરતા થતાં વળી અવસર ગવેષવો જોઈશે; અને પશ્ચાત્તાપપૂર્વક દેહ છૂટશે, એવી ચિંતા ઘણી વાર થઈ આવે છે."

ત્રણે કાળને વિષે એ તો અટલ નિયમ છે કે પૂર્વે નિબંધન કરેલાં કર્મોરૂપ પ્રારબ્ધ જ્ઞાની કે અજ્ઞાનીને તેનો ઉદય આવ્યે ભોગવવું પડે છે; ત્યાં જે કંઈ ફરક છે તે વેદવાની અપેક્ષાએ છે, અજ્ઞાની વિષમભાવે કે તીવ્ર અશુભ પરિણામે ભોગવે છે તેથી નવિન કર્મનો બંધ પાડે છે. જ્ઞાની તેમની આત્મજ્ઞાનની દશા અનુસાર ધીરજ અને સમતાથી વેદે છે, તેમ છતાં પૂર્ણતાને પામેલા જ્ઞાની ભગવંતોની જે સંપૂર્ણ અવિષમ દશા હોય છે તેવી દશા તેથી ઉતરતી દશાવાળા જ્ઞાનીની હોતી નથી, તેનો તેમને ખેદ રહે છે. શ્રીમદ્જી પણ આવી કોઈ પરિસ્થિતિમાં રહ્યા છે. કેવળ અવિષમપણે વેદવાનું બળ તેમનામાં હજુ અપ્રગટ રહ્યું છે, તેથી પોતાને વેદવાનો પ્રારબ્ધોદય હજુ વર્તે છે અને વર્તવાનો છે એમ જ્ઞાનથી જાણવા છતાં અપરિપક્વ કાળે એટલે તે ઉદયની કાળસ્થિતિ પૂર્ણ થવાની હોય તે પહેલાં તેનાથી છૂટવાની કામના તેમને થઈ આવે છે. જે જ્ઞાની પુરૂષનું પરમોચ્ચ લક્ષ પૂર્ણ દશાની પ્રાપ્તિનું હોય. આત્માની ઉચ્ચતમ નીરવ સંપૂર્ણ શાંતિમાં રહેવાનું હોય, સૂક્ષ્માતિસૂક્ષ્મ કષાયથી મુક્તિ પામવાનું હોય અને તે લક્ષની સિદ્ધિ વર્તમાન દેહે શીઘ્રતાથી સિદ્ધ કરવાની નેમ હોય, તેવા ઉત્તમ ધ્યેયી પુરૂષને ઉપાધિયોગના ઉદયથી વિમુક્ત થવાની તીવ્ર અભિલાષા હોય જ. એવા પુરૂષની આત્મજાગૃતિ અને ઉપયોગની તીક્ષ્ણતા કાંઈ જેવાં તેવાં કદાપિ હોતાં નથી અને તેથી સાવધાન જ રહે છે તે છતાં ગફલતના આવી જવાના કારણે શું બની શકે, કેવું પરિણામ આવી

શકે તેનો વિવેકયુક્ત વિચાર તેઓ અવશ્ય કરતા હોય છે. તેનો કોઈ નિર્દેશ શ્રીમદ્જીએ અહીં બતાવ્યો છે. ત્યાં શું કહ્યું? તે જોઇએ ઉદયમાં ઉપયોગની યથાયોગ્ય જાગૃતિ ન રહી તો આત્મસ્થિરતા અને આત્મશાંતિ ફરીથી પ્રાપ્ત કરવા માટે અવસર ગવેષવો જોઇશે; તેવો અવસર ન આવે તો પશ્ચાત્તાપપૂર્વક દેહ છૂટવાનો પ્રસંગ બની શકે, તેની ચિંતા તેમને ઘણીવાર થઈ આવે છે. આ ઉપરથી જ્ઞાની પુરૂષ નિજ-સ્વરૂપની શુદ્ધતા અર્થે કેવી સંભાળપૂર્વકની સાવધાની રાખ્યા કરે છે તે સમજાશે. આ વચનો માત્ર નિજબોધને અર્થે લખ્યાં છે તેમ નથી પણ ભવિષ્યકાળમાં સર્વ જિજ્ઞાસુ અને મુમુક્ષુઓને માર્ગદર્શકરૂપ થઇ ઉપકારભુત થાય તે હેતુ પણ તેમાં રહ્યો છે. સમજવું હોય તેને માટે આ બોધસ્વરૂપ પુરૂષનાં બોધ-વચન છે.

અંતર્જ્ઞાનથી સત્તાગત કર્મોની સ્થિતિ પર દૃષ્ટિ દેતાં શ્રીમદ્જીને જણાય છે કે આ પ્રારબ્ધોદય મટી નિવૃત્તિ "તરતમાં એટલે એકથી દોઢ વર્ષમાં થાય (પત્ર ચૈત્ર વદ ૧૨/૧૯૫૧નો છે.) એમ તો દેખાતું નથી અને પળ પળ જવી કઠણ પડે છે. એકથી દોઢ વર્ષ પછી પ્રવૃત્તિકર્મ વેદવારૂપ ઉદય કેવળ પરિક્ષીણ થશે, એમ પણ લાગતું નથી; કંઈક ઉદય વિશેષ મોળો પડશે એમ લાગે છે." આ સંબંધે હાથનોંધ ૧માં શ્રીમદ્જીએ લખેલાં વચનો સરખાવવા યોગ્ય છે અને તે છે, "માહ સુદ ૭ શનિવાર વિક્રમ સંવત ૧૯૫૧ ત્યાર પછી દોઢ વર્ષથી વધારે સ્થિતિ નહીં. અને તેટલા કાળમાં ત્યાર પછી જીવનકાળ

શી રીતે વેદવો તે વિચારવાનું બનશે.” વળી તે જ હાથ-નોંધમાં અન્ય વચનો છે તે ઉતારીએ છીએ. “હું એમ જાણું છું કે અનંતકાળથી અપ્રાપ્તવત્ એવું આત્મસ્વરૂપ કેવળજ્ઞાન, કેવળ દર્શન સ્વરૂપે અંતર્મુહૂર્તમાં ઉત્પન્ન કર્યું છે, તો પછી વર્ષ છ માસ કાળમાં આટલો આ વ્યવહાર કેમ નિવૃત્ત નહીં થઈ શકે ? માત્ર જાગૃતિના ઉપયોગાંતરથી તેની સ્થિતિ છે, અને તે ઉપયોગના બળને નિત્ય વિચાર્યેથી અલ્પકાળમાં તે વ્યવહાર નિવૃત્ત થઈ શકવા યોગ્ય છે. તો પણ તેની કેવા પ્રકારે નિવૃત્તિ કરવી, એ હજી વિશેષપણે મારે વિચારવું ઘટે છે એમ માનું છું, કેમકે વીર્યને વિષે કંઈ પણ મંદ દશા વર્તે છે, તે મંદ દશાનો હેતુ શો ? ઉદયબળે પ્રાપ્ત થયો એવો પરિચય, માત્ર પરિચય, એમ કહેવામાં કંઈ બાધ છે ? તે પરિચયને વિષે અરૂચિ વિશેષ રહે છે, તે છતાં તે પરિચય કરવો રહ્યો છે. તે પરિચયનો દોષ કહી શકાય નહીં, પણ નિજ દોષ કહી શકાય. અરૂચિ હોવાથી ઈચ્છારૂપ દોષ નહીં કહેતાં ઉદયરૂપ દોષ કહ્યો છે.”

આ વચનો પરથી એટલું નક્કી થાય છે કે પ્રારબ્ધોદયની ગમે તેટલી અનિચ્છા શ્રીમદ્‌જીને વર્તે છે અને ઉપાધિથી છૂટવાની કામના છે, તો પણ ઉદયની સ્થિતિ શેષ રહી હોવાથી વેદવી પડે તેમ છે. તે કાળ હજી દોઢ વર્ષ સુધીનો સંભવે છે; અને ત્યાર પછીના કાળ પરત્વે પણ અનિશ્ચિતતા છે.

ઘણા ઘણા જ્ઞાનીપુરૂષો થઈ ગયા છે પણ આત્મદશાનું સૂક્ષ્મ અને ઝીણવટભર્યા નિરીક્ષણનું આવું સુંદર અને સ્પષ્ટ

વર્ણન હજુ સુધી ક્યાંય દીઠામાં આવ્યું નથી. એ કાર્ય કરવાની કઠિનતા કાંઈ કમ નથી. પરમ સદ્ભાગ્યના ઉદયે આ અત્યંત ઉપકારી વચનોને મેળવવાનો અને સમજવાનો લાભ મળી શકે તેમ છે.

જુઓ, હાથનોંધમાં શ્રીમદ્જી ઉપાધિની નિવૃત્તિ માટેની ઉમેદભરી અભિલાષા કેવાં વચનોથી કહી બતાવે છે! જો અનંતકાળથી અપ્રાપ્તવત્ એવું આત્મસ્વરૂપ, કેવળજ્ઞાન અને શ્રદ્ધાના અનુભવસ્વરૂપે અંતર્મુહૂર્તમાં ઉત્પન્ન કરવામાં તેઓ સફળ થયા, તો વર્ષ છ માસમાં શું તેઓ વ્યવહારનિવૃત્તિ ન કરી શકે? જે કઠણ કાર્ય કરી શકે, તેનાથી સહેલું કાર્ય શું ન થઇ શકે? ઉત્તર તો 'હા'માં જ આવે. તેમ છતાં ફરી વિચારતાં દેખાય છે કે ઉપાધિયોગની સ્થિતિ માત્ર જાગૃતિના ઉપયોગાંતરથી છે; એ ઉપયોગાંતર ન થવા દેવા માટે જે વીર્યનું બળવાનપણું જોઇએ, તે નથી અર્થાત્ કંઈ પણ મંદપણું તેને વિષે વર્તે છે, એમ કહીને નિજ દોષ ભણી દૃષ્ટિ કરી છે, કર્મોના ઉદયનો દોષ કહ્યો નથી. સર્વ સમર્થ જ્ઞાનીઓની આવી જ દૃષ્ટિ હોય છે. હવે જ્યારે વીર્યની એવી મંદ દશાના કારણનો વિચાર કરે છે તો ત્યાં ઉદયબળે પ્રાપ્ત થયો એવો માત્ર પરિચય છે એમ લાગે છે; અને તે પરિચયને વિષે તો તેમને વિશેષ અરૂચિ રહે છે તોપણ તે કરવો રહ્યો છે, તેથી તે પરિચયનો દોષ કહી શકાય નહીં પરંતુ પોતાનો જ દોષ કહેવો ઘટે છે. આમ ઉત્તરોત્તર વિચારશ્રેણિને અંતે નિજ દોષ દેખાવા છતાં એક નવા મુદ્દાવાળી અપેક્ષા વિચારમાં લે છે અને જણાવે

છે કે પરિચયને વિષે અરુચિ હોવાથી નિજ ઇચ્છારૂપ દોષ કેમ કહેવાય? આથી ઉદયરૂપ દોષ કહ્યો.

વિચારની ગુફામાં આટલે સુધી ઊંડા ઉતરી વિશાળ બુદ્ધિ અને વિવેકશક્તિસંપન્ન વિચક્ષણ શ્રીમદ્જી અટકી જતા નથી; તેઓને તો ખૂબ ખૂબ ઊંડા ઊતરી તાગ કાઢવો છે અને પૂર્ણ સત્યના સ્વરૂપને પામવું છે. તેનાં ફળરૂપ વચનો હાથનોંધ ૧માં કહ્યાં તે નીચે પ્રમાણે છે:—

"જો કે શ્રી સર્વજ્ઞે એમ કહ્યું છે કે ચૌદમે ગુણઠાણે વર્તતો એવો જીવ પણ પ્રારબ્ધ વેદ્યા વિના મુક્ત થઈ શકે નહીં, તો પણ તું તે ઉદયનો આશ્રયરૂપ હોવાથી (આત્મવીર્યની નબળાઈને કારણે) નિજ દોષ જાણી તેને અત્યંત તીવ્રપણે વિચારી તેથી નિવૃત્ત થા, નિવૃત્ત!

"કેવળ માત્ર પ્રારબ્ધ હોય, અને અન્ય કર્મદશા વર્તતી ન હોય તો તે પ્રારબ્ધ સહેજે નિવૃત્ત થવા દેવાનું બને છે, એમ પરમપુરૂષે સ્વીકાર્યું છે; પણ તે કેવળ પ્રારબ્ધ ત્યારે કહી શકાય કે જ્યારે પ્રાણાંતપર્યંત નિષ્ઠા ભેદદૃષ્ટિ ન થાય અને તને સર્વ પ્રસંગમાં એમ બને છે, એવું જ્યાં સુધી કેવળ નિશ્ચય ન થાય ત્યાં સુધી શ્રેય એ છે કે, તેને વિષે ત્યાગબુદ્ધિ ભજવી, આ વાત વિચારી હે જીવ! હવે તું અલ્પકાળમાં નિવૃત્ત થા, નિવૃત્ત."

બસ, હવે આ વચનોથી સર્વ સમાધાન થઇ જશે.

પૃષ્ટ ૧૨૨, વચનામૃત ૬૭૦

"જ્ઞાનીના સર્વવ્યવહાર પરમાર્થમૂળ હોય છે, તો પણ જે દિવસે ઉદય પણ આત્માકાર વર્તશે તે દિવસને ધન્ય છે."

દશાવાન જ્ઞાની ભગવંતની બાહ્યથી દેખાતી સર્વ વ્યવહાર-પ્રવૃત્તિ ઉદયગત થતી હોવાથી અબંધક છે અને તે કારણે તે પરમાર્થમૂળ કહેવાય છે, અર્થાત્ ત્યાં પણ પરમાર્થ જ સધાય છે. તેમ છતાં તેમાં ઉપયોગનું કોઇ અંશે ભળવું રહ્યું છે, આથી શ્રીમદ્‌જી ભાવના ભાવે છે કે ઉદય પણ આત્માકાર વર્તશે તે દિવસ ધન્ય હશે, ઉદય સાથે ઉપયોગ ન જોડાવાને કારણે.

પૃષ્ટ ૧૨૨, વચનામૃત ૬૮૦

સં. ૧૯૫૨, ચૈત્ર સુદ ૧૩, શ્રી મહાવીરપ્રભુની જન્મ જયંતિનો પરમ પવિત્ર, પરમ શુભ, પરમ કલ્યાણકારી દિવસ. આજના ઉત્સાહપ્રેરક મંગલ દિવસે પૂર્વે નજરે જોયેલી શ્રી વીરપ્રભુની પરમ પરમ શાંત વીતરાગદશા, પરમોચ્ચ લક્ષણોથી સુશોભિત મુખમુદ્રા અને અલૌકિક તેજથી દેદીપ્યમાન ચિદ્-સ્વરૂપની અપૂર્વ કાંતિની સ્મૃતિ શ્રીમદ્‌જીના નિર્મળ જ્ઞાનદર્પણમાં પ્રકાશિત થયાં હશે એમ અનુમાન કરવું અને માનવું સુસંગત લાગે છે. તે ઉપકારી, પવિત્ર સ્મૃતિના દિવ્ય બળથી તેમનાં નિઃસ્પૃહ હૃદયમાં ઉલ્લાસભરી આનંદલહેરીઓ વહેતી થઈ હશે.

એ માંગલિક દિવસે શ્રીમદ્‌જીએ આ 'અંગત' લખાણ કર્યું છે; તેમાં સહજતાએ ઉદ્‌ભવેલા પોતા સંબંધના તથા અન્ય જીવો સંબંધના વિચારો સ્પષ્ટ દર્શાવ્યા છે. તે

યથાર્થતાએ સમજવાના અનધિકારી જીવોને સંદેહયુક્ત અને અનુચિત વિકલ્પો ઊઠે અથવા સત્ય સમજણના અભાવે તેઓ ખોટી ટીકામાં ઉતરે એમ બનવું સંભવિત છે. પરંતુ જેણે અપક્ષપાત બુદ્ધિથી શ્રીમદ્જીનાં પોતાની ઉત્તરોત્તર વધતી આત્મદશાસૂચક વચનોને અનુસંધાનપૂર્વક અભ્યાસ્યાં હશે, તેને તો કોઈ સંદેહ થવા યોગ્ય નથી, એટલું જ પરંતુ તેને તે મહાજ્ઞાની પુરૂષ પ્રત્યે અત્યંત અહોભાવ અને બહુમાન ઉત્પન્ન થવા યોગ્ય છે.

આ 'અંગત' લખાણના આરંભમાં જણાવે છે કે :–

"જેની (પૂર્વે એક) મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની ઈચ્છા કે સ્પૃહા (લેશ પણ) નહોતી અને (હવે વર્તમાને તો) અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઈચ્છા પણ નિવૃત્ત થઈ છે, તેને હે નાથ! તું (અમારી અખંડ સ્વરૂપમાં રમણતા નિહાળવા થકી) તુષ્ટમાન થઈને પણ (તેનાથી) બીજું શું આપવાનો હતો? (શું બીજું કંઈ પામવું શેષ રહે છે?).

"હે કૃપાળુ! તારા અભેદ સ્વરૂપમાં જ મારો નિવાસ છે. (તું ને હું નો ભેદ વિલીન થયો છે; આત્માની પરમાત્મારૂપ સ્થિતિ થઈ છે), ત્યાં હવે તો લેવા દેવાની પણ કડાકૂટથી છૂટા થયા છીએ અને એ જ અમારો પરમાનંદ છે."

'લેવેકોં ન રહી ઠોર, ત્યાગી વેકોં નાહીં ઓર,
બાકી કહા ઉગર્યો જુ, કાર જ નવીનો હૈ ।'

—બનારસીદાસજી

ઉપરનાં પદનો અર્થ સમજાવતાં શ્રીમદ્‌જી વચનામૃત ૩૨૮માં કહે છેઃ—

"સ્વરૂપનું ભાન થવાથી પૂર્ણકામપણું પ્રાપ્ત થયું; એટલે હવે બીજું કોઈ ક્ષેત્ર કંઇ પણ લેવાને માટે રહ્યું નથી. સ્વરૂપનો તો કોઈ કાળે ત્યાગ કરવાને મૂર્ખ પણ ઇચ્છે નહીં; અને જ્યાં કેવળ સ્વરૂપસ્થિતિ છે, ત્યાં તો પછી બીજું કંઈ રહ્યું નથી; એટલે ત્યાગવાપણું પણ રહ્યું નહીં. હવે જ્યારે લેવું દેવું એ બન્ને નિવૃત્ત થઈ ગયું, ત્યારે બીજું કોઈ નવીન કાર્ય કરવાને માટે શું ઊગર્યું? અર્થાત્ જેમ થવું જોઇએ તેમ થયું ત્યાં પછી બીજી લેવા દેવાની જંજાળ કયાંથી હોય?"

જ્યાં સુધી અપેક્ષા છે, ત્યાં સુધી જ આકુળવ્યાકુળતા છે, કડાકૂટ છે, દુઃખ છે, અનાનંદ છે અને જ્યાં અપેક્ષાનો ત્યાગ થઈ તેનો અભાવ થયો, ત્યાં જ પરમસુખ છે, પરમાનંદ છે, એમ અત્ર વચનોનો અંતરઆશય છે.

જગતના જીવોનું ધર્મપ્રવર્તન જોતાં શ્રીમદ્‌જીને જેમ જણાયું તેમ સ્પષ્ટ શબ્દોમાં નીડરતાથી પ્રમાણિકપણે કહે છે કે–

"કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો પોતાની મતિકલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી (આ સંબંધે જુઓ તેમની અપૂર્વ કૃતિ "શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર"), વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરવા છતાં મોક્ષ પામવાને બદલે (મતાગ્રહ, સ્વચ્છંદ, પ્રમાદ આદિ દોષોને કારણે) સંસાર પરિભ્રમણ કરતાં જાણી નિષ્કારણ કરુણાશીલ

એવું અમારૂં હૃદય રડે છે. (સાહજિક, નિઃસ્પૃહ, નિષ્કામ કરુણાર્દ્રતાથી અમારૂં હૃદય ભીનું થઈ જાય છે, કહો કે રડે છે)."

"વર્તમાને (અખંડ સ્વરૂપમાં રમણતા થઈ છે) એવા વિદ્યમાન વીરને ભૂલી જઇ, (પાસે જ્ઞાનીપુરૂષરૂપ અમૃતસ્વરૂપ મીઠા પાણીનો કળશો હોય તો તેથી તૃષા છીપે એ સાદી બુદ્ધિની વાત સ્વચ્છંદ દોષે ભૂલી જઈ), ભૂતકાળની ભ્રમણામાં વીરને શોધવા માટે (દૂરના ક્ષીરસમુદ્રથી તૃષા છીપાવવા ઇચ્છતા) અથડાતા જીવોને શ્રી મહાવીરનું દર્શન ક્યાંથી થાય?" કેમ કે પૂર્વે થઈ ગયેલા અનંત જ્ઞાનીઓ જો કે મહાજ્ઞાની થઈ ગયા છે, પણ તેથી કંઈ જીવનો દોષ જાય નહીં; એટલે કે અત્યારે જીવમાં માન હોય તે પૂર્વે થઈ ગયેલા જ્ઞાની કહેવા આવે નહી; પરંતુ હાલ જે પ્રત્યક્ષ જ્ઞાની બીરાજમાન હોય તે જ દોષને જણાવી કઢાવી શકે." (વચનામૃત ૪૬૬), આ સિદ્ધાંત વાત સમીપમુક્તિગામી જીવને ગળે ઊતરી સમજાય તેવી છે.

કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થતાએ નહીં સમજનારા અને નિજકલ્પનાએ આરાધન કરનારા આ દુષમ પંચમકાળના દુર્ભાગી જીવોને સંબોધી અતિ કરુણા અને નિર્માનભાવે કહે છે —

"(હવે) ભૂતકાળની (ભૂલરૂપ) ભ્રમણાને છોડીને વર્તમાને વિદ્યમાન એવા (સ્વરૂપસ્થિત) મહાવીરને શરણે આવો એટલે તમારૂં શ્રેય જ છે." (એમ ખાત્રીથી અને અનુભવથી કહીએ છીએ).

"(કેમ કે અમારી અનુભવસ્વરૂપ પ્રતીતિ છે કે) સંસારના તાપથી ત્રાસ પામેલા અને કર્મબંધનથી મુક્ત થવા ઇચ્છતા પરમાર્થપ્રેમી જિજ્ઞાસુ જીવોની ત્રિવિધ તાપાગ્નિને શાંત કરવાને અમે અમૃતસાગર છીએ. મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવાને માટે અમે કલ્પવૃક્ષ જ છીએ, (જેવી રીતે કલ્પવૃક્ષ કલ્પના એટલે ઇચ્છા કરવા માત્રથી ફળને આપે છે, ઇચ્છા સંતુષ્ટ થવાથી સુખની પ્રાપ્તિ થાય છે, તેવી રીતે જે કોઈ પરમાર્થપ્રેમી અને સદ્ધર્મ જિજ્ઞાસુ તેમના અવ્યાબાધ આત્મિક સુખની પ્રાપ્તિના હેતુએ કલ્પવૃક્ષ સમાન એવા અમારા આશ્રયની ઇચ્છા કરે છે, તેની અભિલાષા નિઃશંક ફળસ્વરૂપને પામે છે).

"વધારે શું કહેવું ? આ (પરમ વિકટ) અને વિષમકાળમાં પરમ શાંતિના ધામરૂપ અમે (ગૃહસ્થ અને વ્યવહારોપાધિ વચ્ચે રહીને પણ આત્માની ઉચ્ચ દશાને વર્યા હતા એવા શ્રી રામની જેમ) બીજા શ્રી રામ (છીએ) અથવા (જેણે અત્યંત વીરપણું દાખવી વીરતાથી કર્મોની સામે લડ્યા હતા એવા બીજા) શ્રી મહાવીર જ છીએ, કેમકે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ. (આવું પરમાત્મસ્વરૂપ જેને પ્રાપ્ત હોય તેવા જ્ઞાનીપુરૂષનાં ચરણારવિંદ પ્રત્યે સમ્યક્પ્રતીતિથી પ્રેમભક્તિ અને આશ્રયભાવના જે ભવ્ય સદ્ભાગ્યવંત જિજ્ઞાસુને થાય, તે "જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે; આ ત્રણે કાળ સત્ય વાત છે).

છેલ્લે આ વચનો અભિમાનપૂર્વક લખાયાં હશે અથવા લખાયાં છે એવી ભ્રાંતિ કોઇને થાય તો તેની નિવૃત્તિ અર્થે

સમાધાનરૂપ શબ્દોથી આ 'અંગત' લખાણની પરિસમાપ્તિ કરે છે. ત્યાં પ્રકાશે છે કે:—

" આ અંતર અનુભવ પરમાત્મપણાની માન્યતાના અભિમાનથી ઉદ્ભવેલો લખ્યો નથી, (જ્યાં અભિમાન હોય ત્યાં પરમાત્મપણું સંભવે નહીં. બંને પરસ્પર વિરોધ સ્વભાવવાળા છે તેથી), પણ કર્મબંધનથી દુઃખી થતા જગતના જીવોની કારૂણ્યવૃત્તિ થવાથી (અંતરમાં નિષ્કારણ કરુણાભાવની અત્યંત આવૃત્તિ થવાથી) તેમનું કલ્યાણ કરવાની તથા તેમનો ઉદ્ધાર કરવાની નિષ્કારણ કરૂણા એ જ આ હૃદયચિતાર પ્રદર્શિત કરવાની પ્રેરણા કરે છે." (કૌંસમાં લખેલા શબ્દો અમારા છે).

શ્રીમદ્‌ના ૨૯મા વર્ષે લખાયેલ આ 'અંગત' લખાણનાં વચનોના ભાવોનું બીજ આપણને તેમની યુવાવસ્થાના આરંભ કાળમાં એટલે તેમના ૨૦મા વર્ષે ઊગેલું જોવા મળે છે. તે વચનામૃત ૨૭માં કહેલાં વચનો ફરી અત્ર જણાવીએ છીએ. " હું બીજો મહાવીર છું એમ મને આત્મિક શક્તિ વડે જણાયું છે....હું સર્વજ્ઞ સમાન સ્થિતિમાં છું." તે બીજના સુંદર વિકાસનો બીજો તબક્કો આપણને તેમના ૨૪મા વર્ષે દૃષ્ટિગોચર થાય છે. તે વેળાએ વચનામૃત ૧૭૦માં શ્રીમદ્‌જી નીડરપણે જણાવે છે કે "તીર્થંકર જે સમજ્યા અને પામ્યા તે ....આ કાળમાં ન સમજી શકે અથવા ન પામી શકે તેવું કંઈ જ નથી. આ નિર્ણય ઘણાય વખત થયાં કરી રાખ્યો છે. જો કે તીર્થંકર થવા ઈચ્છા નથી; પરંતુ તીર્થંકરે કર્યા પ્રમાણે

કરવા ઇચ્છા છે.” તે ભાવની પૂર્ણતા દર્શાવતો ત્રીજો તબક્કો વચનામૃત ૬૮૦થી મળી રહે છે.

શ્રીમદ્‌જીએ પ્રાપ્ત કરેલી પરમાત્મસ્વરૂપ દશાની વિશેષ પ્રતીતિ મુનિશ્રી લલ્લુજી મહારાજ(પ્રભુશ્રી)ના સુશિષ્ય શ્રી દેવકરણ મુનિનાં વચનોથી જોઈએ. તેમણે શ્રી લલ્લુજી મહારાજ ઉપર વસો પત્ર લખ્યો હતો ત્યારે તેઓ ખેડામાં હતા. તે પત્રમાં દેવકરણજી લખે છે :—

“એક દિવસ આહાર કરીને હું કૃપાનાથ (શ્રીમદ્‌જી) ઊતરેલા તે મુકામે ગયો. તે બંગલાને ચાર માળ હતા. તેના ત્રીજા માળે પરમ કૃપાળુ દેવ બિરાજ્યા હતા તે વખતે તેમની અદ્‌ભુત દશા મારા જોવામાં આવ્યાથી મેં જાણ્યું કે હું આ અવસરે છતો થઈશ તો તે આનંદમાં કંઈ ફેરફાર થશે, એમ વિચારી હું એક ભીંતના પડદે રહી સાંભળતો હતો. તે કૃપાનાથ પોતે પોતાને કહે છે :

‘અડતાલીસની સાલમાં (સં. ૧૯૪૮) રાળજ બિરાજ્યા હતા તે મહાત્મા શાંત અને શીતળ હતા. હાલ સાલમાં વસો ક્ષેત્રે વર્તતા મહાત્મા પરમ અદ્‌ભુત યોગીન્દ્ર પરમ સમાધિમાં રહેતા હતા અને આ વનક્ષેત્રે વર્તતા પરમાત્મા પણ અદ્‌ભુત યોગીન્દ્ર પરમ શાંત બિરાજે છે. એવું પોતે પોતાની નગ્નભાવી, અલિંગી, નિઃસંગ દશા વર્ણવતા હતા.’.”

શ્રીમદ્‌જીએ ‘અંગત’ લખાણ પૂર્ણ કરતાં સહીની જગ્યાએ દ્વિઅર્થ અને ભાવસૂચક “ૐ શ્રી મહાવીર (અંગત)” શબ્દો લખ્યા છે.

પૃષ્ઠ ૧૨૪, વચનામૃત ૬૯૭

આ પત્ર ખંભાતનિવાસી શ્રીમદ્જીના પરમ સેવાભાવી, બળવાન સ્મરણશક્તિવાળા અને આજ્ઞાંકિતપણાના પરમ રૂચિવંત મુમુક્ષુ અંબાલાલભાઈ ઉપર સં. ૧૯૫૨, અષાડ વદ ૮ના દિવસે લખાયો છે. તેમાં શ્રીમદ્જી લખે છે :—

"પ્રારબ્ધરૂપ દુસ્તર પ્રતિબંધ વર્તે છે ત્યાં કંઈ લખવું કે જણાવવું તે કૃત્રિમ જેવું લાગે છે.... તેથી.... પહોંચ પણ લખવાનું કર્યું નથી. ઘણાં પત્રોને માટે તેમ થયું છે, તેથી ચિત્તને વિશેષ મુંઝાવારૂપ થશે, તે વિચારરૂપ દશાના પ્રતિબંધે આ પત્ર લખ્યું છે, આત્માને (અજાગૃત જીવને) મૂળ (સમ્યક્) જ્ઞાનથી ચલાયમાન કરી નાંખે એવા પ્રારબ્ધને વેદતાં આવો પ્રતિબંધ તે પ્રારબ્ધને ઉપકારનો હેતુ થાય છે, અને કોઈક વિકટ અવસરને વિષે એક વાર આત્માને મૂળ જ્ઞાન વમાવી દેવા સુધીની સ્થિતિ પમાડે છે, એમ જાણી તેથી ડરીને વર્તવું યોગ્ય છે, એમ વિચારી પત્રાદિની પહોંચ લખી નથી, તે ક્ષમા કરવાની નમ્રતા સહિત પ્રાર્થના છે." (કૌંસમાં મૂકેલા શબ્દો અમારા છે).

અહીં ખાસ જોવા જેવું અને વિચારવા યોગ્ય એ છે કે જ્ઞાનીપુરૂષની ઉપયોગની જાગૃતિ કેવી સાવધાનીપૂર્વકની હોય છે! સૂક્ષ્મ દોષની જાણકારી કેવી ઊંડી અને અદ્‌ભુત હોય છે! થોડા પ્રમાદને પરિણામે જીવને પડવાનાં સ્થાનકો કેવાં બળવાન બની જાય છે અને આખરે ક્યાં સુધી નીચે જઈ શકે છે,

તેવી દીર્ઘ દૃષ્ટિવાળું તેમનું જ્ઞાન કેવું નિર્મળ હોય છે! અને તેને લીધે પોતાને વર્તતી પ્રતિબંધરૂપ ઉપાધિદશાના કાળે તેઓ ડરી ડરીને વર્તના કરે છે. સામાન્ય જીવ જ્યાં નીડરપણે બંધપ્રવૃત્તિ કરતાં પણ ક્ષોભ પામતો નથી અથવા બંધહેતુથી વિરામ પામતો નથી, તેને પરમાર્થલક્ષ કેમ થાય? જ્ઞાની-પુરૂષની આવી અબંધક ચેષ્ટા તેના ધ્યાનમાં કેવી રીતે આવે? એ ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો તેનાથી કેમ સમજાય? જ્ઞાનીપુરૂષ તો સદા જાગૃત હોય છે અને રહે છે. તેથી શ્રીમદ્‌જીની સાથે આપણે પણ નિજ અહોભાવ પ્રેમભક્તિસહિત વ્યક્ત કરી કોઈ અંશે કૃતાર્થ થઈએ. "અહો! જ્ઞાનીપુરૂષની આશયગંભીરતા, ધીરજ અને ઉપશમ! અહો! અહો! વારંવાર અહો!"

પૃષ્ટ ૧૨૫, વચનામૃત ૭૦૮

આ પત્ર ખંભાતના મુમુક્ષુઓ ઉપર લખાયેલ છે, ભાદરવા ૧૯૫૨.

"જૈનદર્શનની રીતિએ જોતાં સમ્યક્‌દર્શન અને વેદાંત રીતિએ જોતાં કેવળજ્ઞાન અમને સંભવે છે." શ્રીમદ્‌જીને છએ દર્શનનો ઊંડો તલસ્પર્શી અભ્યાસ હતો, તેનું ઊંડું જ્ઞાન હતું તેથી તેઓ "પરમ શ્રુત" કહેવાયા. વેદાંત દર્શનમાં નિર્વિકલ્પ સમાધિના અનુભવવાળી દશાને અથવા આત્મસાક્ષાત્કારરૂપ અવસ્થાને કેવળજ્ઞાન કહે છે અને તે દશાએ જીવનમુક્ત ગણાય છે; તે કારણે તે તેમનો છેલ્લો ભવ સમજે છે. જૈનદર્શનના પવિત્ર અભિપ્રાયે શુદ્ધાત્માના અનુભવવાળી જે નિર્વિકલ્પ

સમાધિદશા છે, તે અપ્રમત્ત સંયમને નામે ઓળખાય છે, અર્થાત્ તે સપ્તમ ગુણસ્થાનક છે. શ્રીમદ્જીએ આ અર્થમાં “સમ્યક્દર્શન” શબ્દનો પ્રયોગ કર્યો છે. આ પરથી શ્રીમદ્નાં ઊંડા જ્ઞાનની વિશેષ પ્રતીતિ મળે છે.

આગળ વચનો કહેતાં જણાવે છે અને સાથે ખેદ પણ વ્યક્ત કરે છે કે “વર્તમાનમાં જૈનદર્શન એટલું બધું અવ્યવસ્થિત અથવા વિપરીત સ્થિતિમાં જોવામાં આવે છે.... બાહ્ય કુટારો બહુ વધારી દીધો છે, અને અંતર્માર્ગનું ઘણું કરી જ્ઞાન વિચ્છેદ જેવું થયું છે, .... તેમાં સેંકડો ભેદ વર્તે છે, એટલું જ પણ ‘મૂળમાર્ગ’ની સન્મુખની વાત પણ તેમને કાને પડતી નથી અને ઉપદેશકના લક્ષમાં નથી, એવી સ્થિતિ વર્તે છે.” આજે લગભગ એંસી વર્ષ પછી પણ ઘણું કરીને તેવી જ સ્થિતિ રહી છે તે અત્યંત ખેદની વાત છે. હજુ પણ જીવો “બાહ્ય કુટારા”માં જ અટવાયા કરે છે; માત્ર અતિ અલ્પ સંખ્યામાં “મૂળમાર્ગ”ની સન્મુખની વાત જીવને રુચિકર જણાય છે, આ કારણે જ આ કાળને દુષમ કહ્યો છે.

“જો (તે માર્ગનો ઉદ્ધાર કરવારૂપ) આ કાર્ય આ કાળમાં અમારાથી કંઇ પણ બને તો બની શકે; નહીં તો હાલ તો મૂળમાર્ગ સન્મુખ થવા માટે બીજાનો પ્રયત્ન કામ આવે એવું દેખાતું નથી. ઘણું કરી મૂળમાર્ગ બીજાના લક્ષમાં નથી, તેમ તે હેતુ દૃષ્ટાંતે ઉપદેશવામાં પરમશ્રુત આદિ ગુણો જોઇએ છે તેમ જ અંતરંગ કેટલાક ગુણો જોઇએ છે, જે અત્ર છે એવું દૃઢ ભાસે છે.”

"(હવે જો) એ રીતે મૂળમાર્ગ પ્રગટતામાં આણવો હોય તો પ્રગટ કરનારે સર્વસંગપરિત્યાગ કરવો યોગ્ય.... વર્તમાન દશા જોતાં, સત્તાનાં કર્મો પર દૃષ્ટિ દેતાં કેટલાક વખત પછી તે ઉદયમાં આવવો સંભવે છે." આપણે જાણીએ છીએ કે શ્રીમદ્‌ને ભાવથી સર્વસંગપરિત્યાગવાળી દશા તો તેમને ૩૧મા વર્ષે પ્રાપ્ત થઈ ગઈ હતી અને દ્રવ્યથી પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા ઉત્તરોત્તર બળ પામતી જતી હતી અને જો કોઈ અપેક્ષાએ કહેવું હોય તો અવશ્ય કહી શકાય કે દ્રવ્યથી સર્વસંગ-પરિત્યાગ પણ તેમના ૩૨મા વર્ષે થઈ ચૂકયો હતો.

પ્રસ્તુત વચનામૃતમાં શ્રીમદ્‌જી લખે છે કે "હાલ બે વર્ષ સુધી તો તે યોગસાધન વિશેષ કરી ઉદયમાં આવે તેમ દેખાતું નથી. તેથી ત્યાર પછીની કલ્પના કરાય છે, અને ૩ થી ૪ વર્ષ તે માર્ગમાં ગાળવામાં આવ્યાં હોય તો ૩૬ મે વર્ષે (શ્રીમદ્‌જીનો દેહવિલય તેત્રીસ વર્ષ ને છ માસે થયો હતો) સર્વસંગપરિત્યાગી ઉપદેશકનો વખત આવે અને લોકોનું શ્રેય થવું હોય તો થાય."

અહીં દેહાયુષના જ્ઞાન સંબંધી પ્રશ્ન ઉદ્‌ભવી શકે છે. એક વાત નિશ્ચયથી કહી શકાય કે વ્યવહાર અને પરમાર્થ સંબંધી વિષયોના જ્ઞાનમાં આયુષ્ય પરત્વેનું ચોક્કસ જ્ઞાન થવું અત્યંત કઠણ છે, અર્થાત્ આયુષ્યકાળ આટલાં ચોક્કસ વર્ષો સુધીનો છે તે જ્ઞાનીથી પણ કહી શકાવો દુર્લભ છે, જાણે કેમ સર્વજ્ઞદેવસ્વરૂપ પરમાત્માએ તે જ્ઞાન પોતાની જ પાસે ગુપ્તતાએ

રાખ્યું ન હોય? હા, એમ બની શકે કે જ્ઞાનીપુરૂષને દેહાયુષનો લગભગ આસપાસનો અંદાજ આવે કે તેમનો દેહ ૪૦–૪૫, કે ૫૦–૫૫ કે ૬૦–૬૫ વગેરેના ગાળામાં છૂટવા સંભવ છે; અને તેમાં પણ આગળ ઉપર ફેરફાર થઈ શકે છે. બહુ નિશ્ચિત જ્ઞાન તો છ માસ પૂર્વે આવે છે અને જ્ઞાનદશા અનુસાર મોડામાં મોડું ત્રણ દિવસ પહેલાં પ્રકાશિત થાય છે. કોઈ કહે કે જ્યોતિષ વિદ્યાના આધારે આયુષ્યનું જ્ઞાન બહુ વહેલું મેળવી શકાય છે, તો જ્ઞાનદશાની સ્થિતિ હોય ત્યારે તેમ કેમ ન બને? તેનો ઉત્તર એટલો જ કે જ્યોતિષ વિદ્યાના આધારે કવચિત્ જ તેવું ફળાદેશ સત્યરૂપ થાય છે, માત્ર ગંભીર માંદગી વેળાએ આયુષ્યની પૂર્ણતાનો અનુમાનેલ સમય ઠીક આવે છે. આથી સ્મૃતિમાં રાખવા યોગ્ય એ છે કે કોઈ કોઈના આયુષ્ય સંબંધમાં કોઈ ભાસાદિ કે અન્ય વિદ્યાના આધારે કંઇપણ બહુ આગળથી જણાવે તો તેમાં શ્રદ્ધા કરવી નહીં, કેમકે તેવું ભવિષ્ય સત્યરૂપ થવું અતિ દુષ્કર છે. જુઓ, અહીં પરમજ્ઞાની એવા શ્રીમદ્જી પોતાના ૩૬મા વર્ષે જો યોગસાધન કરે તો સર્વસંગપરિત્યાગી થઈ ઉપદેશકનો વખત આવે એમ જણાવે છે અને તેમનો દેહ ૩૪મા વર્ષે છૂટ્યો હતો એ હકીકત છે. આ જણાવવાનો શુભ હેતુ માત્ર એટલો જ છે કે દેહનો આયુષ્યકાળ બહુ આગળથી જ્ઞાનમાં આવવો અતિ અતિ કઠણ છે.

શ્રીમદ્જીએ પોતાની હાથનોંધ ૨માં નોંધ કરી છે તે જોઇએ.

"પરાનુગ્રહ પરમ કારુણ્યવૃત્તિ કરતાં પણ પ્રથમ ચૈતન્ય જિનપ્રતિમા થા, ચૈતન્ય જિનપ્રતિમા થા.

"તેવો કાળ છે? તે વિષે નિર્વિકલ્પ થા.

"તેવો ક્ષેત્રયોગ છે? ગવેષ.

"તેવું પરાક્રમ છે? અપ્રમત્ત શૂરવીર થા.

"તેટલું આયુષબળ છે? શું લખવું? શું કહેવું?

"અંતર્મુખ ઉપયોગ કરીને જો."

અહીં "તેટલું આયુષબળ છે?" તેના ઉત્તરરૂપે "શું લખવું? શું કહેવું?" એમ જણાવ્યું; ત્યાં કોઈના અભિપ્રાયે એવો ભાવાશય નીકળી શકે કે ના, તેટલું આયુષબળ તો નથી; તો કોઈના મતાનુસાર તે વચનોમાં નિશ્ચિત જ્ઞાનની અસ્પષ્ટતા સૂચવાય છે અને તેથી જ આગળ કહ્યું કે અંતર્મુખ ઉપયોગ કરીને જો. આ સંબંધે વિશેષ લખવા યોગ્ય નથી. ઘણા જ્ઞાની-પુરુષોએ દેહત્યાગના સમયનો ભવિષ્યકાળ અગાઉથી જણાવ્યો છે, તેનો સાર અમે ઉપરનાં અમારા વિવેચનમાં બતાવ્યો છે.

શ્રીમદ્‌ની "નાની વયે માર્ગનો ઉદ્ધાર કરવા સંબંધી જિજ્ઞાસા વર્તતી હતી, ત્યાર પછી જ્ઞાનદશા આવ્યે ક્રમે કરીને તે ઉપશમ જેવી થઈ. ....ધર્મ સ્થાપવાનું માન મોટું છે.... પણ આત્માને ઘણી વાર તાવી જોતાં તે સંભવ હવેની દશામાં ઓછો જ દેખાય છે અને કંઈક સત્તાગત રહ્યો હશે તો તે ક્ષીણ થશે એમ અવશ્ય ભાસે છે, કેમકે યથાયોગ્યતા

વિના, દેહ છૂટી જાય તેવી દઢ કલ્પના હોય તો પણ, માર્ગ ઉપદેશવો નહીં, એમ આત્મનિશ્ચય નિત્ય વર્તે છે.”

શ્રીમદ્‌જીને માર્ગ પ્રકાશવામાં કેટલું જોખમ રહ્યું છે, તે કરવા માટે પોતાનામાં કેટલી શક્તિઓ હોવી જોઇએ, કેવી દશા પામીને–વ્યવહાર તેમ પરમાર્થથી–તેની પ્રગટતા માટે ઉદ્યમી થવું એ આદિનું સંપૂર્ણ અને સ્પષ્ટ જ્ઞાન હતું જ. જિનોક્ત ધર્મનો ઉદ્ધાર કરવા માટે તેમની વિશેષ યોગ્યતા પણ હતી, છતાં તે ભાવને ઉપશમિત કરવાનું ઉચિત માન્યું; અને તે માન્યતા દીર્ઘદષ્ટિથી જોતાં સકારણ ને સત્યસ્વરૂપે હતી એમ અમને નિઃશંકપણે લાગે છે.

પૃષ્ટ ૧૨૮, વચનામૃત ૭૧૪

પૂર્વે બુદ્ધિપૂર્વકની ઊંડી વિચારણાને અંતે ઉદ્‌ભવેલ અનેક દર્શનો સંબંધી અનેક પ્રશ્નો, શંકાઓ આદિનું સંતોષ-પૂર્વકનું સમાધાન થતાં શ્રીમદ્‌જીએ આ વચનામૃતમાં લખાણ કરેલ છે. આ પત્ર કોના ઉપરનો છે તે જાણવા મળેલ નથી, પરંતુ તે ખૂબ મનનીય છે એ સમજવા યોગ્ય. પરમાત્મ-સ્વરૂપ થયા પછી શંકાશીલ અને ચિત્તને અસ્વસ્થ રાખે અથવા પરમાર્થ સંબંધે વિકલ્પો ઊઠે એવાં પ્રશ્નો રહે નહીં, તેમનું યથોચિત સમાધાન મળી જ જાય.

ઊગેલા એ પ્રશ્નો જોવા માટે આપણે પાછળ પૃષ્ટ ૫૫, વચનામૃત ૧૬૧ પ્રત્યે વળીએ. ત્યાં ફુટનોટમાં અમે બીતાં બીતાં જણાવ્યું કે આ લેખન બે એક વર્ષ પહેલાંનું, એટલે

સં. ૧૯૪૪ લગભગ લખાયું હોવાનું સંભવિત માનીએ છીએ; પરંતુ તેથી પણ વહેલા સમયમાં આ લેખનકાર્ય થયું હોવાનું વિશેષ સંભવિત લાગે છે. તેરથી સોળ વર્ષનો ધર્મમંથનકાળ પૂરો થયા પછી ને 'મોક્ષમાળા'ની ઉત્તમ કૃતિ પ્રકાશિત થયા બાદ શ્રીમદ્‌જી જૈન ગ્રંથોના ઊંડા અભ્યાસમાં અને ઊંડી વિચારણામાં ઊતર્યા હોય એમ માનવું વિશેષ સુસંગત લાગે છે. તેમણે ૨૩મા વર્ષે આવા કોઇ વિચારો અને શંકાઓ કર્યાં હોય તે તો 'કેવળ અસંભવ' ગમે તે સાચા વિચારકને જણાશે. અસ્તુ.

વચનામૃત ૧૬૧માં લખે છે:—

"મતિ મુંઝાઇ ગઇ છે, ગતિ ચાલતી નથી. ખેદ ખેદ અને કષ્ટ કષ્ટ આત્મામાં થઇ રહેલ છે....ઊંચા નીચા પરિણામ પ્રવહ્યા કરે છે. અથવા અવળા વિચાર લોકાદિ સ્વરૂપમાં આવ્યા કરે છે, કિંવા ભ્રાંતિ અને મૂઢતા રહ્યા કરે છે."

"બધાં દર્શનમાં શંકા થાય છે. આસ્થા આવતી નથી."

"આત્માના વ્યાપકપણા માટે, મુક્તિસ્થાન માટે, જિનકથિત કેવળજ્ઞાન તથા વેદાંતકથિત કેવળજ્ઞાન માટે, તથા શુભાશુભ ગતિ ભોગવવાનાં લોકનાં સ્થાન તથા તેવાં સ્થાનના સ્વભાવે શાશ્વત હોવાપણા માટે તથા તેના માપને માટે વારંવાર શંકા ને શંકા જ થયા કરે છે, અને તેથી આત્મા ઠરતો નથી."

જિનોક્ત છે તે માનવા જઇએ તો પણ, "ઠામ ઠામ શંકા પડે છે. ત્રણ ગાઉના માણસ, ચક્રવર્તી આદિનાં સ્વરૂપ વગેરે ખોટાં લાગે છે. પૃથ્વી આદિનાં સ્વરૂપ અસંભવિત લાગે છે."

તે સંબંધે વિચાર છોડી દેવાનું તેમને કહેવામાં આવે તો પણ છૂટે તેમ નથી, કેમકે, "જો તેનું સ્વરૂપ તેના કહ્યા પ્રમાણે ન હોય તો તેમને કેવળજ્ઞાન જેવું કહ્યું છે તેવું ન હતું, એમ સિદ્ધ થાય છે....તો પછી બધાએ અનુમાન કરીને જ કહ્યું છે એમ માનવું પડે. તો પછી બંધમોક્ષાદિ ભાવની પ્રતીતિ શી ?"

"(કદાપિ એમ માનવામાં આવે કે) સમાધિમાં નાની વસ્તુ મોટી દેખાય અને તેથી માપમાં વિરોધ આવે. (તો પછી) સમાધિમાં ગમે તેમ દેખાતું હોય પણ મૂળ સ્વરૂપ આવડું છે અને સમાધિમાં આ પ્રમાણે દેખાય છે, એમ કહેવામાં હાનિ શી હતી ?"

ઉપર જણાવ્યાં તે જગત આદિનાં સ્વરૂપ સંબંધી વિકટ પ્રશ્નો શ્રીમદ્જીના અંતરમાં ઊગ્યાં હતાં અને કોઇ પણ રીતે તેનું સમજમાં આવે એવું સ્પષ્ટ સમાધાન ન થાય ત્યાં સુધી તેમનું ચિત્ત યથાતથ્ય પ્રકારે સ્થિર થાય તેમ નહોતું. તેમની જ્ઞાનદશા જેમ જેમ વધીને અપૂર્વતાને પામતી ગઇ, તેમના મતિ અને શ્રુતજ્ઞાનની વિશેષ નિર્મળતા થતી ગઇ અને પવિત્ર નિર્વિકલ્પ સમાધિના બળનો પારો ઊંચે ને ઊંચે જતો ગયો, તેમ તેમ ઉપરોક્ત વિકટ કોયડાના ઉકેલો, તેઓ સંપૂર્ણ સંતુષ્ટ થાય તે રીતે ગુપ્ત રહેલા કરુણાસાગરની અસીમ કૃપા થકી મળતા ગયા હતા અર્થાત્ ભેદના ભેદ જ્ઞાનમાં પ્રકાશિત થતા હતા. સં. ૧૯૫૨માં લખેલ આ પત્ર તે વાતની પ્રતીતિરૂપે છે. ત્યાં પ્રથમ જ જણાવી દીધું કે શ્રી જિન ભગવંતે કહેલા લોકસંસ્થાનાદિ ભાવ આધ્યાત્મિક દૃષ્ટિથી સિદ્ધ થવા યોગ્ય છે;

ચક્રવર્ત્યાદિનું સ્વરૂપ પણ તે જ દૃષ્ટિથી સિદ્ધ થવા યોગ્ય છે. એવી આધ્યાત્મિક ઉચ્ચતાવાળી દૃષ્ટિ ન આવે ત્યાં સુધી તેનું રહસ્ય અપ્રગટ રહેવાનું. આ વચનામૃતમાં બતાવેલ સમસ્ત ગૂઢ પ્રશ્નોનું સમાધાન તેમને પ્રભુજીની અત્યંત પ્રેમભરી ભક્તિની દિવ્ય શક્તિથી અને જ્ઞાનની અતિ નિર્મળ સ્થિતિથી મળ્યું હતું એમ કહેવામાં ખોટું જણાતું નથી. તેના ઉપરથી તેમના અંતર્જ્ઞાનનો ઉઘાડ દૂરની કેટલી હદ સુધી પહોંચ્યો હશે તેનું પણ અનુમાન થઇ શકે તેમ છે. આવાં ગૂઢ પ્રશ્નોનાં અને રહસ્યનાં ઉકેલનાં સમાધાન મેળવવાની પરમ જિજ્ઞાસા કેટલા જીવો કરતાં હશે ? તે વિચારવા યોગ્ય છે. તેમ સાથે સાથે એમ કોણ કરે ? તે વિશેષે કરીને ધ્યાનમાં લેવા યોગ્ય છે, અને જો તે પ્રભુકૃપાથી સ્પષ્ટ સમજણ સહિત ધ્યાનમાં આવે તો તે અવશ્ય આશ્ચર્ય પામવા જેવું હશે.

પૃષ્ઠ ૧૩૦, વચનામૃત ૭૩૮

"અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?" એ અમર કાવ્ય.

આ અનુપમ કૃતિમાં જૈન દર્શનની પરિપાટી અનુસાર ચોથા ગુણસ્થાનકથી શરૂ કરી ચૌદમા ગુણસ્થાનક સુધી વર્તતા જીવની સ્થિતિનું વર્ણન છે. સાથે સાથે પોતાની આધ્યાત્મિક દશાનો તેમ જ ભાવનાનો ખ્યાલ પણ શ્રીમદે સ્પષ્ટતાથી સહજ-પણે આપ્યો છે, તેથી આ કાવ્ય બંને અપેક્ષાએ ઉત્તમ સ્થાનને પામે છે.

તત્ત્વજ્ઞાનથી ભરપૂર આ કાવ્ય જૈન તેમ જ જૈનેતર દર્શનના શ્રદ્ધાવાનોમાં પણ સારી રીતે સુપ્રસિદ્ધ થયેલ છે, અને સર્વને રૂચિકર, પ્રિયકર તથા સત્પ્રેરણા અર્પનાર થયું છે. આ આધ્યાત્મિક કાવ્યમાં એટલી બધી રસિકતા છે, એટલી બધી મધુરતા છે અને રાગ તથા તાલનો એટલો બધો સુમેળ છે કે ગાતાં કે સાંભળતાં શબ્દોના ભાવો હૃદય સોંસરવા ઉતરી આત્માને શીઘ્રતાએ સ્પર્શે છે, પકડે છે અને યોગ્યતા હોય તો તેમાં લીન કરી દે છે. જ્ઞાની ભગવંતોની વાણીનું માહાત્મ્ય કોઇ અપરંપાર હોય છે. સ્વયંસ્ફુરણાથી ઉદ્ભવેલી ચૈતન્યમૂર્તિ મહાત્માની કૃતિઓ જ્યારે આકાર લે છે ત્યારે યથાર્થ ભાવવાહી શબ્દોની ગોઠવણી તથારૂપ સ્વયં રચાય છે અને તે સર્વ પ્રકારે ઉત્તમ જ હોય છે. તે કારણે તે અમર કૃતિ બની જાય છે.

કલ્પના કરીએ કે શ્રીમદ્જીએ આ અમર કાવ્યની રચના કરી હશે ત્યારે તેઓ કેવા ઊંચા ભાવમાં નિમગ્ન થઇ ડૂબી ગયા હશે, તેમનો શુદ્ધ આત્મા સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ પ્રગટાવવા માટે કેવી તાલાવેલી અનુભવતો હશે અને પરમપદ પ્રાપ્તિની ભાવના કેવા વેગથી કામ કરી રહી હશે! અને તેથી તો તેમના આત્મિક ભાવો ઉત્કૃષ્ટપણે ક્રમબદ્ધ શ્રેણિમાં સરિતાના નિર્મળ પ્રવાહની જેમ પ્રવહે છે. આ નિરૂપમ કાવ્યની એકેક કડી શાંતિથી ભાવપૂર્વક ગાતાં કે સાંભળતાં જીવ પોતે જાણે કેમ મોહનીય પ્રકૃતિના ક્રમવાર વિલયથી ગુણસ્થાનકની સીડીનાં સોપાન ચઢતો હોય અને આત્મસ્વભાવની નિર્મળતા પ્રગટાવતો હોય તેવો હૃદયમાં ભાસ થાય છે.

માત્ર ૨૯ વર્ષની ભરયુવાન વયે પરમપદપ્રાપ્તિની ભાવના પ્રગટ કરતું આ ઉચ્ચ આધ્યાત્મિક કક્ષાનું કાવ્ય સંગીત કરનાર શાંત અને ગંભીરમૂર્તિ શ્રીમદ્‌જીની આંતર્ નિર્ગ્રંથ શ્રેણી, ગૃહસ્થાવાસમાં અને વણિક વેશે હોવા છતાં કેટલી ઊંચી હશે તે આ કૃતિ પરથી સહજપણે સુપ્રતીત થાય છે. પરમોત્કૃષ્ટ વૈરાગ્ય, પરમ ઉદાસીનતા, પરમ જ્ઞાનદશા અને અવ્યાબાધ શાશ્વત સહજસુખની પરમ જિજ્ઞાસા કેવાં હશે તે આથી સ્વાભાવિક સમજાય છે.

૨૦મી કડીમાં તેઓ પ્રકાશે છે કે જે પદ શ્રી સર્વજ્ઞદેવે તેમના જ્ઞાનમાં દીઠું પણ તેઓશ્રી જ્યારે તે શુદ્ધાત્મપદનું સંપૂર્ણ વર્ણન કહી શક્યા નથી, ત્યારે તેવા અચિંત્ય સ્વરૂપને બીજા કોઇની વાણી કેમ વર્ણવી શકે? કેમકે તે પદનું જ્ઞાન માત્ર અનુભવગોચર છે. અને પછી ૨૧મી અંતિમ કડીમાં શ્રીમદ્‌જી કહે છે કે "એ અચિંત્ય સિદ્ધપદ, પરમપદ, પ્રકૃષ્ટ શુદ્ધ આત્મપદ, તેની પ્રાપ્તિનું મેં ધ્યાન કર્યું છે; હાલ તો ગજા વગરનું હોઇને માત્ર મનોરથરૂપ છે; તો પણ મારા મનમાં નિશ્ચય છે કે પ્રભુઆજ્ઞાથી તે સ્વરૂપને પામીશ." તેમાં કોઇ સંદેહને અવકાશ નથી એમ નીડરતાથી અને નિશ્ચયતાથી જણાવ્યું છે.

પૃષ્ઠ ૧૩૫, વચનામૃત ૭૮૨

શ્રીમદ્‌જીના પરમ હૃદયસખા અને પરમાર્થસખા શ્રી સોભાગભાઇએ દેહ મૂક્યાના સમાચારથી ખેદ દર્શાવતો અને તે વેળાની તેમની આત્મદશા દર્શાવતો આ અમૃતપત્ર છે. પત્રમાં

તેઓશ્રી લખે છે કે “ જેમ જેમ તેમના અદ્ભુત ગુણો પ્રત્યે દષ્ટિ જાય છે, તેમ તેમ અધિક આધક ખેદ થાય છે. ” આ વચનો વાંચી કોઈને વિકલ્પ ઊઠવા સંભવ છે કે પરમાત્મ સ્વરૂપને પ્રાપ્ત થયેલ (જુઓ વચનામૃત ૬૮૦) એવા પુરૂષને પણ કોઈના મૃત્યુના પ્રસંગે ખેદ થવો સંભવે ખરો ? અહીં તો અધિક અધિક ખેદ થયાની વાત જણાવી છે અને તેથી પ્રશ્નનું સમાધાન વિશેષ મુંઝવણભર્યું થઈ જાય છે. વિકટ જણાતા એ પ્રશ્નના ઉકેલ માટે તેઓ જ સમાધાનરૂપ વચનો કહે છે, કે “ સંસારનું સ્વરૂપ ( સંયોગ વિયોગવાળું ) સ્પષ્ટ જેણે જાણ્યું છે તેને તે સંસારના પદાર્થની પ્રાપ્તિથી કે અપ્રાપ્તિથી ( રાગદ્વેષ સહિતના આત્મભાવથી ) હર્ષ શોક થવા યોગ્ય નથી, તો પણ એમ જણાય છે કે સત્-પુરૂષના સમાગમની પ્રાપ્તિથી કંઈ પણ (મુખ્યપણે અબંધક) હર્ષ અને તેમના વિયોગથી કંઈ પણ (મુખ્યપણે અબંધક) ખેદ અમુક ગુણસ્થાનક સુધી તેમને પણ થવા યોગ્ય છે. ” જ્ઞાની ભગવંતને થતો ખેદનો પ્રકાર અન્ય સામાન્ય જીવોના ખેદના પ્રકારથી તદ્દન જુદો હોય છે; તેમાં સ્વાર્થની મલિનતા કે રાગના આગની ઉષ્ણુતા હોતાં નથી; તે ખેદ પણ પરમાર્થ-રૂપ જ છે, તે ખેદની પાછળ કેવળ પરમાર્થદૃષ્ટિ જ છે. ( કૌંસમાં લખેલ શબ્દો અમારા છે ).

એ ખેદનો પ્રકાર કોઈ આવા રૂપે હોવો સંભવે છે.

અહો, જિજ્ઞાસુઓના પરમ ઉપકારી અને મુમુક્ષુઓના પરમ બંધવરૂપ એવા પુરૂષના વિયોગથી જીવોનું કલ્યાણ થવાનું કેવું અટકી ગયું ! તેમની વિદ્યમાનતાએ યોગ્ય જીવોને

કેવો પરમાર્થલાભ મળવા સંભવ હતો! તેમની સરળતા, શાંતિ, પરમાર્થ સંબંધી નિશ્ચયતા આદિ અદ્ભુત ગુણોની સુવાસથી કેટલાય જીવોના જીવનમાં હિતકારી પરિવર્તન થાત તે હવે તેમના દેહત્યાગના કારણે રૂંધાઈ ગયું! ઈત્યાદિ પ્રકારે પરમાર્થખેદ થવો સંભવે છે.

શ્રી સોભાગભાઈ કેવી ઊંચી આત્મદશાએ પહોંચ્યા હતા તેનો નિર્દેશ સ્પષ્ટપણે શ્રીમદ્જીએ આ વચનોથી કર્યો છે, "શ્રી સોભાગે તેવા દેહને ત્યાગતાં મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચલ અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે, એમાં સંશય નથી." આ સપ્તમ ગુણ-સ્થાનવર્તી દશા બતાવે છે, બીજો નિર્દેશ ગર્ભિતપણે કરે છે ત્યાં "સત્પુરૂષ" શબ્દનો પ્રયોગ કર્યો છે; "સત્પુરૂષના સમા-ગમની પ્રાપ્તિથી કંઇ પણ હર્ષ....".

અહીં ખાસ સમજીને નોંધ લેવા યોગ્ય વાત એ છે કે બે પ્રબળ શુભ ઋણાનુબંધી ભાગ્યવંત પુરૂષોનો પ્રત્યક્ષપણે સમાગમયોગ થતાં તેનું કેવું સુંદર ફળ અલ્પકાળમાં પ્રાપ્ત થાય છે. શ્રી સોભાગ્યભાઇને શ્રીમદ્જી સાથેનો સમાગમ માત્ર સાત વર્ષનો, સં. ૧૯૪૬ થી ૧૯૫૩ સુધીનો હતો; બન્ને ગૃહસ્થી હતા; બન્નેને વ્યવહારોપાધિ ભિન્ન ભિન્ન પ્રકારે હતી; તો પણ બન્નેનો આત્મદશાનો વિકાસ કેવી ઝડપી ગતિથી થયો હતો તે આશ્ચર્ય પમાડે તેવું છે, તેમાંય શ્રી સોભાગ-ભાઈના સંબંધે તો અતિ આશ્ચર્ય થાય તેમ છે. જ્ઞાની

ભગવંત શ્રીમદ્‌જીએ પોતાના ભવોભવના અત્યંત શુભ ઋણાનુબંધી પુરૂષને "જ્ઞાનધારા" સંબંધી મૂળમાર્ગ પૂરેપૂરો બતાવ્યો, યોગ્ય સમયે યથોચિત માર્ગદર્શન કરાવ્યું, પતન કરાવે એવી સાંસારિક ઉપાધિના કાળે મીઠા ઠપકાથી કે અન્ય પ્રકારે બળ આપી ટકાવી રાખ્યા અને છેલ્લે સંવત ૧૯૫૩માં શ્રી સોભાગભાઈ દેહસ્થિતિ અતિ નબળી હોવા છતાં તેમને ઈડર લઈ જઈ પરમાર્થબોધની વૃષ્ટિ કરી અને આધ્યાત્મિક પ્રયોગના અપૂર્વ બળનો અપૂર્વ લાભ આપી તેમની આત્મદશા ખૂબ ઊંચે લઈ જવામાં ઉત્તમ નિમિત્ત બન્યા. આ ઉપરથી ભવોભવના શુભ ઋણાનુબંધના યોગનું બળ કેટલું પ્રબળ હોય છે તે સમજાશે; તથા ગૃહસ્થદશા અને તેની વિટંબના વચ્ચે રહીને પણ પરમાર્થનિશ્ચયવાળો પુરુષ એક ભવ બાકી રહે તેવો પુરૂષાર્થ તથારૂપ યોગે કરી શકે છે તે લક્ષગત થવા યોગ્ય છે.

"જ્ઞાનધારા" સંબંધી મૂળમાર્ગના આરાધનમાં ક્ષતિઓ દેખાય ત્યારે શ્રીમદ્‌જી બળપ્રદાન કરવાના ઉત્તમ હેતુએ મીઠા ઠપકારૂપ વચનો કહેતા હતા જેવાં કે:—

"બીજું મોટું આશ્ચર્યકારક તો એ છે કે આપ જેવાને સમ્યક્‌જ્ઞાનના બીજની, પરાભક્તિના મૂળની પ્રાપ્તિ છતાં ત્યાર પછીનો ભેદ કેમ પ્રાપ્ત નથી હોતો? તેમ હરિ પ્રત્યે અખંડ લયરૂપ વૈરાગ્ય જેટલો જોઇએ તેટલો કેમ વર્ધમાન નથી થતો? એનું જો કંઈ કારણ સમજાતું હોય તો લખશો." (૨૪૭)

"ભક્તિ પૂર્ણતા પામવાને યોગ્ય ત્યારે થાય છે કે તૃણ

માત્ર પણ હરિ પ્રત્યે યાચવું નહીં, સર્વદશામાં ભક્તિમય જ રહેવું.” (વચનામૃત ૨૫૦)

“લૌકિક દૃષ્ટિએ તમે અને અમે પ્રવર્તશું તો પછી અલૌકિક દૃષ્ટિએ કોણ પ્રવર્તશે?”

“સમ્યક્ પ્રકારે જ્ઞાનીને વિષે અખંડ વિશ્વાસ રાખવાનું ફળ નિશ્ચયે મુક્તપણું છે.” (વચનામૃત ૩૨૨)

“હૃદયને વિષે જે મૂર્તિ સંબંધી દર્શન કરવાની તમને ઇચ્છા છે, તેને પ્રતિબંધ કરનારી એવી પ્રારબ્ધસ્થિતિ (તમને) છે; અને તે સ્થિતિને પરિપક્વ થવાને વિષે હજુ વાર છે; વળી તે મૂર્તિના પ્રત્યક્ષપણામાં તો હાલ ગૃહાશ્રમ વર્તે છે, અને ચિત્રપટને વિષે સંન્યસ્તાશ્રમ વર્તે છે, એ એક ધ્યાનનો મુખ્ય એવો બીજો પ્રતિબંધ છે, તે મૂર્તિથી તે આત્મસ્વરૂપ પુરૂષની દશા ફરી ફરી તેનાં વાક્યાદિનાં અનુસંધાને વિચારવાને યોગ્ય છે, અને તેનું તે હૃદયદર્શનથી પણ મોટું ફળ છે.”

(વચનામૃત ૩૯૪)

“તે પુરૂષના સ્વરૂપને જાણીને તેની ભક્તિના સત્સંગનું મોટું ફળ છે, જે ચિત્રપટના માત્ર જોગે, ધ્યાને નથી. જે તે પુરૂષના સ્વરૂપને જાણે છે, તેને સ્વાભાવિક અત્યંત શુદ્ધ એવું આત્મસ્વરૂપ પ્રગટે છે. એ પ્રગટ થવાનું કારણ તે પુરૂષ જાણી સર્વ પ્રકારની સંસારકામના પરિત્યાગી–અસંસાર–પરિત્યાગરૂપ કરી–શુદ્ધ ભક્તિએ તે પુરૂષસ્વરૂપ વિચારવા યોગ્ય છે. ચિત્ર-પટની પ્રતિમાનાં હૃદયદર્શનથી ઉપર કહ્યું તે ‘આત્મસ્વરૂપનું

પ્રગટપણું' મહાન ફળ છે, એ વાકય નિર્વિસંવાદી જાણી લખ્યું છે." (વચનામૃત ૩૯૬)

પૃષ્ઠ ૧૩૬, વચનામૃત ૮૨૩

"અવિષમભાવ વિના અમને પણ અબંધપણા માટે બીજો કોઈ અધિકાર નથી. મૌનપણું ભજવા યોગ્ય માર્ગ છે."

શ્રી સોભાગ્યભાઈના પુત્ર ત્રંબકભાઇએ શ્રીમદ્જીને તેમનો આવવા જવાનો કાર્યક્રમ ન જણાવવા સંબંધે લખ્યું હશે, તેના ઉત્તરરૂપે આ આણંદથી લખાયેલ શ્રીમદ્નો પત્ર છે. લખે છે, "શ્રી સોભાગના વિદ્યમાનપણામાં કંઈ આગળથી જણાવવું થતું, અને હાલ તેમ નથી બન્યું એવી કંઈ પણ લોકદૃષ્ટિમાં જવું યોગ્ય નથી." અનાદિના અભ્યાસથી જીવની લૌકિક દૃષ્ટિ એટલી બધી પ્રબળ બની હોય છે કે તેનાથી છૂટવું દુષ્કર થાય છે, તેથી જ્ઞાની ભગવંતના સંબંધમાં પણ તે લોકદૃષ્ટિથી જુએ છે, ભૂલ ખાય છે અને બંધાય છે. જ્ઞાની પુરૂષનો શુદ્ધ નિર્મળ આચાર તેના લક્ષમાં આવી શકતો નથી, તેમ તેઓ તેવા પ્રકારની રાગદ્વેષની પરિણતિથી પર હોય છે તેનું તેને સતત વિસ્મરણ રહે છે. લૌકિક દૃષ્ટિ ઘણી વાર અનુપકારી પરિણામ લાવે છે તેમ કોઈ વાર ખતરનાક ફળને દેનાર થાય છે. લૌકિક દૃષ્ટિ અને પરમાર્થ દૃષ્ટિ વચ્ચે આસમાન જમીન જેટલું અંતર છે. લૌકિક દૃષ્ટિથી ભૂલાવો છે; પરમાર્થ-દૃષ્ટિમાં સત્યતાનો પુરાવો છે. તેથી જ કરુણાર્દ્ર હૃદયી શ્રીમદ્જી ત્રંબકભાઇને લોકદૃષ્ટિમાં ન જવાનો ઉપદેશ કરે છે.

કોઈ પણ પ્રકારનો વિષમભાવ તે આત્માને બંધરૂપ છે. એક પ્રત્યે રાગ અને બીજા પ્રત્યે દ્વેષ જ્ઞાની પુરૂષને હોતો નથી—લૌકિક દોષયુક્ત દૃષ્ટિથી દેખાય તો પણ, શ્રીમદ્ જેવા પરમ જ્ઞાની ભગવંત પણ કહે છે કે તેમને અવિષમભાવ, કેવળ સમભાવ વિના અબંધપણા માટે બીજો કાંઈ અધિકાર નથી. તેથી તેમની વર્તના માત્ર સમભાવે જ હોય એ નિઃસંદેહ સત્ય છે. આ વીતરાગમાર્ગ વા પરમાર્થમાર્ગ કેવો છે? તો કહે છે કે કેવળ મૌનપણું, શાંતપણું ભજવા યોગ્ય, ગમે તેવી પરિસ્થિતિ હો, પણ આત્માથી એક માત્ર શાંતભાવ જ ભજવા યોગ્ય છે: કેમકે તેમાં જ સુખ છે, આનંદ છે.

પૃષ્ટ ૧૩૬, વચનામૃત ૮૩૨

જગતના સર્વ જીવો કંઈ ને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે. મુખ્યપણે તેમની પ્રવૃત્તિ ધન, સત્તા અને કીર્તિ મેળવવા અર્થે થતી હોય છે અને આખુંય જીવન તે મેળવવાના પ્રયાસમાં અને મેળવેલાના ઉપભોગમાં અથવા ભોગમાં વહ્યું જાય છે, તેમાં તેની સુખની કલ્પના રહી છે. કહેવાતું સુખ પણ ક્ષણિક છે અને તેની પાછળ દુઃખ ડોકિયાં કરી રહ્યું છે, તેથી તે વાસ્તવિક, સાચું અને શાશ્વત સુખ નથી અને તેથી જ "જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્ માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે" એમ શ્રીમદ્જી સર્વ જ્ઞાનીઓની સંમતિથી જણાવે છે.

પોતાના સંબંધમાં કહેતાં જે વચનો પ્રકાશે છે તે અદ્ભુત છે. "પરમ ધર્મરૂપ ચંદ્ર પ્રત્યે રાહુ જેવો પરિગ્રહ, તેથી હવે

હું વિરામ પામવાને જ ઇચ્છું છું. અમારે પરિગ્રહને શું કરવો છે? કશું પ્રયોજન નથી."

તેઓ પરિગ્રહપ્રાપ્તિના હેતુથી પ્રવૃત્તિ નહોતા કરતા એ આપણે તેમનાં જ પૂર્વના વચનોથી જાણીએ છીએ. તેમને પ્રારબ્ધોદય તેવા પ્રકારે વર્તતો હતો અને ત્યાં પણ પોતે નિર્મોહી હોવા છતાં બીજાઓનું કરજ ચૂકવવા અર્થે વ્યાપારોદયની સ્થિતિને ખેદ સહિત વેદતા હતા. તેથી તેમની પ્રવૃત્તિ 'લેવા'ને બદલે 'દેવા'ને માટે થતી હતી. આ ઉપરથી એમ અવશ્ય કહી શકાય કે તેમને ભાવથી પરિગ્રહનો ત્યાગ હતો જ અને અપેક્ષાએ દ્રવ્યથી પણ ત્યાગ હતો જ. હવે અહીં તેથીયે ઊંચા પ્રકારના ભાવની વાત કહેવી છે કે હવે પૂર્ણપણે દ્રવ્ય અને ભાવથી વિરામ પામવાની દૃઢ ઇચ્છા છે. કેમકે જ્યાં પરમોત્કૃષ્ટ શુદ્ધિ છે, અર્થાત્ જ્યાં વ્યવહારથી અને પરમાર્થથી શુદ્ધતા છે, શુદ્ધિ છે, ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિનો વાસ છે, અર્થાત્ "સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી સર્વ પ્રકારે અપ્રતિબંધ થઈ નિજસ્વરૂપમાં સ્થિત" થવાય તે સર્વોત્કૃષ્ટ સિદ્ધિ છે. શ્રીમદ્જીએ પોતાનું ઉચ્ચતમ ધ્યેય અત્ર ઉપરનાં વચનોમાં ગર્ભિતપણે દર્શાવ્યું છે.

પૃષ્ટ ૧૩૭, વચનામૃત ૮૫૦

વચનામૃત ૮૨૩માં જણાવ્યું હતું કે "મૌનપણું ભજવા યોગ્ય માર્ગ છે." તેવું શાંતપણું તો મહદ્ અંશે પ્રાપ્ત કર્યું હોવા છતાં શ્રીમદ્જી આ સં. ૧૯૫૪ના આસો માસમાં લખાયેલ પત્રમાં હવે કેવી શાંતિને ઇચ્છે છે તે દૃષ્ટાંત લઇને જણાવે છે.

મૃગ એક અતિ ચંચળ, ભીરૂ અને બીકણુ પ્રાણી છે; જરાક અવાજથી કે હલનચલન જોઇને તે ઝડપથી નાસી જાય છે. તે પ્રાણીનું દૃષ્ટાંત લઇ શ્રીમદ્‌જી ભાવના ભાવે છે કે "કોઈ મૃગ પણ આ શરીરને જોઇ જ રહે, ભય પામી નાસી ન જાય" એવી તેમની ચિત્ત વૃત્તિ શાંત થઇ જાઓ. તે જ ભાવને બળવાન શબ્દોથી પ્રગટ કરતાં કહે છે કે "મારી ચિત્તવૃત્તિ એટલી શાંત થઇ જાઓ કે કોઇ (સંસારની રીતિથી બોધ પામેલ અનુભવી) મૃગ જેના માથામાં ખૂજલી આવતી હોય તે (પણ નિર્ભયપણે રહીને) આ શરીરને (નિશ્ચેતન) જડપદાર્થ જાણી પોતાનું (ઉત્તમ અંગરૂપ) માથું ખૂજલી મટાડવા (તેની સહજ ચંચળતાનો ત્યાગ કરીને) આ (જીવંત પણ સ્થિર અને શાંત) શરીરને ઘસે!" અહો, તેમની પૂર્ણ શાંત સ્વભાવની કામના કેવી અદ્‌ભુત શૈલીથી દર્શાવી છે! તેમના પવિત્ર આત્મામાં પરમોચ્ચ શાંતિનું માહાત્મ્ય કેવું ઝળહળી રહ્યું છે! પરમ શાંતિમાં તો તેઓ વિરાજમાન છે, પણ પૂર્ણ શાંતિપદના કામી છે. (કૌંસમાં લખેલા શબ્દો અમારા છે.)

પૃષ્ઠ ૧૩૮, વચનામૃત ૮૫૧

સં. ૧૯૫૫ કારતક સુદ ૧૪નો અમૃતપત્ર છે.

ઉચ્ચદશા સંપન્ન જ્ઞાની પુરૂષને પણ પ્રારબ્ધોદય વેદ્યા વિના છૂટકો નથી, પરંતુ તેવા ઉદયને તેઓ કેવી રીતે વેદે છે તે અહીં બતાવ્યું છે." માનસિક વૃત્તિ (ઇચ્છા) કરતાં ઘણા જ પ્રતિકૂળ માર્ગમાં હાલ પ્રવાસ કરવો પડે છે. (તેને અંતરંગ કોઈપણ ઇચ્છાના અભાવના કારણે) તપ્ત હૃદયથી અને

(સહજસમાધિદશા સંપ્રાપ્ત થઈ હોવાને કારણે) શાંત (અને શીતળ) આત્માથી સહન કરવામાં જ હર્ષ માનુ છું." એક બાજુ છે તપ્ત હૃદય અને બીજી બાજુ છે શાંત આત્મા; એક પક્ષે છે તપ્ત હૃદયનો ઉતાપ, બીજે પક્ષે છે આત્મશાંતિથી વેદન થવાને કારણે ઉત્પન્ન થતો હર્ષ. શું આવા ભિન્ન ભિન્ન ભાવો એક સાથે અનુભવમાં આવવા યોગ્ય છે? એવા પ્રશ્નનો ઉત્તર હકારમાં જ આવશે. પરંતુ સામાન્ય જીવથી આ દશાની યથાર્થ સમજણ લક્ષમાં આવવી દુર્લભ છે. જ્ઞાની પુરૂષ ઉપયોગની તીક્ષ્ણતા વડે બન્ને ભાવોને સ્પષ્ટ જાણી શકે છે, તેનો ભેદ કરી શકે છે અને ઉચિત વચનોથી પ્રગટ કરી શકે છે. (ઉપર વચનોમાં કૌંસમાં મૂકેલા શબ્દો અમારા છે).

પૃષ્ટ ૧૩૮, વચનામૃત ૮૮૦

"અપ્રમત્તસ્વભાવનું વારંવાર સ્મરણ કરીએ છીએ."

શ્રીમદ્‌જીને અપ્રમત્ત ભાવદશા તો કેટલાંક વર્ષ પહેલાં પ્રાપ્ત થઈ ચૂકી હતી અને ઉત્તરોત્તર તે અનુભવ વૃદ્ધિગત થતો જતો હતો. અનુભવમાં જે અપૂર્વ શાંતિનું વેદન થતું હતું તે ચિરસ્મરણીય રહે તે સહજ છે અને તેથી નિરંતર સુખસ્વરૂપ અપ્રમત્તસ્વભાવ ટકીને રહ્યા કરે એવી પ્રબળ વૃત્તિ તેમને હોવાથી તેનું વારંવાર ફરી ફરીને સ્મરણ કરે છે. પૂર્ણ-પણે અને સર્વ કાળને માટે વર્તતો અપ્રમત્ત સ્વભાવ એટલે આત્માની પૂર્ણ શુદ્ધતા. પૂર્ણસ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ઉપર ઉપરની દશા માટેની તીવ્ર ઝંખના રહ્યા કરવી તે સ્વાભાવિક છે.

પૃષ્ઠ ૧૩૮, વચનામૃત ૮૯૬

તેત્રીસમા વર્ષના આરંભમાં મુનિશ્રી લલ્લુજી મહારાજ ઉપર લખેલ આ અમૃતપત્ર છે; તેનો આરંભ અહીં જણાવેલ વચનોથી કર્યો છે, ત્યાં "પરમ વીતરાગોએ આત્મસ્થ કરેલું, યથાખ્યાત ચારિત્રથી પ્રગટેલું એવું પરમ અસંગપણું નિરંતર વ્યક્તાવ્યક્તપણે" શ્રીમદ્જી સંભારે છે. ઉપરનાં વચનોથી જણાવ્યું તેમ શ્રીમદ્જી પૂર્ણતાની ભાવના લક્ષમાં રાખી પૂર્ણ-સ્વરૂપની દશાને વારંવાર સ્મરણરૂપ કરે છે. જેને જેમાં પ્રેમ હોય, તેને તેની સ્મૃતિ રહે જ; પ્રેમનું જેટલું ઘનિષ્ટપણું, તેટલું સ્મૃતિનું બળવાનપણું; આથી સ્મૃતિ એટલે શક્તિ. શ્રીમદ્જી પૂર્ણદશાને પામવા માટે તે શક્તિનો ઉપયોગ આત્મ-જાગૃતિપૂર્વક કરે છે. તેઓશ્રી ભાવસંયમનો આશ્રય કરી પવિત્ર આત્મસંયમને કેળવવા જઈ, ભાવોના સત્તાગત મૂળનો ક્રમશઃ નાશ કરી ક્ષાયિક ભાવ તરફ શીઘ્રતાએ પ્રયાણ કરતા હતા તે આપણે આ પૂર્વે જોઈ ગયા છીએ. સંપૂર્ણ ક્ષાયિક ભાવ તે ક્ષાયિક ચારિત્ર, યથાખ્યાત ચારિત્ર અને તેનું ફળરૂપ પરિણામ તે પરમ અસંગપણું, પરભાવથી મુક્તપણું, પરમ વીતરાગપણું, એવા પરમાનંદરૂપ, પરમ શાંતસ્વરૂપ, પરમ અસંગપણાને શ્રીમદ્જી પ્રગટ અને અપ્રગટપણે પ્રેમપૂર્વક નિરંતર સંભારે છે. એ નિયમ છે કે આત્મા જે ભાવ પ્રગટપણે ઉત્કૃષ્ટતાએ કરતો હોય, તે ભાવ અંતરમાં અવ્યક્તપણે થતા જ હોય છે. જ્યાં લગની હોય ત્યાં આવો પ્રકાર સહજ જ બને છે એ વાત વ્યવહારથી પણ સમજાય તેવી છે.

પૃષ્ટ ૧૩૯, વચનામૃત ૯૧૨

"બાહ્ય અને અંતર સમાધિયોગ વર્તે છે."

શ્રીમદ્જી અહીં મુનિશ્રી લલ્લુજી મહારાજને સં. ૧૯૫૬ ના ચૈત્ર વદના આ પત્રમાં તેમને વર્તતી આત્મદશા જણાવે છે. સમાધિ એટલે સ્થિરતા, સમસ્થિતિ, અવિષમતા. આવી સમાધિ તેમને બાહ્યથી તેમ અંતરથી વર્તે છે. મન, વચન અને કાયાના યોગ પૂર્વ કર્માનુસાર પ્રવર્તે છે, તેના સાક્ષી તરીકે રહે છે અને સાથે સાથે આત્મપરિણામની શાંતિ પણ જેવી ને તેવી રહે છે. "ધન્ય તે મુનિવરા જે ચાલે સમભાવે રે."

પૃષ્ટ ૧૩૯, વચનામૃત ૯૧૭

"એક શ્લોક વાંચતાં અમને હજારો શાસ્ત્રનું જ્ઞાન થઈ તેમાં ઉપયોગ ફરી વળે છે."

જુઓ, આ વચનો કેટલાં અદ્ભુત અને ગંભીર ભાવદર્શક છે. જ્ઞાનની કેટલી નિર્મળતા હોય ત્યારે આવી પરિસ્થિતિ સંભવે? તે ખૂબ વિચારણીય છે. આગળ "સ્વાત્મવૃત્તાંત કાવ્ય"ની પંક્તિઓ પર વિવેચન કરશું ત્યાં વિશેષતાએ જણાવશું. અત્ર એટલું લખી જણાવવું પૂરતું છે કે તેમનું મતિ–શ્રુત–જ્ઞાન ઘણી મોટી હદ સુધી નિર્મળ થયું હતું અને તેનો ઉઘાડ આશ્ચર્યકારક હતો અને તેના પરિણામે એક શ્લોક વાંચતાં તેમને હજારો શાસ્ત્રનું જ્ઞાન પ્રકાશિત થઈ જતું હતું અને તેમનો ઉપયોગ તેમાં અત્યંત ઝડપથી ફરી વળતો હતો. આશ્ચર્યની પ્રતિમારૂપ આ અવસ્થાને સત્યપણે યથાર્થતાએ

સમજવાનું કાર્ય પણ અતિ કઠણ છે અર્થાત્ તે દશા પણ અનુભવગોચર છે એમ કહી શકાય. આત્મદશાસૂચક અને જ્ઞાનની નિર્મળતાને દર્શાવનાર વચનો તેમણે ઉપકાર કરી પ્રકાશ્યાં ન હોત તો આપણે ઘણા અગત્યના જ્ઞાનથી વંચિત રહ્યા હોત. કોઈ જ્ઞાની ભગવંતે આટલા ઊંડાણથી આત્મ-નિરીક્ષણ કરી સ્વભાવદશા અને જ્ઞાનદશાનું આવું સ્પષ્ટ નિરૂપણ કર્યું હોય એવું અમારા જાણવામાં કે સાંભળવામાં કે વાંચવામાં હજુ સુધી આવ્યું નથી. તેમનાં તે વચનોને ત્રિકાળ નમસ્કાર હો!

પૃષ્ટ ૧૩૯, વચનામૃત ૯૩૩

"અપૂર્વ શાંતિ અને સમાધિ અચળપણે વર્તે છે. કુંભક, રેચક પાંચે વાયુ સર્વોત્તમ ગતિને આરોગ્યબળ સહિત આપે છે."

આ પત્ર કોના ઉપર ક્યારે લખાયો છે તેની માહિતી મળતી નથી, પણ તેમની દેહસ્થિતિ સંગ્રહણીના દર્દથી વ્યાધિ-ગ્રસ્ત થયા પછી લખાયેલ છે એમ માની શકાય. સં. ૧૯૫૬માં તેમની દેહસ્થિતિ બહુ બગડી હતી અને દર્દનું જોર વિશેષતા પકડતું જતું હતું, ત્યારે પણ તેમને અપૂર્વ શાંતિ તથા સમાધિ અચળપણે વર્તતાં હતાં. કુંભક, રેચક પાંચે વાયુ સંબંધમાં જે કહી બતાવ્યું તેનો પરમાર્થ જણાવવો કઠિન લાગે છે. દોષવાળી કલ્પનાનો આશ્રય કરી કંઈ પણ લખવું ઉચિત નથી.

પૃષ્ટ ૧૪૦, વચનામૃત ૯૫૧

શ્રીમદ્‌જીની વ્યાધિગ્રસ્ત દેહસ્થિતિ વધુ અને વધુ નબળી

થતી જાય છે. સં. ૧૯૫૭, ફાગણ સુદ ૬ના વઢવાણ કેમ્પથી નીકળી શ્રીમદ્જી રાજકોટ પધાર્યા છે અને રાજકોટથી ફાગણ વદ ૩ના આ પત્ર તેમણે કોઈના ઉપર લખ્યો છે. આ પત્રનાં વચનો પરથી તેમને હવે તેમના ટુંકા કાળના આયુષ્યનું જ્ઞાન થયું હતું તેમ સમજાય છે. એક માસ અને બે દિવસ પછી દેહવિલય થવાનો છે તેમ જાણ્યું હશે. દેહનું વજન ખૂબ ઘટી ગયું છે અને શારીરિક નબળાઈ વધતી જાય છે, તેવા અવસરે હૃદયના ભાવ વ્યક્ત કરતાં વચનો અપૂર્વતાએ નીકળે છે.

કાર્યની સિદ્ધિ માટે તેમના અંતરમાં પ્રબળ વેગ અને ઉત્સાહ તેમ આત્માપયોગપૂર્વકનો અદમ્ય પુરૂષાર્થ નિરંતર રહ્યા કરતો હતો જેથી ત્વરાથી અલ્પકાળમાં ઈષ્ટ સિદ્ધિને પામી શકાય.

" (હર્ષપૂર્વકની) ઘણી ત્વરાથી (પવિત્ર અને ઉજ્જવળ મોક્ષમાર્ગનો) પ્રવાસ પૂરો કરવાનો હતો. ત્યાં વચ્ચે (દેહની અનારોગ્યતારૂપ) સહરાનું રણ સંપ્રાપ્ત થયું. માથે (પૂર્વકર્મોના ઉદયથી ઉપાધિનો) ઘણો બોજો રહ્યો હતો તે (સ્વપુરૂષાર્થના બળથી પ્રગટાવેલ) આત્મવીર્યે કરી (શ્રી તીર્થંકર વીરપ્રભુએ બોધેલા સમભાવમાં રહી) જેમ અલ્પકાળે (જલદીથી) વેદી લેવાય તેમ (ઉપયોગપૂર્વક) પ્રઘટના કરતાં પગે (એટલે દેહે) નિકાચિત ઉદયમાન થાક ગ્રહણ કર્યો.

" જે (સહજ, સ્થિર અને શાંત) સ્વરૂપ છે, (ચૈતન્યમય સ્વરૂપ છે) તે (કર્મોના વિષમ ઉદયો ગમે તેવા હોય અને દેહાદિની

અવસ્થા ગમે તેવી હોય તો પણ) અન્યથા (અન્યરૂપ) થતું નથી (સર્વથા નિજસ્વરૂપે રહે છે) એ જ અદ્‌ભુત આશ્ચર્ય છે. અવ્યાબાધ (આત્મ) સ્થિરતા છે."

"(દેહ) પ્રકૃતિ ઉદયાનુસાર કંઈક અશાતા મુખ્યત્વે વેદી શાતા પ્રત્યે, ૐ શાંતિઃ"

(કૌંસમાં મૂકેલા શબ્દો અમારા છે).

પૃષ્ઠ ૧૪૦, વચનામૃત ૯૫૨

સં. ૧૯૫૭, ફાગણ વદ ૧૩. આ દિવસે શ્રીમદ્‌જી શરીર સંબંધમાં બીજી વાર અપ્રાકૃત ક્રમ શરૂ થયાનું જણાવે છે, તેની સાથે વીતરાગધર્મનો સનાતન અને પરમ ઉપકારી તથા અમૃતમય સન્માર્ગ પ્રત્યેનો અહોભાવ દર્શાવે છે. સર્વના સુખને માટે તે સન્માર્ગ ત્રિકાળ જયવંત વર્તો એવી ઘોષણા કરે છે.

પૃષ્ઠ ૧૪૧, વચનામૃત ૯૫૪

સં. ૧૯૫૭ ચૈત્ર સુદ ૯, દેહત્યાગના અગિયાર દિવસ પહેલાં અધ્યાત્મતત્ત્વને પ્રકાશતું, માર્ગપ્રાપ્તિનું કારણ દર્શાવતું અને મુમુક્ષુની આધ્યાત્મિક ભૂમિકાઓને પ્રગટ કરતું "ઇચ્છે છે જે જોગી જન"નું અંતિમ કાવ્ય શ્રીમદ્‌જીએ ભેટ તરીકે આપ્યું. તેને છેડે બીજાં બે પદ પણ આપ્યા. તેમાં છેલ્લું પદ અતિ સુંદર અને સ-રસ છે. દેહસ્થિતિ ગમે તેવી હોય તો પણ જ્ઞાની ભગવંત અંતકાળ પર્યંત ઉપકાર કરતા જ રહે છે.

# હાથ નોંધ

પૃષ્ટ ૧૫૦, હાથનોંધ ૧–૧૨

"મારગ સાચા મિલ ગયા........"એ કાવ્ય.

ડૉ. સરયુ આર. મહેતાની "શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ" પુસ્તકમાંથી આ કાવ્ય સંબંધનાં વચનો અહીં ઉતારીએ છીએ. વિવેચન તે ગ્રંથમાંથી જોઈ જવું.

"૧૬ પંક્તિમાં રચાયેલું આ કાવ્ય શ્રીમદ્‌ને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું હતું તે હકીકતનું સમર્થન કરે છે. જો તેમને જ્ઞાન ન હોય તો તેઓ તે માર્ગની નિઃશંકતા કઇ રીતે બતાવી શકે? અને તે વિશેનો પોતાનો ઉલ્લાસ શા માટે ગાય? વળી આ અંગત હાથનોંધમાં લખાયેલું હોવાથી તેના પર આપણે વિશેષ આધાર રાખી શકીએ.

"અહીં સરળ ભાષામાં રચના હોવા છતાં, તેમની તત્ત્વની સમજ અછાની રહેતી નથી. કેટલીક પંક્તિઓ અપૂર્ણ મળે છે, છતાં આશય સમજવામાં મુશ્કેલી નડતી નથી. શ્રીમદ્‌નું આ 'અંગત' કહી શકાય તેવું કાવ્ય છે."

પૃષ્ટ ૧૫૨, હાથનોંધ ૧–૧૯

"તે દશા શાથી અવરાઈ? અને તે દશા વર્ધમાન કેમ ન થઈ? લોકના પ્રસંગથી, માનેચ્છાથી, અજાગૃતપણાથી, સ્ત્રી આદિ પરિષહનો જય ન કરવાથી."

હાથનોંધમાં શ્રીમદ્જી પોતાની અંગત વાત, પોતાના અંગત ભાવો અને વિચારો, પોતાને ઊઠતાં પ્રશ્નો વગેરે જણાવે છે. અહીં કયા વખતની દશા સંબંધનો ઉલ્લેખ છે તે સ્પષ્ટ જણાવ્યું નથી. આ ભવની વાત હોય તેમ તો લાગતું નથી, કેમકે દશાની વર્ધમાનતાને અવરોધક કારણો દર્શાવ્યાં તે આ ભવને વિષે બંધ બેસતાં થતાં નથી. તેથી પાછળના કોઈ ભવની વાત સૂચિત કરી હોય તે બહુ સંભવિત છે. તે ભવ બીજો કોઇ નહીં પણ શ્રી વીરપ્રભુના શિષ્ય તરીકે હતા અને ઉપશમ શ્રેણિમાં ચડી ઉતર્યા હતા ત્યારની વાત હોય એમ લાગે છે. આથી પડવાઈના કેટલાંક કારણો આપણને જાણવા મળે છે અને તે જાગૃતિ રાખવા માટે અતિ ઉપયોગી થાય છે. લોકનો પ્રસંગ એટલે અસત્સંગ અને અસત્પ્રસંગ તે જીવની વૃત્તિને અસ્થિર કરીને પાડનાર છે તે સમજાય તેવું છે. માનની, પ્રતિષ્ઠાની, કીર્તિની ઇચ્છા અહંભાવને પોષનાર અને બળવાન કરનાર છે, તેથી દશાની સ્થિતિ ઊતરે તેમાં સંદેહ નથી. જીવ પરમાર્થ-માર્ગમાં અજાગૃત રહે, પ્રમાદી બને તો દોષોને પ્રવેશતાં વાર લાગતી નથી; એટલે પ્રમાદ જેવો ભૂંડું કરનાર બીજો કોઇ દોષ નથી; એવાં જે જ્ઞાનીનાં અનુભવપ્રમાણ વચનો કેવળ સત્ય છે. છેલ્લે સ્ત્રી આદિનો પરિષહ જય ન થાય તો તેનું પરિણામ શું આવે તે સર્વને સુવિદિત છે. પૂર્વભવની સ્મૃતિથી તેમણે દશાને આવરણ કરનાર અને નીચે પાડનાર કારણોને સુસ્પષ્ટ જાણ્યા હતા અને તેથી જ આ ભવમાં ખૂબ જાગૃત રહી, સાવધાનીથી જન્મથી જ વર્ત્યા હતા તે આપણે તેમનાં જ વચનોથી અને આચારથી જાણીએ છીએ. આ ભવમાં તેમાંનું

એકેય કારણ તેમની પાસે આવવા સમર્થ થયું નહોતું, એવી કોઈ પ્રબળ આત્મશક્તિ તેમનામાં પ્રગટપણે રહી હતી.

હવે સિદ્ધાંતનો નિયમ બતાવતાં શ્રીમદ્જી શ્રી જિનપ્રભુના અભિપ્રાયની સાક્ષીએ કહે છે કે જે ક્રિયાને વિષે જીવને રંગ લાગે છે, તેને ત્યાં જ સ્થિતિ હોય છે. આ નિયમ સર્વમાન્ય છે અને સર્વને અનુભવગમ્ય થાય છે. જેને જેમાં રસ (આસક્તિ), તેનું ચિત્ત ત્યાં જ ચોંટીને રહે છે. ઇન્દ્રિયસુખમાં આસક્ત ભોગીને ઇન્દ્રિય વિષયોનો સંગ અતિ પ્રિય લાગે છે; અતીન્દ્રિય સુખના અભિલાષીને પરમાર્થને પોષણરૂપ સત્સંગ બહુ બહુ પ્રિય હોય છે.

છેલ્લે સ્ત્રી આદિ પરિષહનો જય કરી બ્રહ્મચર્યના પાલનનો મહિમા ગાય છે અને કહે છે કે, "અનંતા (અનુભવી) જ્ઞાની-પુરૂષોએ જેનું (દોષનિવૃત્તિ અથવા ક્ષય માટે) પ્રાયશ્ચિત કહ્યું નથી, જેના ત્યાગનો (કોઈપણ અપવાદ વિના) એકાંત અભિપ્રાય આપ્યો છે એવો જે કામ તેથી જે મુંઝાયા નથી, તે જ પરમાત્મા છે." (કૌંસના શબ્દો અમારા છે).

પૃષ્ઠ ૧૫૩, હાથનોંધ ૧–૩૨

"ધન્ય રે દિવસ આ અહો, જાગી રે શાંતિ અપૂર્વ રે;
દશ વર્ષે રે ધારા ઉલસી .... .... .... .... ."

શ્રીમદ્જીએ આ સ્વાત્મવૃત્તાંત દર્શાવતું કાવ્ય ક્યારે રચ્યું તેની નોંધ કે માહિતી અપ્રાપ્ય છે. આ અમૃતકાવ્યમાં તેમણે સંક્ષેપે બનેલા પ્રસંગો અને તેઓ આત્મશ્રેયની કઇ દશા સુધી

પહોંચ્યા હતા એ વગેરે જણાવી ઉપકાર કર્યો છે. ગૃહસ્થદશામાં રહીને આત્માની આવી પરમોચ્ચ સ્થિતિને પ્રાપ્ત કરનાર પુરૂષો વિરલ હોય છે. શ્રીમદ્ જેવા જ અતિ બળવાન ક્ષયોપશમી અને આશ્ચર્યકારક ઉગ્ર પુરૂષાર્થને અપ્રમાદપણે સેવનાર પુરૂષ તેવી સિદ્ધિને વરવા સમર્થ થાય છે, બીજાનું તેવું ગજું હોવું ઘણું કરીને અસંભવ જેવું છે. આ અપેક્ષાએ તેમને અપવાદરૂપ કહી શકાય.

કાવ્યના મંગલ આરંભમાં હૃદયના ઉલ્લાસભાવથી જણાવે છે કે હવે અત્યારે ઉદયકર્મનો ગર્વ ગળી ગયો છે, દશ વર્ષનાં વહાણાં વાયા પછી અપૂર્વ શાંતિની ધારા ઉલસીને વેદનરૂપ થઈ છે તેથી આજનો દિવસ ધન્ય છે, માંગળિક છે, પરમ પવિત્ર છે. શ્રીમદ્‌ને આત્મામાં એકધારી અપૂર્વ શાંતિનું અપૂર્વ વેદન વર્તે છે; તે દશા કેવી હશે તેની તો માત્ર કલ્પના કરવી રહે છે, છતાં તે કલ્પનામાં વાસ્તવિકતાનું યથાર્થ ચિત્ર પ્રતિબિંબિત થવું શક્ય નથી, કેમકે અલૌકિક વાત કલ્પનામાં કેમ આવી શકે?

બીજી કડીમાં પોતાને સં. ૧૯૩૧માં ૭ વર્ષની વયે જાતિસ્મરણજ્ઞાન થકી પૂર્વભવનો પ્રસંગ તાદૃશ્ય થવાનું તથા સં. ૧૯૪૨માં અઢારમે વર્ષે વૈરાગ્યની અદ્‌ભુત ધારા વહ્યાનું જણાવ્યું છે. ત્રીજી કડીમાં સં. ૧૯૪૭માં તેમને શુદ્ધ સમકિત એટલે ક્ષાયિક સમકિત પ્રકાશ્યું હતું અને ત્યાર પછી ઉત્તરોત્તર સિદ્ધિનાં સોપાન ચઢતા જઈ, જ્ઞાનદશા અને અનુભવદશા વર્ધમાન થતી જઈ નિજ શુદ્ધ સ્વરૂપની, નિર્વિકલ્પ સમાધિની અનુભવસ્થિતિને પ્રાપ્ત થયા હતા એમ જણાવ્યું. ચોથી કડીમાં

કહે છે, પ્રારબ્ધોદયથી વ્યવહારોપાધિનો યોગ આવ્યો, ન સહી શકાય એવો આકરો અને કારમો; જ્યારે પરિગ્રહની પ્રાપ્તિરૂપ પ્રવૃત્તિમાં ઉદયના ધક્કાથી જોડાવું પડ્યું અને આત્મેચ્છાનો તેનાથી છૂટવાની અને આત્મશ્રેયને પૂર્ણતાએ પામવાની હતી, તેથી જેમ જેમ તેને દૂર કરવાના ભાવ કર્યા તેમ તેમ ઉદયનું જોર પણ ઘટવાને બદલે વધતું ગયું: તે કપરા કાળે કર્મ અને ધર્મ વચ્ચે તુમુલ યુદ્ધ હતું, જીતના સમરાંગણમાં પ્રારબ્ધ અને પુરૂષાર્થ સામસામા લડી રહ્યાં હતાં. આ સમય હતો સં. ૧૯૪૮ થી ૧૯૫૦ સુધીનો.

પાંચમી કડીમાં બતાવે છે કે એવી સ્થિતિ ચાલ્યા પછી હવે કર્મના ઉદયની ક્ષીણતા અને ભાવનાની જીત દેખાય છે તેથી મનમાં એમ લાગે છે કે તે ઉપાધિનો ઉદય હવે ક્રમે કરીને જશે અને છઠ્ઠી કડીમાં કહ્યા પ્રમાણે સત્ય ધર્મનો ઉદ્ધાર કરવાનો ચિત્તમાં જે ઉચિત હેતુ રહ્યો છે તે અવશ્ય આ દેહથી થશે. સાતમી કડી આ પ્રમાણે છે:—

"આવી અપૂર્વવૃત્તિ અહો, થશે અપ્રમત્ત યોગ રે;
કેવળ લગભગ ભૂમિકા, સ્પર્શીને દેહવિયોગ રે."

અહો, આશ્ચર્ય છે કે અપૂર્વવૃત્તિ અને અપૂર્વ શાંતિ ગંભીર અને ઊંડા આત્મસંયમને લીધે એવા રૂપે આવ્યાં છે કે તેના પરિણામે યોગ પણ અપ્રમત્તપણે વર્તશે; વચનામૃત ૧૭૬, પૃષ્ટ ૬૫નાં વચનો જુઓ, "અલખ 'લે'માં આત્માએ કરી સમાવેશ થયો છે, યોગે કરીને કરવો એ એક રટણ છે." તેના અનુસંધાન માટે આ કડીનાં વચનો ધ્યાનમાં લઇ સમજવા

યોગ્ય છે. જે રટણ હતું તે સિદ્ધિરૂપ થશે એ વાત અત્ર જણાવી છે.

"કેવળ લગભગ ભૂમિકાને સ્પર્શ્યા પછી પોતાનો દેહ-વિલય થશે તેવો નિર્દેશ તેમણે ઉપરની બે પંક્તિઓમાં આપ્યો છે. જૈન દર્શન અનુસાર જ્ઞાનના પાંચ ભાગ પાડેલા છેઃ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ. શાસ્ત્રો અને સિદ્ધાંતોના વાચનથી તથા સ્મરણથી જ્ઞાન થાય તે શ્રુત અને મતિજ્ઞાન. આ બંને પ્રકારનાં જ્ઞાન ઘણા મોટા પ્રમાણમાં તેમને હતાં તે અગાઉ આપણે જોયું છે. સ્થળ તથા કાળની અમુક હદ સુધીનું જ્ઞાન હોવું તે અવધિજ્ઞાન. અને સામાના મનના ભાવ જાણવા તે મનઃ-પર્યવ જ્ઞાન. આ બંને જ્ઞાન પણ શ્રીમદ્‌માં હતાં....અને કેવળજ્ઞાન એટલે આત્માનું નિરાવરણ જ્ઞાન. આત્મા સંપૂર્ણ રીતે કર્મથી મુક્ત થાય ત્યારે આ જ્ઞાન પ્રગટે છે. અહીં શ્રીમદે કેવળજ્ઞાનની નહીં પણ 'કેવળ લગભગ ભૂમિકા'ની વાત કહી છે. 'કેવળ લગભગ ભૂમિકા' એટલે શ્રુતકેવળી જેવી દશા. તેમાં તેને કેવળી જેટલું જ, પણ સાંભળેલું જ્ઞાન હોય, અર્થાત્ અનુભવ-સ્વરૂપ નહિ, પણ શ્રવણ કરેલું કેવળજ્ઞાન સુધીનું જ્ઞાન, શ્રીમદ્‌ના જણાવ્યા પ્રમાણે તેમને ત્યાં સુધી જ્ઞાન પ્રકાશિત થયું હતું, પણ તેમના એ જ્ઞાનને પામવું કે માપવું એ કોઇ તેમના જેવી જ્ઞાની વ્યક્તિનું જ કામ છે, બીજાનું તો તે ગજું પણ નથી. અલબત્ત, એટલું નિશ્ચિતપણે કહી શકાય કે તેઓ આત્માની કોઈ ઉચ્ચ અલૌકિક દશાએ વિરાજતા હતા."

(શ્રીમદ્‌ની જીવનસિદ્ધિમાંથી સાભાર).

અંતિમ આઠમી કડીમાં પ્રકાશે છેઃ—

"અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે."

અહો, જુઓ તો ખરા, આ જ્ઞાની ભગવંતની જ્ઞાનની નિર્મળતા કેવી અદ્ભુત છે! અથવા "કેવળ લગભગ ભૂમિકા" સુધીની હદનું જ્ઞાન જેનામાં પ્રકાશિત થયું હોય, તેનામાં આ કડીમાં પ્રગટ કરેલ જ્ઞાન હોય ત્યાં આશ્ચર્ય પણ કેમ થાય? અહીં શ્રીમદ્જી જ્ઞાનદૃષ્ટિમાં સત્તાગત કર્મોને જુએ છે, તો તેમને ભોગવવા યોગ્ય કર્મની સ્થિતિ અવશ્ય દેખાય છે અને તે ભોગવ્યા વિના તો કર્મની નિવૃત્તિ થવી સંભવતી નથી તેથી જ કહે છે કે કર્મનો જે અવશેષ રહ્યો છે, તે ભોગવવો બાકી છે અને તે માટે ભવ કેટલા કરવા પડશે તે પણ નિર્મળ જ્ઞાનમાં દેખાય છે. તે બતાવવા નિર્માનપણે, નીડરપણે અને છાતી ઠોકીને વચનો પ્રકાશે છે કે એક જ દેહ (માત્ર એક, એકથી વધારે નહીં) ધારણ કરીને શેષ કર્મનો ભોગવટો કરીને અને ક્ષપક શ્રેણી માંડીને કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રગટાવી શુદ્ધ આત્મસ્વરૂપમાં સર્વકાળને માટે સ્થિતિ થશે. અહીં સમજવા યોગ્ય એ છે કે કોઈને ગેરસમજ કે ભ્રાંતિ ન થાય તે હેતુએ 'દેહ' શબ્દ વાપર્યો છે, 'ભવ' શબ્દ મૂક્યો નથી. જૈન દર્શનની માન્યતાનુસાર "એક ભવ" કહેવાથી એકાવતારીપણું સમજાય છે અને ત્યાં સમ્યક્દૃષ્ટિ મહાત્માને જે દેવગતિનો ભવ પ્રાપ્ત થાય છે તેની ગણતરી કરવામાં આવતી નથી અને ત્યાર પછીના મનુષ્યભવે મોક્ષ થાય છે તે એક ભવ તરીકે

ગણાય છે. સમજણમાં આવી કોઈ ભૂલ થવા ન પામે તેટલા માટે યથાર્થપણે 'દેહ' શબ્દનો ઉપયોગ કર્યો છે. હવે આ કાળે આ ભરતક્ષેત્રમાં મોક્ષ થવાની સંભવિતતા નથી, માત્ર મહાવિદેહ ક્ષેત્રમાં છે, તેથી તેમનો જન્મ મહાવિદેહ ક્ષેત્રે થયાનું માનવું બિલકુલ સુસંગત અને ન્યાયયુક્ત છે. સમકિતદૃષ્ટિ જીવના સંબંધમાં દેવગતિનો ભવ કૂદાવી મનુષ્યગતિને પ્રાપ્ત કરવી એ અપવાદરૂપ છે પણ અવશ્ય તેમ બની શકે. તેની પાછળ રહેલો ગુપ્ત રહસ્યયુક્ત સિદ્ધાંત સમજાય તો કોઈ શંકા રહે નહીં.

આ સંબંધમાં હમ્પીવાલા આત્મજ્ઞાની અને યોગમાર્ગના ઉપાસક તથા શ્રીમદ્‌જીના પરમ ભક્ત સદ્. શ્રી ભદ્રમુનિ (સહજાનંદઘન)નાં વચનો તેમની પુસ્તિકા "ઉપાસ્યપદે ઉપાદેયતા"માંથી સાભાર લઈએ છીએ.

"ચૈતન્ય–ટેલીવિઝન પદ્ધતિએ જોતાં તો શ્રી શ્રેણિકના જીવ દ્રવ્યની વર્તમાને નૈગમનયે પ્રભુતા દેખાય છે, જ્યારે શ્રીમદ્ રાજચંદ્રદેવના જીવદ્રવ્યની તો વર્તમાને એવંભૂતનયે પ્રભુતા પ્રગટેલી દેખાય છે, કારણ કે તેઓ મહાવિદેહ ક્ષેત્રે શ્રી સીમંધર તીર્થંકરના સમવસરણમાંની કેવળી પર્ષદામાં બિરાજેલ છે. જ્ઞાનીઓની કૃપાથી આ આત્માને એની સુપ્રતીતિ વર્તે છે. પછી ભલે! કોઇને માનવામાં આવે યા નહિ. તેમ છતાં સત્પ્રતીતિને તેથી લેવા–દેવા નથી."

ઉપરોક્ત પુસ્તિકામાં કેટલાંક ગૂઢ પ્રશ્નોની શાસ્ત્રીય પદ્ધતિથી

છણાવટભરી સમજુતિ આપી છે તે સત્‌જિજ્ઞાસુઓએ વાંચી જવા યોગ્ય છે.

શ્રીમદ્‌જીના અનન્ય ભક્ત, અદ્‌ભુત પુરૂષાર્થથી આધ્યાત્મિક ઉચ્ચ દશાને વરનાર, આત્મભાવમાં નિરંતર ઝૂલનાર, અનેક જીવોના પરમ ઉપકારી અને વહાલસોયા પ્રેમાળ “મા”ના નામથી વિખ્યાતિ પામેલ પૂજ્ય કુંવરમા, જેમનો ઈ. સ. ૧૯૫૨માં પરમ સમાધિપૂર્વક દેહત્યાગ થયો હતો. તેઓ તેમના એક અપ્રગટ (અંગત) કાવ્યમાં નીચે પ્રમાણે જણાવે છે :—

“વહેલા ઊઠી સમરૂં શ્રીગુરુરાજને
મારા રાજચંદ્ર ભગવાન, અતિશય ગુણવાન
વંદન કરૂં વહાલથી.

....

મહાવિદેહ ક્ષેત્રમાં પ્રભુજી મારા બિરાજતા
મારા મંદિર સ્વામી ભગવાન
વંદન કરૂં વહાલથી.”

પૃષ્ટ ૧૬૦, હાથનોંધ ૧/૪૫

“જે જ્ઞાનદશામાં ત્યાગાત્યાગ કંઇ સંભવે નહીં તે જ્ઞાનદશાની સિદ્ધિ છે જેને વિષે એવો તું........એમ જ કર્યું છે.”

આ વચનોથી શ્રીમદ્‌જીએ પોતાને પ્રાપ્ત થયેલી જ્ઞાનદશા બતાવી છે; જે જ્ઞાનદશામાં ત્યાગ અત્યાગનો વિકલ્પ હોતો નથી અને જ્યાં આત્માનો શુદ્ધ અનુભવ વર્તે છે, તે દશાની

સિદ્ધિ તેમને થઇ છે. અહીં સપ્તમ ગુણસ્થાનકવર્તી ઊંચી દશા અપેક્ષિત છે. આ દશાએ તેમની વિચારણા એ આકાર લે છે કે જો તેઓ સર્વસંગત્યાગદશા અલ્પકાળ વેદે તો સંપૂર્ણ જગત પ્રસંગમાં વર્તે તો પણ તેમને બાધરૂપ ન થાય, બંધરૂપ ન થાય એમ હોવા છતાં તેઓ સર્વજ્ઞદેવનો અભિપ્રાય જણાવતાં કહે છે કે નિવૃત્તિ જ પ્રશસ્ત છે અને ઋષભાદિ સર્વ પરમપુરૂષે છેવટે એમ જ કર્યું છે. જૈનદર્શનમાં નિવૃત્તિમાર્ગને પ્રાધાન્યપણું આપ્યું છે કે પ્રવૃત્તિમાર્ગને એ પ્રશ્ન ઘણાનાં ચિત્તમાં ઊગતો હશે. જેની પરમાર્થદૃષ્ટિ પ્રબળ હશે તેને તો તેવો કોઈ પ્રશ્ન ઊગવા યોગ્ય જણાતો નથી; તે તો નિવૃત્તિને લક્ષે પરમાર્થહેતુમૂળ વ્યવહાર અવશ્ય આરાધે છે, જાળવે છે. અહીં નિવૃત્તિનો અર્થ આત્માનું સહજ શાંતપણું, તેની રાગદ્વેષ અજ્ઞાનરહિત પૂર્ણ શુદ્ધ દશા એમ સમજવો. આટલું લખવામાં "નિવૃત્તિ" "પ્રવૃત્તિ" સંબંધમાં વિવાદાત્મક ચર્ચા ઉત્પન્ન કરવાનો કોઈ હેતુ નથી. સત્ય માર્ગનું જ્યાં આરાધન થતું હોય ત્યાં આ બધું સરળતાએ અને સહજ સમજાય છે. પૃષ્ઠ ૧૬૧, હાથનોંધ ૨/૧૧

સં. ૧૯૫૪, આસો સુદ ૭ના લખે છે કે, "આમ કાળ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. સમયે સમય આત્મોપયોગે ઉપકારી કરીને નિવૃત્ત થવા દેવા યોગ્ય છે." શ્રીમદ્‌જીની પરમ જિજ્ઞાસા અને ઉત્કૃષ્ટ ભાવના શી છે તે અહીં વ્યક્ત કરી છે. અપ્રમત્ત ભાવદશા સંપ્રાપ્ત છે તે છતાં સમયે સમય તન્મય આત્મોપયોગે વ્યતીત થાય એમ ઇચ્છે છે. જ્ઞાની પુરૂષની અદ્‌ભુત

દશા સ્મૃતિમાં આવતાં અને તે પર વિચાર કરતાં આશ્ચર્યકારક 'અહો' શબ્દના આરંભથી વચનો પ્રકાશતાં કહે છે :—

અહો આ દેહની રચના! સ્થૂળ દેહની અંદર સૂક્ષ્મ દેહ, સૂક્ષ્મ દેહમાં સૂક્ષ્મ ઇન્દ્રિયો, પ્રકાશિત છ વા સાત ચક્રો, સ્થૂળ અને સૂક્ષ્મ નાડીઓ, આત્મદશાના વિકાસની સાથે સૂક્ષ્મ પરમાણુઓ પલટાઈ સુધારસરૂપે પરિણમન, ઇત્યાદિ પ્રકારો આશ્ચર્યકારક છે. અહો ચેતન! અહો, તેનું સામર્થ્ય! ચેતન જ્યારે જાણીને અને ચેતીને ચેતનવંત થાય છે ત્યારે તેના સામર્થ્યની સીમા દેખાતી નથી! સામર્થ્યના બળથી અને ઉપયોગથી ચેતન ચૈતન્યઘનરૂપ થઈ જાય છે. "જે અચિંત્ય (ચેતન) દ્રવ્યની શુદ્ધ ચિતિસ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે" અર્થાત્ "સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબંધ" થાય છે, તે ચેતનનું સામર્થ્ય તો જૂઓ! કેવું અદ્ભુત છે!

તેવી પરમોચ્ચ દશાની પ્રાપ્તિ માટેનો જ્ઞાનીપુરૂષનો પુરૂષાર્થ કેવો એકલક્ષી હોય છે તે જોવા જેવું છે. અહો, તેમની ઉત્તમ ધ્યેયવાળી ગવેષણા, તેમનું ઊંડું ધ્યાન, તેમની નિમગ્નતાવાળી સમાધિ, તેમનો ગંભીર અને અગાધ સંયમ, તેમનો બળવાન અપ્રમત્તભાવ, તેમની ઉપયોગની તીક્ષ્ણતાવાળી પરમ જાગૃતિ, તેમનો પરમ શાંત વીતરાગ સ્વભાવ, તેમનું નિરાવરણ અને પરમ નિર્મળ જ્ઞાન, તેમના યોગની

વિસ્મયકારક શાંતિ અને તેમના વચનાદિ યોગનો ઉદય—અહો એ સર્વે કેવાં અનુપમ છે!

આટલું કહી શ્રીમદ્જી પોતાના આત્માને સંબોધી કહે છે! "આ બધું તને સુપ્રતીત થયું છતાં પ્રમત્તભાવ (અપ્રમત્તભાવ ખોટું છપાયું છે) કેમ?.... શિથિલતા કેમ?.... અંતરાયનો હેતુ શો?" કેવળ અને પૂર્ણ અપ્રમત્ત થવાની નેમ છે તેથી કહે છે, "અપ્રમત્ત થા, અપ્રમત્ત થા, પરમ જાગૃત સ્વભાવ ભજ."

પૃષ્ઠ ૧૬૮ થી ૧૮૦, શ્રીમદ્જીએ કરેલી સહીઓ.

આ વિભાગમાં પત્રોને અંતે જ્યાં જ્યાં દસ્કત કરેલા છે તેની સર્વ વિગત સહિતનો સંગ્રહ આપવામાં આવેલ છે. તે પરથી શ્રીમદ્જીની વધતી દશા વગેરેનો લક્ષ કરી શકાય તેમ વિચારવાનને લાગશે. પત્રો કોના ઉપર લખવામાં આવ્યા છે તે પણ એક કોલમમાં જણાવ્યું છે, જેથી દસ્કત બરાબર સમજવામાં સુગમતા રહે, દશાસૂચક, મહિમાદર્શક કે અગત્યના ભાવ દર્શાવનાર દસ્કતમાં વચનો લખ્યાં છે તે બધાં કાળા અક્ષરોમાં છાપવામાં આવ્યાં છે અને તે બધાંને ક્રમથી જોતાં તેમાંથી શ્રીમદ્જી સંબંધે ઘણું જાણવાનું મળી શકે તેમ છે.

વિચાર અર્થે અગત્યની સહીઓ આપીએ છીએ.

| વર્ષ | સંવત | સહી |
|---|---|---|
| ૨૦ | ૧૯૪૩ | આશુપ્રજ્ઞ રાજચંદ્ર |
| ૨૧ | ૧૯૪૪ | રાયચંદ્ર |
| ૨૨ | ૧૯૪૫ | ધર્મોપજીવન ઇચ્છક રાયચંદ |
| ૨૩ | ૧૯૪૬ | તમારા સમાગમનો ઇચ્છક રાયચંદ (અનામ)ના પ્રણામ. |
| | ,, | પ્રારબ્ધથી જીવતા રાયચંદના યથા. |
| | ,, | લખનાર અવ્યક્તદશા |
| ૨૪ | ૧૯૪૭ | મિથ્યાનામધારીના યથા. |
| | ,, | નિમિત્તમાત્ર |
| | ,, | લિ. ઈશ્વરાર્પણ |
| | ,, | લિ. સમાધિ |
| | ,, | લિ. સત્‌માં અભેદ |
| | ,, | લિ. અપ્રગટ સત્‌ |
| ૨૫ | ૧૯૪૮ | યથાર્થ બોધસ્વરૂપ |
| | ,, | અભિન્ન બોધમય |
| | ,, | સ્વરૂપસ્થ યથાયોગ્ય |
| | ,, | સમસ્થિતભાવ |
| | ,, | સમાધિરૂપ |
| | ,, | ભેદરહિત એવા અમે છીએ |
| | ,, | અપ્રતિબદ્ધ પ્રણામ |

| વર્ષ | સંવત | [સહી |
|---|---|---|
| ૨૫ | ૧૯૪૮ | "પ્રારબ્ધ દેહી" |
| | ,, | સહજ સ્વરૂપ |
| | ,, | નિષ્કામ |
| ૨૬ | ૧૯૪૯ | આત્મસ્વરૂપ |
| | ,, | આત્મસ્થિત |
| ૨૭ | ૧૯૫૦ | આત્મસ્વરૂપ |
| ૨૮ | ૧૯૫૧ | સહજાત્મસ્વરૂપે યથાયોગ્ય |
| ૨૯ | ૧૯૫૨ | ,, |
| ૩૦ | ૧૯૫૩ | શુદ્ધ સહજ આત્મ સ્વરૂપ |
| ૩૧ | ૧૯૫૪ | શ્રી રાજચંદ્રદેવ, નિર્વિકલ્પ |
| ૩૨–૩૪ | ૧૯૫૫–૫૭ | ૐ શાંતિઃ શાંતિઃ પરમ શાંતિઃ |

# નમસ્કારાદિ વચનો

## શ્રીમદ્ રાજચંદ્રજીએ જુદા જુદા પત્રો આદિમાં કરેલા નમસ્કારાદિ વચનોનો સંગ્રહ

મહા સૌંદર્યથી ભરેલી દેવાંગનાના ક્રીડા વિલાસ નિરીક્ષણ કરતાં છતાં અંતઃકરણમાં કામથી વિશેષ વિરાગ છૂટે છે તેને ધન્ય છે, તેને ત્રિકાળ નમસ્કાર છે. (પત્રાંક ૨૧)

| | |
|---|---|
| વંદામિ પાદે પ્રભુ વર્દ્ધમાન | (૩૬) |
| પાર્શ્વનાથ પરમાત્માને નમસ્કાર | (૩૭) |
| સત્પુરૂષોને નમસ્કાર | (૪૭) |
| નિરાગી પુરૂષોને નમસ્કાર | (૫૧) |
| નિર્ગ્રંથ મહાત્માઓને નમસ્કાર | (૫૪) |

નિરાબાધપણે જેની મનોવૃત્તિ વહ્યા કરે છે, સંકલ્પ-વિકલ્પની મંદતા જેને થઈ છે; પંચ વિષયથી વિરક્ત બુદ્ધિના અંકુરો જેને ફૂટ્યા છે; ક્લેશનાં કારણ જેણે નિર્મૂળ કર્યા છે; અનેકાંતદૃષ્ટિયુક્ત એકાંત દૃષ્ટિને જે સેવ્યા કરે છે; જેની માત્ર એક શુદ્ધ વૃત્તિ જ છે; તે પ્રતાપી પુરૂષ જયવાન વર્તો. (૮૦)

આત્માને શોધી, તેના અપાર માર્ગમાંથી થયેલી પ્રાપ્તિના ઘણાને ભાગ્યશાળી થવાને માટે, અનેક ક્રમ બાંધ્યા છે, તે મહાત્મા જયવાન હો! અને તેને ત્રિકાળ નમસ્કાર હો! (૮૩)

નિઃસ્પૃહી મહાત્માઓને અભેદભાવે નમસ્કાર. (૮૬)

તે પવિત્ર દર્શન થયા પછી ગમે તે વર્તન હો, પરંતુ તેને તીવ્ર બંધન નથી, અનંત સંસાર નથી, સોળ ભવ નથી, અભ્યંતર દુ:ખ નથી, શંકાનું નિમિત્ત નથી, અંતરંગ મોહિની નથી, સત્ સત્ નિરુપમ, સર્વોત્તમ, શુકલ, શીતળ, અમૃતમય દર્શનજ્ઞાન; સમ્યક્ જ્યોતિર્મય, ચિરકાળ આનંદની પ્રાપ્તિ, અદ્‌ભુત સત્ સ્વરૂપ દર્શિતાની બલિહારી છે! (૯૧)

આનંદમૂર્તિ સત્સ્વરૂપને અભેદભાવે ત્રણે કાળ નમસ્કાર કરું છું. (૧૮૩)

સત્સ્વરૂપને અભેદ ભક્તિએ નમસ્કાર. (૧૮૪)

પ્રાપ્ત થયેલા સત્સ્વરૂપને અભેદભાવે અપૂર્વ સમાધિમાં સ્મરૂં છું. (૧૮૭)

કહેવારૂપ હું તેને નમસ્કાર હો. (૧૮૮)

સત્સ્વરૂપને અભેદભાવ અને અનન્ય ભક્તિએ નમો નમ:
(૧૯૪)

સતને અભેદભાવે નમો નમ: (૧૯૮)

ૐ સત્સ્વરૂપ (૨૦૩)

જ્ઞાનીઓની વાણી 'નય'માં ઉદાસીન વર્તે છે, તે વાણીને નમસ્કાર હો! (૨૦૭)

કોઇ નય જ્યાં દુભાતો નથી એવાં જ્ઞાનીનાં વચનને અમે નમસ્કાર કરીએ છીએ. (૨૦૮)

પુરાણ પુરુષને નમો નમ: (૨૧૩)

સર્વાત્મ સ્વરૂપને નમસ્કાર. (૨૩૪)

પરમ સમાધિરૂપ જ્ઞાનીની દશાને નમસ્કાર. (૨૩૭)

ૐ નમઃ (૨૪૮)

પરમ પુરુષ પ્રભુ સદ્દગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. (૨૬૬)

કળિયુગમાં અપાર કષ્ટે કરીને સત્પુરૂષનું ઓળખાણ પડે છે. છતાં વળી કંચન અને કાંતાનો મોહ તેમાં પરમ પ્રેમ આવવા ન દે તેમ છે. ઓળખાણ પડયે અડગપણે ન રહી શકે એવી જીવની વૃત્તિ છે, અને આ કળિયુગ છે; તેમાં જે નથી મુંઝાતા તેને નમસ્કાર. (૨૭૩)

ૐ પૂર્ણકામ ચિત્તને નમો નમઃ (૨૯૧)

પરમ સત્ય તેનું અમે ધ્યાન કરીએ છીએ. (૩૦૭)

અવિષમપણે જ્યાં આત્મધ્યાન વર્તે છે, એવા જે 'શ્રી રાયચંદ્ર' તે પ્રત્યે ફરી ફરી નમસ્કાર. (૩૭૬)

હે પરમ કૃપાળુ દેવ! જન્મ, જરા, મરણાદિ સર્વે દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ માર્ગ આપ શ્રીમદે અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું; વળી આપ શ્રીમત્ કંઇ પણ લેવાને સર્વથા નિસ્પૃહ છો; જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરૂં છું. આપની પરમ ભક્તિ અને વીતરાગ પુરૂષના

મૂળ ધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગ્રત રહો એટલું માગું છું તે સફળ થાઓ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ (૪૧૭)

પ્રગટ એવા યમને સમીપ દેખતાં છતાં જેને દેહને વિષે મૂર્છા નથી વર્તતી તે પુરૂષને નમસ્કાર છે. (૪૨૫)

જે તીર્થંકરદેવે સ્વ સ્વરૂપસ્થ આત્માપણે થઈ વક્તવ્યપણે જે પ્રકારે તે આત્મા કહી શકાય તે પ્રમાણે અત્યંત યથાસ્થિત કહ્યો છે, તે તીર્થંકરને બીજી સર્વ પ્રકારની અપેક્ષાનો ત્યાગ કરી નમસ્કાર કરીએ છીએ.

પૂર્વે ઘણાં શાસ્ત્રોનો વિચાર કરવાથી તે વિચારનાં ફળમાં સત્પુરૂષને વિષે જેનાં વચનથી ભક્તિ ઉત્પન્ન થઈ છે, તે તીર્થંકરનાં વચનને નમસ્કાર કરીએ છીએ.

ઘણા પ્રકારે જીવનો વિચાર કરવાથી, તે જીવ આત્મારૂપ પુરૂષ વિના જાણ્યો જાય એવો નથી, એવી નિશ્ચળ શ્રદ્ધા ઉત્પન્ન થઈ તે તીર્થંકરના માર્ગબોધને નમસ્કાર કરીએ છીએ.

ભિન્ન ભિન્ન પ્રકારે તે જીવનો વિચાર થવા અર્થે, તે જીવ પ્રાપ્ત થવા અર્થે યોગાદિક અનેક સાધનોનો બળવાન પરિશ્રમ કર્યે છતે, પ્રાપ્તિ ન થઇ, તે જીવ જે વડે સહજ પ્રાપ્ત થાય છે, તે જ કહેવા વિષે જેનો ઉદ્દેશ છે, તે તીર્થંકરનાં ઉદ્દેશ વચનને નમસ્કાર કરીએ છીએ. (૪૩૬)

પૂર્વકાળમાં જે જે જ્ઞાનીપુરૂષના પ્રસંગો વ્યતીત થયા

છે તે કાળ ધન્ય છે; તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે, તે શ્રવણને, શ્રવણના કર્ત્તાને, અને તેમાં ભક્તિભાવવાળા જીવોને ત્રિકાળ દંડવત્ છે. તે આત્મસ્વરૂપમાં ભક્તિ, ચિંતન, આત્મવ્યાખ્યાની જ્ઞાનીપુરૂષની વાણી અથવા જ્ઞાનીનાં શાસ્ત્રો કે માર્ગાનુસારી જ્ઞાની પુરૂષનાં સિદ્ધાંત, તેની અપૂર્વતાને પ્રણામ અતિ ભક્તિએ કરીએ છીએ. (૪૬૫)

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર.

જે સત્પુરૂષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વ સ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરૂષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરૂણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરૂષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો!

જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેના વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વકાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરૂષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે, કેમકે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છયા વિના માત્ર નિષ્કારણ કરૂણાશીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્ત્તા છે, માટે મારો છે,

એમ કદી જોયું નથી, એવા જે સત્પુરૂષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો!

જે સત્પુરૂષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!

જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્ત્તે છે, તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધસુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજ માત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ-ભક્તિએ નમસ્કાર હો! નમસ્કાર હો!! (૪૯૩)

વિષમ સંસાર રૂપ બંધનને છેદીને જે પુરુષો ચાલી નીકળ્યા તે પુરુષોને અનંત પ્રણામ છે. (૫૪૦)

શ્રી વીતરાગને પરમ ભક્તિએ નમસ્કાર. (૫૬૭)

શ્રી જિન વીતરાગે દ્રવ્ય–ભાવ સંયોગથી ફરી ફરી છૂટવાની ભલામણ કહી છે, અને તે સંયોગનો વિશ્વાસ પરમ

જ્ઞાનીને પણ કર્તવ્ય નથી, એવો અખંડ માર્ગ કહ્યો છે, તે શ્રી જિન વીતરાગના ચરણકમળ પ્રત્યે અત્યંત ભક્તિથી નમસ્કાર. (૫૮૮)

જે જ્ઞાનથી કામ નાશ પામે તે જ્ઞાનને અત્યંત ભક્તિએ નમસ્કાર હો. (૫૯૩)

અપારવત્ સંસારસમુદ્રથી તારનાર એવા સદ્‌ધર્મનો નિષ્કારણ કરુણાથી જેણે ઉપદેશ કર્યો છે, તે જ્ઞાની પુરુષના ઉપકારને નમસ્કાર હો ! નમસ્કાર હો ! (૬૦૦)

શ્રીમદ્ વીતરાગાય નમઃ (૬૧૫)

ૐ નમો વીતરાગાય (૬૧૭)

દેહાભિમાન રહિત એવા સત્પુરૂષોને અત્યંત ભક્તિથી ત્રિકાળ નમસ્કાર. (૬૬૫)

ૐ સદ્‌ગુરુ પ્રસાદ. (૬૭૦, ૬૭૨ થી ૬૭૪)

જેમાં ક્ષણવારમાં હર્ષ અને ક્ષણવારમાં શોક થઈ આવે એવા આ વ્યવહારમાં જે જ્ઞાની પુરૂષો સમદશાથી વર્તે છે, તેને અત્યંત ભક્તિથી ધન્ય કહીએ છીએ. (૬૭૮)

સદ્‌ગુરુચરણાય નમઃ (૬૭૯)

ભુજાએ કરી જે સ્વયંભૂરમણ સમુદ્ર તરી ગયા, તરે છે અને તરશે તે સત્પુરૂષોને નિષ્કામ ભક્તિથી ત્રિકાળ નમસ્કાર. (૬૮૬–૬૯૭)

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરૂ ભગવંત.

અહો ! અહો શ્રી સદ્ગુરૂ, કરૂણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત. (૭૧૮)

ૐ સર્વજ્ઞાય નમઃ (૭૨૬)

વિષમ ભાવનાં નિમિત્તો બળવાનપણે પ્રાપ્ત થયાં છતાં જે જ્ઞાની પુરૂષ અવિષમ ઉપયોગે વર્ત્યા છે, વર્તે છે, અને ભવિષ્યકાળે વર્તે તે સર્વને વારંવાર નમસ્કાર.

ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વ્રત, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તપ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ નિયમ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ લબ્ધિ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઐશ્વર્ય, એ જેમાં સહેજે સમાય છે એવા નિરપેક્ષ અવિષમ ઉપયોગને નમસ્કાર. (૭૩૫)

પરમ ભક્તિથી સ્તુતિ કરનાર પ્રત્યે પણ જેને રાગ નથી અને પરમ દ્વેષથી પરિષહ ઉપસર્ગ કરનાર પ્રત્યે પણ જેને દ્વેષ નથી, તે પુરૂષરૂપ ભગવાનને વારંવાર નમસ્કાર. (૭૬૭)

જેને કોઈ પણ પ્રત્યે રાગદ્વેષ રહ્યા નથી તે મહાત્માને વારંવાર નમસ્કાર. (૭૮૦)

પરમ સંયમી પુરૂષોને નમસ્કાર. (૭૮૮)

દીર્ઘકાળની જેની સ્થિતિ છે, તેને અલ્પકાળની સ્થિતિમાં આણી, જેમણે કર્મક્ષય કર્યો છે, તે મહાત્માઓને નમસ્કાર. (૭૯૧)

સત્પુરૂષોના અગાધ ગંભીર સંયમને નમસ્કાર.

અવિષમ પરિણામથી જેમણે કાળકૂટ વિષ પીધું એવા શ્રી ઋષભાદિ પરમ પુરૂષોને નમસ્કાર.

પરિણામમાં તો જે અમૃત જ છે, પણ પ્રથમ દશાએ કાળકૂટ વિષની પેઠે મુંઝવે છે, એવા શ્રી સંયમને નમસ્કાર.

તે જ્ઞાનને, તે દર્શનને અને તે ચારિત્રને વારંવાર નમસ્કાર. (૮૦૯)

સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબંધ થઈ નિજસ્વરૂપમાં સ્થિત થયા તે પરમ પુરૂષોને નમસ્કાર. (૮૩૩)

અપાર મહા મોહ જળને, અનંત અંતરાય છતાં ધીર રહી જે પુરૂષ તર્યા તે શ્રી પુરૂષ ભગવાનને નમસ્કાર.

અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમય માત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર. (૮૩૯)

શ્રીમત્ વીતરાગ ભગવંતોએ નિશ્ચિતાર્થ કરેલો એવો અચિંત્ય ચિંતામણિ સ્વરૂપ, પરમ હિતકારી, પરમ અદ્ભુત,

સર્વ દુઃખનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર, પરમ અમૃત સ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત ધર્મ જયવંત વર્તો, ત્રિકાળ જયવંત વર્તો. (૮૪૩)

અહો, સત્પુરૂષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ! સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર, પડતી વૃત્તિને સ્થિર રાખનાર, દર્શન માત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપ પ્રતીતિ, અપ્રમત્ત સંયમ અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવનાં કારણભૂત; છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર! ત્રિકાળ જયવંત વર્તો! (૮૭૫)

જે મહાત્માઓ અસંગ ચૈતન્યમાં લીન થયા, થાય છે અને થશે તેને નમસ્કાર. (૯૦૧)

પરમ પુરૂષને અભિમત એવા અભ્યંતર અને બાહ્ય બંને સંયમને ઉલ્લાસિત ભક્તિએ નમસ્કાર.

અનંત શાંતમૂર્તિ એવા ચંદ્રપ્રભુસ્વામીને નમો નમઃ (૯૫૩)

પર શાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વર તે જય તે. (૯૫૪)

શુદ્ધ ચૈતન્ય અનંત આત્મદ્રવ્ય કેવળજ્ઞાન સ્વરૂપ. શક્તિ રૂપે તે જેને સંપૂર્ણ વ્યક્ત થયું છે તથા વ્યક્ત થવાનો જે પુરૂષો માર્ગ પામ્યા છે તે પુરૂષોને અત્યંત ભક્તિથી નમસ્કાર. હાથ નોંધ-૨ (૩)

હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યક્દર્શન! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો.

હે જિન વીતરાગ! તમને અત્યંત ભક્તિથી નમસ્કાર કરૂં છું, તમે આ પામર પ્રત્યે અનંત અનંત ઉપકાર કર્યો છે.

હે કુંદકુંદાદિ આચાર્યો! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરૂં છું.

હે શ્રી સોભાગ! તારા સત્સમાગમના અનુગ્રહથી આત્મદશાનું સ્મરણ થયું તે અર્થે તને નમસ્કાર હો.

હાથનોંધ–૨ (૨૦)

# પરિશિષ્ટ–૧

## શ્રીમદ્‌ના જીવનપ્રસંગોની સંક્ષિપ્ત નોંધ

સંવત

૧૯૨૪ કાર્તકી પૂર્ણિમા, રવિવારે રાત્રે બે વાગે વવાણિયામાં જન્મ. રાશી અનુસાર લક્ષ્મીનંદન નામ.

૧૯૨૮ લક્ષ્મીનંદન નામ બદલીને હુલામણું નામ રાયચંદ રાખ્યું.

૧૯૩૧ વવાણિયા ગામે સ્મશાનમાં બાવળના ઝાડ ઉપર જાતિ-સ્મૃતિજ્ઞાન થયું, પૂર્વભવ સ્મરણરૂપ થયો. તે જ ગામે અભ્યાસની શરૂઆત.

૧૯૩૨ કાવ્યરચનાનો શુભ પ્રારંભ, કાવ્ય અપ્રાપ્ય રહ્યું છે.

૧૯૩૫ શાળાનો અભ્યાસ છોડ્યો. ત્યારબાદ સંસ્કૃત, માગધી, હિંદી ભાષાઓનો સ્વતંત્રપણે અભ્યાસ કર્યો. તેમની સ્મરણશક્તિ અતિ તીવ્ર હતી. માસિકોમાં કાવ્યો, લેખો મોકલતા.

૧૯૩૬-૩૭ ગ્રંથવાંચન, વિવિધ ભાષાનાં પુસ્તકોનું અવલોકન કર્યું. બાળવયમાં રામદાસજી નામના સાધુ પાસે બાળ-લીલામાં કંઠી બંધાવી હતી, તે તેરમે વર્ષે તૂટી ગઈ અને ફરીથી બંધાવી નહિ. ગદ્ય–પદ્ય લખાણો કર્યાં.

૧૯૩૮ પિતાની દુકાને બેસવાનું શરૂ કર્યું.

૧૯૩૮–૪૦ ધર્મમંથનકાળ, છ દર્શનનો અભ્યાસ.

૧૯૪૦ ચૈત્ર માસમાં ત્રણ દિવસમાં "મોક્ષમાળા"ની ઉત્તમ રચના કરી, જૈન દર્શનની ઉત્તમતા સિદ્ધ કરી. મોરબીમાં અવધાનની શરૂઆત.

૧૯૪૧ બોટાદમાં બાવન અવધાન. લીંબડી વઢવાણમાં "સાક્ષાત્ સરસ્વતી"નું બિરૂદ મળ્યું.

૧૯૪૨ મુંબઈમાં સો અવધાન કર્યા, શતાવધાની થયા. પ્રશંસાથી કીર્તિની ટોચે પહોંચ્યા, બીજી બાજુ અપૂર્વ વૈરાગ્યની ધારા વહેતી થઈ.

૧૯૪૩ સંસારથી કંટાળો, વૈરાગ્યભાવ બળવાન, સત્ય ધર્મ પ્રવર્તાવવાની પ્રબળ ઉત્કંઠા.

૧૯૪૪ મહા સુદ ૧૨. પોપટભાઈ જગજીવન મહેતાનાં પુત્રી ઝબકબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. ગૃહસ્થાશ્રમ પ્રવેશ. અવધાન આદિ પ્રવૃત્તિનો કલ્યાણસાધનાના હેતુએ ત્યાગ. "મોક્ષમાળા"નું પ્રકાશન થયું. અમદાવાદમાં શ્રી જૂઠાભાઇ ઉજમશી સાથેનો પરિચય ને ગાઢ પરમાર્થ સંબંધ. અષાડ માસમાં વામનેત્ર સંબંધી ચમત્કારિક અનુભવ અને તેથી અંતઃકરણમાં બહુ પ્રકાશ. તેજોમય શક્તિ અને સમાધિસ્થ ધ્યાન અનુભવગમ્ય થયાં. પ્રતિમાની સિદ્ધિ કરી તેથી પ્રતિમાને ન માનનાર સમાગમી વર્ગ તરફથી પ્રતિકૂળ વર્તના.

૧૯૪૫ મુંબઈમાં શ્રી રેવાશંકર જગજીવન સાથે ભાગીદારીમાં વ્યાપારકાર્યનો આરંભ. જેઠ–અષાડ–શ્રાવણ માસમાં સત્યોગ અને સત્સંગની વર્ધમાનતા અર્થે તથા પૂર્વના કોઈ શુભ ઋણાનુબંધીની શોધ માટે ગુજરાતમાં વિહાર.

૧૯૪૬ વૈશાખ સુદ ૩ના રોજ લિંગદેહજન્ય જ્ઞાન દર્શનના આધારે શ્રી જૂઠાભાઈ ઉજમશીનો દેહત્યાગ અષાડ સુદ ૯ ગુરૂની રાત્રે થવાની આગાહી કરી. ફરક એટલો થયો કે રાત્રિના બદલે દિવસે તેમ બન્યું. તેમના દેહવિલયથી થયેલો વિશેષ શોક. શ્રાવણ વદ-ચિત્ત ગુફાને યોગ્ય. ભાદ્રપદ માસમાં મોરબી તાબે જેતપુર ગામે પૂર્વભવોના અત્યંત શુભ ઋણાનુબંધી, સરળ અને શાંતસ્વભાવી શ્રી સૌભાગ્યભાઈનો સુખદ મેળાપ. પરસ્પર આનંદાનુભવ, બીજો ભાદરવો–રાત્રિ અને દિવસ પરમાર્થ વિષયનું જ મનન, નિઃસ્પૃહદશાનું રટણ. આસો–પ્રભાતથી જ અપૂર્વ આનંદ. દીવાળી–ખંભાતમાં શ્રી અંબાલાલભાઈ, મુનિશ્રી લલ્લુજી આદિનો સમાગમ, પ્રથમ મુલાકાતે જ મુનિશ્રીએ તેમને ઓળખી લીધા ને સાષ્ટાંગ પ્રણામ કર્યા.

૧૯૪૭ શ્રી સૌભાગ્યભાઈને પ્રાપ્ત થયેલું આત્મજ્ઞાન, એ જ્ઞાનની પોતાને દિનપ્રતિદિન થતી વિશેષતા. શુદ્ધ સમકિત (ક્ષાયિક) પ્રકાશ્યું. મહામાસ–સુધાની ધારા પછીનાં કેટલાંક દર્શન, ઇચ્છેલી પરાભક્તિ કોઈ અનુપમ સ્વ-રૂપમાં ઉદય પામી, નિરંતર અદ્ભુત દશાનો અનુભવ,

જગત સાવ સોનાનું થાય તો પણ તૃણવત્ છે એવો ભાવ, જ્યોતિષનો ત્યાગ, મહાત્મા ગાંધીજી તેમને મુંબઈમાં મળ્યા. વૈશાખ–ચિત્તની ચૈતન્યમય દશા, સર્વસત્તાની હરિને અર્પણતા. આસો–આત્મા બ્રહ્મ-સમાધિમાં અને મન વનમાં એ દશા.

૧૯૪૮ "પરમાર્થ મૌન" કર્મનો ઉદય (કારતક), પોષ: સમયે સમયે આત્મભાવ અનંતગુણ વિશિષ્ટપણે વધતો હોય એવી દશા: વૈશાખ, જગત, ઈશ્વર અને અન્ય ભાવ એ સર્વને વિષે ઉદાસીનપણું, મોક્ષનું નિકટપણે વર્તવું. પોતાને નમસ્કાર, વ્યવહારોપાધિનો વિષમ ઉદય અને વેદવાની કઠિનતા. આસો–આત્માકારતા વર્તે છે.

૧૯૪૯ વ્યવહારોપાધિનો ઉદય ચાલુ જ રહ્યો છે, તે સંબંધે બળવાન વચનોથી જણાવવું.

૧૯૫૦ શ્રી લલ્લુજી મુનિ અર્થે આત્માનાં છ પદના અપૂર્વ પત્રની રચના. મહાત્મા ગાંધીજીએ પૂછાવેલાં ૨૭ પ્રશ્નોના ઉત્તરો લખ્યા.

૧૯૫૧ ફાગણ: ઉપાધિમાંથી "નિત્ય છૂટવાનો વિચાર" સર્વ-સંગપરિત્યાગ માટેની ભાવના.

૧૯૫૨ ચૈત્ર સુદ ૧૩, અંગત લખાણ: તેમાં નિરભિમાનપણે પોતે "કલ્પવૃક્ષ", "અમૃતસાગર", તથા 'પરમાત્મ-સ્વરૂપ" થયા છે અથવા "બીજા શ્રી રામ અથવા શ્રી

મહાવીર જ છે" એમ કહી સ્વદશાની પ્રાપ્તિ ખુલ્લી કરે છે. આસો વદ ૧ ગુરૂવારે નડિયાદમાં "આત્મ-સિદ્ધિશાસ્ત્ર"ની અપૂર્વ કૃતિનું સર્જન, એક બેઠકે માત્ર દોઢથી બે કલાકના સમયમાં કર્યું, અપૂર્વ જ્ઞાનદશા.

૧૯૫૩ માગસર : વવાણિયામાં માતુશ્રીના ખાટલા પર બેસીને "અપૂર્વ અવસર"ની અમર કૃતિ સંગીત કરી છે. તેમાં પોતાની વર્તમાન દશા જણાવવા ઉપરાંત ભાવિમાં પરમપદ પ્રાપ્તિ માટેની ભાવના દર્શાવી છે. વૈશાખ માસ : સાયલા તથા ઈડરના પહાડમાં શ્રી સુભાગ્યભાઈને અત્યુત્તમ બોધનો લાભ આપ્યો અને તેના પરિણામે તેમનો આત્મા ઉચ્ચતર દશા પર આરુઢ થયો. શ્રી સોભાગભાઈએ જેઠ વદ ૧૦ની સવારે "મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચલ અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને" દેહત્યાગ કરી "અપૂર્વ હિત કર્યું છે, એમાં સંશય નથી"; આ શ્રીમદ્‌નાં વચનો શ્રી સોભાગભાઈની દશા સૂચવે છે. સર્વસંગ-પરિત્યાગ કરવાનો સંકલ્પ કર્યો.

૧૯૫૪ જેઠ : "પરમધર્મરૂપ ચંદ્ર પ્રત્યે રાહુ જેવો પરિગ્રહ તેથી હવે હું વિરામ પામવાને જ ઇચ્છું છું." લક્ષ્મીના ત્યાગનો સંકલ્પ કર્યો. આસો માસ, શ્રી લલ્લુજી મુનિને વસો ક્ષેત્રે બોધ આપી આત્મદર્શન કરાવ્યું. આત્માની પરિપૂર્ણ શાંતદશાની તીવ્ર અભિલાષા.

૧૯૫૫ સ્ત્રી, લક્ષ્મીનો વ્રતથી ત્યાગ. સર્વસંગ પરિત્યાગની પરમોત્કૃષ્ટ ભાવના.

૧૯૫૬ દેહારોગ્યની નબળી સ્થિતિ, અને પછી તો બહુ બગડી. વઢવાણ કેમ્પમાં સંવત્સરીને દિવસે શ્રી પરમશ્રુત-પ્રભાવક મંડળની સ્થાપના તથા તે માટેની ટીપ શરૂ થઈ.

૧૯૫૭ ફાગણ: "ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો, ત્યાં વચ્ચે સાહરાનું રણ સંપ્રાપ્ત થયું.... પગે થાક ગ્રહણ કર્યો. ....અવ્યાબાધ સ્થિરતા છે."

રાજકોટ, ચૈત્ર વદ ૫, મંગળવાર, દિવસે બે વાગ્યે આત્મજ્યોતિ દેહને ત્યાગીને ઊર્ધ્વગામિની થઈ ગઈ. દેહનાં જન્મ અને મરણનો સમય બે વાગ્યાનો, ફરકમાં જન્મ રાતના, દેહાંત દિવસના.

## સં. ૧૯૫૭, ચૈત્ર વદી ૫.
## શ્રીમદ્‌નો દેહવિલય

તેમના લઘુ બંધુ શ્રી મનસુખભાઇએ શ્રીમદ્‌ની આખર સુધીની સ્થિતિ ટુંકામાં લખી છે તે આ પ્રમાણે છે.

"મનદુઃખ—હું છેવટની પળ પર્યંત અસાવધ રહ્યો. તે પવિત્ર આત્માએ આડકતરી રીતે ચેતવ્યું, તથાપિ રાગને લઇને સમજી શકયો નહીં. હવે સ્મરણ થાય છે કે તેઓએ મને એકવાર ચેતવણી આપી હતી. હું અજ્ઞાન, અંધ અને

મૂર્ખ તેઓશ્રીની વાણી સમજી શકવાને અસમર્થ હતો. દેહ-ત્યાગના આગલા દિવસે સાયંકાળે રેવાશંકરભાઈ, નરભેરામ, હું વગેરે ભાઈઓને કહ્યું, 'તમે નિશ્ચિંત રહેજો. આ આત્મા શાશ્વત છે, અવશ્ય વિશેષ ઉત્તમ ગતિને પ્રાપ્ત થવાનો છે, તમે શાંતિ અને સમાધિપણે પ્રવર્તશો. જે રત્નમય જ્ઞાનવાણી આ દેહ દ્વારાએ કહી શકાવાની હતી, તે કહેવાનો સમય નથી. તમે પુરૂષાર્થ કરશો.' આવી સ્પષ્ટ ચેતવણી છતાં અમે રાગના કારણથી ચેતી શકયા નહીં. અમે તો એમ બફમમાં રહ્યા કે અશક્તિ જણાય છે. રાત્રિના અઢી વાગ્યે અત્યંત શરદી થઈ તે સમયે તેઓશ્રીએ જણાવ્યું કે નિશ્ચિંત રહેજો, ભાઈનું સમાધિમૃત્યુ છે.' ઉપાયો કરતાં શરદી ઓછી થઇ ગઇ. પોણા આઠ વાગ્યે સવારે દૂધ આપ્યું, તે તેઓએ લીધું. તદ્દન સંપૂર્ણ શુદ્ધિમાં મન, વચન અને કાયા રહ્યાં હતાં. પોણા નવે કહ્યું : 'મનસુખ, દુઃખ ન પામતો; માને ઠીક રાખજે, હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું.' સાડા સાત વાગ્યે જે બિછાનામાં પોઢ્યા હતા, તેમાંથી એક કોચ ઉપર ફેરવવા મને આજ્ઞા કરી. મને લાગ્યું કે અશક્તિ ઘણી જણાય છે માટે ફેરફાર ન કરવો, ત્યારે તેઓશ્રીએ આજ્ઞા કરી કે ત્વરાથી ફેરફાર કર; એટલે મેં સમાધિસ્થભાવે સૂઈ શકાય એવી કોચ ઉપર વ્યવસ્થા કરી, જે ઉપર તે પવિત્ર દેહ અને આત્મા સમાધિસ્થભાવે છૂટા પડ્યા. લેશ માત્ર આત્મા છૂટો થવાનાં ચિહ્ન ન જણાયાં. જેમ જેમ પ્રાણ ઓછા

થવા લાગ્યા તેમ તેમ મુખમુદ્રાની કાંતિ વિશેષપણે પ્રકાશ પામવા લાગી. વઢવાણ કેમ્પમાં જે સ્થિતિમાં ઊભાં ઊભાં ચિત્રપટ પડાવેલ તે જ સ્થિતિમાં કોચ ઉપર સમાધિ પાંચ કલાક રહી. લઘુશંકા, દીર્ઘશંકા, મોઢે પાણી કે આંખે પાણી કે પરસેવો કંઈ પણ પોણા આઠથી બે વાગ્યા સુધી પ્રાણ છૂટા પડ્યા તો પણ કશું જણાયું નહોતું. એક કલાકે દૂધ પીધા પછી હંમેશા દિશાએ જવું પડતું તેને બદલે આજે કાંઈ પણ નહીં. જેવી રીતે યંત્રને ચાવી દઈ આધીન કરી લેવામાં આવે તે રીતે કરેલ. આવા સમાધિસ્વભાવે તે પવિત્ર આત્મા અને દેહનો સંબંધ છૂટ્યો."

## દેહત્યાગની નોંધ

તા. ૨૨મે ૧૯૦૧ના અંકમાં અલાહાબાદથી પ્રગટ થતા અંગ્રેજી પત્ર "ધ પાયોનીયર"માં શ્રીમદ્ રાજચંદ્રના દેહવિલય પ્રસંગે નીચે પ્રમાણે નોંધ લેવાઈ હતી :—

### Indians of To-day

"Shrimad Rajchandra was in every way a remarkable man. His mental powers were extraordinary. At the same time the moral elevation of his character was equally striking. His regard for truth, his adherence to the strictest moral principles in business, his determination to do what he believed to be right, inspite

of all opposition, and his lofty ideal of duty inspired and elevated those who came in contact with him His exterior was not imposing, but he had a serenity and gravity of his own. On account of his vast and accurate of religions and philosophy, his wonderful powers of exposition and his lucid delivery, his discourses were listened with the utmost attention. His self-control under irritating circumstances was so complete, his presence so inspiring that those who came to discuss with him in a defiant and combative frame of mind returned quite humiliated and full of admiration."

# પરિશિષ્ટ—૨

## પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રશસ્તિ

**શ્રીમદ્દનું વ્યક્તિત્વ :**

"ખાતાં, બેસતાં, સૂતાં, પ્રત્યેક ક્રિયા કરતાં તેમનામાં વૈરાગ્ય તો હોય જ, કોઈ વખત આ જગતના કોઈ પણ વૈભવને વિષે તેમને મોહ થયો હોય એમ મેં નથી જોયું....ભોજનમાં જે મળે તેથી સંતુષ્ટ રહેતા. પહેરવેશ સાદો પહેરણ, અંગરખું, ખેસ, ગરભસૂતરો ફેંટો ને ધોતી. એ કંઈ બહુ સાફ કે ઈસ્ત્રીબંધ રહેતા એમ મને સ્મરણ નથી. ભોંયે બેસવું, ખુરશીએ બેસવું બંને સરખાં હતાં. સામાન્ય રીતે પોતાની દુકાનમાં ગાદીએ બેસતા.

"તેમની ચાલ ધીમી હતી અને જોનાર સમજી શકે કે ચાલતાં પણ પોતે વિચારમાં ગ્રસ્ત છે. આંખમાં ચમત્કાર હતો, અત્યંત તેજસ્વી, વિહ્વળતા જરાયે ન હતી, આંખમાં એકાગ્રતા લખાયેલી હતી. ચહેરો ગોળાકાર, હોઠ પાતળા, નાક અણીદાર પણ નહિ, ચપટું પણ નહિ, શરીર એકવડું, કદ મધ્યમ, વર્ણ શ્યામ, દેખાવ શાંતમૂર્તિનો હતો. તેમના કંઠમાં એટલું બધું માધુર્ય હતું કે તેમને સાંભળતાં માણસ થાકે નહિ. ચહેરો હસમુખો અને પ્રફુલ્લિત હતો, તેની ઉપર અંતરાનંદની છાયા હતી. ભાષા એટલી પરિપૂર્ણ હતી કે તેમને પોતાના વિચારો બતાવતાં કોઈ દિવસ શબ્દ ગોતવો પડ્યો છે, એમ મને યાદ નથી. કાગળ લખવા બેસે ત્યારે ભાગ્યે જ શબ્દ બદલતાં મેં તેમને જોયા હશે, છતાં વાંચનારને એમ નહિ લાગે કે ક્યાંયે વિચાર અપૂર્ણ છે કે વાક્ય રચના તૂટેલી છે, અથવા શબ્દની પસંદગીમાં ખોડ છે.

"આ વર્ણન સંયમીને વિષે સંભવે. બાહ્યાડંબરથી મનુષ્ય વીતરાગ નથી થઈ શકતો. વીતરાગતા એ આત્માની પ્રસાદી છે. અનેક જન્મના પ્રયત્ને મળી શકે છે એમ હરકોઈ માણસ અનુભવી શકે છે. રાગોને કાઢવાનો પ્રયત્ન કરનાર જાણે છે કે રાગરહિત થવું એ કેવું કઠિન છે. એ રાગરહિત દશા કવિને સ્વાભાવિક હતી એમ મારી ઉપર છાપ પડી હતી."

(ગાંધીજીની પ્રસ્તાવના :
"શ્રીમદ્‌ની જીવનયાત્રા" પુસ્તકમાંથી)

**શ્રીમદ્ પ્રામાણિક અને કુશળ વ્યાપારી :**

"ધાર્મિક મનુષ્યોનો ધર્મ તેના પ્રત્યેક કાર્યમાં ઝળહળતો હોવો જોઇએ, જે રાયચંદભાઇએ પોતાના જીવનમાં સિદ્ધ કરી બતાવ્યો હતો. પોતાના વ્યવહારમાં સંપૂર્ણ પ્રકારે પ્રામાણિકપણે વર્તતા એવી મને તેમના જીવન ઉપરથી છાપ પડી છે. તેઓ જ્યારે સોદા કરતા ત્યારે હું કોઈ વાર અચાનક જઈ ચડતો. તેમની વાત સ્પષ્ટ અને એક જ પ્રકારની હતી. ચાલાકી સરખી કોઈ પણ વસ્તુ મેં તેમનામાં જોયેલ નહિ."

"પોતે હજારોનો વેપાર ખેડતા, હીરામોતીની પારખ કરતા, વેપારના કોયડા ઉકેલતા, પણ એ વસ્તુ તેમનો વિષય નહોતી. તેમનો વિષય—તેમનો પુરૂષાર્થ—તો આત્મઓળખ, હરિદર્શનનો હતો. પોતાની પેઢી ઉપર બીજી વસ્તુ હોય યા ન હોય, પણ કોઇને કોઈ ધર્મપુસ્તક અને રોજનીશી હોય જ. વેપારની વાત પૂરી થઈ કે ધર્મપુસ્તક ઊઘડે અથવા પેલી નોંધપોથી ઊઘડે....

"જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઇને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય તેની જાત વેપારીની નહિ પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એક વેળા નહિ પણ અનેક વેળા થયેલો. મેં તેમને કદી મૂર્ચ્છિત સ્થિતિમાં નથી જોયા. મારી જોડે તેમને કશો સ્વાર્થ નહોતો."

"તેમના અતિ નિકટ સંબંધમાં હું રહ્યો છું. હું તે

વેળા ભિખારી બૅરિસ્ટર હતો. પણ જ્યારે હું તેમની દુકાને પહોંચું ત્યારે મારી સાથે ધર્મવાર્તા સિવાય બીજી વાર્તા ન જ કરે. આ વેળા જો કે મેં મારી દિશા જોઈ નહોતી, મને સામાન્ય રીતે ધર્મવાર્તામાં રસ હતો એમ પણ ન કહી શકાય, છતાં રાયચંદભાઇની ધર્મવાર્તામાં મને રસ આવતો.

("આત્મકથા"–મહાત્મા ગાંધીજી)

**શ્રીમદ્ કવિ અને લેખક :**

"શ્રીમદ્‌નાં લખાણોમાં અસાધારણતા તો એ છે કે પોતે જે અનુભવ્યું તે જ લખ્યું. તેમાં ક્યાંયે કૃત્રિમતા નથી, બીજાની ઉપર છાપ પાડવા સારુ એક લીટી પણ લખી હોય એવું મેં જોયું નથી."

"શ્રીમદ્‌નું લખાણ અધિકારીને સારુ છે. બધા વાંચનાર તેમાં રસ નહિ લઈ શકે. ટીકાકારને તેની ટીકાનું કારણ મળશે, પણ શ્રદ્ધાવાન તો તેમાંથી રસ જ લૂંટશે. તેમનાં લખાણમાં સત્ નીતરી રહ્યું છે, એવો મને હંમેશાં ભાસ આવ્યો છે. તેમણે પોતાનું જ્ઞાન બતાવવા સારૂ એક પણ અક્ષર નથી લખ્યો. લખનારનો હેતુ વાંચનારને પોતાના આત્માનંદમાં ભાગીદાર બનાવવાનો હતો. જેને આત્મક્લેશ ટાળવો છે, જે પોતાનું કર્ત્તવ્ય જાણવા ઉત્સુક છે, તેમને શ્રીમદ્‌નાં લખાણમાંથી બહુ મળી આવશે એવો મારો વિશ્વાસ છે, પછી ભલે તે હિંદુ હો કે અન્ય ધર્મી."

(ગાંધીજીની પ્રસ્તાવના)

“ અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઇશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્ પુરૂષને પંથ જો? ૧

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. ” ૨

—શ્રીમદ્ રાજચંદ્ર

મહાત્મા ગાંધીજી લખે છે કે :—

“ રાયચંદભાઈના અપૂર્વ ઉદ્‌ગારોની આ પહેલી બે કડી છે. જે વૈરાગ્ય એ કડીઓમાં ઝળહળી રહ્યો છે તે મેં તેમના બે વર્ષના ગાઢ પરિચયમાં ક્ષણે ક્ષણે તેમનામાં જોયેલો. ”

શ્રીમદ્ રાજચંદ્ર જયંતી પ્રસંગે બોલતાં મહાત્મા ગાંધીજીએ કહેલું કે :-

“ મારા જીવન પર શ્રી રાજચંદ્રભાઇનો એવો સ્થાયી પ્રભાવ પડ્યો છે કે હું તેનું વર્ણન કરી શકતો નથી. હું કેટલાંયે વર્ષોથી ભારતમાં ધાર્મિક પુરૂષની શોધમાં છું, પરંતુ તેમના જેવા ધાર્મિક પુરૂષ હજુ સુધી મેં જોયા નથી કે જે રાજચંદ્રભાઈની હરીફાઈમાં આવી શકે. તેમનામાં જ્ઞાન, વૈરાગ્ય

અને ભક્તિ હતાં....એમના લેખ અંગ્રેજી તત્ત્વજ્ઞાનીઓની અપે-ક્ષાએ વિચક્ષણ, ભાવનામય અને આત્મદર્શી છે. યુરોપના તત્ત્વજ્ઞાનીઓમાં હું ટોલ્સટોયને પ્રથમ શ્રેણીના અને રસ્કિનને બીજી શ્રેણીના વિદ્વાન સમજું છું. પરંતુ રાજચંદ્રભાઇનો અનુભવ એ બંનેથી પણ ચઢેલો હતો. ઘણીવાર કહી ને લખી ગયો છું કે મેં ઘણાનાં જીવનમાંથી ઘણું લીધું છે, પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રીના જીવનમાંથી છે. દયાધર્મ પણ હું તેમના જીવનમાંથી શીખ્યો છું. ખૂન કરનાર ઉપર પ્રેમ કરવો એ દયાધર્મ મને કવિશ્રીએ શીખવ્યો છે. એ ધર્મનું મેં કુંડા ભરીને પાન કર્યું છે. ”

**શ્રીમદ્‌નો ગાંધીજી પર પડેલો પ્રભાવ :–**

પૂજ્ય ગાંધીજી પોતાની “ આત્મકથા ”માં જણાવે છે કે:–

“ સ્વસ્ત્રી પ્રત્યે પણ બ્રહ્મચર્યનું પાલન કરવું એ મને દક્ષિણ આફ્રિકામાં સ્પષ્ટ સમજાયું. કયા પ્રસંગથી અથવા કયા પુસ્તકના પ્રભાવથી એ વિચાર મને ઉદ્‌ભવ્યો એ અત્યારે મને ચોકખું નથી યાદ આવતું. એટલું સ્મરણ છે કે એમાં રાય-ચંદભાઈની અસરનું પ્રાધાન્ય હતું. ”

“ પણ હું જેમ ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર ન કરી શક્યો, તેમ હિંદુધર્મની સંપૂર્ણતા વિષે અથવા તેના સર્વોપરીપણા વિષે પણ હું ત્યારે નિશ્ચય ન કરી શક્યો. હિંદુ ધર્મની ત્રુટિઓ મારી નજર આગળ તર્યા કરતી હતી. અસ્પૃશ્યતા જો હિંદુધર્મનું અંગ હોય, તો તે સડેલું ને વધારાનું અંગ જાણવું....

"જેમ ખ્રિસ્તી મિત્રો મારા પર અસર કરવા મથી રહ્યા હતા, તેમ મુસલમાન મિત્રોનો પણ પ્રયત્ન હતો. અબદુલ્લા શેઠ મને ઇસ્લામનો અભ્યાસ કરવા લલચાવી રહ્યા હતા. તેની ખૂબીઓની ચર્ચા તો કર્યા જ કરે.

"મેં મારી મુસીબતો રાયચંદભાઈ આગળ મૂકી. હિંદુસ્તાનના બીજા ધર્મશાસ્ત્રીઓ સાથે પણ પત્રવ્યવહાર ચલાવ્યો. તેમના જવાબ ફરી વળ્યા. રાયચંદભાઈના પત્રથી મને કંઈક શાંતિ થઈ. તેમણે મને ધીરજ રાખવા અને હિંદુ ધર્મનો ઊંડો અભ્યાસ કરવા ભલામણ કરી. ....તેમણે કેટલાંક પુસ્તકો મોકલ્યાં, તે પણ મેં વાંચ્યાં. તેમાં પંચીકરણ, મણિરત્નમાળા, યોગવાસિષ્ટનું મુમુક્ષુ પ્રકરણ, હરિભદ્રસૂરિનું ષડ્દર્શન સમુચ્ચય ઇત્યાદિ હતાં....

"ખ્રિસ્તી ભાઇઓએ મારી જિજ્ઞાસા બહુ તીવ્ર કરી મૂકી હતી. તે કેમે શમે તેમ નહોતી.... તેમના સંબંધે મને જાગ્રત રાખ્યો... રાયચંદભાઈ મને દોરી રહ્યા હતા.... મારો હિન્દુધર્મ પ્રત્યેનો આદર વધ્યો. તેની ખૂબી હું સમજવા લાગ્યો."

(આત્મકથા ભાગ ૨)

આ જ વિષય સંબંધે "શ્રીમદ્ અને ગાંધીજી" પુસ્તકની પ્રસ્તાવનામાં મહાત્મા ગાંધીજી જણાવે છે કે :—

"તેનું પરિણામ એ આવ્યું કે હું શાંતિ પામ્યો. હિંદુ-ધર્મમાં મને જે જોઇએ તે મળે તેમ છે, એવો મનને વિશ્વાસ

આવ્યો. આ સ્થિતિને સારુ રાયચંદભાઈ જવાબદાર થયા, એટલે મારું માન તેમના પ્રત્યે કેટલું વધ્યું હોવું જોઈએ તેનો ખ્યાલ વાંચનારને કંઈક આવશે."

**શ્રીમદ્‌ની સર્વધર્મ પ્રત્યે વિશાળ દૃષ્ટિ :-**

તે જ "પ્રસ્તાવના"માં પૂજ્ય ગાંધીજી લખે છે :—

"રાયચંદભાઈને બીજા ધર્મ પ્રત્યે અનાદર નહોતો.... મારી સાથે ચર્ચા કરતાં મને કોઈ દિવસે તેમણે એવું તો કહ્યું જ નહિ કે મારે મોક્ષ મેળવવા સારૂ અમુક ધર્મને અવલંબવો જોઈએ. મારો આચાર વિચારવાનું જ તેમણે મને કહ્યું."

**શ્રીમદ્ અસંસારી હતા :—**

તે જ પુસ્તકની પ્રસ્તાવનામાં મહાત્મા ગાંધીજી જણાવે છે:-

"આપણે સંસારી જીવો છીએ, ત્યારે શ્રીમદ્ અસંસારી હતા. આપણને અનેક યોનિઓમાં ભટકવું પડશે, ત્યારે શ્રીમદ્‌ને કદાચ એક જન્મ બસ થાઓ. આપણે કદાચ મોક્ષથી દૂર ભાગતા હોઈશું, ત્યારે શ્રીમદ્ વાયુવેગે મોક્ષ તરફ ધસી રહ્યા હતા. આ થોડો પુરૂષાર્થ નથી."

# પરિશિષ્ટ—૩

## અન્ય પ્રશંસકોનાં પ્રશસ્તિ વચનો

### દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

વિ. સં. ૧૯૬૬ની કાર્તિકી પૂર્ણિમાએ "રાજજયંતી" નિમિત્તે મુંબઇમાં પ્રમુખપદેથી બોલતાં જણાવ્યું હતું કે—

"કવિશ્રીના જીવનના ઉચ્ચ આશય, તેમના લેખમાંથી મળી આવતા ઉચ્ચ વિચારો, સ્વીકારવા લાયક શિખામણનાં વચનો અને સ્તુત્ય તથા ફિલસૂફીથી ભરપૂર સિદ્ધાંતો, એકલા જૈન સમૂહને ઉપયોગી છે તેમ નથી, પરંતુ તે સર્વમાન્ય છે, અને તે સર્વમાન્યતાને લીધે તે જેમ પ્રસિદ્ધિમાં આવે તેમ સારૂં."

### શ્રી ગોવિંદજી મૂલજી મેઘાણી

સં. ૧૯૬૬, તે જ "રાજજયંતી"નો પ્રસંગ.

"હાલના સમયમાં એમના જેવા સમર્થ તત્ત્વજ્ઞાની કોઈ પણ થયા નથી, એટલે અધ્યાત્મવર્ગનું ખરૂં રહસ્ય સમજવા ઇચ્છનારને, પછી તે ગમે તે ધર્મને માનનાર હોય તેમણે, એમનાં લખાણો અવલોકવાની ખાસ આવશ્યકતા છે. ઉપશાંત તથા વીતરાગવૃત્તિના પુરૂષોને પ્રભુભક્તિનો સત્ય રંગ ચઢાવવા માટે તે વિશેષ ઉપકારી થશે"

### શ્રી બળવંતરાય કલ્યાણરાય ઠાકોર

તે જ "જન્મજયંતી"નો પ્રસંગ.

"હું માનવાની હિંમત કરી શકું છું કે શ્રીયુત્ રાજચંદ્રજી જન્મના તપસ્વી (Born Ascetic) હતા. એ વાત સત્ય હોવી જોઇએ."

**શ્રી નર્મદાશંકર મહેતા**

સં. ૧૯૭૨ કાર્તિક પૂર્ણિમાએ "રાજજયંતી"નો પ્રસંગ.

"શ્રીમાન્ રાજચંદ્રના સંબંધમાં આપણને સ્પષ્ટ સમજાય છે કે તેઓ પરધર્મ પ્રતિ માનદૃષ્ટિવાળા છતાં નિશ્ચયબળથી ચુસ્ત જૈની હતા.... ધર્મસિદ્ધિમાં વૈરાગ્યભાવના પ્રકર્ષ પામવી જ જોઇએ અને તેવા પ્રકર્ષને શ્રીમાન્ રાજચંદ્રમાં તે પામી વિલાસરૂપે તે ઝળકતી હતી. તેમનું સમગ્ર જીવન કોઈપણ સાંસારિક સુખની કીર્તિ આદિની લાલસાથી રંગાયેલું ન હતું. અને તેથી શ્રી મહાવીરના જૈન શાસનને પોતાના સંબંધમાં આવનાર અધિકારીજનોને તે સચોટ પ્રબોધી શકયા હતા. વૈરાગ્યભાવનાના પ્રકર્ષ વડે તેમની વિશાળ બુદ્ધિ, મધ્યસ્થતા અને સરળતા જે તત્ત્વોદયમાં આવશ્યક ગુણો તેઓશ્રીએ માન્યા છે તે વધારે દીપ્તિવાળા થયા હતા."

**આચાર્યશ્રી આનંદશંકર બા. ધ્રુવ**

સં. ૧૯૭૩ કારતક પૂર્ણિમા. "રાજજયંતી"

"શ્રીમદ્ રાજચંદ્રના ગ્રંથને એક આદર્શરૂપે રાખવામાં આવે તો તેથી તેના ઉપાસકને અત્યંત લાભ થયા વિના રહે નહિ. એ ગ્રંથમાં તત્ત્વજ્ઞાનનાં ઝરણો વહ્યાં કરે છે. એ ગ્રંથ કોઈ ધર્મવિરોધી નથી, કારણ કે તેની શૈલી બહુ ગંભીર પ્રકારની છે."

**શ્રી મગનભાઇ પ્રભુભાઈ દેસાઇ**

સં. ૧૯૯૧ની કાર્તિકી પૂર્ણિમા. "રાજજયંતી"નો પ્રસંગ.

“ શ્રીમદ્ સાચા અર્થમાં એક ધર્મપુરૂષ હતા. જે પોતે માનતા ને સત્શાસ્ત્રના શુદ્ધ બોધ તરીકે સમજતા તેને જીવનમાં ઉતારવા મથતા અને આ મથામણે તેમના જીવનમાં કેવી ઘમસાણ મચાવી મૂકી હશે એ તો તેમના ટુંકા આયુ પરથી અનુમાની શકાય. એમ જ લાગે છે કે જાણે અસત્ સામે ઝૂઝતાં તેમણે શરીરને સાવ ઘસી નાખ્યું. એમની ચિત્ત શક્તિ અને જિજ્ઞાસા તો દિનપ્રતિદિન સતેજ થતાં જતાં હતાં, પણ શરીર તેની સાથે ટકી ન શકયુ.' ”

## શ્રી રસીકલાલ પરીખ

અમદાવાદમાં પર્યૂષણ વ્યાખ્યાનમાળામાં શ્રીમદ્ રાજચંદ્ર વિષે બોલતાં તેમણે જણાવ્યું હતું કે :-

“ આ લખાણો એવાં સ્વરૂપનાં છે કે જેવાં મેં અન્ય કોઇને વિશે જાણ્યાં, જોયાં નથી. કોઈ દેહિની પોતાની આત્મસાધનાની આવી રોજનીશી, જેમાં આત્મજ્ઞાનની ધગશ, તે તરફ થતી પ્રગતિ, તેમાં આવતાં વિઘ્નો, ચમત્કાર સમા સાક્ષાત્કારો આવી સંળગ રીતે મળતા હોય, તેવી મારા જોવામાં નથી આવી ! આત્મા છે કે નહીં, પુનર્જન્મ છે કે નહિ, મોક્ષનું સ્વરૂપ કેવું છે, આત્મા પૂર્ણ સ્વરૂપને પામે તે પહેલાં કયાં કયાં અવસ્થાંતરો પામે—આ પ્રશ્નોનું અનુભવી શૈલીએ થતું વિવરણ શ્રીમદ્ રાજચંદ્રમાં જોયું. ”

('શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ'માંથી સાભાર)

卐